જાગૃતિ
માસિક પત્રિકા

195

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૮૩ જાન્યુઆરી	છે
૨	૧૯૮૩ ફેબ્રુઆરી	છે
૩	૧૯૮૩ માર્ચ	છે
૪	૧૯૮૩ એપ્રિલ	છે
૫	૧૯૮૩ મે	છે
૬	૧૯૮૩ જુન	છે
૭	૧૯૮૩ જુલાઈ	છે
૮	૧૯૮૩ ઓગસ્ટ	છે
૯	૧૯૮૩ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૮૩ ઓક્ટોબર	છે
૧૧	૧૯૮૩ નવેમ્બર	
૧૨	૧૯૮૩ ડીસેમ્બર	છે

જાગૃતિ
માસિક પત્રિકા

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૮૩ જાન્યુઆરી	છે
૨	૧૯૮૩ ફેબ્રુઆરી	છે
૩	૧૯૮૩ માર્ચ	છે
૪	૧૯૮૩ એપ્રિલ	છે
૫	૧૯૮૩ મે	છે
૬	૧૯૮૩ જુન	છે
૭	૧૯૮૩ જુલાઈ	છે
૮	૧૯૮૩ ઓગસ્ટ	છે
૯	૧૯૮૩ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૮૩ ઓક્ટોબર	છે
૧૧	૧૯૮૩ નવેમ્બર	
૧૨	૧૯૮૩ ડીસેમ્બર	છે

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ
તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ
રજુ કરતું પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ)

વર્ષ : ૨૫ જાન્યુઆરી–૧૯૮૩

જાગૃતિ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨) પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧ ૨૫ આજીવન ભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલાં તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ બી એ. –તંત્રી

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ૦))

અનુક્રમણિકા



તંત્રીસ્થાનેથી

પશ્ચિમી વાયરાએ જીવનનાં મોટા ભાગનાં ક્ષેત્રોને અભડાવ્યાં છે. આપણી આહારસંહિતા અને આચાર સંહિતા બદલાતી જાય છે. માણસ સ્વાર્થી અને આત્મકેન્દ્રિત થતો જાય છે. જેથી સમાજ વ્યવસ્થા ડહોળાવી જાય છે સમાજમાંથી સુખ શાંતિ અને સ્વાસ્થ્ય ડગમગવા માંડયો છે.

આપણી સંસ્કૃતિ અભડાવા માંડી છે. અને માણસ સમાજથી વિભકત જીવન જીવવા માંડયો છે.

આવી વિષમ પરિસ્થિતિમાં પણ સમાજને સંગઠિત કરવાનાં બ્યુગલો વાગે છે. નૈતિકતાને ટકાવી રાખવાની વાતો થાય છે પણ માણસની સમાજ માટેની અને રાષ્ટ્ર માટેની નિષ્ઠા વધે તેવું શિક્ષણ નથી અપાતું પરિણામે 'દેશદાઝહીન' નાગરિકોનું ઉત્પાદન જ થાય છે.

પણ આપણે તો એકત્રિત જ રહેવું છે. સંગઠિત જ રહેવું છે તે માટે આપણે પ્રયત્ન પણ કરીએ છીએ. પણ યુવાશકિતને મહત્વ આપીએ છીએ ખરા ? આપણા મોટા ભાગના સમાજ સેવકો પોતાના વ્યવસાયિક ક્ષેત્રોમાંથી નિવૃત થયા બાદ સમાજની વ્હારે દોડે છે. શેરડીનો રસ કાઢી લીધેલા કુચાને પાલવાનો શો અર્થ ?

પોતાની વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાંથી યથાયોગ્ય સમય અને શકિતનું પ્રદાન કરનારા કેટલા ? યુવક મંડળોનાં પાટિયાં નીચે ખરેખર કામ કરનારા યુવાનો કેટલા ?

છતાંય એક પ્રસંશનીય પ્રયત્નની નોંધ લેવી ઘટે ઓલ ઇન્ડીયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટી નામની યુવાનોની સ્વાયત સંસ્થા દ્વારા પાટીદાર સંદેશ નામના માસિકને દેશના ખૂણેખૂણે વસતા જ્ઞાતિજનો સુધી પહોચાડાયું છે. એટલું જ નહિ પણ સૌરાષ્ટ્ર (ગુજરાત) ના વાવાઝોડા દરમ્યાન આપણા જ્ઞાતિજનોની વહારે દોડી જનારા આપણાં જ્ઞાતિ સંગઠનોમાં એકમાત્ર (પ્રથમ સ્થાને) છે તેમના કાર્યનો સ્થાનિક સંગઠનો બિરદાવીને બેસી ન રહેતાં તેમની સાથે ખભેખભા મિલાયે તો કેવું ?

છેલ્લે પ. પુ ગુરુદેવ શ્રી ઓધવરામ મહારાજની પુણ્યતિથિની ઉજવણી પ્રસંગે કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરાને વિપરિત આર્થિક પરિસ્થિતિમાં પણ જ્ઞાતિજનોએ યથાયોગ્ય ફાળો આપી સમાજ માટેની કૃતજ્ઞતા વ્યકત કરી છે. પુ. શ્રી ઓધવરામ મહારાજના જીવનમાંથી પ્રેરણા લઇને સમાજને માટેનું પોતાનું ઋણ અદા કરીએ.

—અરવું

પ્રેમ

★ ★

આ કલેશમય, અંધકારભર્યા જગતમાં સનાતન ચેતનાએ જગતને અને પ્રાણીઓને પાછાં ભગવાન પ્રત્યે લઇ જવાના હેતુથી જે પરમ શક્તિ અવતરી તેનું નામ 'પ્રેમ' છે.

જગત ભગવાન પ્રત્યે પ્રેમ દ્વારા ગતિ કરે છે, અને તેના પ્રત્યુત્તર રૂપે, જગતને મળવા માટે ઉપરના લોકમાંથી પ્રભુનાં પ્રેમ અને કરુણા નીચે ઊતરે છે

પ્રેમ એના મૂળ સ્વરૂપે એક તાદાત્મ્યનો આનંદ છે એ પ્રેમની અભિવ્યક્તિ મિલનના મહા આનંદરૂપે થાય છે. આ મિલન અને તાદાત્મ્યની બે અવસ્થાની વચ્ચે વિશ્વમાં થતા પ્રેમના સર્વ પ્રકારના આવિર્ભાવો આવી રહેલા છે.

પ્રેમનાં મૂળ સનાતન તત્ત્વમાં આસક્તિ, વાસના, સ્વામિત્વની ભૂખ, આત્મ-પરાયણ લોલુપતા—એ બધામાંનું કાંઈ હોતું નથી. પ્રેમ પોતાના વિશુદ્ધ રૂપમાં, મનુષ્યના અંતરાત્માની ભગવાન સાથે મિલનની ઝંખનારૂપ જ હોય છે...તમે જે વસ્તુને ચાહતા હો છો તેના જેવા જ તમે છેવટ જતાં બની રહો છો.

મન

□ □

મન એક સારું અને માંજેલું દર્પણ છે. આપણો એ સતત પ્રયાસ હોવો જોઈએ કે એને શુદ્ધ રાખીએ અને એના ઉપર ક્યારેય ધૂળ ન જામવા દઇએ.

તમારી પાસે પૂરતી માહિતી ન હોય ત્યાં સુધી મનને શાંત રાખવું અને ઉતાવળે નિર્ણય ન લેવા.

મન જેમ વધારે અજ્ઞાનમય, તેમ તે વધારે સહેલાઇથી વસ્તુઓ વિષે નિર્ણય કરી લે છે કે જે વસ્તુને તે જાણતું નથી અથવા સમજવા માટે અસમર્થ હોય છે.

આત્માની વસ્તુઓનો નિર્ણય તમે મન દ્વારા કદીયે નહિ કરી શકો. આ દિશામાં આગળ વધવું હોય તો કોઇ પણ પ્રકારનો માનસિક નિર્ણય ન સેવશો,

મનને આનંદિત રાખો હૃદયને હંમેશાં શાંતિમય રાખો કોઇ પણ વસ્તુ તમારી સમતાને ખંડિત ન કરે તે જોશો.



સ્વ. શ્રી ગુરુ ઓધવરામ મહારાજ

'જીવન ઝરમર'

જેમનો રથ ધૈર્ય અને હિંમતનાં ચક્રો ઉપર ચાલતો હતો, સત્ય અને મન જેનાં માપદંડ હતાં, બળ, વિવેક આત્મસંયમ અને મનુસ્યસેવા જેના અશ્વો હતં, પ્રેમ અને દયા જેના અશ્વોના રાશ હતી ઈશ્વરશ્રધ્ધા જેનો સારથી હતો અનાસક્તિ જેની ઢાલ હતી, આનંદ દાનવૃત્તિ તર્કશક્તિ અનુભવ સ્થૈર્ય! અને પવિત્રતા જેનાં શસ્ત્રા શસ્ત્ર હતાં સાધુજનો અને ગુરૂઓ પ્રત્યે આદરભાવના જેનાં કવચ હતાં એવા યોધ્ધા સ્વ. ગુરૂદેવ શ્રી ઓધવરામ મહારાજની પૂણ્યતિથ આગામી તા. ૨૬-૧-૮૩ના રોજ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ઘનસુરાના પ્રાંગણમાં ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

સદર પ્રસંગને અનુલક્ષીને પૂ. શ્રી ઓધવરામ મહારાજનું જીવન "ઝરમર" અત્રે પ્રસ્તુત છે.

કચ્છના આ સાધુપુરૂષનો જન્મ જખૌ મુકામે સવંત ૧૯૪૫ ના રામ નવમીના પવિત્ર દિને, ખેતી વ્યવસાય વાળા ભાનુશાળી કુટુંબમાં થયો હતો. પિતા હેમરાજ અને માતા ચાંગબાઇ અત્યંત ધર્મ પરાયણ હતાં બાલાવસ્થા વડીલોના ધાર્મિક સંસ્કારોની અસર તળે પસાર થઇ અને દિન પ્રતિદિન વિકસતા રહી બાલ્યાવસ્થામાં જ ઓધવદાસજીએ સારા ભજનિક અને કથાકારની કુશળતા પ્રાપ્ત કરી,

પિતાના અવસાન બાદ કૌટુંબિક જવાબદારીઓનો બોજો ખુબજ નાની વયે પોતાના શિરે ઉઠાવ્યો પણ ચિત્ત તો ધર્મ અને ભક્તિના રંગે રંગાઇ ગયેલું સવંત ૧૯૫૯માં મુબઇ ગયા ત્યાં હરિશ્ચંદ્રની કથા એ તેમના અંતરનાં દ્વાર ખોલી નાખ્યાં મુંબઇની ધમાલથી અકળાયેલા ઓધવરામે વતન પાછા ફરી મંજલમાં સાધુ પૂર્ણ રામજીનું

સાન્નિધ્ય સ્વીકાર્યું ભજનિક પ્રવૃત્તિઓની સાથે તેઓએ કચ્છ ભ્રમણ આદર્યું વિચરતાં વિચરતાં તેઓ વાંઢાયમાં સંત ઇશ્વરરામજીના આશ્રમે આવી પહોંચ્યા ત્યાં ગુરુના માર્ગે ચાલીને શ્રધ્ધા પૂર્વક આશ્રમનું સંચાલન કર્યું આત્માના કલ્યાણ માર્ગે પ્રવૃત્ત થયા બાદ ધ્યાન, ચિંતન અને મનનથી કથાકાર ભજનિકની કક્ષામાંથી નીકળીને સાધક બન્યા આત્મતત્વની આ ઉપાસના વર્ષો સુધી ચાલુ રહી.

ધર્મના પ્રચાર અને પ્રસારના માધ્યમ શિક્ષણને આવશ્યક અંગ સમજી વાંઢાયના આશ્રમમાં ગુરુકુળની સ્થાપના સંવત ૧૯૯૨ ના અક્ષયતૃતીયાના શુભ દિને કરવામાં આવી.

તે સમયના કચ્છના રાજયતંત્રને આ સાધુની નિર્દોષ પ્રવૃત્તિ કાંઇક ભયભરેલી જણાતાં આશ્રમને સીલ કરવામાં આવ્યો. રાજય સત્તાના પ્રહારો સામે સાચા સાધુને છાજે તેવું વર્તન મહારાવશ્રીનો હૃદયપલ્ટો કરાવ્યો અને સંવત ૧૯૯૩ ની વસંત પંચમીથી ગુરુકુળનું ઉદ્‌ઘાટન થયું અને તેનો સર્વદેશીય વિકાસ થયો. ગુરુકુળના વિકાસની પરંપરાઓ ચાલુ રહી. અંધશાળા, નિવાસગૃહ, પરિવારગૃહ ભોજનશાળા, દવાખાનુ, વ્યાયામશાળા, અતિથિગૃહ વિગેરે વિગેરે અને આ આશ્રમ એક જીવંત પ્રાણવાન સંસ્થા બની રહી.

આઝાદીકાળના અરસામાં તો એમની સેવાવૃત્તિએ માનવધર્મ, સનાતનધર્મ અને રાષ્ટ્રધર્મ વચ્ચેના ભેદભુંસી નાખ્યા આત્માના કલ્યાણ અર્થે સાધનાને તેને ચડાવીને દીન-દુઃખિયાઓ અને મૂંગા પશુઓની સેવા-સાધના આદરી દીધી. ૧૯૯૬ ના દુષ્કાળ દરમ્યાન ઓધવદાસજીએ દુષ્કાળ નિવારણ માટે પોતાની શક્ય એટલી મદદ કરીને સાચા સાધુ-પુરુષ તરીકેની પોતાની પ્રતિષ્ઠાને ઉજ્જવળ બનાવી.

સંવત ૨૦૦૨ માં પૂ. રવિશંકર મહારાજ અને મહાત્મા ગાંધીના સંપર્કથી સંત ઓધવદાસજીએ અસ્પૃશ્યતા નિવારણના કાર્યમાં ખભેખભા મિલાવ્યા. ઇશ્વરઆશ્રમ, ઇશ્વર સરોવર અને આશ્રમ સાથેની બધીજ સંસ્થાઓ હરિજનો માટે ખુલ્લી મુકીને ઇશ્વરનાં સૌ સંતાનોને એકજ હરોળમાં પ્રતિપાદિત કરવાનો સફળ પ્રયત્ન કર્યો.

ખેતીવાડી, ખાદી ગ્રામોદ્યોગ વર્ધા તાલિમ યોજનાનો અમલ કર્યો. ખેતીવાડીના વિકાસ માટે વાંઢયની આજુ-બાજુના પ્રદેશમાં સક્રિય માર્ગદર્શન આપ્યું. આશ્રમની ૪૦-એકર જમીનમાં ત્રણ કુવા ઉપર પંપમશીનો ગોઠવીને ખેતી સુધારણાનો પ્રત્યક્ષ પ્રયોગ તેમણે કચ્છમાં કરી બતાવ્યો. વિદ્યાર્થીઓમાં શ્રમદાનનો મહિમા શીખવીને, નૂતન-ભારતના ઘડતરમાં ફાળો આપે એવા નાગરિકો તૈયાર કર્યા

ઈશ્વર આશ્રમ સાથે સંકળાયેલી સંસ્થાઓ સરકારને સોંપાયા બાદ મોહનો ત્યાગ કરીને લાલસાઓને વશ થયા વિના આત્મકલ્યાણની સાધના અર્થે હરદ્વાર પહોંચ્યા. ત્યાં સપ્ત સરોવર વિસ્તારમાં કચ્છી લાલરામેશ્વર આશ્રમની સ્થાપના કરી.

સર્વ દુન્યવી સાધનોનો ત્યાગ કરીને નિસ્પૃહ તપસ્વી બની હરદ્વારમાં જનક વિદેહી જેવું જીવન પસાર કર્યું. ઊંડી ચાહના ધરાવનાર વિશાળ જનસમુદાયે તેમની વિદાય વેળાએ (સંત ઓધવરામ પાનમૂર્તિ પ્રતિષ્ઠા સમારંભ, તા. ૭-૪-૧૯૫૭ના દિવસે એમને અંતિમ અંજલી આપી.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની ધાર્મિક અને નૈતિક ઉન્નતમાં એમનું શ્રેષ્ઠ પ્રદાન રહ્યું આપણી જ્ઞાતિના ગામેગામ શિક્ષણ સંસ્થાઓ ઊભી કરવાની પ્રેરણા આપી. હાલ ધનસુરા મુકામે ચાલતાં છાત્રાલયોમાં પણ તેમના જ આશીર્વચનો હતાં.

સંત ઓધવદાસ, રાષ્ટ્રપ્રેમી કેળવણીપ્રેમી ઓધવદાસ, જયારે તપસ્વી ઓધવદાસ બન્યા છે, ત્યારે આપણે સૌ જ્ઞાતિજનો એમની પૂણ્યતિથિએ અનંતના પ્રવાસે નીકળેલા સંત ઓધવદાસના આત્માને ભાવભરી અંજલિ અર્પીએ.

સંપાદન : નરેન્દ્ર વાડીલાલ પટેલ
સહ-સંપાદક : પાટીદાર સંદેશ

દંત કથા

દિનેશ એમ. પટેલ
દુર્ગા ટિમ્બર માર્ટ
યેવલા, (મહારાષ્ટ્ર)

બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે બિલકુલ પ્રારંભમાં એક અંકુર પેદા કર્યું હતું એ અંકુર જમીનમાં પડતાંએ બીજમાંથી એક નાનકડો પીલો ફુટયો. પીલો મોટો થતો ગયો તેમ તેમ ધ્યાન ખેંચે એવી એ વાત બનતી ગઇ પીલો ખૂબ ઝડપથી વધતો ગયો તંદુરસ્ત બનતો ગયો. એની વૃદ્ધિ એવી રીતે થવા લાગી કે થોડા જ સમયમાં આકાશનું પોલાણ ચીરીને આખા બ્રહ્માંડમાં ફેલાઇ જશે એવું લાગવા માંડયું. બ્રહ્માને આની ચિંતા થતી ન હતી પણ નારદને તે વાતની ચિંતા થઇ અને બ્રહ્મા પાસે આવી તેમને ચેતવતાં કહ્યું

મિસ્ટર બ્રહ્માજી આપ શું કરી રહયા છો તે સમજો છો ખરા ? ઇશ્વરે સૃષ્ટિનું સર્જન કરવાનો કોન્ટ્રાકટ બીજા કોઇને નહિં ને તમને આપ્યો છે તે પાછળ એવી અપેક્ષા નથી કે તમે કાંઇ નહિં ને ફકત એક આવું અંકુર

પેદા કરો. વળી આ અંકુર દિવસે દિવસે એટલું મોટું થતું જાય છે કે એક દિવસ આખા બ્રહ્માંડને આંબી જશે....ધરતીનો રસ સુકાઇ રહયો છે. ધરતી ચુસાઇને શેરડીના કુચા જેવી રસહીન થઇ જશે ત્યારબાદ એવી રસહીન ધરા પર તમે કઇ સૃષ્ટિનું સર્જન કરી શકશો ?

બ્રહ્માજીને નારદજીની ટકોર ન ગમી તેમની વાત કદાચ સાચી હતી પરંતુ વાત કરવાની તેમની રીતથી તેઓ ચિડાઇ ગયા, ને બોલ્યા.

મિ. નારદજી...તમે જાણો છો ખરા કે તમે કોની ઓફિસમાં કોની સામે આ વાત કરી રહયા છો ? હું બ્રહ્મા છું...આઇ એમ મિ. બ્રહ્મા... વન ઓફ ધી બેસ્ટ એસ્ટાબ્લીશર્સ ? ? ?

આટલો અહંકાર તમને શોભતો નથી. મિ. બ્રહ્મા...તેમ છતાં ગર્વ કરવો જ હોયતો ગર્વ કરી શકાય એવી સૃષ્ટિ નું સર્જન તો પહેલાં કરો... કહી નારદજીએ તેમની ચોટલી પર હાથ ફેરવતાં તેમના હાથમાંની ઇલેકટ્રીક ગીટાર પર ઉપરથી નીચે સુધી આંગળીઓ ફેરવી લઇ ' નારાયણ... નારાયણ નો ઉચ્ચાર કર્યો ને પછી કોલગેટ ટૂથપેસ્ટની જાહેરાત જેવું દંતાવલી દર્શન કર્યું. બ્રહ્માને બત્રીસ કોઠે આગ લાગી ગઇ. તેમણે ટેબલ પર હાથ પછાડતાં મોટા અવાજે કહ્યું

જુઓ મિ. નારદજી, વણમાગી સલાહ આપવાનો કોન્ટ્રેકટ ભલે તમારો હશે પરંતુ બ્રહ્માડનું સર્જન કરવાનો કોન્ટ્રાકટ મારો છે. મારે સૃષ્ટિનું કેમ સર્જન કરવું તે તમારી પાસેથી શીખવાનું નથી. ડેરએલ વગડયા વિના ગમે ત્યારે ટપકી પડવાની તમારી આદત સુધારો અને ફરી કયારેય મારા કામમાં માથું મારવાની કોશિષ કરશો નહીં. માઇન્ડ યોર ઓન બીઝનેશ. નાઉ યુ કેન ગો ? ?

બ્રહ્માજીનો આવડો ગુસ્સો નારદજી-ને સમજાયો નહીં નાની શી વાતમાં બ્રહ્માજી શા માટે ગુસ્સે થઇ જવા જોઇએ તે એમને ન સમજાયું એમણે ગુસ્સે થયા વિના કહ્યું. ગુસ્સે ન થાવ મિસ્ટર બ્રહ્માજી તમારે એ ન ભુલવું જોઇએ કે તમારાં ટેન્ડરો પ્રભુ પાસે પાસ કરાવવામાં મારોય હાથ છે ?

તમારો હાથ ચોવીસ કલાક ટ્રાન્ઝીસ્ટરના એરીયર જેવી તમારી ચોટલીને વળ દેવામાં જ બીઝી રહે છે. મારા ટેન્ડરો મટીરીયલ અને લેબર વિગેરેના નીચામાં નીચા ભાવાંકને કારણે પાસ થયાં છે. સમજ્યા ? બાકી રહયો સવાલ સૃષ્ટિના સર્જનનો તો તમારા પ્રભુને જઇને કહી કે તમારું કામ ફકત બીલો પાસ કરવાનું છે સૃષ્ટિ કેમ બનાવવી એ

બધું કામ કોન્ટ્રાકટર તેની અનુકૂળતા પ્રમાણે કરવાને મુકત હોય છે. તેમ છતાં સૃષ્ટિના સર્જનની એટલી જ ઉતાવળ હોય તો કોઈ બીજા કોન્ટ્રાકટર શોધી લ્યો હું એગ્રીમેન્ટ ફેલ કરવા તૈયાર છું ? બ્રહ્મા ગુસ્સાથી થરથરી રહ્યા હતાં.

હાર્ટફેઈલ થઈ જાય એવો મિસ્ટર બ્રહ્માનો આયુકલો ગુસ્સો નિહાળી નારદજીને હવે ત્યાં વધુ બેસવાનું ઠીક ન લાગ્યું છતાં જતાં જતાં આદત મુજબ તેમણે એક મમરો તો મુક્યો જ

મિસ્ટર બ્રહ્માજી તમે બહુ ગુસ્સામાં હો એમ લાગે છે. મેં તો એવી કોઈ વાત કરી નથી કે તમારે આટલા હદે ગુસ્સે થઈ જવું પડે તેમ છતાં એક વણમાગી સલાહ જરૂર આપીશ પેલું તમારું અંકુર વધીને આખા અનંતને આંબી જાય તે પહેલાં તેને વધતું અટકાવો ને સૃષ્ટિનું સર્જન એક માત્ર એવા અંકુરથી હમેશાં અધુરું રહેશે બાચી સૃષ્ટિ રચવી હોય તો માનવનું સર્જન કરો નહીં તો તમે કદી રેય સફળ થઈ શકશો નહી, લો ત્યારે જાઉં છું. કામકાજ કંઈ કાંઈ મુશ્કેલી અનુભવો તો 'ઘરેસંદેશ' પર રીંગ કરશો હું મોટે ભાગે ત્યાંજ હોઉં છું, તુરત જ આવી જઈશ લો ત્યારે ગુડ બાય, સી. યુ. અગેઈન ? બ્રહ્માજીને ગુસ્સો તો એવો ચડયો કે કાચનું પેપર વેઈટ છુટું મારી નારદની ચોટલી મસ્તક પરથી રદ કરી નાખવાનું મન થયું.

ત્યારથી જ તેઓ પરેશાન હતા સૃષ્ટિનુ લેઆઉટ પ્લાન, અગત્યના ડોકયુમેન્ટની ફાઈલ તથા એગ્રીમેન્ટનો કાગળએ બધુ ન જાણે ડાબે હાથે કયાં મુકાઈ ગયું હતુ જડતું ન હતું. આટલું ઓછું હોય તેમ એમના લીગલ એડવાઈઝર પાંચ દિવસથી મોં બતાવતા નહોતા એવા સંજોગોમાં મિ નારદજી.

"ધર્મ અને મૃત્યુ"

સંકલન : શામજીભાઈ એસ. પટેલ
વડોદરા

ધર્મ શું છે? ધર્મ આવ્યો કયાંથી ? ધર્મની રચના શા માટે કરવામાં આવી ? મૃત્યુ શું છે ?

આ બાબત ટુંકમાં કહીએ તો 'ધર્મ એટલે નિયમો' ધર્મ એ માત્ર વિચાર નથી, ધર્મ એ આચાર છે. બાહ્ય રીતે કર્મ શરીર કરે છે પણ આંતરીક રીતે દરેક કર્મમાં બુદ્ધિ, મન અને હૃદય ભાગ લે છે.

હજારો લાખો વર્ષ પહેલાં માનવી ફકત પ્રકૃતિના નિયમો પાળતો હતો. ત્યારે ફકત જીવવું એજ એનો ધર્મ

હતો. પ્રકૃતિનો નિયમ છે કે શ્રેષ્ઠ જીવે અને કનિષ્ઠનો નાશ થાય.

અનેક સિધ્ધિઓ મેળવ્યા છતાં હજારો વર્ષ પહેલાના એ માનવીને એક બહુ મોટો ભય હતો મૃત્યુનો. મૃત્યુ એના માટે અગમ્ય, અલૌકિક અને અદ્ભૂત હતું એમાંથી મૂકિત મેળવવા માનવે ધર્મનું સર્જન કર્યું. અને એ વિચારો ધર્મના બંધનમાં બંધાતો ગયા. હકીકતમાં મૂકિતએ કોઇ વસ્તુ નથી. તેમ એ આકાશમાંથી ટપકતી નથી. નિર્ભયતા જ મુકિત છે. જ્ઞાનથી નિર્ભયતા પ્રાપ્ત થાય છે. અને સત્યના આગ્રહથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

માનવીનું જ્ઞાન વધતું ગયું તેમ એ સુર્યને, વાયુને, અગ્નિને, જળને અને પૃથ્વીને જીવનના આધાર તરીકે જાણવા લાગ્યો. આ પાંચ દેવોને રીઝવવા એ તેની પૂજા પાર્થના, યજ્ઞ વગેરે કરવા લાગ્યો. આમ કરવામાં એની કલ્પના શકિતએ એને મદદ કરી.

આ પાંચ દેવો ઉપરાંત પણ એણે અનેક દેવતાઓ શોધી કાઢયા દેવોની સંખ્યા વધવા લાગી. તેને રીઝવવાની પધ્ધત બદલવા લાગી બલીદાનો અપાયા જીવન આખુએ આવા દેવોને રીઝવવામાંજ વીતવા લાગ્યું આમ છતાં મૃત્યુનો ભય તો જેમનો તેમ રહ્યો

તે સમયના વિશ્વના વિચારકો, ઋષિમુનિઓ માનવીને આમિથ્યા કર્મકાંડમાંથી છોડાવવા ઇચ્છતા હતા. એમાંથી તોજ છોડાવી શકાય જો એમને મૃત્યુના ભયમાંથી ઉગારવામાં આવે

વિચારકોએ પોતાની કલ્પનાશકિત કામે લગાડી એક નવી કલ્પનાનો જન્મ થયો આ નવા વિચારના મુળમાં મુખ્ય આધાર હતો "આત્મા" કલ્પનામાં આત્માનો જન્મ થયો. નવા તત્ત્વ જ્ઞાનનો જન્મ થયો.

શરીર મૃત્યુ પામે છે. આત્મા મરતો નથી. અજર અમર છે તે પોતાના સારા નરસા કર્મ પ્રમાણે ફરીથી જન્મ ધારણ કરે છે. આ વિચારે માનવી ને પુનર્જન્મની કલ્પના આવી. મૃત્યુના ભયથ પીડાતો માંનવી રાજી થઇ ગયા.

આમન્યતા એને માનવી સ્વીકારે એટલે સર્વે આત્માના અધિકારી એવા "પરમાત્મા" ની કલ્પના કરવામાં આવી

અહીં સુધીતો કશી ભૂલ થઇ નહી. પણ માનવીપર એને પરાણે ઠાકી બેસાડવા માટે આ કલ્પનિક જ્ઞાનને ભગવાનના મુખે કહેવડાવી એને કદીએ ફેરફાર ન કરી શકાય એવું ઠસાવી દેવામાં આવ્યુ. જ્ઞાન ગંગાને આડો બંધ બાંધી વહેતી રોકવામાં આવી બધીઆર જ્ઞાન સડવા લાગ્યું અને આ જ્ઞાનના વારસો પણ જીદે ચડયા સ્વાર્થિઓ તથા સત્તા લોલુપોએ આનો ગેરલાભ ઉઠા

જ્યો પુનર્જન્મને હકીકત બનાવવા અનેક ગ્રંથો લખાયા.

આત્માની ખોજમાં અનેક સન્યાસીઓ અને યોગમાંથી ઉદ્દભવતાં કાલ્પનિક દ્રશ્યોના કારણે એ આત્માનો અને પરમાત્માનો સાક્ષાત્કાર થવાની ભ્રમણામાં જીવે છે. કોઇના મનના વિચારો વાંચી કંઇ મળતુ નથી તપશ્ચર્યો કરી સમાધી લગાવવાથી ઇશ્વર મળે તો નથી ભેદવા ના છે. તે આવરણો મિથ્યા પ્રચાર મિથ્યા જ્ઞાન અને મીથ્યા કલ્પના. મૃત્યુએ સારા યા ખરાબ જીવનનો અંત છે. મૃત્યુ કયારેએ કર્મના પ્રકાર સાથે સંબંધ રાખતું નથી સત્ય કર્મોઓને પણ એ પીડાદાયક બની શકે છે.

મૃત્યુ એ જીવનના અંત શીવાય કશું નથી મૃત્યુ પછી ભાવના કામના અને વાસના આ સંસારમાં રહે છે. એનું મૃત્યુ થતુ નથી ભાવના સીવાય બધું મૃત્યુ પામે છે.

પાપ અને પુણ્ય શું છે ? ડરથી કરેલું કર્મ એ પાપ છે. હિંમતથી કરેલું કર્મ પૂણ્ય છે દંભથી કરેલું કર્મ પાપ છે. નીષ્ઠાથી કરેલું કર્મ પુણ્ય છે. પ્રાકૃતિ વીરૂધ્ધનાં કર્મ પાપ છે પ્રાકૃતિક કરેલું કર્મ પુણ્ય છે. માનવીનો ધર્મ ફકત ત્રણ શબ્દોમાં છે. સત્ય સંયમ અને સ્નેહ.

જગતમાં સર્વે મનુષ્યો વિશે એકજ નિયમ હોઇ શકે. જો હીંદુને પુનર્જન્મ હોય તો મુસલમાનને શા માટે નહી ? તે કદી પોતાના પુનર્જન્મ વિશે વીચાર નથી આનાથી પુરવાર થાય છે કે પુનર્જન્મ એ હકીકત સીધ્ધ નથી ફકત એક રોમાંચક કલ્પના છે.

(સુરેશ સોમપુરા અને ચૈતન્યાનંદ વચ્ચેનો વાર્તાલાપ સાર)

હાઈકુ

હૃદય નું મંદીર
આખનું ઝરણું
જીવવા માટે
યાદનું તરણું
દર્શન આપો
પ્રેમ પ્રતીમા
આવે મારો
જીવ ગતિમાં

બની ગયો જો !
પ્રેમ મહેલ
સ્નેહ–સમર્પણનો,
સીમેંટ.
ભાવનાની,
ઇંટો.

શંકરલાલ વિશ્રામભાઇ પટેલ (ખેતાવી)

જેઓ ભારતભૂમિ કાજે મરે છે
તેઓ કદી મરતા નથી
જેઓ પ્રાણ પ્રેમીઓ હોય છે
તેઓ કદી જીવતા નથી
સુત છે જે સિંહ કેશ
તે કાંઇ મોતથી ડરતા નથી
પાવક જ્વાળા પાદ પ્રજ્જ્વળે
પાછાં ડગલાં ભરતા નથી
જ્યાં વિરતા કેરુ અપમાન છે
તાજ ત્યાં ચડતા નથી
જે ગમગીનતાને વરેલ છે
હાસ્ય ત્યાં ફરતાં નથી
જ્યાં શ્રદ્ધા કેરી મશાલ છે
અજવાળાં ઓસરતાં નથી.
જ્યાં કાંટા વગરના બાગ છે
ત્યાં ગુલાબો દેખાતાં નથી
કીચડ વિનાનાં સરોવરે
કમળો કદી ખીલતાં નથી
લુંટવા સહુને ડબ્બા તણાં
મંદિર આજ ખૂટતાં નથી
ચુંથીચુંથીને સ્વાદ માણતા
જગતથી બાજ ઉડતો નથી
અરે ગાંડા ! વૈભવથી કો
કોઇ ખ્વાબ મળતાં નથી
પ્રેમ વગર તો મુક પશું પણ
પાસ કદી રમતાં નથી
મહોબ્બત વિના ક્યાંય
સ્વપ્ન મિનારા ચણતા નથી.
નિઃસ્વાર્થ પ્યાર હોય છે
મિનારા આ પડતા નથી.

મોહ-મમતા ત્યાગો

મંજુલાબેન એમ. પટેલ
ટીંબાકંપા

બધા જ પ્રાણીઓમાં મનુષ્ય વિચારશીલ અને બુદ્ધિ શાળી ગણાય છે, મનુષ્યે વિચારવું જોઇએ કે હું આવ્યો ત્યારે એકલો અસગજ હતો કંઈ પણ સાથે લઇ આવ્યો ન હતો જયારે જઇશ ત્યારે એકલો અસંગ થઇને બધુ છેડી દઇને સર્વની સાથેનો નાતો તોડી ન જ જઈશ હુ કોઇનો નથી અને મારૂ કંઇ નથી હુ દેહ નથી અને મારો દેહ નથી.

આ બધી સત્તા-સંપત્તિ. ગાડી વાડી કે બિલ્ડીંગો વગેરે જે દેખાય છે. તે ભગવાને મારા ઉપર કૃપા કરીને મફત માં આપ્યું છે. તેમાં મોહ-મમતા કે લાલચ રાખવા નહી જો આ માયામાં વ્યંથ રીતે મોહ રાખશો તો આ નીચેના ખેડુતની જેમ દુ:ખી થવું પડશે.

એક ખેડુત હતો તે ખેતરમા હળ ખેડતો હતો એક વખતે તેના હળની અણી જમીનમાં ફસી ગઈ અને જોયું તો એક ચરૂ મળી આવ્યા અંદર સોનાની મહોરો ચમકતી દેખાતી હતા તેના ચહેરો ખીલી ઊઠયો અને ચરૂ ઉપર માટી ચોંટી ગઇ હતી તે માટીને ધોવા માટે પાસેની નદીમાં ગયો માટી હટાવતાં હટાવતાં તે ભારે ચરૂ એકદમ હાથમાંથી છુટી ગયો અને નદીના ઊંડા વેગમાં તણાઇ ગયો આથી ખેડુત ગાંડોબની ગયો હાયહાય કરતો બકવાટ કરવા લાગ્યો કે આવી અને જતી રહી આવી અને જતી રહી, થોડા વખત પછી તેની પત્ની ત્યાં આવી તેનો કકળાટ સાંભળીને તેને બે તમાચ: ખેંચી દીધા અને ગુસ્સાથી પુછવા લાગી કે કોણ આવી ને કોણ ગઇ ! બતાવ અહિં શું કોઇ સુદર સ્ત્રી આવી હતી કે જેના પાછળ તુ પાગલ થઇ ગયો છે. ! ખેડુતે આ બધુ સાંભળીને કહ્યું સ્ત્રી નહી પણ લક્ષ્મી 'હાય' આપણું ભાગ્ય ફુટી ગયું.

આ સાંભળીને તે સ્રીનાં સ્વભાવ પણ બગડી ગયો અને એ પણ બકવા લાગી કે, ચરૂને તે ધોયો કેમ ! ચરૂ ને તે ધોયો કેમ ? પછા થોડા વખત બાદ તેનો દીકરો આવ્યો તેણે પોતાના મા બાપનો આ તમાશો જોયો બાપ બકતો હતો કે, આવી અને ગઇ ! આવી અને ગઇ ! મા બકતી હતી. કે તે ધોયો કેમ ! તે ધોયો કેમ !

આ બધી હકીકત સમજીને છોકરાનું પણ મગજ બગડી ગયું તે પણ પ્રલાપ કરવા લાગ્યો કે, મને કેમ ન પૂછ્યું ! મને કેમ ન પૂછ્યું ! એવામાં ત્યાં એક સંત મહાત્મા પધાર્યા ત્રણે જણનો બકવાદ સાંભળી તે કહેવા લાગ્યા કે 'અરે પાત્રલે.' તમારૂ તેમાં શુ હતુ? મફતમાં આવી અને મફતમાં ચાલી ગઇ,

અહિંથી ભાગો અને પોતાનું કામ કરો. પરિશ્રમની કમાઇ ખાઓ. મફતના માલમાં લાલચ રાખીને તમારૂં મગજ ન બગાડો, છોડી દો આ વ્યર્થ મોહ-મમતાને '

આ પ્રમાણે સમજી વિચારી ને આ સંસારની મોહ-મમતાને જે છોડી દે છે તે સુખી થાય છે અને ન સમજે તો આ ખેડૂતની જેમ પસ્તાવું પડે છે.

નારી ✱

સંપાદન : પટેલ પ્રવિણકુમાર પી.
રમોસકંપા



☐ માયાનો પાશ છે. નારી, કહે કો' દ્વાર નર્કનું;
કહે કો' ખાણ રત્નોની, કથે કો' શક્તિ રૂપિણી.

☐ કે કે સાસુ નણંદ સંહારિયાં, માતપિતા મર્દન કર્યાં;
એક જુવતી જાત છે જક્ષણી, જોર જોરાવરનાં હર્યાં,

☐ સજ્જન ! સુધારાનું નુર છે નાર;
સ્ત્રી સુધરે, સફળ સુખ સાર,

☐ નારીના દિલમહીં દોલતો છુપાતી;
ના આપ્યા વિણ કદીયે લઇ શકાતી,

☐ નિદ પ્રશ્ન શું નવ નારીને હું દેખાય તેવી સુજને કહું છું;
નારી દીવાની જલતી દિવેટ, ભીંજેલ સ્નેહે ભરી મેંશ પેટ,

☐ ભલે ભર્યાં હો બલજેમ પૌરુષે, જગત-તંત્ર-પ્રતાપે પૌરુષે;
પરંતુ સ્ત્રીત્વે મૃદુતા અપાય જે, તેમાં જ સંજીવન-શક્તિ છે. ભરી,

☐ ને એહની મધુર વર્ણ-વિશેષ શૈભા,
જોઉં સ્મરું ભુલવું ને મનમાં મુઝાઉં;
કે કોણ રમ્યતર ? આ નભ કે તું નારી ?

"શ્રમનું મૂલ્ય થઇ શકતું નથી"

પટેલ શારદાબેન કરમશીભાઇ
સતનગર, ધો. ૧૨

ખરેખર કેટલીક વાતોને મૂલ્ય હોઇ જ શકતુ નથી. તે અમુલ્ય જ હોય છે ભારતીય અર્થવ્યવસ્થાને અનુસરનાર મોચીને પુછવામાં આવે કે તારી મહેનતનું મુલ્ય શું ? તો તે કહેશે નહીં શ્રમની સાથે નફાનુકસાનની વાત આવી કે શ્રમમાં શિથિલતા અને નિષ્પ્રક્ષ આવશે તેજ રીતે જયાં સામુહિક રીતે કામ થતું હોય ત્યાં પણ બધાં શ્રમમાં પાછળ રહે છે. બીજા બધાં કરવાનાં જ છે તો હું શુ કામ મહેનત કરું? આ ભાવના નિર્માણ થાય છે. અને તેને લીધે વ્યક્તિનો વિકાસ કુંઠિત થાય છે.

વૈદિક કાળનો હજામ પણ તેજસ્વી હતો તે કાળમાં હજામને તેણે હજામત કર્યા બાદ તુરત જો પૈસા આપવામાં આવે તો તે પોતાનું અપમાન સમજતો પૈસા આપનારને તુરતજ કહેતો કે મારો આ સ્વધર્મ છે તે કાંઈ મારી મજુરી નથી. સ્વધર્મ બજાવ્યાનું પૈસામાં મુલ્યાંકન ન થાય તેથી હજામના શ્રમનું મુલ્યાંકન ન કરતાં તેને તેની જરૂરીયાત તેને ઘેર પહોંચાડવામાં આવતી.

જે સમાજે આવા હજામો ટકાવેલા જે સમાજમાં હજામત કરનારા હજામો પણ આટલી તેજસ્વી વૃત્તિથી રહેતા હતા તે સમાજ કેટલો મહાન હશે તેની કલ્પના કરો આજે તો સોલિસિટ ડોકટર બેરિસ્ટર એન્જીનિયર બધા જ કહેશે કે અમારી અમુક ફી કે તમે આપવા તૈયાર હો તો અમે કામ કરવા તૈયાર છીએ.

તે રીતે રાષ્ટ્રધ્વજને અમૂલ્ય ગણવામાં આવે છે. જેમ રાષ્ટ્રધ્વજ અમૂલ્ય, તેમ આપણે ત્યાં શ્રમ અમુલ્ય ગણાતુ તેથી આપણે ત્યાં ભારતીય અર્થશાસ્ત્રમાં કોઇ પણ મજુર પોતાના શ્રમને વેચવા તૈયાર ન હતો પ્રત્યેક કાર્ય સ્વધર્મ તરીકે થતું, અને તેથી તે પવિત્ર ગણાતું. સંપતિ માટે આપણે ત્યાં કામ નહોતું થતું. આજે જે બે પ્રકારની મહેનત Forced labour વેઠ અને hired labour મજુરી દેખાય છે. એવી મહેનત આપણી સમાજ વ્યવસ્થામાં ન હતી.

વસંત પટેલ
ભોગીલાલ પટેલ
રાજનાંદગાંવ

પ્ર. ૧ ઓ. કે. નો અર્થ શું છે ?

જવાબ ઓ. કે. ગ્રીક શબ્દોની ઉત્પતી છે. ગ્રીકમાં આલ અને કરેકટ 'સી' ની જગ્યાએ 'કે' થી શરૂ થાય છે. કેટલાક માણસો અમેરિકાના રાષ્ટ્રપતિ ચુનાવ વખતે વપરાયેલ શબ્દ 'ઓલ્ડ કિંડરહુક' શબ્દનો સંક્ષેપ પણ (ઓ. કે.) માને છે.

પ્ર. ૨ વાશિંગ્ટન ડી. સી. માં ડી. સી. નો અર્થ શું છે. ?

જવાબ વોશિંગ્ટન ડિસ્ટ્રીકટ કોલંબિયા

પ્ર. ૩ પિનકોડમાં પિન નો અર્થ શું છે ?

જવાબ પોસ્ટ ઇન્ડેક્ષ નંબર

પ્ર. ૪ પિનકોડના છ આંકડા શું શું સુચવે છે ?

જવાબ પિનકોડના છ આંકડામાં પ્રથમ બે આંક રાષ્ટ્રીય ક્ષેત્ર અને પ્રદેશ સુચવે છે જયારે ત્રીજો આંક પોસ્ટ પરિમંડલ અને પછીના ત્રણ આંક પોસ્ટ ઓફીસની સ્થિતિ બતાવે છે.

પ્ર. ૫ અપ રેલ્વે તથા ડાઉન રેલ્વે ટ્રેન કઇ ગાડીયોને કહેવામાં આવે છે ?

જવાબ પૂર્વ થી પશ્ચિમ તરફ તથા દક્ષિણથી ઉત્તર તરફ જવા વાળી ટ્રેનને 'અપ' ટ્રેન તથા પશ્ચિમથી પૂર્વ તરફ અને ઉત્તરથી દક્ષિણ તરફ જવા વાળી ટ્રેનને 'ડાઉન' ટ્રેન કહેવામાં આવે છે.

પ્ર. ૬ એક પ્લેટફોર્મમાં એક અપટ્રેન અને એક ડાઉન ટ્રેનનો આવવાનો સમય એક જ હોય અને ઘંટી વાગે તો કેવી રીતે ખબર પડશે કે કઇ ટ્રેનની ઘંટી વાગી છે ?

જવાબ અપટ્રેનની ઘંટી ડાઉનટ્રેનની ઘંટીથી એક વધુ વાગે છે જેમ કે અપટ્રેન માટે બીજી વખતની ઘંટી ચાર વખત વાગે ત્યારે ડાઉનટ્રેન માટે ત્રણ વખત વાગે છે.

પ્ર. ૭ પબ્લીક કેરીયર અને પ્રાઇવેટ કેરીયરને જો નંબર પ્લેટથી ઓળખવી હોય તો કઇ રીતે ઓળખાશે ?

જવાબ પબ્લીક કેરીયરની નંબર પ્લેટ સફેદ રંગની હોય છે અને આંકડા કાળા રંગથી લખાય છે જયારે પ્રાઇવેટ કેરીયરની પ્લેટ કાળા રંગની અને આંકડા સફેદ કલરથી લખાતા હોય છે.

મુગ્ધા ✱

ઓ મુગ્ધા તમે ધીરે ચાલો,
લપસણું ભુમિ છે આ યૌવન તણી
પશ્ચિમી પવનમાં તમે ન ઊડો
ધીરા ડગ ભરો તમે ધ્યેય ભણી
ધ્યેય તમારું છે સંસ્કૃતિનું રક્ષણ
લુછો આંસુ સંસ્કૃતિ તણા સાથે મળી
મુગ્ધતા તમારી કરે ન એનું ભક્ષણ
સાચવજો સાચવવા નારીની જિંદગી મળી
રક્ષો ! જતન કરો સીમા રેખામાં ખૂબ મહાલો
લપસાય ન, તમે ધીરે ધીરે ચાલો.

પટેલ ઇશ્વર આર.
સોનરડાલાટ

સમાચાર દર્શન

પટેલ નવચેતન યુવક મંડળ, આસનસોલ

નવરાત્રી મહોત્સવ અને નવચેતન યુવક મંડળની મીટીંગ

આસનસોલ કચ્છ કડવા પાટીદાર સમાજ તરફથી નવરાત્રીના પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું અને આ પ્રસંગે ભાઇઓ તથા બહેનો તરફથી રાસ દાંડીયાની વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં નાની બહેનોની નવીનતમ આઇટમો પર પ્રભાવીત થઇને વડીલો અને દાતાઓ તરફથી વાસણની વહેંચણી કરીને નાના ભુલકાંઓને પ્રોત્સાહન કર્યા હતાં.

આ પ્રસંગે હાજર રહેલા રાયપુર (મ. પ્ર.) સમાજના વડીલ મુ. શ્રી કરસન હંસરાજ ભાવાણીએ સૌને જણાવ્યું કે સંપ સલાહ અને સહકારથી સૌ પ્રસંગેનુ કાર્ય કરવામાં આવે તો કેવું સારું લાગે, અને તેઓ શ્રી આસનસોલના નવરાત્રી પ્રસંગથી ખૂબજ પ્રભાવીત થયા હતા. અંતે વિવિધ જગ્યાએ યોજાતી નવરાત્રીની આવી જલક આપી હતી.

સરદ પૂર્ણિમાના દિવસના ઉતરતા ગોધૂલિ સમય બાદ જામતા આછા દૂધિયા પ્રકાસમાં દુધ અને (પૌવા) નુ આયોજન સમાજ તરફથી કરવામાં આવ્યુ હતું અને મધુર ચાંદની રાતમં રાસ અને ગરબાની વિવિધ આઇટેમોથી આખું વાતાવરણ આનંદ વિભોર બનાવી મુકયું હતું. છેલ્લે સૌ ભાઇ–બહેનો આનંદોલ્લાસ સાથે વિખરાયાં હતાં.

અનુ. પાન નં. ૧૯

કુચ્છ કડવા પાટીદાર સ્ટુડન્ટ યુથ કલબ કપડવંજ

કચ્છ કવા પાટીદાર સ્ટુડન્ટ યુથ કલબ કપડવંજના ઉપક્રતે કપડવંજ મુકામે તા. ૧૨-૧૨-૮૨ના રોજ ક. ક. પાટીદાર જ્ઞાતીના ભાઇઓની વોલીબોલ ટૂર્નામેન્ટનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું તેમાં કુલે ૨૩ ટીમોએ ભાગ લીધો હતો તેમાં વિષ્ણુપુરા કંપાની ટીમ ચેમ્પીયન બની હતી. જ્યારે મોતીશ્રીકંપાની ટીમ રનર્સ-અપ થઇ હતી. વિજેતા તેમજ રનર્સ ટીમોને કેશુભાઇ ગાંજારામભાઇ પટેલ તથા કરમશીભાઈ પોકાર (કઠલાલ વાળા) ના હસ્તે વિજેતા તેમજ રનર્સ-અપના કપ આપવામાં આવ્યા હતા.

સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન કલબના મંત્રી પટેલ નવનીત આર તથા સભ્યોએ અથાગ મહેનત કરી સુંદર વ્યવસ્થા જાળવી ટુર્નામેન્ટની સફળતામાં ફાળો આપ્યો હતો.

જયંતી પી. પટેલ, મંત્રી હાથીપુરાકંપા

કે. પી યંગ કલબ, દહેગામ

ચાલું વર્ષે ૧૯૮૨ ની જનરલ મીટીંગ સુરજફાર્મ મુકામે મળેલ હતી તેમાં સર્વાનુમતે નીચે પ્રમાણે કારોબારી નિયુક્ત કરેલ છે.

			ફોન
પ્રમુખ :	નરસીહભાઇ કરમશીભાઇ પટેલ	નાદોલ ફાર્મ	૨૧૫
ઉપપ્રમુખ :	રમેશભાઈ મેઘજીભાઇ પટેલ	શકિત ફાર્મ	૩૨૦
મંત્રી :	અરવિંદભાઈ મોહનભાઇ પટેલ	ઉમીયા ફાર્મ	૩૪૬
સહમંત્રી :	જયંતીભાઇ ભાણજીભાઈ પટેલ	દહેગામ	—
ખજાનચી :	ધનસુખભાઇ ડાહ્યાભાઈ પટેલ	દહેગામ	૯૯
પ્રવાસમંત્રી :	દીનેશભાઇ નારણભાઇ પટેલ	કોલેજકંપા	૨૬૨
સલાહકાર બોર્ડ :-	દેવરામ પી. પટેલ	દહેગામ	પી.પી. ૨૫૦
	હીંમતભાઈ ડી. પટેલ	મગોડીલાટ	૩૩૯
	કનુભાઈ રવજીભાઈ પટેલ	લવાડફાર્મ	૨૯૦
	ગોવિંદભાઇ વી. પટેલ	સર્વોદય ફાર્મ	૨૬૦

આ ઉપરાંત સહકુટુંબ મીનીટુરનું ગલતેશ્વર ડાકોરનું આયોજન કરેલ હતું જે ૫ મી ડીસે. ૮૨ નાં દીને ગોઠવેલ હતું હવે પછી સરતાદરે નોટબુક વિતરણ, વસ્તી ગણત્રી (દહેગામ વિસ્તાર) વિ. ની વિગત વાર ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી

આભાર

કે પી. યંગ કલબ, મંત્રી
અરવિંદ પટેલ

ઉદ્‌ઘાટન સમારંભ

સંકલન : નટવરલાલ કે. પટેલ
રૂપાલકંપા

હિંમતનગર તાલુકાના કુંપાકંપા ગામે છેલ્લા કેટલાક સમયથી આકાર લઇ રહેલ શાળાના નવીન મકાનનું ગત તા. ૧૦–૧૨–૮૨ને શુક્રવારે સવારે ૮–૩૦ કલાકે શાનદાર ઉદ્‌ઘાટન સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સમારંભના પ્રમુખ ગામના વડીલ શ્રી મુળજીભાઇ કરશનભાઇ પટેલ તથા તાલુકા ધારા સભ્ય નાથાભાઈ દેવજીભાઈ પટેલ, લખાભાઈ પટેલ સાબરકાંઠા ડીસ્ટ્રીક બેન્કના ચેરમેનશ્રી શંકરભાઇ દેવજીભાઈ પટેલ, સામજીભાઈ ધનજીભાઇ પટેલ અને શ્રી સી. વી. ગાંધી હાઇસ્કુલ રણાસણના પ્રિન્સીપાલ શ્રી કરશનભાઇ એચ પટેલ તથા અન્ય મહેમાનો આ પ્રસંગે ઉપસ્થિત રહયા હતા. અને પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું.

સદર પ્રસંગે સમારંભના ઉપરોકત મહેમાનો તથા આજુબાજુના હરીપુરા, કૃષ્ણપુરાકંપો, રૂપાલકંપો બાવસરકંપા. ટીંબાકંપો, હથરોલ અને વજાપુર વગેરે ગામોના ભાઈઓ આ પ્રસંગે ગણીમેટી સંખ્યામાં હાજરી આપી હતી. અને આ પ્રસંગને પ્રસશોનીય બનાવ્યો હતો આ પ્રસગે ભોજન સમારંભનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું આ શાળા બધાવામાં ગામના દાતા શ્રી મુળજીભાઇ કરશનભાઇ તરફથી રૂા ૭૫૫૧ (સાતહજાર પાંચસો એકાવન) દાનમાં મળેલ છે. અને હરીઓમ આશ્રમ અમદાવાદ તરફથી પણ રૂા. ૩૦૦૦ (ત્રણ હજાર) શાળાને ભેટ મળેલ છે.

આનંદ અને ઉલ્લાસથી આ સમારંભ પુરો થયો હતો. પ્રત્યેક વકતાઓએ વ્યકિતગત સુર વ્યકત કરી આ શાળાના ઉજજવળ ભાવિની અપેક્ષા સાથે આયોજકોને આશીર્વચનો આપ્યાં હતાં.

કચ્છ કડવા પાટીદાર સમાજ દીલ્હી "ઇનામ વીતરણ સમારોહ"

અત્રે શ્રી ગીતા ટીમ્બર એન્ડ પ્લાયવુડ ઇમ્પોરીયમ કિર્તિનગરમાં કચ્છ કડવા પાટીદાર સમાજ ન્યુ દીલ્હી તરફથી દર વરસની જેમ આ વરસે પણ બાળકોને ઇનામ વિતરણનો સમારોહ તા. ૨–૧૦–૮૨ ને શનીવાર ગાંધી જયંતીના દિવસે રાખવામાં આવ્યો હતો

આ સમારોહનું પ્રમુખ સ્થાન સમાજના પ્રમુખશ્રી વીસરામભાઇ હંશરાજને આપવામાં આવ્યું હતું અને બાળકોને ઇનામનું વિતરણ સમાજના આગેવાન

ભાઇ શ્રી વેલજીભાઇ દેવશી ના હાથે કરવામાં આવેલ હતું આ સમારોહમાં સમાજ ના ભાઈ-બહેનો તથા બાળકો એ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો...

સમારોહનું સંચાલન સમાજના મંત્રી શ્રી કરસનભાઈ વિસરામ (કવી) તરફથી સુંદર ઢંગથી કરવામાં આવ્યું હતુ અને આ કાર્યક્રમ ને સફળ બનાવવામાં શ્રી પટેલ તરૂણ મીત્ર મંડળ તથા નવચેતન મીત્ર મંડળના ભાઈએ એ સારો સાથ અને સહકાર આપ્યો હતો અલ્પાહાર લીધા બાદ સભાનું વીસર્જન કરવામાં આવ્યું હતું

લી મંત્રી શ્રી કરસનભાઈ વીસરામ (કવી) પટેલ
કચ્છ કડવા પટીદાર સમાજ ન્યું દીલ્હી

વડોદરા પાટીદાર સમાજ સ્નેહ સંમેલન

તા. ૨૧-૧૧-૮૨ને રવીવારના રોજ કડવા પાટીદાર વાડી શીયાબાગ વડોદરામાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ વડોદરાનો સ્નેહ-સંમેલન વડોદરા; ભરૂચ અને પંચમહાલ જીલ્લાના આમંત્રીત મહેમાનોની હાજરીમાં ઉત્સાહ અને ઉમંગથી ઉજવાઇ ગયો દર વરસની જેમ આ વરસે પણ ૬૦% થી ઉપરના ગુણ મેળવી પાસ થનાર વડોદરામાં વસતા સમાજના વિદ્યાર્થીઓને સમાજના પ્રમુખશ્રી કરસનભાઇ માવજીભાઇના શુભ હસ્તે ઇનામો આપવામાં આવેલ અને શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળ તરફથી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી ડીસ્ટીંકશન માર્કસ સાથે બી.ઇ (સીવીલ) થયેલ શ્રી પુરૂષોત્તમ સામજીભાઇ પટેલને ટ્રોફી આપવામાં આવેલ.

આ વરસની વીશેષતા એ હતી કે વડોદરા, પંચમહાલ તથા ભરૂચ જીલ્લાની વસ્તી ગણત્રી બુક (સમાજ દર્પણ) ની વિમોચનવિધિ સમાજના ઉપ-પ્રમુખશ્રી નારણભાઇ સીવદાસભાઈ (વાઘોડીયાવાળા)ના શુભ હસ્તે કરવામાં આવી સમાજના ઉત્સાહી કાર્યકર શ્રી ધનજીભાઇ સામજીભાઇ તથા શ્રી રવજીભાઇ ડાહ્યાભાઇ ઉમા કો. ઓપરેટીવ બેન્ક લી. માં ડાયરેકટર તરીકે તથા સમાજમાં પ્રથમ ડોકટર તરીકે શ્રી નારણભાઈ સીવદાસભાઈ એમ ત્રણેય જણનો સત્કાર કરવામાં આવેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતી મંડળના મંત્રી શ્રી ગંગારામ જીવરાજભાઇ પટેલે આવકાર પ્રવચન કર્યું ક, ક. પા. પ્ર. મં.ના પ્રમુખશ્રી, નાનજીભાઇ પ્રેમજીભાઇ એ પાટીદાર સમાજ તથા પ્રગતી મંડળની કાર્યવાહીનો ટુંક સારમાં ખ્યાલ આપ્યો અને સમાજના પ્રમુખશ્રી; ઉપ-પ્રમુખશ્રી, શ્રી ધનજીભાઇ સામજીભાઇ શ્રી રવજીભાઇ ડાહ્યાભાઈ ડો. શ્રી નારાયણભાઇ શીવદાસભાઇ ભરૂચથી પધારેલ શ્રી કા...

 સમાજ ભરૂચના પ્રમુખશ્રી સામજીભાઈ અરજણભાઇ વિગેરેએ પ્રાંસગીક પ્રવચનો કર્યા અને આવતા વરસના ઇનામોની જાહેરાત દાતાશ્રી નારણભાઇ સીવદાસભાઇ (વાઘોડીયાવાળા) તરફથી આપવામાં આવેલ અંતે સમાજના મંત્રીશ્રી છગનભાઇ દાનાભાઇએ આભારવિધિ કરી હતી.

આખા સંમેલનનું સંચાલન શ્રી ગોપાલભાઈ સામજીભાઇ છાણીવાળાએ કર્યું સંમેલન બાદ સમાજ તરફથી સમૂહ ભોજન રાખવામાં આવેલ.

એજ લી, શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ વતી
મંત્રી છગનલાલ દાનાભાઈ પટેલ

●●

અનુ. પેજ નં. ૧૫ નું ચાલુ.

દિનાક ૩૧-૧૦-૮૨ ના રોજ પટેલ નવચેતન યુવક મંડળ (આસનસોલ) ની પ્રથમ વર્ષની વાર્ષિક મીટીગનું આયોજન કરવામાં આવ્યું.

જેનામાં ૨૪-૧-૮૨ ના રોજ યોજાઇ ગયેલ ભવ્ય ગુજરાતી ચીત્ર જય રણછોડ ની સફળતા બારામાં આલોચના અને હીસાબ-કિતાબ રજુ કરવામાં આવ્યા અને આ પ્રસંગે મંડળના પ્રમુખ શ્રી મોહનલાલ એ. પટેલ વા. પ્રમુખ શ્રી લાભશંકર ભાઇ પટેલ અને મંડળના મંત્રીશ્રી નવીનભાઈ એચ. પટેલ એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે મંડળના કાર્યો ને પોતાના કામ સમજીને હાથમાં લેવામાં આવશે તો મોટાથી મોટા પ્રસંગને ઓપ આપવું કોઇ મોટી વાત નથી.

આખરી માં બેસતા વર્ષ ૨૦૩૯ના સાલમાં યોજનાર કાર્યક્રમોની આછી જલક મંત્રી શ્રી તરફ થી આપવામાં આવી.

આખરીમાં બેસતા વર્ષની ખુસી પ્રસંગે લોટરી ડ્રો નું આયોજન કરવામાં આવ્યુ જેનું વેચાણ વહેલી તકે ચાલુ કરી દેવા પ્રમુખશ્રી એ જણાવ્યું હતુ.

નવા જોડાવા માગતા સભ્યોની વરણી કર્યા બાદ આશરે ચાર કલાકના વિચાર-વિમર્સ બાદ કાર્યક્રમોનું પુનઃ વાચન કર્યા બાદ મંડળના મંત્રીશ્રી નવીનભાઈ એચ પટેલએ કાર્યક્રમ ને પુંર્ણ જાહેર કર્યો હતો.

નવીનભાઈ એચ પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડલ

ઠે. શ્રી એસ. એસ. પટેલ એન્ડ કું., ઈન્દોર-૨

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ ધારરોડ ઇન્દોરની વાર્ષિક સાધારણ સભા સંવત ૨૦૩૯ ના કારતક વદ-૬ ને સોમવાર તા. ૬-૧૨-૮૨ ના રાત્રીના ૯ કલાકે શ્રી એચ. એસ. પટેલ એન્ડ કું. ખાતે મળેલ.

આ સભામાં ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યોનો અહેવાલ ભૂતપૂર્વ મંત્રીશ્રી ભીમજીભાઇ કરમશીભાઇએ વાંચી સંભળાવેલ તેમજ વાર્ષિક આવક જાવકના હિસાબ પણ રજુ કરવામાં આવેલ.

ત્યારબાદ નવી કારોબારી સમિતિની સર્વ સમ્મતીએ રચના કરવામાં આવેલ જે નીચે મુજબ રહેલ.

પ્રમુખ :-	શ્રી પ્રેમજીભાઈ કેશરાભાઈ પટેલ	(કોટડા)
ઉપ-પ્રમુખ :-	શ્રી દેવજીભાઇ કરસનભાઇ પટેલ	(ઘડાણી)
મંત્રી :-	શ્રી ધનસુખભાઈ રતનભાઇ પટેલ	(નેત્રા)
સહમંત્રી :-	શ્રી દેવશીભાઇ મનજીભાઇ પટેલ	„
ખજાનચી :-	શ્રી પુરષોત્તમભાઈ કરમશીભાઈ પટેલ	(કાદિયા)
સાંસ્કૃતિક :-	શ્રી કમલેશકુમાર શીવજીભાઇ પટેલ	(થરાવડા)
સાંસ્કૃતિ સહમંત્રી :-	શ્રી કરમશીભાઈ કરસનભાઈ પટેલ	(ટી બાક પા)
પ્રવાસ મંત્રી :-	શ્રી ચંદુલાલ રામજીભાઇ પટેલ	(ઘડાણી)
પ્રવાસ સહમંત્રી :-	શ્રી દેવજીભાઇ અરજણભાઇ પટેલ	(દયાપર)
સભ્ય :-	શ્રી જયંતીલાલ મુળજીભાઇ પટેલ	(વિરાણી-મોટી)
લાયબ્રેરી :-	શ્રી ચુનીલાલ દેવજીભાઇ પટેલ	(„)
સલાહકારો :-	(૧) શ્રી લાલજીભાઈ નારણભાઇ પટેલ	(દોલતપુર)
„	(૨) „ કાન્તિલાલ વિશ્રામભાઇ પટેલ	(આંબાળા)
„	(૩) „ કાંતિલાલ પ્રેમજીભાઈ પટેલ	(દયાપર)
„	(૪) „ ભાણજીભાઇ મનજીભાઇ પટેલ	(નેત્રા)
„	(૪) „ ભીમજીભાઇ કરમશીભાઈ પટેલ	(રવાપર)

★

ઉપરોક્ત રીતે કારોબારી સમિતિની વરણી થયા. બાદ નવી કારોબારીના સભ્યોએ પોત-પોતાનો પરિચય આપ્યો તથા મંત્રીશ્રી ધનસુખભાઇ રતનશીભાઇ એ નવી કારોબારી ચુંટી કઢવા બદલ સૌનો આભાર વ્યક્ત કરેલ અન્ય ચર્ચાઓને અંતે સભાપતિનો આભાર વ્યક્ત કરતાં તેઓની અનુમતિથી, સ્વલ્પાહાર બાદ સભા પૂર્ણ થયેલ —ધન્યવાદ

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ
ધાર રોડ, (ઇન્દોર મ. પ્ર.)
મંત્રી : **શ્રી ધનસુખભાઇ રતનશીભાઇ પટેલ**

અવસાન નોંધ

અત્રે તલોદ નજીક બિલેશ્વરકંપાના તેમજ કચ્છ વિરાણીના વતની કચ્છ કડવા પાટીદાર સમાજ ધનસુરા ગુજરાતનાં ઉપ-પ્રમુખશ્રી વિઠ્ઠલદાસ કરશનભાઇ પટેલનાં માતુશ્રી દેવકીબેનનું ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે.

સદ્‌ગતશ્રી તેમની પાછળ પુત્ર પુત્રીઓ તેમજ પૌત્ર પૌત્રીઓના વિશાળ પરિવારને વિલાપ કરતાં મુકી ગયા છે.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિરંજીવ શાંતિ અર્પે તેમજ વિશાળ પરિવાર જનોને સદ્‌ગતની ખોટ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના.

દુઃખદ અવસાન

એદલપુરાકંપાના વતની પટેલ કાનજીભાઇ મનજીભાઇની સુપુત્રી ચિ. મણીબેનનું મોતીપુરા, તા. બાયડ મુકામે ૩૨ વર્ષની ભરયુવાન વયે લાંબી માંદગી બાદ દુઃખદ અવસાન થયું છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે તેમજ તેમનાં પરિવાર જનોને પડેલી ખોટ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના

અવસાન નોંધ

● અત્રે ધનસુરા નજીક એદલપુરાકંપાના વતની પટેલ કરશનભાઈ લાલજીભાઇનાં માતુશ્રી કાન્તાબેન ઉ વ ૮૮નું દુઃખદ અવસાન થયું છે.

સદ્‌ગતશ્રી તેમની પાછળ વિશાળ પુત્ર પુત્રીઓના પરિવારને વિલાપ કરતાં મુકી ગયાં છે

પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અપે એજ અભ્યર્થના...

અવસાન નોંધ

● સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના શીવપુરાકંપાના તેમજ મુળ મગવાણા (કચ્છ)ના પટેલ હરજીભાઇ [redacted] નું ૬૪ વર્ષની ઉંમરે ગત તા. ૬ ૧૧-૮૨ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્‌ગતશ્રીના સ્મરણાર્થે ધનસુરા કન્યા છાત્રાલયમાં રૂપિયા ૧૦૧/- અંકે રૂપિયા એકસો એક ભેટ આપવામાં આવેલ છે-

પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે અને તેમનાં પરિવારજનોને અકાળે આવી પડેલી ખોટ સહન કરવાની શકિત અપે એજ અભ્યર્થના.

દુઃખદ અવસાન

● મુળ વિરાણીના વતની તેમજ છેલ્લાં સાઇઠેક વર્ષથી બોરડીટીંબા તાલુકે બાયડના ખેતીવાડી ધરાવતા પટેલ પ્રેમજીભાઇ નાનજીભાઇ નાકરાણીના યુવાન પુત્ર મણીલાલનું અકસ્માતે દુઃખદ અવસાન થતાં કંપામાં તેમજ આજુબાજુમાં વિસ્તારોમાં ઘેરા શોકની લાગણી છવાઇ હતી.

પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે તેમજ તેમની યુવાન વિધવા પત્ની, બાળકો, માતા પિતા તેમજ ભાઇભાંડુઓને કારમો આઘાત જીરવવાની અખૂટ શકિત આપે એજ અભ્યર્થના...

સાબરકાંઠાના આંગણે ઉજવાનારો ભવ્ય મહોત્સવ
એટલે
સંસ્કૃતિ વિસ્તારક સંઘ સંચાલિત
વયસ્થ સંચલન

મોડાસા
તા. ૧૮-૨-૧૯૮૩

પરમ પૂજ્ય પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજી (પૂ. દદા) ના સાંસ્કૃતિક પુનરુત્થાનના યશસ્વી પ્રયોગોમાંનો એક અભિનવ પ્રયોગ એટલે " વયસ્થ સંચલન " આવા અનોખા પ્રયોગનો લાભ સાબરકાંઠા જિલ્લાને મળ્યો છે તે પરમ પૂજ્ય " દદા " નો આપણા ઉપરનો પ્રેમ અને વિશ્વાસ વ્યક્ત કરે છે. અત્યાર સુધીમાં ભારત ભરમાં એક એક થી ચઢિયાતાં એવાં ૨૬ (છવીસ) વયસ્થ સંચલનો થયાં છે.

સાબરકાંઠા જિલ્લાની ધરતી ઉપર મોડાસાના આંગણે માલપુર રોડ ઉપર ઓધારી તળાવ સામેની પવિત્ર ભૂમિ પર આપણું આ સત્તાવીસમું સંચલન અત્યાર સુધીમાં થયેલાં સંચલનોમાં શિર મુગુર સમાન શોભવુ જોઇએ એવા ઉત્કૃષ્ય ભાવ સાથે મુંબઇ અમદાવાદ, સૌરાષ્ટ્ર, ખેડા, મહેસાણા તેમજ બનાસકાંઠા વગેરે વિસ્તારોમાંથી પ્રતિમાસે છેલ્લા ચાર માસથી સ્વાધ્યાયી પરિવારનાં ભાઇ-બહેનો વિશાળ સંખ્યામાં આવી ગામડે ગામડે ભક્તિ ફેરી દ્વારા માનવ-માનવ વચ્ચે ભાવ પ્રકટન કરતાં રહ્યાં છે.

ખરેખર આપણે આપણા ભૂતકાળ તરફ દ્રષ્ટિપાત કરીએ તો ઇશ પ્રત્યે તેમજ આપણા મા બાપ પ્રત્યેનું મૂલ્ય ભુતકાળમાં જે હતું તે આજે આપણે સૌ ભુલ્યા છીએ તેમ નથી લાગતુ ?

આજનો માનવ કૃતજ્ઞી બનવાને બદલે કૃતઘ્ની બની ગયો છે કૃતજ્ઞતા એટલે આપણાં ઉપર કોઇએ કરેલા ઉપકારોનું ભાવસ્મરણ કરવું તે પરંતુ આજે આ સંસ્કાર ભુંસાઇ ગયા છે તેથી માનવ જીવનમાંથી ભાવ ઘટતાં માનવતા મરી પરવારી છે અને એ મરી ગયેલી માનવતાનાં પરિણામે આજનો માનવ અસંખ્ય અને અસહ્ય સમસ્યાઓનાં વાદળો વચ્ચે ઘેરાયેલો રહયો છે. માનવીય જીવનને સુગંધમય બનાવવા માટે, ફરી પાછી માનવતા ઉભી કરવા માટે આપણે મુળવાત એટલે ભગવાન માટે, સંસ્કૃતિ માટે ધર્મ, રાષ્ટ્ર, સમાજ, ગુરૂ કુટુંબ, મા બાપ બધાં માટે કૃતજ્ઞતાનો ભાવ પાછો ઊભો કરવો પડશે અને તો જ સમાજ જીવનમાંથી ખોવાઇ ગયેલા કૃતજ્ઞતા પાછી ઉભી થશે.

આ કૃતજ્ઞતા ઉભી કરવા માનવ જીવનને ભોગવદની નાગચુડમાંથી બચાવી ભાવ જગત નિર્માણ કરવા હજારોની સંખ્યામાં કોઇનીય પ્રેરણાથી સેંકડો માઇલ દૂરથી લેટ વૉટ કે નોટની અપેક્ષા રાખ્યા વિના સ્વાધ્યાયના માધ્યમ દ્વારા ભક્તિ ફેરી કરવા સાબરકાંઠાના આંગણે આવતાં રહ્યાં છે ત્યારે જિલ્લાનો સ્વાધ્યાય પરિવાર તેઓનો ઋણી બન્યો છે. તે વાતની સ્વીકૃતિ કરવી જ રહી

જિલ્લાની ૧૮ થી ૪૦ વર્ષની યુવા શક્તિના જીવનમાં કૃતજ્ઞતાના ભાવ પ્રકટન દ્વારા વયસ્થ સંચલનનો આપણે આંગણે જે અભિનવ પ્રયોગ થઇ રહ્યો છે ત્યારે જિલ્લાનો સ્વાધ્યાય પરિવાર તેમજ સ્વાધ્યાયથી વંચિત રહી ગયેલ જન સમુદાયે જે ભગવાન આપણું હૃદય ચલાવે છે. તે ભગવાન ને અહર્નિશ યાદ કરવા " ત્રિકાળ સંધ્યા " નુ પઠન પાઠન બહુજન સમાજ સુધી વ્યાપક કરવાની અતિ આવશ્યક વાત ન ભૂલવી જોઇએ

માનવીના જીવનભરની રોજ બરોજની ત્રણ મુખ્ય પ્રક્રિયાઓ સવારમાં ઊઠવું, ખાવું અને દિવસભરની પ્રવૃત્તિના અંતે રાત્રે સુઇ જવું. આ ઊઠવાની ખાવાની અને સુઇ જવાની ક્રિયા પ્રત્યેક માનવ પોતે એમ જ માને છે કે તે પોતે જ કરે છે પણ ખરેખર તે પોતે કશુંજ કરી શકતો નથી. પરંતુ ભગવાન પ્રભુશક્તિ જ તે ક્રિયાઓના પાયામાં છે તેનાથી તે આજ દિન સુધી અજાણ રહ્યો છે આપણે એ ન ભુલવું જોઇએ કે સવારના ઊઠતી વખતે હું ઊઠું છું. મને ઊઠાડનારી શક્તિ કોઇ બીજી છે અને ઊઠયા પછી " હું " થયો છું તેનું સ્મરણ થવું જોઇએ. રાત્રે સુતા પછી " હું " કઇ દુનિયામાં હતો તેનું " હું " ને ભાન જ નથી હોતું તેથી જીવનભર તેનું " હું " તેની સાથે જ રાખતો ફરે છે. અરે...ઊઠયા પછી પછી આપણે આપણી જાતને ભૂલી જઇએ અર્થાત આપણી સ્મૃતિ શક્તિ ખોવઈ જાય તો...." હું " અને ગાંડાનાં દવાખાનાનું અવિહત મિલન ગોઠવાઇ જાય તેથી અમૂલ્ય એવી સ્મૃતિ શક્તિનું દાન કરનારી સવાર બપોરને સાંજ સુધી ચાવીને, ચૂસીને, ચાટીને અને પીને એમ ચારે પ્રકારે ઠાંસી ઠાંસીને ભરી લાધેલા ખોરાકનું પાચન કરી શરીરમાં લોહીનો રંગ લાલ જ બનાવી શક્તિ આપનારી કોઇ અલગ શક્તિ છે એવું ભાન જીવનમાં કેળવ્યું નથી માની લઈએ કે ખાવા પીવાનું કામ આપણે પોતે કરીએ પણ તે ખોરાકમાંથી લોહી જ ન બને તો...તો બુદ્ધિશાળી ડાહ્યા ડૉકટરના દવાખાનોના વિહિત મિલનમા જવું પડે...પરંતુ વૈશ્વાનર (અગ્નિ) રૂપે રહેલો ભગવાન હંમેશાં આપણું ખાધેલું પચાવી લાલ લોહી બનાવી શક્તિનું દાન કરતો રહેલો છે.

ત્રીજી વાત દિવસભરની પ્રવૃત્તિઓનો અસહ્ય બોજો માથે રાખી આપણે થાકીને લોથ પોથ થઇ જઇએ છીએ. ત્યારે પણ રાત્રે સરસ મજાની ઉંઘ આવી જાય છે અને સવારે જાગીએ ત્યારે થાક ક્યાંય જતો રહે છે એ રીતે આખી રાત શાંતિનું દાન પણ કોઇ શક્તિ દ્વારા જ મળે છે. માનો સવારના ઊઠતી વખતે જે "હું" હતો તે આખો દિવસ સાચવી રાખીને રાત્રે સુતી વખતે "હુ" છું તેવું સતત સ્મરણ રહે ત્યાં સુધી પથારીમાં પાસાં જ ઘસવાનો વારો આવે "હું" છૂટે તોજ ઊંઘ આવે અને તો શાંતિ નિર્માણ થાય. તેથી આપણી રોજ બરોજની ત્રણ મુખ્ય પ્રક્રિયાઓની આ વાત આપણે માણસ હોઇએ તો ભૂલવી ન જોઇએ અને ભૂલીએ તો માણસ કહેવડાવવામાંથી આપણી જાતને બાકાત રાખવામાં જરા પણ વાંધો ન આવે એ પ્રત્યેક માનવે વિચારવું જરૂરી નથી લગતુ ?

વયસ્થ સંચલનમાં ભાગ લેનાર જિલ્લાનાં પચાસેક હજાર વયસ્થ ભાઇ-બહેનો પણ સ્મૃતદાન, શક્તિદાન અને શાંતિદાન કરનારી વિશ્વની ચિદ્દઘન શક્તિ પ્રત્યે પોતાની કૃતજ્ઞતા હોવી જોઇએ તે વાતને કબુલ કરતાં જીવનમાં યાદ કરવા જેવી ત્રણ વાતોનું સતત સ્મરણ આપણને થતું રહે તે વાતની યાદ ૧૮ ફેબ્રુઆરી-૧૯૮૩ના રોજ મોડાસાના આંગણે વયસ્થાની વિશાળ જન સંખ્યાના દર્શનથી સમવાની આપણા જીવનમાં ઉતારવાની યોગેશ્વર સ્મૃતિ આપે, શક્તિ આપે અને ઉતારવા જેટલી શાંતિ આપે એજ અભ્યર્થના

જય યોગેશ્વર

શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળ, મોડાસા

શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળ મોડાસાએ દર વર્ષની જેમ આ વર્ષ પણ નવરાત્રી મહોત્સવ શ્રી આશાપુરી સો મીલના કંપાઉન્ડમાં ઉજવ્યો હતો. આ વખતની નવરાત્રી એ મોડાસામાં એક આગવું આકર્ષણ ઉભુ કરેલું વેશભૂષાના નવા નવા કાર્યક્રમો રજુ કરેલા અને મોડાસા નગર પંચાયતના સભાપતિ તરફથી 'શેરી ગરબા' સ્પર્ધા રાખવામાં આવેલ જેમાં પ્રગતિ મંડળે પહેલું સ્થાન મેળવેલ છે. અને રાવણ દહનના કાર્યક્રમ સમયે માનવમેદની વચ્ચે ઇનામની જાહેરાત થયેલ અને શીલ્ડ મેળવેલ છે. જે મંડળ માટે એક ગૌરવની વાત છે.

આસો સુદ ૧૫ શરદપુનમની રાત્રે શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળે એક અનોખો જાદુના પ્રયોગોનો કાર્યક્રમ રાખેલ હતો. મંડળના સભ્ય શ્રી કાન્તિલાલ ડી. પટેલ જેઓએ રાત્રે આશાપુરી સો મીલના કમ્પાઉન્ડમાં જાદુના પ્રયોગો બતાવ્યા હતા. જે અઢી કલાક સુધી જોનારને સતત આશ્ચર્યમનમાં ગરકાવ કરીને મુકયા હતા. અને રાત્રે દુધ પૌંઆના કાર્યક્રમનો આનંદ માણવા બાદ સૌ વિખેરાયા હતા.

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તા

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તાની સંવત ૨૦૩૯ વર્ષનો પ્રથમ કાર્યવાહક સમિતિની સભા મંડળના પ્રમુખ શ્રી મણીલાલ અરજણભાઇ પટેલના પ્રમુખ પદે ગત તા. ૨-૧-૮૩ને રવિવાર ના રોજ બપોરના ૨-૨૦ કલાકે પાટીદાર સમાજ વાડી મધ્યે યોજાયેલ જેમા અન્ય કાર્યવાહી પૈકી સંવત ૨૦૩૯ના વર્ષ માટે જુદા જુદા વિભાગીય વડાઓની સ્વેચ્છાએ વરણી કરવામાં આવેલ

૧	શિક્ષણ વિભાગ :—	પટેલ શ્રી મણીલાલ અરજણભાઇ
		,, શ્રી તુલશીદાસ કેશરાભાઇ
		,, શ્રી ગૌતમ સોમજીભાઈ
૨	પુસ્તકાલય વિભાગ :—	પટેલ શ્રી કરમશી માવજી
		પટેલ શ્રી શંકરલાલ હરીભાઇ
		,, ,, ગૌતમ સોમજીભાઇ
		,, ,, જીતેન્દ્ર વિશ્રામ
૩	રમત-ગમત વિભાગ :—	પટેલ ,, જયંતિલાલ કરશન
		,, ,, શાન્તિલાલ વાલજી
		,, ,, રમણલાલ લખમશી
		,, ,, નરેશકુમાર બાબુલાલ
૪	કલા પર્યટન વિભાગ :—	પટેલ ,, નાનાલાલ વાલજી
		,, ,, કરમશી માવજી
		,, ,, વાલજી પ્રેમજી
		,, ,, મણીલાલ રામજી
૫	સ્વયંસેવક-વિભાગ :—	પટેલ ,, રતનશી લખધારામ
		,, ,, નારણ ખેતાભાઈ
		,, ,, શાન્તિલાલ હંશરાજ
		,, ,, જયંતિલાલ રામજી
		,, ,, કેશવલાલ ભાણજી
		,, ,, અમૃતલાલ વેલજી

સભાની અન્ય કાર્યવાહી પુર્ણ થતાં હર્ષોલ્લાસના વાતાવરણ વચ્ચે આજની સભા પુર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ.

લી.
નાનાલાલ વાલજી પટેલ
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા
સહમંત્રી

ભગવાન

□ □

ભગવાનની ઉપસ્થિતિ આપણે માટે એક નિરપેક્ષ નિર્વિવાદ અને અપરિવર્તનશીલ તથ્ય છે.

ભગવાનમાં અને ભગવાન દ્વારા પ્રત્યેક ચીજનું રૂપાંતર થાય છે. અને પ્રત્યેક ચીજ મહિમા મેળવે છે ભગવાનની અંદર સઘળો રહસ્યો અને સઘળી શક્તિઓની ચાવી સાંપડી જાય છે.

ભગવાનની બહાર સઘળુ મિથ્યા છે અને ભ્રાંતિરૂપ છે. સઘળો દુઃખભર્યો અંધકાર છે. ભગવાનમા છે જીવન, પ્રકાશ અને આનંદ, ભગગવાનની અંદર જ પરમ શાંતિ છે.

ભગવાન વસ્તુઓમાં પણ છે. તેથી એમની સાથેનો વ્યવહાર સાવધાનીથી થવો જોઇએ.

એ કદીયે ન ભૂલશો કે તમે એકલા નથી. પ્રભુ તમારી સાથે છે અને તમને મદદ કરી રહ્યા છે.

ભગવાન એ મિત્ર, એ શક્તિ, એ આધાર અને એ માર્ગદર્શક છે, જે કદી છેહ નથી દેતા. ભગવાન એ પ્રકાશ છે જે અંધકારને વેરવિખેર કરી નાખે છે; એ વિજેતા છે. જે વિજયને નિશ્ચિત બનાવે છે.

અંતરઆત્માની શોધમાં

卐 卐

તમારા અંગત આરામ માટેની અંગત ઇચ્છાની તૃપ્તિની, આનંદ-વિનોદની કે સુખોપભોગની હરેક રીતની ઝંખના તજી દો. તમારી ઝંખના માત્ર એકજ હોવી જોઇએ-પ્રગતિ.

તમે જે કાંઇ કરતા હો તે બધામાં આનંદ લેવાનો પ્રયત્ન કરો. પરંતુ કેઇ ચીજ આનંદને ખાતર ન કરશો.


કદી પણ ઊશ્કેરાઇ જશો નહિ, ગભરાઇ જશો નહિ, મુઝાઇ જશો નહિ. હરકોઈ પરિસ્થિતિમાં શાંત રહો.

કોઈના પણ વર્તન વિષે કદી પણ ફરિયાદ ન કરશો.

ભૂતમાત્રની હિતકામનાની સતત અવસ્થામાં રહેવુ. કશાથી પણ ઉદ્વેગ પામવો નહિ અને કેઇને પણ ઉદ્વેગના કારણરૂપ ન થવું.

આખો વખત ભગવાનની હાજરીમાં રહેતા શીખો. તદ્દન સામાન્ય અને બહિર્મુખ ગણાતી ક્રિયાઓ જેવી કે ખાવા-પીવાની પણ તેને જ સમર્પણ કરો. જયારે ખાઓ ત્યારે ભગવાન તમારા દ્વારા આરોગે છે એવો ભાવ અનુભવો.

સૂતાં પહેલાં થોડીક ક્ષણો ધ્યાનમાં એકાગ્ર થજો.



સમય અને
મહેનત
બચાવો *

પોકાર

નું
ઇલેક્ટ્રીક પાવરથી
ચાલતું

છાસ

બનાવવા
માટેનું

વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો

—: વિક્રતાઓ :—

(૧) આશા ઓટોમોબાઇલ્સ ભુજ
(૨) મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ ડેમાઇ
(૩) અંબિકા ફર્ટિલાઇઝર્સ ખેડબ્રહ્મા
(૪) શ્રેયસ એજન્સી રાજકોટ
(૫) હસમુખ એન્જીનીયરીંગ કું. વિસાવદર
(૬) શ્રી રામ સ્ટોર્સ નખત્રાણા
(૭) મોહનલાલ એન્ડ બ્રધર્સ વિરાણી
(૮) ખેડૂત બીજ કોર્પોરેશન ગોંડલ
(૯) પેરેડાઇઝ ઇલેકટ્રીકલ્સ મોડાસા

● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**

લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, નાગરવેલ હનુમાન રોડ, રખીઆલ
અમદાવાદ—૩૮૦ ૦૨૩૮,

"GARUD"

Phone : P. P. 351024

ગરૂડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, કલકત્તા—૭૦૦૦૦૬




આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીનરી નાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેટર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.

ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પ્રચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ.

સો મશીનના મદ્રાસ ટ્રોલીના પાર્ટસ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું આપની વધારે માહિતિની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી.


ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
બેન્ડસો બ્લેડ ચાલે છે
● ઝડપી અને ચોકસાઇદાર વહેરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીં વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં. ૮૨૬૫૫૨
૮૨૬૪૪૭
૩૭૪૪૭૧
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



" બ્રાન્ડ ચેઈન સો મશીન

ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે બે માણસોની સહાયથી આડા ... કુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત "શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન" વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કસ

એલ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ.
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

વધુ પુછપરછ અને માહિતી માટે
મળો યા લખો:

શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ...

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વર્કસ હરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ.
* ભારત વુડ વર્કસ ગીતામંદિર, અમદાવાદ-૨૨ નો એન્જીનીયરીંગ વિભાગ

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ
તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ
રજુ કરતું પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ)

વર્ષ : ૨૫ ફેબ્રુઆરી–૧૯૮૩

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી માહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૭૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ -પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ -તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા





આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચોથ



અનુક્રમણિકા

તંત્રીસ્થાનેથી

સમાજમાં પ્રવર્તતા સામાજિક રીત રિવાજો, રૂઢિઓ, માન્યતાઓ અને વહેવારોમાં ક્રાંતિકારી ફેરફારો કરીને લોકજાગૃતિ લાવવા માટે તથા જ્ઞાતિની સુષુપ્ત પડેલી શક્તિઓને બહાર લાવવાનું જટિલ કાર્ય કરતાં સામાજિક સંગઠનોની પ્રવૃત્તિઓને વેગ આપવાનું તથા આ સંગઠનોની પ્રવૃત્તિઓ સાથે દરેક જ્ઞાતિજનોને સાંકળી રાખવાનું ઉમદા કાર્ય જ્ઞાતિનું માસિક/સામયિક કરતું હોય છે. જે નિર્વિવાદ હકીકત છે.

જો આ સામયિક જ્ઞાતિના દરેક ઘર સુધી ન પહોંચી શકતું હોય, જો તેમાં સારા લખાણો ન આવતાં હોય, જો તેમાં મોટા ભાગના સમાચારો પ્રકાશિત ન થતા હોય તો. તો તે મ્યાનમાં કટાઇ ગયેલી તલવારથી વિશેષ કાંઇ નથી.

જ્ઞાતિનાં માસિકોમાં શિક્ષિત જ્ઞાતિજનોના સહયોગથી સારાં લખાણો, સમાચારો અને મંતવ્યો પ્રકાશિત થતાં હોય છે. આ પ્રકારના માસિકોમાં કોઈ ધંધાદારી લેખકોને રોકવામાં આવતા નથી કે સમાચારો અને માહિતી એકત્ર કરવા માટે વિભાગવાર પ્રતિનિધિઓ હોતા નથી. આ કામને પોતાનું જ કામ સમજીને સ્વેચ્છાએ બધું જ થતું હોય છે.

તમે આ માસિક માટે શું કરી શકો ?

તમે આ માસિકના વાર્ષિક ગ્રાહક કે આજીવન સભ્ય બનો અને તમારા સ્વજનોને પણ એમ કરવા સુચન કરો.

તમારા ઉદ્યોગ ધંધાની જાહેરખબર આપીને આર્થિક સહયોગ કરો.

તમારા વિભાગના જ્ઞાતિના સમાચારો ને નિયમિત મોકલતા રહો.

તમારા મૌલિક વિચારોને સુવ્યવસ્થિત રીતે લખીને મોકલી આપો.

તમારા મોટાભાગના લખાણો અને મંતવ્યોને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

તમે સંકલિત કરેલી માહિતીઓ માસિકને દળદાર બનાવવામાં મદદરૂપ થઇ શકે

આ બધું તમે અવશ્ય કરી શકશો.
કારણ કે – તમે શિક્ષિત છો.
– જ્ઞાત માટે તમોને સ્વાભિમાન છે
– અને

જાગૃતિ માસિક દ્વારા સમાજમાં વૈચારિક ક્રાંતિ લાવવા માટે તમો કટિબદ્ધ થયા છો

સંસ્કૃતિની રક્ષા

પટેલ જ[illegible]ભાઈ એસ.
કુપા[illegible] F.Y.B.Com

ગીતા લઈ હાથમાં યુવાન થા તૈયાર
તારી સહાયમાં ઉભા છે પાંડુરંગ દાદા

ભારતીય સંસ્કૃતિ જુગામાં જૂની સંસ્કૃત છે, એ સંસ્કૃત આપણને ઋષિમુનિઓ પાસેથી મળેલી અમૂલ્ય ભેટ છે. આ ભેટનો આપણે સ્વીકાર નહિ કરીએ તો બીજુ કોણ કરશે? નહી! આપણે જ તેનો સ્વીકાર કરીશું અને વીકસાવીશું પણ આપણે જ. આપણે એટલે યુવાનો. જો આજે દેશમાં યુવા શક્તિ ખીલશે તો તે ક્યારેય નહી કરમાય માટે આજે દેશને એવા યુવાનોના જરૂર છે જે યુવાન સંસ્કૃતિ માતાની રક્ષા કરવા માટે પોતાના જાનની પણ પરવા ન કરે. આપણે એ વાતનું ગૌરવ લેવું જોઇએ કે મોટાભાગના ઋષિમુનિઓ, સંતો અને અવતારી પુરૂષો ભારતની ભુમિ પર જ થઈ ગયા છે અને તેમના ગુણ ગાવાનું આપણે કેમ ચુકીએ.

ઋષિમુનિઓ પાસેથી મળેલી એ અણમોલ સંસ્કૃતિની રક્ષા કરનાર આજે કોઇ રહ્યું નથી અને તેથી જ આપણી એ સંસ્કૃતિ ભરયુવાનીમાં જ કથળી ગઇ છે. જેમ કોઈ યુવાન પોતાની ચડતી યુવાનીમાં જ કોઇ રોગનો ભોગ બને અને તેનું શરીર સાવ ક્ષીણ બની જાય, તેવા યુવાનનો જો આપણે ઇલાજ કરીએ તો તે ફરીથી તંદુરસ્ત બની શકે છે અને તે તેના જીવનમાં સુવાસ ફેલાવી શકે છે. પરંતુ જો કોઇ વૃદ્ધ રોગનો ભોગ બને અને તેનું શરીર સાવ સુકાઇ જાય ત્યાર પછી તેનો ગમે તેટલો ઇલાજ કરવામાં આવે, અરે! આપણા જીવનનો ત્યાગ કરી દઇએ તો પણ તેનુ શરીર તંદુરસ્ત બનતું નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણી સંસ્કૃતિ યુવાનીમાં જ કથળી પડી છે, અને તેની પાછળ આપણે દિલ લગાવને જો તેને ફરીથી સુવાસિત કરવા માંગીશું તો તે શક્ય છે. તે સુકાઇ ગયેલા સંસ્કૃતિના ઝાડને ફરીથી જો જળ સિંચન કરવામાં આવશે તો તે ખીલી ઉઠશે.

આજે આપણને પુજ્ય દાદાએ સ્વાધ્યાયની પ્રેરણા આપી છે અને લાખો યુવાનોને કથળી ગયેલી આ સંસ્કૃતિની રક્ષા કાજે હાકલ કરી છે આજે યુવાનો પોતાનું ગાંઠનું ખર્ચીને ઘેર ઘેર જઇને લોકોને ત્રિકાળ સંધ્યા વિશે સમજાવે છે. અરે! તેઓ રાત દિવસને એક ગણીને અવિરત પુજ્ય દાદાશ્રીના વિચારોને સામાન્ય જન સુધી પહોંચાડે છે આજે ધંધાદારી તેમજ નોકરીયાત યુવાનો પોતાના નોકરીધંધામાંથી થોડો સમય ભગવાન માટે કાઢીને ઘેર ઘેર જઇને લોકોને સ્વાધ્યાયની પ્રેરણા આપી રહ્યા છે.

(અનુ૦ પેજ ૨૦ પર)

સાચું સુખ

ડૉ. ચંદુલાલ એમ. પટેલ
ડી. એચ. એમ. એસ [તખતગઢ

સમાજનાં રંકથી કરીને તે રાજા સુધી સર્વે માત્ર સુખની અપેક્ષા રાખે છે. પરંતુ સુખ વિષેનો ખ્યાલ ઓછાને હોય છે. સુખ વિષેનો ખ્યાલ મનુષ્યે મનુષ્યે ભિન્ન ભિન્ન હોય છે. કોઈને ભોજનમાં સુખ દેખાય તો કોઈને ભજનમાં સુખ દેખાય તો કોઈને ત્યાગમાં, કોઈને સત્તામાં, કોઈને સેવામાં, કોઈને વિવાદ કરવામાં તો કોઈને સંવાદ સ્થાપવામાં એમ અનેક પ્રકારે પોતાના મનથી માની લીધેલા 'સુખનો' અનુભવ થાય છે સામાન્ય રીતે ઇન્દ્રિય સુખને સંસારના ઘણા મનુષ્યો સાચું સુખ કહેતા હોય છે. અને તેની પ્રાપ્તિ માટે વલખાં મારતા હોય છે. આવા મનુષ્યો ઇંદ્રિયને પરાધીન હોવાથી તેમાં સ્વાર્થ અને એકાકીપણું ભારોભાર ભરેલાં હોય છે. અને પોતાની ઇન્દ્રિયોને સંતોષવા નિર્લજ્જ, નીચ કર્મો કરતા હોય છે ઇન્દ્રિયોને પોષવી એમ માનીને પોતાની તમામ શક્તિનો ઉપયોગ અને વ્યવહાર તેની પાછળ કરતા હોય છે. પોતાના ઇન્દ્રિય સુખ સગવડની પ્રાપ્તિ માટે નિર્દોષ બીજાને ખૂબજ નુકશાન પહોચે છે. તેનો પણ વિચાર કરતા નથી. કારણકે તેની આંખે સ્વાર્થનાં પડ હોવાથી તે દેખી શકતો નથી

આપણા વિદ્વાન ઋષિમુનિઓ સુખની પ્રાપ્તિ માટે ઇન્દ્રિયો બાહ્ય સાધન છે, સાધ્ય નથી તેઓ સતત ટીકા કરતા કહે છે કે "સાચું સુખ ઇન્દ્રિયો ઉપરના સંયમનું છે." ઇન્દ્રિયોનુ સંચાલન આપણું મન કરતું હોય છે. પરંતુ ચંચળ મનને માંકડાની જેમ સતત કૂદાકૂદ કરતું નાથવું એ અતિ વિકટ કામ છે. વળી મનને કૃત્રિમ રીતે દબાવી રાખવાથી જીવનમાં અનેક વિકૃતિ પેદા થઇ મનુષ્યનું મૂલ્યવાન જીવન હતો ભ્રષ્ટ કરી નાખે છે. તેમ છતાં મનને સતત કૂદકા મારવા ન દેવા અને મનના તાબેદાર થશો નહીં, નહિંતર દુઃખ સિવાય કાંઈ મળશે નહિં પરંતુ સાચું સુખ મેળવવા તમારે મનના સ્વામી બનવું પડશે અને સ્વામીત્વના ગુણો કેળવવા પડશે. તો જ આપણે આપણા મનની વૃત્તિઓને યોગ્ય માર્ગે વાળી સાચું સુખ પ્રાપ્ત કરી શકીશું.

આપણા શાસ્ત્રકારો અને સમાજ ચિંતકોએ 'અલ્પ' શબ્દની સમજ આપીને ઇન્દ્રયાતીત સુખ સમજાવ્યું છે "અલ્પ" એટલે સંસારમાં ઇદ્રિયોના ભોગ દ્વારા સુખ અને શાશ્વત એટલે આત્માનું સુખ, તેઓ સ્પષ્ટ કહે છે. શાશ્વત સુખની પ્રાપ્ત એટલે

ઈન્દ્રિય સુખનો ત્યાગ. સંસારના મોટા ભાગના લોકો પોતાની ઇન્દ્રિયો દ્વારા અલ્પ સુખમાં પોતાનું શ્રેય માનતા હોય છે. પરંતુ તેને જ્યારે સમજ અને સાચા જ્ઞાનની પ્રાપ્તિ થાય કે ત્યારે આત્મના સુખની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. પરંતુ કમનસીબ બીના એ છે કે આત્માના શાશ્વત સુખની પ્રાપ્તિની એ ષણા રાખનાર મનુષ્યોની સંખ્યા બહુજ ઓછી છે. આજનો માજ જ્યાં જુઓ ત્યાં દુઃખી જ દેખાય છે. અનેક યાતનાઓથી ભરપુર છે. દરેક મનુષ્યને કોઇ પ્રકારે દુઃખ દેખાય છે. તેનું કરણ આપણે આંધળીદોટ અલ્પ સુખની પાછળ લગાવી છે. તે છે. અને ભૌતિક સુખની આંધળી દોટમાં આપણે આપણુ ધ્યેય ભૂલી ગયા છીએ સ્વાર્થ અને સંકુચિતતાના પડળો આપણી આંખે એવા બાઝ્યાં છે કે આપણે બીજાના સુખનો કે પરમાર્થનો વિચાર કરતા નથી પરિણામે સમાજ સંવાદી બનવાને બદલે વિસંવાદી બનતો જાય છે.

આજ માણસની સુખ સમૃદ્ધિમાં ખૂબજ વધારો તેમજ ભૌતિક સુખના સાધનોની સરળ ઉપલબ્ધિ અને ભૌતિક જીવન ઉચ્ચું આપવા છતાં તેનું જીવન દુઃખી બન્યું છે. ભૌતિક સુખની વચ્ચે પણ તે માર્યો માર્યો ફરે છે, તેના જીવનમાં શાંતિ નથી ચિતની શાંતિ તેમજ શાશ્વત સુખની પ્રાપ્ત માટે આપણે સર્વે જીવનમાં અલ્પ નો ત્યાગ કરવો પડશે. તોજ આપણે સાચુ સુખ પ્રાપ્ત કરવાના અધિકારી બનીશું

પટેલ દિલીપકુમાર કે.
નવાનગર, હિ.મતનગર સા. ..

ખંત * *

જીવનની સફળતાઓનો આધાર ખંત ઉપર છે જે કારીગરોએ પોતાનું કામ સંપૂર્ણ બનાવવુ હોય, તેણે પ્રથમ પોતાનાં ઓજારો ને ધાર કાઢી લેવી જોઇએ. —કોન્ફ્યુશીયસ

ખંત જ ખુશનસીબીનું જનક છે. ઇશ્વર બધી વસ્તુઓ ઉદ્યમોને જ સમર્પે છે આજે જે જેટલુ થાય તેટલું કરી લો, કારણ કે કાલે શી મુશીબતો આવીને ખડી થશે તે કોણ જાણી શકે ? આજનો એક દિવસ એ આવતી કાલ બરાબર છે આજે કરી શકાય તે કાલ ઉપર મુલતવી ન રાખો। —ફ્રેન્કલીન

જે ખંતથી મચ્યો રહે છે તે કદી હતાશ થતો નથી કારણ કે ખંત અને ઉદ્યમથી બધી વસ્તુઓ સિદ્ધ થઇ શકે છે. —મીનેન્ડર

જાણવા જેવુ

અજાણ્યુ ઘડિયાળ * *

સંકલન :—
અરવિંદ એમ. પટેલ [તખતગઢ]

દુનિયાની કેટલીક અજાયબીઓમાં જેની ગણના થઇ શકે એવી એક ઘડિયાળ 'કોપન હેગન" માં છે આ ઘડિયાળમાં જુદા જુદા દેશોના સમય દર્શાવેલા છે. જુદા જુદા તારાઓ અને ચંદ્રની કળાઓનો સમય પણ એમાં જોઈ શકાય છે. ઉપરાંત એમાં ૫૭૦૦૦૦૦ વરસનુ કેલેન્ડર પણ છે

વળી આવનારાં ૪૦૦૦ વર્ષ દરમ્યાન ક્યાં અને ક્યારે કેટલા વાગ્યાથી કેટલા વાગ્યા સુધી સૂર્યગ્રહણ અથવા તો ચંદ્રગ્રહણ થશે એની પણ વિગત જોઇ શકાય છે. આ ઘડિયાળ એટલી તો ચોકસાઇથી બનાવવામાં આવ્યું છે કે કદાચ હજાર વર્ષે માંડ એકાદ સેકન્ડનો તેમાં ફરક પડે.

આ ઘડિયાળમાં ૪૪૫ દાંતાવાળાં ચક્કરો છે. એમાં કુલ મળીને આશરે ૧૫૦૦૦ જેટલા ભાગો છે. એમાના એક ચક્કરની ગતિ એટલી બધી ધીમી છે કે જેને પોતાની ધરી આસપાસ એક આંટો પૂરો કરતાં ૬-૦૦૦ વરસ લાગે ખગોળશાસ્ત્રનાં સાધનો બનાવતા જેન અરલેન નામના એક નિષ્ણાતે આ ઘડિયાળ અને તેનો નકશો તૈયાર કર્યો હતો. ૧૯૪૫માં તેનું મરણ થતાં તેના સાથીદારોએ આ ઘડિયાળ ૧૯૫૫મા પુરું કર્યું હતું ૧૯૫૮માં તેની પૂરેપૂરી ચકાસણી કર્યા બાદ તેને ચાલુ કરવામાં આવ્યું હતુ. ★

રત્નકણિકા * *

સંપાદન :– પુષ્પા વિ. રૂડાણી
૨, વિશ્રામપાર્ક સો, વાસણુ, અમદાવાદ-૭

- માણસો શાકભાજી અને રસોઇ બનાવવાની ચીજોનો બહું કાળજીપૂર્વક વિચાર કરે છે, પણ તેને પ્રભુસ્મરણનો તો વિચાર જ આવતો નથી.
- એકલો પુરૂષ કે એકલી સ્ત્રી ધર્મમાર્ગમાં આગળ વધી શકતાં નથી. સ્ત્રી એ નાવડી છે. પુરૂષ એ નાવિક છે. એમાંથી એકે એકલા આ સાર સાગર પાર કરી શકે નહિ. એકને બીજાના સાથની જરૂર પડે છે.
- માણસ ભોજન કેટલું કર્યું તે કોઇને કહેતો નથી પણ ભજન કર્યું હોય તો તે બધાને કહેતો ફરે છે. પછી ભજનનું ફળ જ કયાંથી મળે!
- ભિખારી અને વરરાજા બંને સરખા છે. કોઇ રડતો રડતો ભીખ માગે છે. બીજો વાજતે ગાજતે પણ ભિખારી તો ખરો જ.
- ભગવાન કોઇના કપડાં જોતો નથી હૃદય જુએ છે.
- કાયમ માટે કસોટી તો કનકની જ થાય છે કથીરની નહિ પરીક્ષા તેજસ્વી વિદ્યાર્થીની જ થાય છે ઠોઠ નિશાળિયાની નહિ.
- હાથપગ હલાવનારો પુરૂષાર્થી સાગરનેય તરી જાય છે. નહિ હલાવનારો ખાબોચિયામાંય ડૂબે છે.
- સ્ત્રી માટે તો પતિ જ પરમેશ્વર છે.

ભગવાન ભકતોને મદદ કરતો હોય, તો મોટા ભાગના ભકતોનું જીવન દુઃખી શા માટે રહ્યું ?

સંપાદક : પ્રવિણ પી. પટેલ, રમોસકંપા

પ્રાર્થના કે ભક્તિ ને દુઃખમાંથી મુક્ત થવાનાં 'પરમીટ' કે પરવાના રૂપે ન વપરાય. સાચા ભકતોની કદી એવી પ્રાર્થના ન હોઇ શકે કે ભગવાન મને દુઃખ ન મોકલીશ. સુખ અને દુઃખ બન્નેમાં જે એક સમાન પ્રસન્ન રહી શકે તેજ પોતાને ભકત કહેવડાવી શકે ?

ભગવાન જેને ચાહતો હોય છે. તેના જીવનમાં કસોટીની વધુને વધુ ક્ષણો કદાચ જન્માવતો હશે ! કસોટીની આગમાં તપીને જે પોતાનું શુધ્ધત્વ સાબીત કરી શકે એજ કુંદન ! કસોટી કનક થાય કથીર નહી.

સંતો કે ભકતો મોટા ભાગે સરળ પ્રકૃત્તિના અને સાત્વિક મનો ભાવયુકત હોય છે, એટલે મોહમાયા કે સ્વાર્થમાં રચ્યા-પચ્યા રહેતા નથી. દુનિયામાં રહેવા છતા તેઓનું જીવન જળકમળ-વત્ હોય છે. પરિણામે આર્થિક તેમજ સામાજીક કર્તવ્યો પ્રત્યે ઉદાસીન રહે છે. 'પામવા' કરતાં અર્પવાની વૃત્તિ વધુ હોય છે. એટલે સ્વાર્થી જગત તેમની ભલમનસાઇનો ઉપયોગ સ્વાર્થ સિધ્ધિ માટે કરી લે છે. છેતરે તે સંસારી અને છેતરાય કે ભોળવાય તે ભકત ! સંતોનું ભોળપણ તેમના માટે પારાવાર તકલીફોનું યજમાન બનતું હોય છે ! પણ સંતોની પ્રભુ પરિક્ષા લે છે પરંતુ તેમને ત્યજતો નથી ! મદદ ઇશ્વરની, પણ ઝઝુમવાનું ભકતોએ હોય છે અંતરીક ખુમારીને લીધે દુઃખને દુઃખ ગણતા નથી પરંતુ દુઃખના વૈશાખી બપોરે સંતો ગુલ-મહોરની જેમ વધુ ખીલતા હોય છે.



સંતશ્રી ઓધવરામજી મહારાજ પુણ્યતિથિ મહોત્સવ અને આદ્ય સમાજ સુધારક નારાયણ રામજી લીંબાણી સંવત્સરી મહોત્સવ

ઉપરોક્ત મહોત્સવની કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરા દ્વારા પ્રજાસત્તાક દિને ધનસુરા મુકામે દશેક હજાર સનાતન ધર્મપ્રેમી જ્ઞાતિજનોની હાજરીમાં ઉજવાયો.

સદર પ્રસંગે વાલદાસજી મહારાજ (હરદ્વાર), શ્રી કરશનદાસજી મહારાજ (વાંઢાય) કૃષ્ણાનંદજી મહારાજ (વલાદ આશ્રમ, શ્રી અયોધ્યાદાશજી મહારાજ (સરવણીયા બાપુશ્રી સરસ્વતીદાસજી મહારાજ (બાણેજવાળા) તથા મુંબઇ અને કચ્છ સમાજના આગેવાન જ્ઞાતિજનો એ ઉપસ્થિત રહી પ્રસંગને શોભાયમાન બનાવ્યો

તા ૨૫-૧-૮૩ની પૂર્વસંધ્યાથી જ જુદા જુદા વિસ્તારમાંથી ઉમટી આવેલા માનવ સમાજમાં ભજન કીર્તન અને સત્સંગમાં હર્ષભેર ભાગ લીધો

પ્રજાસત્તાક દિને વહેલી સવારથી જ ભરચક કાર્યક્રમોનું સુંદર આયોજન હતું.



સંતશ્રી ઓધવરામજી મહારાજ

કન્યા છાત્રાલયની કુમારિકાઓ દ્વારા પધારેલા સંતોનું સામૈયું થયું સુંદર પોષાકોમાં સજ્જ બહેનોના મસ્તક ઉપરનો શ્રીફળ સાથેનો કળશ પ્રસંગને સુંદર બનાવી રહ્યો. જ્યારે સંત વિભૂતિઓ અને ઉમટેલુ માનવ સમુદાયનું ક્રીડિયરુ પ્રસંગની ભવ્યતા બની રહ્યું.

મંચ ઉપર બીરાજમાન વીરલ પ્રતિભાઓ સામેના વિશાળ સભા મંડપમાં શિસ્તબધ્ધ ગોઠવાયેલા સનાતન ધર્મપ્રેમી જ્ઞાતિજનોએ સંતશ્રી ઓધવરામજી મહારાજ અને સમાજ સુધારક નારાયણ રામજી લીંબાણી પ્રત્યે હાર્દિક કૃતજ્ઞતા વ્યકત કરી સમાજના આગેવાન વડીલો દ્વારા પધારેલા મહેમાનો ફુલહારથી હાર્દિક સ્વાગત કરાયું.

પધારેલા સંત મહાત્માઓએ પોતાના આશીર્વચનોનું ઉદબોધન કર્યુ વાલદાસજી મહારાજે પોતાના આશીર્વચનમાં કહ્યું કે

મનુષ્યના મનને ચલિત કરનાર કામ અને મોહ ઉપર કાબુ મેળવવાનો નૈતિક પ્રયત્ન થયો જોઇએ સંતોની નિર્વાણતિથિ ઉજવવી એટલે કે તેમણે આપેલા આદેશોનું આચરણ કરવું પ્રભુ-સ્મરણ કરવુ આવા પવિત્ર દિવસે આપણને મળેલ મનુષ્ય દેહને સાર્થક કરવા સત્સંગ જોઇએ. સત્સંગ વિના વિવેક આવતો નથી. આ માનદેહતો દેવોને પણ દુર્લભ છે. વિવેકશકિતનો સદઉપયોગ કરી સંતશ્રી ગુરૂદેવના જીવનમાંથી પ્રેરણા મેળવી જીવનને સાર્થક કરવાની પ્રેરણા મેળવવી જોઇએ

શ્રી કરશનદાસજી મહારાજે ગુરુ શ્રી ઓધવરામ મહારાજના જીવનના કેટલાક પ્રેરણાદાયી પ્રસંગો દ્વારા મહારાજશ્રીને અંજલિ અર્પી.

શ્રી કૃષ્ણાનંદજી મહારાજે કહ્યું કે.

આજનું આ પર્વ ધનસુરા મુકામે ઉજવાઇ રહ્યું છે. ધનસુરાની ભૂમિ ધન્ય છે. ગૃહસ્થનો નિર્વાણદિન એ શોકનો દિવસ છે જ્યારે સંતનો નિર્વાણ દિન એ આનંદનો ઉત્સવ છે. આ બાબતનો ભેદ સુંદર રીતે દષ્ટાંતથી સમજાવી. મનુષ્ય જીવનમાંથી કંઇ જ મેળવ્યા વિના જેવી રીતે પૃથ્વી ઉપર અવતરે છે તેવી જ રીતે "પાછો ફરે" છે. તેથી તે શોકજનક છે જ્યારે સંતપુરુષો પોતાનામાં રહેલી મહેક ચારે તરફ પ્રસરાવે છે, સત્કાર્યો કરે છે સાધના અને ઉપાસનાથી નૈતિક અને ધાર્મિક ઉન્નતિ કરીને સ્વર્ગ સીધાવે છે તેથી તે કંઇક મેળવીને જાય છે. પાછો ફરતો નથી. એટલે આનંદનો ઉત્સવ છે.

સ્વરૂપનું વિલીનીકરણ જ્યોત અને પાણીના ટીપાના દષ્ટાંત દ્વારા સંપુર્ણ તાર્કિક ઉદ્‌બોધન કરીને સંતશ્રી ઓધવરામ મહારાજ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરનાર જ્ઞાતિજનોની પ્રશંસા કરી મહારાજશ્રી પ્રત્યે વ્યકત કરી

ત્યારબાદ સરસ્વતીદાસજી મહારાજે પોતાના આશીર્વચન કહ્યાં.

સંતોની વણીનું અમૃતપાન કર્યા બાદ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું મહારાજશ્રીનું તથા નારાયણ રામજી લીંબાણીના તૈલચિત્ર સાથે સંત મહાત્માઓ સાથે નીકળેલી વિરાટ માનવ મેદનીથી નીકળેલી આ શોભાયાત્રા ધનસુરા ગામ માટે અભૂતપૂર્વ સાબિત થઇ.

શોભા યાત્રા બાદ ભોજનનું સુંદર આયોજન હતું, દશ હજારની માનવ મેદનીને ફકત બે જ કલાકમાં જમાડી દેવામાં આવી. આયોજકોની સુઝ દાદ માગી લે તેવી હતી.

બપોર બાર સંતોની વાણીનો લાભ લેવા માટે ફરીથી સભા મંડપ ભરાઇ ગયો.

સંતોની વાણી પુરી થયા બાદ સામાજિક કાર્યકરોનાં સમાજની એકતા અને સંગઠન ઉપર ભાર મુકતાં વક્તવ્યો રજુ થયાં જેમાં શ્રી દેવશી મેઘજી વેલાણી (પ્રમુખ, ક. ક. પા. સનાતન સમાજ ધનસુરા) મણીલાલ પુંજાભાઈ પટેલ (મુંબઇ–ઘાટકોપર) પ્રેમજીભાઇ સવગણ ભાઈ પટેલ (મુંબઇ–મુલુંદ) વિશ્રામ–ભાઈ હંસરાજભાઇ પટેલ (મુંબઇ–ઘાટકોપર) પ્રિ. રતિભાઇ પટેલ (પ્રમુખ ક. ક. પા. સનાતન સમાજ યુવક મંડળ ધનસુરા) (પ્રિ. તલેદ સાયંસ કોલેજ) શ્રી અરજણભાઇ વિશ્રામભાઇ પટેલ (મંત્રી શ્રી યુવક મંડળ) ડૉ. હરિભાઇ પ્રે. પટેલ (વાત્રક હોસ્પીટલ) ડૉ. ભીમજીભાઇ બી પટેલ (વાત્રક હોસ્પીટલ) શ્રી નારણ-ભાઈ શીવજીભાઇ ધનસુરાનાં વક્તવ્યો મુખ્ય હતાં.

સંધ્યાપાઠ બાદ પ્રસંગની પુર્ણાહુતિ થઇ.

જીવન જીવવાની કળા

પટેલ જયશ્રી
સતનગર

જીવન શબ્દમાંજ જીવનનો સાચો અર્થ સમાયેલો છે. જી એટલે જીવવું, વ એટલે વધવુ, ન એટલે નમ્ર રહેવું સૌથી પહેલાં માણસે જીવન જીવવું જોઇએ આજે માણસ જીવતો નથી પણ દેહ અને આત્માને ભેગા રાખી દિવસો પસાર કરે છે. જન્મ અને મરણ એતો સૃષ્ટિનો સનાતન ક્રમ છે. એ બે અંતિમ બિંદુઓની વચ્ચે રહેલા અસ્તિત્વને શણગારવું એનું નામ જ જીવન તેજ રીતે વ એટલે વધવું માણસે જીવનમાં વધવું જોઇએ કેવળ શરીરને વધારવુ એ પશુત્વની નિશાની છે. તેથી માણસે જ્ઞાન ભાવ પ્રેમ, અનુભવ વિગેરે બાબતોમાં માણસે જીવનમાં આગળ વધવું જોઈએ જીવનમાં માણસ વધે મહાન બને. છતાં એણે જીવનમાં નમ્રતા ન ગુમાવવી જોઇએ વૃક્ષની ડાળ ઓ ફળફુલથી લચી પડે છે. ત્યારે તે ઝૂકીને નમ્ર બને તેથી જ કહ્યું છે કે નમે તે સૌને ગમે

મારે સુંદર બનવું છે એ પ્રત્યેક માનવનુ જીવન ધ્યેય હોવું જોઇએ. આજે માણસ ઘણું બધું બને છે. પણ તે પોતાના જીવનની સુંદરતા ખોઇ બેસે છે. સો સો માળના મકાન બાંધનાર નિપુણ ઇજનેર પોતાની આસપાસના લોકો જોડે ભાવ સંબંધો બાંધી શકતા નથી જેમ જેમ માનવીના જીવનમાં ભૌતિક સુખો વધતાં જાયછે તેમ તેમ માનવ માનવ મટીને દાનવ બનતો જાય છે માનવ માનવ રહે તેજ સરું જીવન જીવે એમાં જ એના જીવનની સુંદરતા રહેલી છે.

આદિકાળમાં ઋષિઓએ આપેલી આપણી સંસ્કૃતિને માનવ માનવ મટીને દાનવ બનીને વીસરી ગયો હતો પરંતુ "પૂજ્ય દદાર્ના" પ્રેરણાથી ધીરે ધીરે વિસરાયેલી સંસ્કૃતિ આપણે પછી મેળવી રહ્યાં છીએ. આનંદી જીવવાર જીવન માટે માનવ પાસે એક વિશિષ્ટ પ્રકારની જીવન દ્રષ્ટ હોવી જોઈએ અને તે જીવન દૃષ્ટિ એટલે જ "સ્વાધ્યાય" તેથી જ ઋષિઓએ કહયુ છે જેને સારી રીતે જીવન તે જીવતાં આવડે છે માણસ ભગવાનને કહેછે કે, જીવનમાં સુખ રહત આપવા માટે આવે છે, જયારે દુઃખ જીવનને ઘડવા માટે આવે છે માટે જ કહયું છે કે, માનવીએ ભૌતિક સુખો જોઈને છકી ન જવું જોઈએ અને દુ ખમાં હિંમત ન હારવી જોઈએ સુખ અને દુઃખ એતો જીવનની તડકી છાંયડી છે સુખ અને દુઃખએ તો પ્રભુએ મોકલેલ પસ દરૂપ છે દુઃખને પણ સુખ સમજી પ્રેમથી સ્વીકાર કરવો જોઈએ. પ્રભુજો અ પેલ જીવન તેના જ ચરણોમાં સમર્પા તેની ઇચ્છા મુજબ જીવન જીવવાની તૈયારી રાખનાર મનુષ્યને કેણ દુઃખી કરી શકે?

"પ્રભુને માટે પ્રયત્ન"

રાજેશ આર. પટેલ
ટીંબાકંપા

એક કંજુસ હતો. એણે એની પત્નિને કહ્યું કે હું બીજે ગામ જાઉં છું નેતે નીકળી ગયો. એ માઇલ ચાલ્યા પછી એના મગજમાં આવ્યું કે મારા ઘેરથી હું જયારે નીકળ્યો ત્યારે ફાનસ બળતું હતું ને પેલી તો એવી ગાંડી છે કે ફાનસ બુઝાવશે નહીં ને ગ્યાસતેલ કેટલુ બધું બળશે? બુજાવવાને જ નીકળ્યો હોત તો ઘણું સારૂં થાત, પણ એ તો ભૂલી જવાયુ હવે શું કરવું! એ ભાઈ સાહેબ બે માઈલ ચાલીને ફાનસ બુઝાવવ પાછા આવ્યા ને બારણાં ખખડાવ્યાં પત્નીએ પૂછ્યું, "કોણ?" એટલે કહ્યું "હું" પત્નીએ પૂછ્યું "તમે તો ગયા હતાને?" એણે કહ્યું હા, પણ બે માઇલથી પાછો આવ્યો છું પત્નીએ કહ્યું વારુ તો ઉભા રહો. બારણાં ખોલુ છુ ત્યારે એણે કહ્યું બારણુ ખોલવાની જરૂર નથી પણ પેલુ ફાનસ બળે છે તે બુઝાવી નાખ એટલું જ કહેવા આવ્યો છું." આખી રાત બળતું રહી જશે તો ગ્યાસતેલ કેટલું બળશે?" ત્યારે પત્નીએ કપાળે હાથ દઈને કહયું અરે પણ આટલું કહેવા તમે બે માઇલ ગયેલા પાછા આવ્યાને પાછા બે માઇલ જશો. તેમાં તમારી ચંપલ પણ ઘસાસે કે નહીં? ત્યારે પેલાએ કહ્યું આજ

 સુધી મારી સાથે રહાને તે ફાગટ દાડા ખાયા "હું ચંપલ હાથમાં જ લઇને આવ્યા છું."

આપણે આધ્યાત્મિક બાબતમાં આવા જ કંજુસ છીએ આપણી શક્તિ સહેજ પણ ન વપરાય અને આપણને એમને એમ કોઈ ભગવાનનાં દર્શન કરાવી આપે, એવું આપણને જોઇએ છે. આપણે આટલા કંજુસ છીએ કે સુપ્ત શક્તિ વાપરતા નથી પણ પ્રભુ માટે તો શક્તિ વાપરવી જ જોઇએ.

—જય યોગેશ્વર



મનુષ્ય જાતિના વિકાસનો આધાર નારી શક્તિ

અર્ચના વી. પટેલ

નારી સિવાય મનુષ્યને બનાવનારું બીજું કોણ છે ? મનુષ્યનું નિર્માણ કરનારી નારીએ પોતાની રચના શક્તિનું મહત્વ સમજવું જોઇએ.

જે રથનું એક પૈડું નનું અને બીજુ મોટુ હોય તે રથ કેવી રીતે ચાલે ! જે હળમાં એક બળદ નાનો અને બીજો મોટો બળદ જોડયો હોય તેનાથી સંતોષજનક કામ નથી થતું.

જો મનુષ્ય જાતિ પોતાનો વિકાસ ઇચ્છે છે તો એણે નારીને શારીરિક, બૌધ્ધિક, સામાજિક, આર્થિક ક્ષેત્રામાં પ્રતિભાવાન સુવિકસિત બનાવવી જોઇએ.

સજ્જન પુરુષે હમેશા નર્મદા નદી જેવી નિર્મળ નારીની પૂજા કરવી જોઇએ કારણકે આ સંસારમાં નારીને જ લક્ષ્મી માનવામાં આવી છે.

સ્ત્રી લક્ષ્મીનો અવતાર છે. જ્યાં નારી સુલક્ષણા છે, બુધ્ધિમતી છે, સહયોગિની છે ત્યાં ગરીબી હોવા છતાં પણ અમીરીનો આનંદ વરસે છે. ધનદોલત નિર્જીવ લક્ષ્મા છે પરંતુ નારી લક્ષ્મીજીની સજીવ પ્રતિમા છે, એનો યોગ્ય આદર સત્કાર થવો જોઇએ.

શિક્ષણ પલ્ટો * *

મંજુલાબેન કાન્તિલાલ પટેલ
તખતગઢ

જગતમાં બેલેન્સ ઓફ પાવર ન હોય તો એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રનો ભાવ ન પૂછત માનવ બધે અવળો ચાલે પણ "ચૌદમું રતન" દેખાય ત્યાં સીધો દોર થઈ જવાનો.

'સોટી વાગે સમસમ વિદ્યા આવે ધમધમ' એમ જે કહેવાય છે. એમાં રાય અતિશયોકિત નથી. આતો બધી પહેલાના જમાનાની વાત થઇ. એ વખતે સોટીના પ્રતાપથી જ બાળકો ભણતાં હતાં. આજે સોટી કયાંય ફેંકાઇ ગઇ છે. અત્યારે પહેલાંના જેવુ ભણતર પણ કયાં રહ્યું છે? પહેલાના મેટ્રીકના વિદ્યાર્થી પાસે આજનો ગ્રેજયુએટ પણ વામણો લાગે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે મૃત્યુનો ભય માનવીને ડાહ્યોં ડમરો બનાવી દે છે. મૃત્યુને સામે જોતાં જ મોટા મોટા ચમરબંધીનાં પણ પાણી ઉતરી જાય છે.

યુવાનીના મદમાં છકીને ધરતીથી એક વેંત અદ્ધર [illegible] હોય પણ જ્યાં ક્રુર કાળનો તીખો [illegible]ચો પડે છે. ત્યાં એને ધોળે દિવસે તારા દેખાઈ જાય છે કોઇ એમ કહે કે અમે લાખો-પતિ અને કરોડોપતિ છીએ પણ જયારે એ મૃત્યુચોકે પડશે ત્યારે એમાંનુ કાંઇ એના કામમાં આવવાનુ નથી.

મર્દાઇનો-ગૃહસ્થાઇનો ફાંકો બધો ઉતરી જશે.

બાંધી મુરકેટસટ તુજને ઠાઠડીમાં લઇ જશે

ઠાઠડીમાં કેવીરીતે પેક કરે છે તે જાણો છો? જાણે ગુડઝ ટ્રેનનું પારસલ પેંક કર્યું રસ્તામાં જરાય ડેમેજ ન થાય એવી કાળજીથી પેંક કરે છે. એનાય સ્પેશ્યાલિસ્ટ હોય છે, ગમે તેવાનું એમાં કામ નહિ.

પરણ અને મરણ નિશાની સાથ શ્રીફળ બાંધશે.

એળે ગુમાવ્યું જીવતર, કંઇ પાણીયું પકડાવશે.

પરણતી વખતે શ્રીફળ હાથમાં આપવામાં આવે છે એનું એ શ્રીફળ મરણ થય છે ત્યારે ઠાઠડી સાથે બાંધવામાં આવે છે. કહો, ઠાઠડીની સાથે શ્રીફળ કેમ બાંધવામાં આવે છે. અને સકરટેટી કેમ નહિ? સકરટેટી કરતાંતો તરબૂચ મોટું નહિ ને! શ્રીફળ જ કેમ? એમ. એ. કે બી. એ.ના પ્રશ્ન પત્રમાં આ પ્રશ્ન પૂછાયતો ભલભલા નાપાસ થાય ને!

જ્ઞાનનો પ્રકાશ

શારદાબેન કે. પટેલ
સતનગર

શ્રવણ મનન અને નિદિધ્યાસનનો ત્રીવેણીસંગમ માનવને મહાન બનાવી તેનામાં સમગ્ર વિશ્વને પાવન કરવાની ક્ષમતા નિર્માણ કરેછે. સાંભળવું કે વાંચવું તેના પર વિચાર કરવો તેમજ તે મુજબ આચરણ કરવું એ જીવન વિકાસનાં સહજ સોપાન છે વિચાર ઉચ્ચાર અને આચારની એકરૂપતા માનવને મહાન બનાવે છે.

ભગવાન કૃષ્ણે સમગ્ર વેદોપનિષદનો નીચોડ ગીતાના માધ્યમથી વિશ્વ સમક્ષ ધરી દીધો છે. ગીતા એ માનવને નિર્ભય બનાવનારો, સંસ્કારોનું સર્જન કરનારો તેમજ જીવન કલા શીખવનારો ગ્રંથ છે.

ભારતીય સંસ્કૃતી એટલે સીતા અને ગીતાની સંસ્કૃતિ. બંને વચ્ચેનુ સૌમ્ય પણ વિસ્મય પમાડે તેવું છે. સીતા જો શબ્દરૂપ ધારણ કરેતો ગીતા બની જાય અને ગીતા જો માનવ દેહ ધરે તો સીતારૂપે પ્રગટે.

એકે રામનું હૃદય જીત્યું છે તો બીજી કનૈયાનું મનોગત પ્રગટ કરેછે. એક કૃષિ કરતાં કરતાં જનકને સાંપડી તો બીજી ઋષિ પાસેથી કૃષ્ણને મળી. સીતા જો ભૂમિકન્યા છે તો ગીતા એ રણકન્યા છે. એકને વાલ્મીકિનો ભાવ મળ્યો છે તો બીજીને વ્યાસનો પ્રસાદ પ્રાપ્ત થયો, એકમાં રામાયણનુ ગૌરવ છે. તો બીજીમાં મહાભારતનું મંથન પ્રગટ થયું છે એક શાક્તિનું પ્રતીક છેતો બીજી જ્ઞાનનું.

સીતાની શક્તિ અને ગીતાના જ્ઞાનનો સમન્વય સાધીને જીવનવિકાસ કરવાની ઈચ્છા રાખનાર માણસે પોતે જે દુનિયામાં રહેછે. તેનો વિચાર પણ કરવો જોઇએ. તેથી જ તો જીવ જગત અને જગદીશ એ ત્રણ, કોઇપણ તત્વ-જ્ઞાનના વિચાર કેન્દ્રો છે.

જગતને કોઇ શાશ્વત ગણે છે તો કોઇ ક્ષણિક માનેછે કોઇ દિવાળી ગણીને દુનિયાનું સ્વાગત કરેછે તો કોઇ હોળી કહીને તેનો તિરસ્કાર કરે છે, પરંતુ પ્રમાદમાં પડી રહેવાથી કાંઈ ઓછી જ આ દુનિયા સમજાવાની છે. એને સમજવા માટે તો સત્યતા પ્રગટ કરવી પડે.

સત્ય સુવર્ણપાત્રથી ઢંકાયેલુ છે. મન-મંદિરમાં દીપ પ્રગટાવનારને તે સાંપડે છે. સમુદ્રમંથનથી જેમ અમૃત પ્રાપ્ત થયું તેમ મનોમંથનથી વિચાર પ્રાપ્ત થાય તો જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાતાં બિંદુમાં સિંધુ, ક્ષણમાં શાશ્વતતા, પિંડમાં બ્રહ્માંડ તેમજ જીવમાં શિવનાં દર્શન થાય છે. જો માનવ પ્રમાદ છોડીને, મનોમંથનથી સદ્‌વિચાર પ્રાપ્ત કરીને સત્યતાને વરે તો જરૂર દુનિયાને સાચા અર્થમાં સમજી શકે

સંસારની સરિતા

કંચનબેન ટી. પ
વિષ્ણુપુરા

સંસાર સુંદર છે કારણ કે સંસારનો સર્જનહાર સુંદર છે ચિત્રકાર પોતે અલગ રહીને ચિત્ર બનાવે છે અને એ ચિત્ર સુંદર હોઇ શકે પણ ચિત્રકાર સુંદર ન હોવાની પુરેપુરી સંભાવના છે. પરંતુ પ્રભુની કળામાં એવુ નથી કારણ કે સૃષ્ટનો સર્જનહાર ઈશ્વર સૃષ્ટીથી દુર નથી રહ્યો.

પરંતુ આ સૃષ્ટીની એક-એક વસ્તુમાં પણ પોતે જ પોતાની કળાથી વિલસી રહ્યો છે. પરંતુ ચિત્રકારની બાબતમાં આવું નથી કારણ કે ચિત્રકાર પોતે અલગ રહીને ચીત્ર બનાવે છે. માનવના જીવનમાં નિરસતા ન આવે તેને જીવનનો કંટાળો ન આવે તેમજ તેનું જીવન આનંદરસથી છલકતું રહે એટલા માટે જ પ્રભુએ શબ્દ સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ એવા વિષયોના રમકડાં માનવીને પ્રભુએ રમવા માટે આપ્યાં છે.

તેથી જ સંસારને સાગર સાથે સરખાવ્યો છે. જેવી રીતે સાગરમાં ભરતી-ઓટ આવે છે. તેવી રીતે સંસારમાં પણ સુખને દુ:ખની ચડતી-પડતી થયા કરે છે જેવી રીતે નદી નમ્ર બની હસતી-કુદતી હિંમત હાર્યા વગર ડુંગર અને ખીણોમાં પથ્થર પર પછડાતી છતાંય નમ્ર બની કિલકિલાટ કરતી હસતેમુખે સાગરને મળે છે. તેવી જ રીતે માનવી પણ સંસારને સાગર સમજી પોતે નમ્ર બનીને સંસાર સાગરમાં ભળી જવું જોઇએ જેથી સંસારમાં નિરસતા ન આવે. જીવનમાં આવતી પ્રત્યેક અવસ્થાને સારામાં સારી રીતે જીવી બતાવવી એજ જીવનની આગવી કળા છે. જો સંસાર જીવન જીવવાનો સાચો આનંદ માણવો હોય તો એક કળા છે. અને તે કળા એટલે જ "સ્વાધ્યાય" સ્વાધ્યાય એટલે પોતાની જાતનુ અધ્યયન સ્વાધ્યાયથી આપણે આપણા જીવનને આનંદરસથી છલકતુ બનાવી શકીએ છીએ.

સમય સમાજનું ભવજીવન ખીલવીને માનવને માનવની પાસે કેમ લાવવો ? એ આજના યુગની મોટામાં મોટી સમસ્યા છે. આધુનિકયુગમાં વિજ્ઞાનનો ખૂબ વિકાસ થયો છે વિકસતા વિજ્ઞાને વિશ્વનુ અંતર ઘટાડી દીધું છે પણ માનવી-માનવી વચ્ચેનુ અંતર વધારી દીધુ છે. માનવ માન વચ્ચે રહેલા આ ભેદને દૂર હટાવવા જીવનમાં અને જગતમાં રહેલા ખોટા ભેદને મીટાવી દેવા જોઇએ સંતોનોસંગ કુટુંબમાં સંસારમાં સચ્ચાઇની લક્ષ્મી અને પવિત્ર દષ્ટિએ કુટુંબમાં સંસ્કારની સુગંધ ફેલાવે છે. જગતમાં ઐકય લાવવુ એ આપણુ લક્ષ્ય છે. પરંતુ તેની શરૂઆત ઘરથી થવી જોઇએ કુટુંબ એ સમાજનુ નાનકડુ ઘટક છે ઘરમા જો પ્રભુની પ્રાણપ્રતિષ્ઠા થાય તો ઘરનુ જ રૂપાંતર મંદિરમાં થઇ જાય મંદિરમાં મળતા રહેલા ઉત્સાહ, આનંદ, સમાધાન અને આશ્વાસન ઘરમાં જ મળવા લાગે. નિષ્પાપ બાળકો, પ્રેમાળ પત્ની અને સમજદાર પતિ એજ સંસારનું સાચો વૈભવ છે.

સમાચાર દર્શન

□

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હી

દેશબંધુ ગુપ્તા રોડ, પહાડગંજ, નવી દિલ્હી—૧૧૦૦૫૫

તા ૫-૧૨-૮૨ ના રોજ સમાજ ની એક સામાન્ય સભા મળી હતી તેમાં ગત વરસનું સરવૈયું પસાર કરેલ અને ત્યાર બાદ કાર્ય વાહક સમિતિએ પોતાનુ રાજીનામુ આપતાં નવા વરસના હોદ્દેદારની ચુંટણી યોજાઇ હતી ચૂંટણી સભાનું પ્રમુખસ્થાન શ્રી કરસનભાઇ કાનજી એ સંભળ્યું હતું ત્યાર બાદ સર્વા નું મતે નીચે મુજબ સમીતીની રચના કરવામાં આવી હતી.

પ્રમુંખ—શ્રીનાનજીભાઇ હીરાલાલ પટેલ
ઉપ પ્રમુખ—શ્રીવેલજીભાઇ દેવસીભાઇ ,,
મંત્રી—શ્રીગંગારામ હીરાલાલ ,,
સહ મત્રી—શ્રીરતનસીભાઇ હંસરાજ ,,
,, —શ્રીચીમનલાલ હીરાલાલ ,,
ખજાનચી —શ્રીભીમજીભાઇ નાનજીભાઇ ,,

— કાર્યવાહક સભ્યો —

શ્રી કરસનભાઇ કાનજીભાઇ પટેલ
શ્રી વિસરામભાઈ હંસરાજ પટેલ
શ્રી શ્રી સોમજીભાઇ મુળજી પટેલ
શ્રી મુળજીભાઇ જીવરાજ પટેલ
શ્રી હરદાસભાઇ રામજી પટેલ
શ્રી કરસનભાઇ વિસરામ પટેલ
શ્રી લક્ષ્મણભાઇ નાનજી પટેલ
શ્રી રવજીભાઇ ખીમજી પટેલ

શ્રી પટેલ નવચેતન મંડળ, નવીદિલ્હી

શ્રી પટેલ નવચેતન મંડળ, નવીદિલ્હીની વાર્ષિક મિટિંગ શુભ સ્થળ ભગવાન સો મિલ પટેલ એન્ડ કંપની મધ્યે તા. ૭–૧૧–૧૯૮૨ને રવિવારના રોજ ૮–૦૦ કલાકે સવારમાં મંડળના પ્રમુખશ્રી રતિલાલ વિશ્રામના આયોજનથી આ સભાનું સંચાલન મંડળના મંત્રીશ્રી વાલજીભાઈ દેવસીભાઇ એ કરેલું મંડળની આ મિટિંગની અંદર સર્વસહ–મતીથી નવી કાર્યવાહક સમિતિની ચુંટણી કરવામાં આવી છે. નવી કાર્યવાહક સમિતિ નીચે મુજબ છે.

૧	પ્રમુખ	— બાબુલાલ સામજીભાઇ
૨	ઉપપ્રમુખ	— ભગવાનદાસ હરિલાલ
૩	મંત્રી	— વાલજીભાઇ દેવસીભાઈ
૪	સહમંત્રી	— જયન્તીલાલ કાનજીભાઇ
૫	ખજાનચી	— બાબુલાલ સામજીભાઇ
૬	સાંસ્કૃતિક મંત્રી	— નરસિંહ સામજીભાઇ
૭	સહ સાંસ્કૃતિ મંત્રી	— હરિલાલ લધારામ
૮	સલાહકારમંત્રી	— રવિલાલ વિશ્રામભાઇ
૯	સહ. સલાહકાર	— ઇન્દુકુમાર જેઠાભાઈ

૧૦ સભ્ય — કાન્તીલાલ ધનજીભાઈ		૧૬ સભ્ય — જયન્તીલાલ લખમશીભાઇ
૧૧ ,, — રતિલાલ ભીમજીભાઇ		૧૭ ,, — કાન્તીલાલ કરમશીભાઇ
૧૨ ,, — જીતેન્દ્રકુમાર જેઠાભાઈ		૧૮ ,, — જયન્તીલાલ અબજીભાઇ
૧૩ ,, — લીલાધર હરિલાલ		૧૯ ,, — ધરમશીભાઇ દેવજીભાઇ
૧૪ ,, — અમૃતભાઇ વિશ્રામભાઇ		૨૦ ,, — જગદીશ દેવસીભાઇ
૧૫ ,, — નરસિંહ કરમશીભાઇ		૨૧ ,, — જાદવજી દામોદરભાઇ

નવી કાર્યવાહક સમિતિએ પદગ્રહણ કરી શપથ લંઘેલા કે આપણી સમાજમાં થતા વાર્ષિક કાર્યક્રમોને વધુમાં વધુ રંગીન બનાવશું અને આપણે તન-મન અને ધનથી દિલ્હી સમાજની સેવા કરશું ત્યારબાદ પ્રમુખશ્રીની સુચનાથી સભાનુ વિસર્જન કરવામાં આવ્યું.

—જયહિંદ

મંત્રી :—
વાલજીભાઇ દેવસીભાઇ માંકાણી
B. Com. II (nd) year.

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) દ્વારા પ્રકાશિત "વસ્તી ગણત્રીપત્રક"નો પ્રકાશનવિધી

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) દ્વારા તા. ૧૭–૯–૮૨ ના રોજ બૃહદ મુંબઈ, થાણા, કલ્યાણ. ભીંવડી તથા વિરાર સુધીના પરાંમાં વસતા આપણા કચ્છી કડવા પાટીદાર ભાઈઓનું વસ્તી ગણત્રી પત્રકના પ્રકાશનવિધીનો કાર્યક્રમ એશીયાના સૌથી મોટા ષણ્મુખાનંદ હોલમાં યોજવામાં આવ્યો હતો. ઉપરોકત મંડળ દ્વારા વસ્તી ગણત્રી ઓગષ્ટ ૧૯૮૧ ના કરવામાં આવી હતી. ઘણી મુશ્કેલી અને અડચણોનો સામનો કરીને એક વર્ષ બાદ સંપૂર્ણ "વસ્તીગણત્રી પત્રક' તૈયાર કરી તેમનુ પ્રકાશન મંડળના ભુતપુર્વ પ્રમુખ શ્રી ડૅ. શામજીભાઈ ચોપડાના માતુશ્રી રમાબેન લાલજીભાઇ ચોપડાના હસ્તે કરવામાં આવ્યું

આ સમારંભનું પ્રમુખસ્થાન સમાજના અગ્રગણ્ય કાર્યકર શ્રીમાન મેઘજીભાઇ રતનશીભાઇ પટેલે દિપાવ્યું હતુ. ભીવંડીના અગ્રગણ્ય કાર્યકર શ્રી નારણભાઇ કાનજીભાઇ પટેલ અને ઉલ્લાસનગરના અગ્રગણ્ય કાર્યકર શ્રી ગોપાલભાઇ ભાણજીભાઇ ભગત અતિથીવિશેષ હાજર રહીને સમારંભની શોભા વધારી હતી. મંડળના અગ્રગણ્ય કાર્યકર શ્રી તુલશીભાઇ પરબતભાઇ પટેલ અને અન્ય યુવક મંડળના કાર્યકર ભાઈઓએ આ પ્રસંગમાં હાજર રહી તેને સફળ બનાવ્યો હતો.

વસ્તી ગણત્રી પત્રકમાં રોજબરોજની માહિતીઓ જેવી કે અપરિણીત કન્યાઓ તેમજ કુમારોની યાદી હોસ્પીટલો, દવાખાના કોલેજો વગેરેની સંપુર્ણ માહિતી અને સૌને ઉપયોગી સમગ્ર મુંબઇના પાટીદારોની ટેલીફોન ડીરેકટરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) ના પ્રમુખ શ્રી નટવરલાલ કરમશીભાઇ રામાણીએ સભાને મંડળનો ટૂંકો અહેવાલ આપતા જણાવ્યું કે મંડળની સ્થાપના ૧૯૬૭ના ઓગસ્ટમાં ખૂબજ ઉત્સાહ પૂર્વક કરવામાં આવી હતી અને તેજ વર્ષથી શિક્ષણોપયોગી "બુક બેંક" યોજના ગરીબ અને તવંગરના ભેદભાવ વગર શરૂ કરવામાં આવી હતી આ યોજનાનો લાભ મુંબઇમાં વસતા દરેક વિદ્યાર્થી ભાઇ બહેનો લે છે. તદ્‌ઉપરાંત સમાજના શૈક્ષણિક ધોરણને લક્ષમાં રાખીને સસ્તા ભાવે નોટબુકનું વેચાણ નિબંધ લેખન હરિફાઇ વગેરે યોજે છે મુંબઇમાં વેરવિખેર પરિ– વારોના યુવક ભાઈ બહેનોમાં પરસ્પર સ્નેહ સંગઠન અને સહકારની ભાવના વિકસે

 તે માટે મંડળ દર વર્ષે રમતગમત હરિફાઇ પર્યટન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજે છે. જેમાં સારી સંખ્યામાં ભાઇ બહેનો ભાગ લે છે.

આ સમારંભમાં મંડળના કારોબારી સભ્યોએ કાર્યક્રમના પ્રમુખ, પ્રકાશક, આતથી વિશેષો, આમંત્રીત મહેમાનો વસ્તી ગણત્રી સમિતિ તથા મંડળના અગ્રગણ્ય કાર્યકર્તાઓનો પુષ્પહાર દ્વારા સત્કાર કર્યો હતો.

મંડળના ઉપપ્રમુખશ્રી બબુલાલ વેલજી પટેલે આભાર વિધિ દ્વારા હાજર રહેલા ભાઇ બહેનો નો આભાર માન્યો હતો. અને મંડળના મહામંત્રી હરીલાલ રતનશી છ.ભૈયાએ સમારંભનું સફળતા પૂર્વક સંચાલન કર્યું હતું.

લી. પટીદાર યુવક મંડળ વતી

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઇ)

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઇ)ની ૧૬મી વાર્ષિક સામાન્ય સભા રવિવારના તા. ૨૦--૧-૮૩ ના બપોર ના ૪-૦૦ કલાકે પાટીદાર વાડીમાં મંડળના પ્રમુખ શ્રી નટવર કરમશી રામાણીના પ્રમુખ સ્થાને મળેલ.

આ સભામાં ગત વર્ષ દરમ્યાન થએલ કાર્યોનો અહેવાલ ભૂતપૂર્વ મંત્રીશ્રી હરીલાલ રતનશી છાભૈયા એ વાંચી સંભળાવેલ તેમજ વાર્ષીક આવક જાવકનો હિસાબ ખજાનચી ભાઇશ્રી અમૃતલાલ જયતીલાલ પટેલ રજુ કરેલ તેમજ અંતમાં સહમંત્રી ભાઇશ્રી યોગેશ પટેલે આભારવિધી કરી ચલુ કારોબારી સભાનું વિસર્જન કરેલ.

ત્યારબાદ ચૂટણી પંચની મદદથી નવી કારોબારી સમિતિની સર્વ સંમતીએ રચના કરવામા આવેલ જે નીચે મુજબ રહેલ.

૧. શ્રી પ્રમુખ— શ્રી અમૃતલાલ જયતીલાલ પટેલ
૨. ઉપપ્રમુખ — શ્રી પ્રવિણ કાનજી પટેલ
૩. મહામંત્રી — શ્રી યોગેશ મણીલાલ પટેલ
૪. સહમંત્રી — શ્રી મનસુખ ધનજી લીંબાણી
શ્રી બાબુલાલ કરમશી પટેલ
૫. ખજાનચી — શ્રી છગન દામજી પટેલ
૬. સહખજાનચી — શ્રી દિલીપ વી. વેલાણી

— સભ્યો —

૧ શ્રી અનીલ રતીલાલ રામાણી	૫ શ્રી લક્ષ્મીકાંત લીલાધર પોકાર
૨ ,, પ્રદિપ નારણ પટેલ	૬ ,, વિનોદચંન્દ્ર ધનજી વેલાણી
૩ ,, ભરત સામજી પરવાડીયા	૭ ,, શશીકાંત ગંગદાસ રૂડાણી Cood
૪ ,, મગન નાનજી પટેલ (Coop)	૮ ,, સુરેશ કાનજી નાકરાણી
૫ ,, રમેશ સામજી પટેલ	૧૦ ,, હિરાલાલ વિશનજી પટેલ (Coop

— અનામત બેઠક પરના સભ્યો —

૧ કુ. પ્રમા જેઠાલાલ પટેલ	૩ કુ. શ્રી પ્રવિણચંદ્ર કેશુભાઈ પટેલ
૨ કુ ભાનુમતી કરમશી પટેલ	૪ કુ. શ્રી હિરાલાલ ખીમજી પટેલ

સભાની અન્ય કાર્યવાહી પુર્ણ થતા હર્ષોલ્લાસના વાતાવરણ વચ્ચે સભા પૂર્ણ થએલ જાહેર કરવામાં આવેલ.

તા. ૧-૦૨-૮૩

	લિ.
શ્રી પટીદાર યુવક મંડળ, (મુંબઇ) વતી	શ્રી પાટીદાર યુવક મંડળ, (મુંબઇ)
પ્રમુખ :- અમૃતલાલ જયંતિલાલ પટેલ	મંત્રી :- યોગેશ મણીલાલ પટેલ

(અનુ૦ પેજ ૨ નું ચાલું)

દેશમાં આવા અનેક યુવાનો છે, જો એ યુવા શકિતને એકત્રિત કરીને સુમાર્ગે વાળવામાં આવે તો તેમાંથી નવી ક્રાંતિનું સર્જન કરી શકાય છે. જેમ નદી પર કોઈ પણ બંધ ન હોય તો તેનું પાણી વ્યર્થ જાય છે પરંતુ તેજ નદી પર બંધ બાંધાને તે પાણીને એકત્રિત કરવામાં આવે તો તેનો ઉપયોગ સિંચાઇ તેમજ વીજળી ઉત્પાદન માટે કરી શકાય છે અને હરિયાળી ક્રાંતિનું સર્જન કરી શકાય છે તેવીજ રીતે આપણી યુવાશકિતને જો એકત્રિત કરવામાં ન આવે તો વ્યર્થ વેડફઇ જાય છે પરંતુ તેને એકત્રિત કરીને યોગ્ય માર્ગદર્શન આપી સુમાર્ગે વાળવામાં આવે તો તેમાંથી જરૂર નવી ક્રાંતિનું સર્જન કરી શકાય.

યુવાન જે કાર્ય કરે છે તે બીજી વ્યકિત કરી શકતી નથી કારણકે થડકતી યુવાનીમાં ખૂબ શકિત પડેલી હોય છે. આમ, જો યુવાનો પોતાના હાથમાં 'ગાંડીવ' લઇને સજ્જ થશે તો આપણી અણમોલી સંસ્કૃતિ માતની છેડતી કરનાર કોઇપણ દુશ્મન આ પૃથ્વી પર ટકી નહીં શકે. માટે યોગેશ્વરને પ્રાર્થના કરીએ કે એ યુવાનના કાંડામાં કૌતુંક અને બાહુમાં બળ આપ એજ અભ્યર્થના

—જય યોગેશ્વર

यत्र योगेश्वरः कृष्णों यत्र पार्थो धनुधरः
तत्र श्रीविज्यो भूतिर्धुवा नीतिर्मति र्मम (गी. १८.७८)

દુઃખદ અવસાન

કચ્છ (વિથોણ, (ગુજરાત) ટીંબ તલાત્ર કંપામાં છેલ્લાં સાઇઠેક વર્ષથી ખેતીનો વ્યવસાય કરતા શ્રી મેઘજીભાઇ લધાભાઇ પટેલના યુવાન પુત્ર હરિભાઇ નાં ધમ પત્ની રતનબેનનું ગત તારીખ ૧૬-૧-૮૩ના રોજ ચાર-પાંચ માસની લાંબી માંદગી બાદ વહેલી સવારે ૫-૦૦ વાગે દુઃખદ અવસાન થયું છે.

સદ્‌ગતના અકાળ અવસાનથી તેમના જીવન સાથી, વૃદ્ધ સાસુ, સસરા તેમજ પુત્ર પુત્રીઓના સમસ્ત પરિવારે અસહ્ય આઘાત અનુભવ્યો છે. પ્રભુ પરિવારજનોને આઘાત સહન કરવાની શકિત આપે તેમજ સદ્‌ગતના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના...

દુઃખદ અવસાન

બાયડ તાલુકા જિ. સાબરકાંઠાના રહીશ પટેલ રમણીભાઈ વાલજી-ભાઇનુ ૬૮ વર્ષની વયે ગત તા. ૭-૨-૮૩ના રોજ દુઃખદ અવસાન થયું છે.

સદ્‌ગતશ્રી તેમની પાછળ વિધવા પત્ની તેમજ પુત્ર પુત્રીઓના વિશાળ પરિવારજનોને વિલાપ કરતાં મૂકી ગયા છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

તખતગઢ


અત્રે તખતગઢ, જિ. સાબરકાંઠ મુકામે પટેલ પ્રેમજીભાઇ વાલજી-ભાઇ નાં માતાપિતાના આત્મકલ્યાણ અર્થે ઉપરોકત ભાગવત સપ્તાહનુ આયોજન કરવામાં આવ્યુ હતું. સપ્તાહનો પ્રારંભ તા. ૫-૨-૮૩ના રોજ તેમજ પુર્ણાહૂતિ તા. ૧૧-૨-૮૩ના રોજ કરવામાં આવેલ હતી.

વ્યાસપીઠ પર પરમ પૂજય સ્વામીશ્રી કૃષ્ણાનંદજી મહારાજ (વેદાન્ત આશ્રમ વલાદવાળા) બિરાજયા હતા.

હજારો ભાઇ-બહેનોએ સપ્તાહમાં હાજરી આપી સ્વામીજીની જ્ઞાનામૃત વાણીનો લાભ લીધો હતો.




ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
શાર્પનીંગ
UMIYA
જેમાં એમરી વ્હેલ સ્થિર રહે છે. અને બેન્ડસો બ્લેડ ચાલે છે
● ઝડપી અને સફાઇદાર વહેરસ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્ક્સ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩


LAXMI
LAXMI

JAGRUTI FEBRUARY–'83 Reg. No. GHMR/5

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

ગ્રા. ન.

To,
Dahya Karsan Patel
MOMBASA KENYA
P. B. No. 3095

Book – Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ
તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ
રજુ કરતું પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ)

વર્ષ : ૨૫ માર્ચ-૧૯૮૩

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૨/, પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂ. ૧ ૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૨૦૧/ પરદેશમાં રૂ. ૩૫૧/ નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી એ.


શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી અરજણભાઈ વી. પટેલ, એ[illegible]





આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

અનુક્રમણિકા



તંત્રીસ્થાનેથી

ધન કોનું ?

. આર્થિક વિચારણામાં ધન (wealth) નો વિચાર કરવો પણ જરૂરી છે. ધન કોનું ? એ એક વિચારણીય પ્રશ્ન છે. મનુ પણ કહે છે કે ખાનગી મિલકત રાખવી જ પડશે. ખાનગી મિલકત નહીં હોય તો પતિ ગુજરી ગયા પછી પત્નીને કમાવા નીકળવું પડશે. અને સ્ત્રીને કમાવા જવાનો નિષેધ છે. સ્ત્રી પુરુષની જેમ કમાવા જાય તો સ્ત્રીને અન્યાય થશે વળી ખાનગી મિલકત ન હોય તો વિદ્યા, કળા, શિલ્પ વગેરેનો વિકાસ થશે નહિ.

ईशावास्योपनिषद् ની શરૂઆતના મંત્રમાં જ પ્રશ્ન છે, **कस्यस्विद्धनं** ? આ પ્રશ્નમાં જ એનો જવાબ છે મનુ કહે છે કે બધું છોડીને માણસે આખરે જવું પડે છે, તો પછી ધન કોનું ? અર્થાત્ કોઇનું નથી. વેદોએ તો તેથી પણ આગળ કહ્યું છે કે ધન પ્રજાપતિનું ભગવાનનું છે **प्रजापतेर्वैकाः** ધન ભગવાનનું છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ખેડુત, શિલ્પી વગેરે કહેશે, 'ધન અમારું છે' બ્રાહ્મણ કહે કે 'અમે વેદાધ્યયન, અધ્યાપન કરીએ, પૂજાપાઠ કરીએ, શાંતિ નિર્માણ કરીએ છીએ, માટે ધન અમારું છે.' શિલ્પી કહેશે કે, 'અમે ખરેખર કંઇક નવું સર્જન કર્યું છે માટે ધન અમારૂં છે' ખેડૂત કહેશે કે, 'હું ધાન્ય પેદા કરૂં છું તેથી તો સમાજ જીવે છે. માટે ધન મારું છે' વૈશ્ય કહેશે, 'હું જમીન લઉં છું, યંત્રસામગ્રી એકઠી કરું છું અને ઉત્પાદન કરું છું, તેથી ધન મારૂં'' ક્ષત્રિયો કહેશે કે, 'સમાજ અને સમાજની યોજનાઓના રક્ષણ માટે અમે અમારો જાન જોખમમાં મૂકીએ છીએ માટે ધન અમારું છે' તો પ્રશ્ન એ થાય છે કે ધન કોનું ? વેદો કહે છે કે ધન ભગવાનનું છે અને ભગવાનના માટે ભગવાનના કાર્ય માટે વાપરવું જોઇએ વેદોની માન્યતા સ્વીકારતાં જ આ અંદરઅંદરનાં ઘષણો ટળી જશે.

કમ્યુનિસ્ટો કહે છે કે મૂડીવાદી વર્ગ ગરીબ લોકોને ચૂસીને ધન ભેગું કરે છે તેથી તેમના ધનનું અપહરણ કરો પરંતુ, બીજા કોઇએ કમાયેલું ધન અપહરણ કરવાનો તેમને શો અધિકાર છે ? વાસ્તવમાં ધન તો પ્રજાપતિનુ છે. તેના ઉપર કોઇનો હક્ક નથી. તેથી મનુએ તે માન્ય કરીને વૃત્ત [ધંધા] ની અને ધનની વ્યવસ્થા કરી છે. તેમ કરવાથી વર્ગવિગ્રહ અને crisis થવાનો સંભવ જ રહ્યો નથી. સામ્યવાદીઓએ ઉપસ્થિત કરેલી ત્રણેય વાતો, ધન-સંચય, વર્ગવિગ્રહ અને crisis, એનો ઉકેલ આપણી આ વ્યવસ્થામાં છે.

રાવ પટેલ
(કેશરપુરા)

પ ડ છા યો....

હું
એકાંતમાં
વાડીની આ
ભવ્ય ઈમારતના
ધાબા પરની પાળીના પાલવની કોરે
ઊભો ઊભો –
આકાશમાંથી નીતરતાં ઊં સૂરજના –
કિરણોમાં –
ધરતી પર દૃષ્ટિ કરૂં છું
ને ઇ રેતની રજમાં મારી આકૃતિ
(જેમાં કોકનું મિશ્રણ અનુભવું છું)
નિહાળું છું ને તરત જ
ત્રણ માળનાં પગથીયાં –
મુઠ્ઠી વાળીને દોડીને ઊતરીને
આઙ્ગન્ડ પર એ તસ્વીર પાસે
જાઉં છું ને કોકના ગેનમાં –
ઈ પ–ડ છા–યાને કોકનો આભાસ માની
ગુંજામાં ભરી લેવા મથું છું.
પણ –
પણ, એ પડછાયો
તુટક – છૂટક
મારા ગુંજામાંથી સરી પડી
મારી પાછળ દોડયા જ કરે છે.
નિરંતર–કયાં સુધી આમ થતું રહેશે ?
મૃત્યુ પછી પણ – કદાચ
મારી યાદોમાં
ઇ સપ્તરંગી રેતના રજકણોમાં
પ્રિયજનના પગલાંનો સહવાસ
ગોતવાના એના ઉમંગોમાં

ઘુંઘટ કે પીછે

સંકલન : સુરેશ એમ. પટેલ
T.Y.B.Sc.
આમવડ પાટ

આપણો દેશ વિવિધ સમાજોનો બનેલો છે. જેમાં આપણો એક નાનો અને સમૃદ્ધ સમાજ પણ અસ્તિત્વ ધરાવે છે. સમાજ એટલે સમુહ કે જેમાં લોકો એકબીજાના સુખ દુઃખમાં સહભાગી બને બીજાના દુ:ખનો પહેલો વિચાર કરે છે. કે કોઈને પણ અન્યાય થાય એ સહન ન કરી શકે.

આપણા આ સમાજ માટે દરેક યુવાનને ગૌરવ હોવું જ જોઈએ યુવાનોએ કોઈને પણ થતા અન્યાયનો વિરોધ કરી એને ન્યાય અપાવો જ જોઈએ લાંબા સમયથી ચાલી આવતી પુરાણી રૂઢિઓ કે જેનાથી કોઈને અન્યાય થતો હોય તો તેનો વિરોધ કરી ન્યાય આપવો જ જોઈએ આવી એક પુરાણી રૂઢિની હું વાત કરૂ છુ કે જેને આપણો સમાજ ઘુંઘટના નામથી ઓળખે છે.

ઘુંઘટ પ્રથાનો ક્યારથી ? અને શા માટે ? અમલ થયો એ તો આપ સૌ જાણતા જ હશો કે પુરાણા સમયમાં જ્યારે રાજાશાહીમાં રાજાઓ કોઈ પણ સ્ત્રીઓનો ચહેરો જોઈ તેના પ્રત્યે આકર્ષાતા અને લોકો તેના સામે અવાજ પણ ન ઉઠાવી શકતા આ જુલમથી બચવા માટે પ્રત્યેક પુરૂષ પોતાની સ્ત્રીઓને ઘુંઘટ તાણવાની ફરજ પાડતો કે જેથી રાજા સ્ત્રીઓનો ચહેરો જોઈ ન શકે હવે તો રાજાશાહી ક્યારનીયે બાદ થઈ ગઈ તો પછી આ ઘુંઘટ શાહી કેમ રહી ગઈ ? શું અત્યારના આ યુગમાં પણ રાજા બાદશાહ છે કે સ્ત્રીઓને ઘુંઘટ તાણવા પડે છે ?

હું પણ એક યુવાન છું કોઈને થતો અન્યાય સહન કરવા હું તૈયાર નથી ઘુંઘટનો અર્થ આપણો સમાજ મર્યાદા જેવો કરે છે. પણ સવાલ એ છે કે શું મર્યાદા રાખવા માટે ઘુંઘટ જરૂરી છે ? શું ઘુંઘટ તાણ્યા સિવાય આપણા સમાજમાં મર્યાદા નથી જળવાઈ શકતી ?

ઘુંઘટથી આપણા સમાજની દિકરીઓને એક અન્યાય થઈ રહ્યો છે, તેમને પસંદ ન હોય પણ વડીલોના દબાણથી તેમને ઘુંઘટ તાણવો જ પડે છે શું આ યોગ્ય છે ?

અત્યારનો આ યુગ એટલો ઝડપી વધી રહ્યો છે. કે જેમાં સ્ત્રી-પુરૂષ વિષે ભેદભાવ રાખવો જ અશક્ય બની રહે પુરૂષ વધારે બુદ્ધિશાળી છે તે માનવું ભૂલભર્યું છે. સ્ત્રીને એના હક્ક અધિકાર પ્રાપ્ત થવા જોઈએ.

સ્ત્રી એ વિશ્વની જનની છે. આ સમાજનું ઘડતર સ્ત્રીના હાથમાં છે બાળકના ભાવિ માટે તે જવાબદાર છે. બાળકને કેવા સંસ્કાર આપવા તેનો આધાર માતા પર છે. આના માટે તો શિવાજીનો દાખલો પણ ઉપયોગી છે. તો આપણા સમાજની દીકરીઓ કે જે ભવિષ્યની માતાઓ છે તેમને શા માટે ઘુંઘટમાં પુરી રાખવી જોઇએ સ્ત્રી જેટલી પ્રગતિશીલ હશે તેટલી સમાજની પ્રગતિ વધશે.

દિકરાના લગ્ન કરીને વહુ લવો છો ત્યારે સાસુ સસરાને બદલે તમે વહુંના મા–બાપ બની રહો છો તો પછી ઘુંઘટ તાણવાનો કોઇ અર્થ ઘુંઘટ તાણ્યા વગર જો મર્યાદા ન રહી શકતી હોય તો એમાં કોની ખામી હોઇ શકે? જો ઘુંઘટ તાણ્યા વગર પુરુષો મર્યાદા રાખી શકતા હોય તો સ્ત્રીઓમાં કઇ ખામી છે કે જેથી તેઓ ઘુંઘટ તાણ્યા વગર મર્યાદા ન રાખી શકે? ઘુંઘટ સ્ત્રી જાતિના વિકાસને અવરોધે છે. ઘુંઘટથી જેમ સ્ત્રીનો ચંહરો ઢંકાયેલો રહે છે. તેમ તેની વિકાસ શકિત પણ ઘુંઘટ નીચે દબાઇ જાય છે.

સ્ત્રીઓ ઘુંઘટ તાણ્યા સિવાય મર્યાદા નથી રાખી શકતી કે પછી પુરુષો પોતાની જાતને મર્યાદામાં રાખવા માટે સ્ત્રીઓને ઘુંઘટ તણાવડાવે છે. સ્ત્રીના ચહેરામાં એવુ શું છે કે જે ચહેરો ઢાંકવાથી સમાજની મર્યાદા જાળવાઇ રહે.?

અત્યારે મારુ આ લખાણ વાંચી કદાચ કોઇને એવું પણ થય કે અત્યારના યુવાનીયાઓને ઘુંઘટ ના તાણે એ એક ફેશન લગે છે. પણ એવું માનવું ભૂલ ભરેલું છે. આમાં ફેશન અને ઘુંઘટને કંઇ જ લાગતુ વળગતું નથી આપને એમ પણ થાય કે બીજા સમાજમાં વહુઓ ઘુંઘટ નથી તાણતી એટલે આપણા સમાજમાં પણ તેનું અનુકરણ કરવું બીજા સમાજમાં વહુઓ ઘુંઘટ તાણે એની સાથે કઇજ લેવા દેવા નથી પણ હું ઘુંઘટનો સખ્ત વિરોધી છું કેમ કે ઘુંઘટ સ્ત્રીને અન્યાય રૂપ છે

હું આપણાં સમાજની સરખામણી બીજા કેઇ પણ સમાજ સાથે કરવા માગતો નથી આપણો સમાજ સ્વતંત્ર રીતે રહેશે એમાં કોઇને પણ વાંધો ન હોવો જોઇએ પણ સમાજે હમેશાં વિચારવું જોઇએ કે એવી કોઇ રૂઢિ કે જેનાથી કોઇનો વિકાસ રૂંધાતો હોય કોઇને અન્યાય થતો હોય તેવુ બિલકુલ ચલાવવું જોઇએ નહી.

અંતમાં એટલું જ કહીશ કે રાજાશાહી તો ગઇ ત્યારબાદ અંગ્રેજો આવ્યા તેને પણ હાંકી કાઢયા તો આ ઘુંઘટને પણ આપણા સમાજમાંથી દૂર કરવો જોઇએ.

જુદા જુદા દેશોમાં નૂતન વર્ષની ઉજવણી

સંકલન : નરસિંહભાઇ મુળજીભાઇ પટેલ, તખતગઢ

સામાન્ય ધારણા છે કે નવું વર્ષ પોતાની સાથે સુખ, સૌ ભાગ્ય અને સંપત્તિના શુભ સંદેશ લઇને આવે છે. આજ કારણે વિશ્વના જુદા જુદા દેશોમાં નવા વર્ષના સ્વાગતમાં જાતજાતના તહેવાર ઉજવાય છે.

અંગ્રેજી ગણુતરી પ્રમાણે મોટા ભાગના દેશોમાં પહેલી જાન્યુઆરીએ નવા વર્ષની શરૂઆત થાય છે. પણ કેટલાક દેશોમાં વર્ષની વચ્ચે વચ્ચે નવા વર્ષારંભનો ઉત્સવ ઉંજવાય છે.

ઇંગ્લેન્ડ અને આયરલેન્ડના દેશોમાં નવા વર્ષનો ઉત્સવ હોય ત્યારે ગામમાંથી શોધી શોધીને કાળા વાળવાળા માણુસો એકઠા કરવામાં આવે છે. આવા માણુસોને સુખ સંપત્તિના દુત માનવામાં આવે છે આ દુતો ૩૧મી ડીસેમ્બરની રાતે બાર વાગે ઘેર ઘેર ઘુમીને કેટલીક ખાસ ખાસ ભેટ કરે છે. બ્રિટનમાં આ રાત્રે બધા દેવળોના ઘંટ જોર જોરથી વાગે છે.

અમેરિકાના ન્યુયોર્કમાં નવા વર્ષે જેમ વધારે શોર બકોર કરવામાં આવે તેટલુ શુભ અને આનંદસુચક માનવામાં આવે છે ત્યાં ૩૧મી ડીસેમ્બરની રાત્રે અગિયાર વાગે બધી ગાડીઓના હોર્ન વાગવા માંડે છે. કેટલાક દેવળોમાં સોળ ઘંટ હોય છે તેનાં આઠ ઘંટ જુના વર્ષના વિદાયના અને આઠ ઘંટ નવા વર્ષના સ્વાગતમાં વગાડે છે.

સ્કોટલેન્ડમાં તો જુના વર્ષની અંતિમ રાત્રે બાર વાગે તે પહેલા નવયુવકો માખણ, ડબલરોટી કેક રોટીયો અને ચા લઇને પોત પોતાના ઘેરથી નીકળી પડે છે. અને બારના ટકોરે પોતાને મિત્રોના અને સબંધીઓ ઘરમાં ઘરે છે જ્યાં તેમનું અતિ ઉત્સાહથી સ્વાગત કરવામાં આવે છે અને લઇ ગયેલા વસ્તુએ બધું પરિવારના સભ્યોને વહેંચવામાં આવે છે. અહિના લોકોમાં એવી માન્યતા છે કે નવા વર્ષમાં પ્રવેશ કરનાર પહેલો અતિથિ પોતાની સાથે સુખ સમૃદ્ધિ અને સૌ ભાગ્ય લઇને આવે છે.

પ્રાચીન રોમમાં નવા વર્ષે ભેટ આપવાની પ્રથા છે. રોમના એક બાદશાહે તો જાહેર કર્યું કે માત્ર નવા વર્ષે ભેટ આપી શકાય. એ સિવાય કોઇ દિવસ ભેટ ના લેવાય.

જાપાનમાં નવા વર્ષે દેવું ચૂકતે કરવાનો દિવસ મનાય છે નવા વર્ષના દિવસે પ્રત્યેક જાપાની પોતાના પાછલા વર્ષનું દેવું ચુકવી દે છે. જો જાપાની આ દિવસે દેવું નથી ચૂકવતો તે એનું અપમાન સમજવામાં આવે છે. એટલે જો ગરીબ હોય તો પોતાની ઘરવખરી વેચીને પણ ઋણ ચૂકવે છે. આવો લોકોનો મેળો ભરાય છે. જ્યાં તેઓ પોતાના જુદી જુદી વસ્તુઓ વહેંચવા આવે છે. જાપાનીઓ માટે આ બહુ ખુશીનો દિવસ હોય છે. નવા વર્ષના પહેલા દિવસે સવારે કુવા અને નદીઓનું તાજું જળ લાવે છે તેઓ માને છે કે નવજાત જળના સેવનથી ઉંમર વધે છે.

ગલીઓમાં, ઘરોમાં અને સડકોને વાંસના ટુકડાં અને ફુલોથી શણગારવામાં આવે છે. વાંસ સચ્ચરિત્ર અને દ્રઢતાનું પ્રતિક માનવામાં આવે છે.

ઇરાનીઓનું નવું વર્ષ ૨૧ માર્ચ એટલે કે ૨૦ માર્ચથી અડધી રાત્રે શરૂ થાય છે. આ ઉત્સવને નૌ રોઝ નામથી પ્રસિદ્ધ છે.

તમારાં બાળકો તમારાં નથી.

વિજયા આર. પટેલ
મોહનપુરકંપા

"તમારાં બાળકો તે તમારાં નથી પણ જગજીવનની પોતા માટેની જ કામનાનાં તે સંતાન છે. તે તમારા દ્વારા આવે છે. પણ તમારાંથી આવતાં નથી અને તે તમારી સોડમાં રહે છે. છતાં તે તમારાં નથી પણ તમે એમને તમારો પ્રેમ ભલે આપો, પણ કલ્પનાઓ નહીં, કારણ તેમને એમની પોતાની જ કલ્પનાઓ છે. તમે ભલે તેમના દેહને ઘર આપો, તેમના આત્માને નહીં; કારણ તેમના આત્મા તો ભવિષ્યના ઘરમાં રહે છે. જેની તમે કદી સ્વપ્નમાંયે ઝાંખી કરી શકવાના નથી તમે તેમના જેવા થવા ભલે પ્રયત્ન કરજો પણ તેમને તમારા જેવા કરવા ફાંફાં મારશો નહીં. કારણ. જીવન ગયેલ માર્ગે પાછું જતુ નથી અને ભુતકાળ જોડે રોકાય રહેતુ નથી"

પ્રેમગોષ્ટી

દિનેશકુમાર એમ. પટેલ
દુર્ગા ટીમ્બર માર્ટ
યેવલા, મહારાષ્ટ્ર

"સાંભળો છો ?"

"હું નહિ પાડોશીઓ પણ સાંભળે છે."

"એમ આડુ ન બોલો પાડોશીઓ સાંભળે તો કેવું ખરાબ લાગે ?"

"આડી વાત છોડ જે કહેવુ હોય તે કહી દે મારે ઓફીસે જવાનું મોડુ થાય છે"

"પંચ મિનીટ મોડા પડશો તો કોઇ ફાંસીએ નહી ચડવી દે."

"ચડાવી દેતા હોય તો એક કલાક મોડો જવા તૈયાર"

"શું બોલ્યા ?"

"બોલ્યો નહિ. બબડયો."

"મે શુ બબડવા જેવુ તમને કહ્યું ?"

"તેં નથી કહ્યુ—એ તો મે મારી જાતને કહ્યું."

"તો મારી વાત નહી ?"

"ના."

"કેમ ?"

"કારણ તેં હજી કોઇ વાત કરી જ નથી."

"મુઇ હું જ ભૂલકણી છું તો હું શું કહેતી હતી ?"

"તું 'સાંભળો છો' એવું બોલી અને પછી ન સાંભળવા જેવું ઘણુ સંભળાવ્યું"

"હા, તો સાંજે ઓફીસેથી વહેલા આવજો"

'વહેલા ! શા માટે ?"

"કેમ ? મોડા જવાય તો વહેલા ન અવાય ?"

"એ બધી ચર્ચા પછી પણ વહેલા શા માટે આવવાનુ છે ?"

"સાંજે બેબીને લઇને મારી માસી લંડનથી આવ્યા છે તેને મળવા જવા વિચાર છે"

"હું સીધો આવુ તો ?"

"તે મારે બબલુને નિશાળે લેવા કોણ જશે ?"

"તો મારે બબલુને નિશાળે લેવા જવાનો ત્યાંથી ઘેર લાવવાનો. પછીએ ડફોડને નાસ્તો કરાવી, નવાં કપડાં પહેરાવી તારી માસીને ત્યાં આવવાનુ છે ?"

"એવુ મેં કયાં કહ્યુ છે. ?"

"તો પછી ભાષણ ફાડયા વગર જે કહેવાનુ હોય તે કહિ દે ને ?"

એમ બોલીએ એ તમને પુરૂષો ને તો ભાષણ જ લાગવાનાં."

"મે કહ્યું ને કે મારે મોડુ થાય છે. !"

જે કહેવુ હોય તે જલ્દી બોલી નાખ."

"બળી તમારી નોકરી નિરાંતે વાત કરવાનો પણ સમય નથી"

"મારી નોકરીને અગ્નિદાહ પછી દેજે જે કહેવનુ હોય તે જલ્દી કહી નાખ'

"તો વહેલા આવીને તમારે બબલુને નિશાળે થી લઈ આવવાનો.'

"બસ, એટલુ જ ને ?"

"ના"

"તો પછી"

"બબલુને લાગ્યા પછી નારતો આપવાનો."

"શેનો ?"

"સકકરપારાનો પણ જોજો આઠ નંગ થી વધુ ન આપવાના વધુ ખાશે તો પાછો માંદો પડશે."

"પણ વધુ માગે તો ?"

"નહિ આપવાના."

તેને સકકરપારા ન ભાવે તો ?"

"ન શેના ભાવે ?"

"ચલો ધારો કે ભાગ્યા પછી ?"

"પછી પછી શુ કરો છો ? મેં કઇ વાર્તા માંડી છે. ?"

"લઢણુ એવી છે. એટલે પુછવુ પડયુ."

"પછી તમારે તેનાં કપડાં બદલાવી દેવાનાં નિશાળવાળાઓ મારા રોયા યુનિફોર્મ મેલો હોય તો છોકરાને પાટલી પર ઊભા રાખે છે."

"કપડાં બદલાવ્યાં, આગળ બોલો ?"

"પછી હાથપગ ધોવા બાથરૂમમાં મોકલવાનો"

"સાફ નદીએ જઇને હાથ-પગ ધોવાનુ નહિ કહુ."

"આમાં વચ્ચે નદી કયાંથી આવી ?"

'નદી શહેરની વચ્ચે હોય તો વાતની વચ્ચે પણ આવે આગળ બોલો."

"પછી શું ? આટલુ કર્યા પછી જ નારતો આપવાનો.'

'નારતો આપ્યો માનો આગળ બોલો'

'બસ પછી તો એક-બે નાનાં નાનાં કામ કરવાનાં છે.'

'જલદી બોલો બસ સરવીસના ચેરમેન મારા બાપા નથી હમણું હમણાં રાઈટ ટાઇમ આવે છે. ?'

'ગધેડાને તાવ આવે એવી વાતન કરો.'

'આમાં તાવ અને ગધેડો કયાંથી ટપકયો બસ રાઇટ ટાઇમ આવે છે એવી વાત કરો છો. એટલે.'

'પેલાં તમારાં નાનાં નાનાં કામ કયાં કયાં છે ?'

'બસ મેં મુઠિયાં બાકી રાખ્યાં છે તે જરા વધારી નાખવાનાં ?'

'એટલે કે... એટલે કે મારે તારી માસીને ત્યાં નથી આવવાનું ?'

'તમારૂ ત્યાં શું દાટયુ છે ?

માસીએ મને મળવા બોલાવી છે.

હું બેબીને લઈને જઇશ. તમે બબલુને ઘેર સાચવશો... અને... અરે આમ ભાગ્યા કયાં ? મોડુ થાય તો ચિન્તા ન કરતા કદાચ હુ સવારે પણ પાછી આવુ'

બસ પાછળ દોડતો કુમાર પેલી લંડન-વાળી માસીજીને ભાંડતો હતો નિશાળે ગયેલા બબલુ પર ચિડાતો હતો રત્ના પર ગુસ્સો ઠાલવતો હતો. પણ કોઇ તેનુ સાંભળતુ ન હતું.

સમાજ કેટલો નિષ્ઠુર છે ?



દંત કથા

દિનેશ એમ. પટેલ
દુર્ગા ટિમ્બર માર્ટ
યેવલા, (મહારાષ્ટ્ર)

(ગતાંકથી ચલુ)

જેવા ગીટાર માસ્ટર વિના આમં-ત્રણે ટપકી પડી જાત જાતની વણમાગી સલાહ આપે તે એમને જરાય પસંદ નહોતું. થોડીક ખોળાખોળ પછી એક મહત્વનો ઝયુમેન્ટરી એગ્રીમેન્ટ લેટર મળી આવ્યો તેથી તેઓ જાતે ટાઈપ કરવા બેઠાં એમની લેડીઝ સ્ટેનો ગેઈપીરટ પણ જયારથી પેલો લીગલ એડવાઇઝર નહોતો આવતો ત્યાર થી જ ગાયબ હતી, મુસ્કેલી નો પાર નહોતો શુ થવા બેઠુ હતું તેની ખબર પડતી નહોતી. તેઓ એટલા પરેશાન હતાં કે બન્નેની એક સાથે હરય ભરી ગેરહાજરી શું સુચવતી હતી તે પર વિચાર કરવા જેટલો પણ માનસિક અવકાશ એમની પાસે હાતતો સૃષ્ટિ સર્જન નું અત્યંત મહત્વનું કામ કેવી રીત પાર પાડવું તે અંગે ઝાઝી બુદ્ધિ દાડાવવાની એમને જરૂર ના પડત. ગોદરેજના ટાઇપરાઇટર પર ટપોટપ આંગળીઓ ચાલતી હતી. શબ્દો મોની ઝડપે છપાતા હતા. ચિત્તમાં વિચારો બસોની ઝડપે ચાલતાં હતા. થોડુંક વિચારતાં એકને લાગ્યું કે મીનારદજી જે કાંઇ કહી ગયા તે વાતમાં કોઇ નહીં તો પંહેરવીશ પરસેન્ટેજ જેટલું સત્ય છે ખાસ એમણે સૃષ્ટિના સર્જન માટે માનવ સર્જન ની વાત કરી તે એમને કેઇક દમ વાળી લાગી તેમને નારદજીના શબ્દો યાદ આવ્યા

'સૃષ્ટિ સર્જન ફક્ત એવા એક માત્ર અકુંરથી હમેશા અધુરુ રહેશે. સાચી સૃષ્ટિ રચવી હોય તો મનુષ્યનું સર્જન કરો

'અવર એનીમી ઇઝ અવર બેસ્ટ ફ્રેન્ડ' એ યુકતીને આધારે મો. બ્રહ્માએ નારદજીની એ સલાહને મૈત્રી ભરી ભાવના ગણીને સ્વીકારી લીધી અને નકકી કર્યું કે સૃષ્ટિના સર્જનમાં થયેલી ખરાબ શરૂઆતને સુધારી લઇ માનવ સર્જન કરવું. તેમણે પેલા અંકુરને તેમની હથેળીમાં ઓગાળી તે રસમાંથી એક માનવ બનાવ્યો. એ સૃષ્ટિનો પ્રથમ માનવ ખુબ જલદ પ્રતિભા વાળો હતો તેની પેટની આગ ખુબ જલદ હતી. તે ધરતીના લાવા ખાઇ પેટની ભુખ સંતોષવા લાગ્યો. બ્રહ્માએ એક પછી એક એવા અનેક માનવો બનાવ્યા. કયારેક તેઓ લડતા ઝઘડતા તો કયારેક તેઓ ભેગા થઇ અંદરો અંદર કોઇ ગુસપુસ કરતાં તો કયારેક વળી તેઓ બ્રહ્મા પાસે આવી અનેક પ્રકારની ફરીયાદો કરતાં ધરતી ધ્રુજાવવાની તાકાત તેમના પગોમાં હતી.

બ્રહ્મા થોડાજ સમયમાં એ ઉત્પં-તીયા માનવોથી તંગ આવી ગયા. શું કરવુ તે એમને સમજાતું નહોતું. કેમકે ફક્ત પહેલા એચના લીમીટેડ કોટાનું પ્રોડકસન તૈયાર થતાંજ પરિસ્થિત ભારે અંધા ધુંધી ભરી બની ગઈ હતી. પુરુષ માનવોને જલદ પ્રતિભારથી ધરતી હચમચી ઉઠી હતી. અજંપતા ફેલાઇ ગઇ હતી. મી બ્રહ્મનું બાપી. વધી ગયું હતું તેઓ પરસેવે રેબઝેબ થઇ રહ્યા હતા હેન્ડ કર્ચીફ હલાવી તેઓ હવા ખાઇ રહ્યા હતા (૫૦ ટકા વિજળી કાપને કારણે બંધ હતા.) આ પરેશાનીમાં એકાએક એમને દ્વાર પર ટકોરા પડતા હોય એવો ભાસ થયો. જોયું તો મી. નારદજી હતા.

'આવો મી. નારદજી તમે આજે કંઇ ભલા ટકોરા માર્યા... સુધરી ગયેલા લાગો છો. ?'

'હું ટકોરા વિના ટપકી પડું તે સામેની તમારી ટકોર મેં ધ્યાનમાં રાખી છે હવે સદા એમજ થશે. ?'

બોલો શી સેવા કરું, આપની સૃષ્ટિનું કામ કેટલે આવ્યું તેનું સરપ્રાઇઝ ચેકીંગ કરવા પ્રભુએ સુપર વિઝન માટે મોકલ્યા લાગે છે...?'

'આપતો જાણો છો મી, બ્રહ્માજી કે પ્રભુ અંતર્યામી છે, તેમણે ત્યાં બેઠાં બેઠાં તમારા સર્જનોની લીલા નિહાળી છે તેઓ ખુશ નથી તેમની કલ્પના સૃષ્ટમાં આવા તેજાબ જેવા જલદ, રાક્ષસ જેવા બછટ અને દાઢી મૂછો-વાળા માનવોનું કોઇ સ્થાન નથી.

'હું પણ એજ વિચારું છું મી. નારદજી. પરંતુ કંઇ સમજાતું નથી. એકવાર રોયમટીરીયલમાંથી પ્રોડકશન તૈયાર થઇ ગયા બાદ તેને હવે તોડી ફોડી નખાતો નથી અને આટલા માનવસર્જન બાદ હવે મારાજ હાથ તેનો સહાર મને ઉચિત જણાતો નથી મને લાગે છે કે મારાં બનાવેલાં માનવો ધીમે ધીમે મારા પર એવું આધિપત્ય જમાવશે કે મારી શાંતિ અને સુખ ચેન હરાઇ જશે.

મી. નારદજી ઇલેકટ્રોગીટર પરના એક સુર પર આંગળી દબાવી 'નારાયણ નારાયણ' કહેતા હસી પડયા પછી મસ્તકની ચોટલીને વળદેતાં બોલ્યા. અચ્છા તો આપ હવે આપના સંતાનોથીજ અકળાઇ ગયા છો મી. બ્રહ્મા...?

'યસ મી નારદજી જુઠું નહી કહું હકીકત કઇક એવીજ છે. આઇ. એમ. પૂલ્લી ટાયર્ડ વીથ ગાઈ પ્રોડકશન ? તેઓ સતત મને કોઇ ને કોઇ ફરીયાદ કરી પજવતાં રહે છે.

એક નાનકડી વર્તા કહુ મી. બ્રહ્માજી તમને તેમાંથી ઉપાય જડી આવશે ?

ખુશીથી કહો ?

" એકવાર અમારા પ્રભુને એવું સપનું આવ્યું કે તેમણે એક રાક્ષસ પસંદ થયો. અને પ્રગટ થઈ કહ્યું કે તું જે માગે તે એક સેકન્ડમાં રજુ કરીશ. પરંતુ રજૂ થયા પછી બીજી સેકન્ડે તારે બીજી વસ્તુ માગવાની રહેશે...નહિં તો હું તને ભસ્મ કરી નાખીશ. ' પ્રભુએ શરૂમાં થોકબંધ વસ્તુઓ મગાવી પરંતુ પ્રભૂની જરૂરિયાત પૂર્ણ થઇ તોય પેલો રાક્ષસ તો હુકમની રાહ જોઇ ઉભો હતો આથી પ્રભુએ યુક્તિ કરી એક આકાશને એડ એવો ઉંચો સ્થંભ મંગાવ્યો તેને જમીનમાં દાટવા કહ્યું અને ત્યારબાદ પેલા રાક્ષસને બોલાવી હુકમ કર્યો મારે જયાં સુધી તારી જરૂર ન પડે ત્યાં સુધી આ સ્તંભ પર ચડ ઉતર કર્યા રાખરોમાં સમજી ગયા હશો મી બ્રહ્માજી પ્રભૂએ કેવી યુક્તિ કરી પેલા ઉત્પાતિયા રાક્ષસ ને કાબ્યો હતો.

" સમજી ગયો છૂં મીસ્ટર નારદજી પરતું મારે એ યુક્તિમાં શીખવા જેવું શું છે ?

'- ભૂલ કરો છો મીસ્ટર બ્રહ્માજી જરા ઊંડાણથી વિચારો તો સમજાશે કે યુક્તિમાંથી સુખ માર્ગ શોધી શકો એમ છે !

" કેવી રીતે મિ. નારદજી ? બહૂ સરળ વાત છે તમે એ ઉત્પાતિયા માનવને એક રમકડું બનાવી આપો તે હમેશાં તેના વડે રમતા થઇ જશે તમારી બધિ ચિંતાનું નિવાકરણ અવશ્ય થશે.

ઓલ રાઇટ...આઈ વીલ ટ્રાય વીથ મ.ઇ બેસ્ટ ?

બ્રહ્માએ ત્યાર પછી સ્ત્રીનું સર્જન કર્યું પરતુ તેના અનહદ આશ્ચર્ય વચ્ચે પેલા નરમાનવો સ્ત્રીઓ તરફ જોવાય નહોતા આથી બ્રહ્માએ ફરી મી નારદજી-રીમાઇન્ડટ કર્યું મિ. નારદજી તમે તો કહેતા હતા સ્ત્રીઓના ઉત્પાદન બાદ આ માનવો તેની જોડે એકરાગીતા સાધી લેશે. પણ માનવો સ્ત્રીઓ તરફ નજર સુધ્ધાં કરતા નથી.

"કયાંથી કરે મી. બ્રહ્માજી, તમે તેને બે મહત્વની વસ્તુ આપવાનું ભુલી ગયા છો ?

" કંઇ વસ્તુ ? "

"બુધ્ધિ અને સોંદર્ય આ બે વસ્તુથી સ્ત્રી હમેશાં અધુરી રહે છે. જલદ પ્રતિભા વાળો નર માનવ સોંદર્ય વાન સ્ત્રી પ્રતિ આસકત અનુભવી શકે છે.

" મી. નારદજીની વાત બ્રહ્મા જી-ને સાચી લાગતાં તેઓ પોતાના પ્રોડકશન નંબર બેનીએ ક્ષતી દૂર કરવા ગયા ત્યાં તેને ખબર પડી કે

બુદ્ધિનો બધો સ્ટાંક નર માનવોને બોલ રેડી વહેંચાઇ ગયો છે.

ફક્ત સૌંદર્ય બાકી રહ્યું છે. આથી તેમને સ્ત્રીઓને સૌંદર્યની છુટે હાથે લહાણી કરી. એમને ધયું હતું કે સ્ત્રીઓની એતમત ખૂબ સુરતી નિહાળી પૂરુષ ગાંડો થઇ જશે. પરંતુ કોણે જાણે એમનીએ ધારણા ખોટી પડી તેઓ મુંજાઈ ગયા. ઇશ્વર સદાન-માં મી. નારદજીને ફોનકરી એમણે મુશ્કેલી જણાવી

'હેલો મી. નારદજી તમે તો કહેતા હતા કે સ્ત્રીઓને સૌંદર્ય મળ્યા પછી પુરૂષો તેમના પ્રતિ આશકત બનશે પરંતુ પુરુષો તો હજી તેમની ઉત્પાત્ય પ્રવૃત્તિમાં જ આરકત છે,

"યુ ફરગોટ વન ઇમ્પોટેડ થીંગ મી. બ્રહ્માજી ફકતસૌંદર્યથી નરમાનવો નહિ રીજે સ્ત્રીઓને બુદ્ધિની પણ એટલી-જ જરૂર છે. 'યુ ગીવ ધે મીટ'

'ઇટ ઇઝ કવેટાઇમ્યોસિબલ મી. નારદાજી બુદ્ધિનું બધુંજ રોમટિંયલ બલાસ થઇ ચુંકયું છે.

"ઓ. મી. બ્રહ્માજી તમે સમ-જતા કેમ નથી જલદ પ્રતિભા વાળા નર માનવો સ્ત્રીના બુદ્ધિ વિનાના સ્વરૂપનો સ્વીકાર નહિં જ કરે; ચાહે તે ભલે કેટલી સૌર્ષ્ય સૌર્ષ્ય વાન હોય'

પણ તમે મારી મુશ્કેલી સમજવા ની કોશિસ કરો મી. નારદજી બુદ્ધિના કોટા હવે સ્ટોકમાં છે જ નહિ હુ શું શી રીતે તે સ્ત્રીઓને આપીશ!

"ઓહ ગોડ, તમે તો નર માન-વોને માથે બહુ મોટી આફત સર્જી બેઠા છો. કંઈક બીજી વૈકલ્પીક વ્યવ-સ્થા કરવી પડશે નહિ તો કર્યા કરાવ્યા પર પાણી ફરી વળશે. તમે એક કામ કરો મી. બ્રહ્મજી હું આબાબતમાં હવે શું કરવું તે અંગે પ્રભુ સાથે ચર્ચા કરીને તમને ફરી રિંગ કરું છું 'ઓકેબાય'?

"બ્રહ્માજી ખુદ વિચારે ચડી ગયા એમણે તો સપને કલ્પ્યું ન હોતું કે આવડી અદ્દભુત સુંદરતા બક્ષા પછીએ પુરુષની નજરમાં સ્ત્રીની કિંમત કોડીની નહિ રહે.

થોડી વાર પછી એમણે ખુદ ઇશ્વર સદનમાં ફોન જોડયો.

'હેલો હું મી. બહમાજી બોલું છું જી આપ કોણ છો? અરે પ્રભુ તમે? નમસ્તે નમસ્તે પ્રભુ ગુડ આપ્ટર નુન! હાં બોલો બહમાજી શી વાત છે. નારદજી કહેતા હતા કે તમે સુષ્ટિના સર્જનમાં કોઇ બહુ ભુલ કરી બેઠા છો?

'જીહાં કાંઇક એવુ જ થયુ છે. પ્રભુ સ્ત્રીઓને ફકત સૌદર્ય આપી શકાયુ

છે. બુદ્ધિ નહી ! હવે શુ કરવુ તે સમજાતુ નથી !

ચિન્તાનું કારણુ નથી મી. બ્રહ્માજી તમે એક કામ કરો ! 'જી. આજ્ઞા કરો પ્રભુ !'

પુરૂષેમાં થેડુ કામ પ્રમાણુ મુકી દો, થોડી આશકિત મુકી દે..'

'જી કામ પ્રમાણુ ?'—

નહી સમજ્યા કામ વાસના વિષય વાસના એ તો સ્ટોકમાં છે ને ?

હા એ તો ભરપુર છે. પ્રભુ પણુ એમ થવા છતાં સફળતા મળશે ખરી. બ્રહ્માએ સહેજ શંકા કરી પ્રભૂ હસ્યા ?

સફળતા સો ટકા મળશે. તે વિષય મને કોઇ શંકા નથી. એમ સમજો કે તમારી બધી મુશ્કેલી દૂર થઇ જશે. સ્ત્રીના સૌંદર્યા માનવો એવા આસકત રહેશે કે તેની બુદ્ધિ ઊણુપની ય તેને ખોટ સાલસે નહી અને આટલુ કરશો. પછી ત્યારે કાંઇ કરવાનુ રહેશે નહિ અને નવો માનવ સૃષ્ટિ ઉત્પન્ન કરવા તમારે કોઇ જ પરિશ્રમ ઊઠાવવો નહિ પડે તમારી બધિ જવાબદારી તેઓ ઊપાડી લેશે એમ સમજો કે સ્ત્રી અને પૂરૂષ ભેગા મળી સૃષ્ટિ સર્જવા માટે સ્વયમ સંચાલીત યંત્ર જેવાં બની રહેશે તમારી ચિન્તા સદાને માટે દુર થઇ જશે 'ખુબ ખુબ આ ભાર...પ્રભુ, થેંકયુ વેરી મચ' યુ. આર. મોસ્ટ વેલકમ એન્ડ બેસ્ટ ઓફ લક' !

મી. બ્રહ્માણુએ ખુબ સુરત સ્ત્રીઓનુ સૌંદર્યની કિમત ઉપજાવવા પુરુષોની આંખોમાં કામવાસનાનું અંજન કર્યુ. તેમને આ શકિત આપી અને સાચે જ ચમત્કાર થયો બુધ્ધિ વિહોણી સ્ત્રીઓ પાછળ પુરુષો પાગલ બની ભમવા લાગ્યા મી બ્રહ્માની એ ભુલ એ રીતે સુધરી ગઈ પરંતુ મી. નારદજીની કલ્પના અનુસાર સ્ત્રીઓની બુધ્ધિ શકિતના વિકલ્પે સૌદર્ય શકિત આધુનિક નર માનવોને બહુ ભારે પડી ગઇ આ રીતે બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યુ હતુ.







✻ આશીર્વચન ✻

શારદા બહેન એચ. પટેલ
(હાયર સેકન્ડરી)
એદલપુરાકમ્પા

સ્વામી સમર્થ ગુરૂ રામદાસનો એક નિયમ એવો કે ભિક્ષાર્થે માત્ર બે ત્રણ ઘર ફરવાં અને એમાંથી જે કંઇ પ્રાપ્ત થાય એનાથી દિવસ પૂરો કરવો અપરિગ્રહવ્રત એમણે આ રીતે ભિક્ષાની બાબતમાં પણ અપનાવ્યું હતું અને અપરિગ્રહવ્રત ને યથાર્થ બનાવ્યું હતું

એમનામાં ક્ષમાવૃત્તિની માત્રા પણ સવિશેષ હતી ક્રોધ રોષ કે ગુસ્સા ની લાગણીનો પ્રાદુર્ભાવ કદાપિ પોતાના માં થાય નહિ એ વાતનું સતત તેઓ ધ્યાન રાખતા.

એક દિવસ રામદાસે પોતાની કુટિરમાંથી નીકળી ગામમાં એક ઘરનું બારણું ખખડાવ્યું ત્યારબાદ પ્રતિક્ષા કરતા તેઓ શાંતથી ઉભા રહ્યા ઘરની માલિકણ આવખતે જરા ક્રોધાવેશમાં હ[?] એને એમાં ગુરુ રામદાસે બારણું ખખડાવીને કરેલા અવાજે અગ્નિમાં હોમાતા ઘીનું જાણે કામ કર્યું અને એ સ્ત્રીનો ક્રોધ ચિનગારી મટી દાવાનળ બની બેઠો આ સ્ત્રી ભીના પોતાથી ત્યારે ઘરનો ચોક સાફ કરતી હતી એણે પોતું કરતાં કરતા મનમાં બબડવા માંડયું રોજ રોજ આવા મુંડકાઓ ભીખ માગવા આવ્યા જ કરે છે. ભલે બારણું ખટખટાવે મારે બારણું ઉઘાડવુ જ નથી ! થાકીને એની મેળે ચાલ્યો જશે પણ બીજી ક્ષણે એને વિચાર આવ્યો કે ના ના એમ કરવાથી એને કશો બોધપાઠ નહિ મળે આજે તો એવો બોધપાઠ નહિ. મળે. આજે તો એવો બોધપાઠ ભણાવવો છે કે અહીં આવવાનું જ ભૂલી જાય અને તેણે પેલા ગંદા અને પાણીથી ભીના થયેલા પોતા સાથે બારણા નજીક આવી બારણું ખોલ્યું અને ખુબ જોરથી પોતું સ્વામી રામદાસ પર ફેંક્યું.

સ્વામી રામદાસ આથી જરાય ગુસ્સે થયા નહિ પોતાથી એમનું મોં પાણી પાણી અને ગંદુ થઇ ગયું છતાં એમણે એસ્ત્રી તરફ જરાયે રોષ ન દર્શાવતાં શુભ વચનો જ ઉચ્ચાર્યાં 'તારૂ કલ્યાણ થાવ મૈયા' ! અને એટલુ કહી પ્રસન્ન ચિત્તે તે ત્યાંથી પાછા ફર્યા સાથે પેલું પોતું લઈને નદી કિનારે આવી સ્વામી રામદાસે નદીનાં ઓછાં નીરમાં એ ગંદુ એ મેલુ પોતુ સાફ કર્યું અને એક વૃક્ષ પરતે સુકવી દીધું તે સુકાઇ રહેતાં ખૂબ જ સંતોષ અને પ્રસન્નતાથી પોતું હાથમાં લઇ પોતાના નિવાસ સ્થાન તરફ ચાલ્યા.

સાંજની આરતી સમયે એમણે એ પોતામાંથી દીવેટો બનાવી સળગાવી ભગવાનની આરતી ઉતારવા માંડી અને આરતીની સાથે ઘંટડી વગાડતાં બોલવા લાગ્યા ' હે પ્રભુ ! જે રીતે આ દીવેટો અહીં ચાપાસ પ્રકાશનાં પ્રાણુવાન કિરણો ફેલાવી રહી છે એ જ રીતે, મારા નાથ તું મને આ પોતું અપનાર એ પરમ દયાળુ માતાના હૃદયને પણ પ્રકાશવાન બનાવજે સર્વ રીતે એનું કલ્યાણ કરજે એ કલ્યાણથી માતાનું કલ્યાણ થાય એજ મારી તને એક પ્રાર્થના છે.

ઘરને આંગણે બેઠેલી પેલી સ્ત્રીને તો કદાચ ખ્યાલ પણ નહિ આવ્યો હોય કે પોતા ફેંકેલ પોતા પોતાનો ઉપયોગ સ્વામીજી આવા પવિત્ર કાર્યમાં કરશે.

છે છતાં નથી

૧ ચંદ્રકાન્ત કાંઇ કાંન્ત નથી.
૨ રણછોડ કાંઇ છોડ નથી.
૩ ઇશ્વર કાંઇ શ્વર નથી.
૪ આંકડું કાંઇ કડું નથી.
૫ મગજ કાંઇ ગજ નથી.

સંકલન : નરસિંહભાઇ એચ. પટેલ
તખતગઢ

સાચી સમજણ *

—સુસીલા સી. પટેલ

માનવી બનતા નથી. તેમને ઘડવા પડે છે. મા-બાપ પોતાના સંતાનોને સાચા સંસ્કાર આપે છે. અને આપતા કમીના રાખતા નથી. પણ સંતાને જિંદગી કેવી બનાવવી તે તેના હાથની વાત છે જેમ સોનું તપે ને પછી ટીપાય તેના ઘાટ નીકળે છે તેમ માણસનું પણ તેવું જ છે. માણસને પણ થોડા અનુભવીની જરૂર છે. વડીલોના પ્રેમઅશ્રુ જેવો કોઇ ઉત્તમ અભિષેક સંતાનોનાં શ્રેય માટે નથી. બાળક વડીલે નું એકાદ સારું લક્ષણ વિટસાવે તો સમાજમાં લક્ષ્યબિંદુ બની જાય. દુનિયામાં જેટલુ માન પૈસાને મળે છે તેથી વધુ આદર્શને પણ માન મળે છે. સોનું કયારેય કથતુ નથી. મા-બાપ પોતાનાં સંતાનોને અણમોલ ભેટસુસંસ્કારોની સમજ આપે છે.

કાવ્ય

અશોક બી. પટેલ, (S.Y B.com.)
C/o. શ્રી લક્ષ્મી ટીમ્બર માર્ટ, ધનસુરા

" ભાઇ કહું શું ના કહું.
વિરહ મુજતણો તુને કેમ કહું,
વિતાવ્યા જે દિવસો સાથ.
હસતાં રમતાં ભીડતાં બાથ,
પકડવા દોડો જાતાં તુજને.
ભાગી જાતો છોડો મુજને,
જોઇને હું તારી આ મસ્તી.
ભૂલી હું જાતો મારી મસ્તી,
નથી દૂર થાતા એ નયનો સમથી.
બાળક્રીડા કરતાં તુજને.
આ સર્વ યાદ આવતું મુજને,
દુર રહી એ સર્વ ઘડિયાં
હવે તો એનાથી પણ વિખુટા પડિયા,
વહાવું છું અશ્રુ તારી યાદમાં.
અશ્રુ પણ હવે નથી રહેતાં મર્યાદમાં,
દીન દયાળને પ્રાર્થે તારો ભાઇ એજ કે.
આપે ચિરશાંતિ તુજતણા આત્માને "
"આજ વિદાય તણા પ્રસંગે,
વિરહ શું કહું શું ના કહું
વિતાવ્યા જે દિવસો આપ સાથે
તરવરે છે નયનો સમથી
અજ્ઞાનને દુર કરી જ્ઞાન રેલાવીયું
મનને પુલકિત કરી આનંદ અર્પીયુ
વિદ્યાતણું પયપાન દઇ
લીધી જેમણે સ્કૂલમહીં વિદાયતણી
તેમને અર્પું છુ આશ દીર્ઘાયુતણી"

સમાચાર દર્શન

શ્રી યોગેશ્વર યુવક મંડળ, કાશીપુરાકંપા

કાશીપુરાકંપામાં જાદુગર શ્રી પ્રો. કેડીલાના અદ્દભૂત પ્રયોગો

સાબરકાંઠ જીલ્લાના હિંમતનગર તાલુકાના કાશીપુરા કંપામાં તા. ૫-૨-૮૩ના રાત્રે ૮-૩૦ કલાકે શ્રી યોગેશ્વર યુવક મંડળે એક મનોરંજન કાર્યક્રમનુ આયોજન કર્યું હતું. જેમા આપણી સમાજના અને હાલ મોડાસાના વતની પ્રો. કેડીલાએ સતત સાડ ત્રણ કલાક સુધી અદ્દભુત જાદુ ના પ્રયોગો બતાવી લોકોને આશ્ચર્ય મુગ્ધ બનાવી દીધા હતા.

આ મનોરંજન કાર્યક્રમનુ પ્રમુખસ્થાન શેઠશ્રી નાનચંદ હિરાચંદ (સાઠંબા) વતી પટેલ અરજણભાઇ (વિલાસપુરા) એ દિપાવ્યુ હતું શ્રી સવદાસ બાપા પરિવાર (કાશીપુરા) વતી વાલજીભાઈ એસ. પટેલ (મહાવિર વિજય સોમીલ) દિપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરી હતી.

શ્રી શામજીભાઇ પટેલ (નિકોડાકંપા) શ્રી વિઠ્ઠલભાઇ પટેલ (ચંદ્રપુરાકંપા) વિઠ્ઠલભાઇ પટેલ (સરપંચશ્રી પુનાલ) હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સ્વાગત પ્રવચનમાં યુવક મંડળના મંત્રીશ્રી ચંદુભાઇ પટેલે યુવક મંડળની પ્રગતિનો અહેવાલ આપ્યો હતો.

ગામના વડીલો અને યુવક મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

અંતમાં પ્રો કેડીલાને સૌએ અભિનંદન પાઠવ્યા હતા અને તેઓ વધુને વધુ પ્રગતિ કરે તેવી આશા વ્યકત કરી હતી. મોડાસા પ્રગતિ મંડળના સભ્યોનો પણ ગામ લોકોએ ખૂબ આભાર માન્યો હતો.

મંત્રી
શ્રી યોગેશ્વર યુવક મંડળ
કાશીપુરાકંપા

શ્રીમદ્ ભગવાન સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

અત્રે તખતગઢ નજીક તા. પ્રાંતિજના રામપુરાકંપામાં પટેલ અરજણભાઈ શામજીભાઇને ત્યાં પરમ પૂજ્ય સ્વામીશ્રી કૃષ્ણાનંદજી મહારાજ વેદાન્ત આશ્રમ વલાદવાળાના વ્યાસપીઠ પદે ઉપરોકત સપ્તાહનો પ્રારંભ તા. ૨૧-૨-૮૩ના રોજ તેમજ પુર્ણાહુતિ તા ૨૭-૨-૮૩ના રોજ કરવામાં આવી હતી.

હજારો ભાવિક ભાઈ-બહેનોએ કથાને રસાસ્વાદ માણ્યો હતો:

યોગેશ્વરો વિજયતેતરામ્

વયસ્થ સંચલન-સાબરકાંઠા

મોડાસા તા ૧૮-૨-૮૩

મોડાસાની ધરતી આજે ધન્ય બની રહી હતી. જમ'ની જેના માટે ઝંખે છે તે મહાપુરૂષનાં ચરણકમળ ચુમવા આધારી તળાવના મેદ નની રજ રાહ જોઇ રહી હતી.

પરમ પૂજ્ય દાદાની વયસ્થ સંચલન દ્વારા ચ લતી યુગ પરિવર્તનની પ્રક્રિયાને પિછાનેલ સ્વાધ્યાય પરિવારે સંઘ-શક્તિનો પરચો સાબરક ઠાના આ વયસ્થ સચ-લનમાં બતાવી આપ્યો

મહેસાણા, બનાસકાંઠા, અમદાવાદ શહેર, જીલ્લો, પાટીદાર ગ્રુપ, મુબઇના ભાઈ-બહેનો તેમજ સ્થાનિક ભાઇબહેનોએ પોતાને કાર્યક્ષેત્ર માટે મળેલ તાલુકાઓમાં ચારેક માસથી ઝંપલાવી દીધું હતું.

હનુમાન કુદકો મારીને કરેલા કાર્યના પરિણામે ૧૮ ફેબ્રુઆરીએ કાય ક્રમ સ્થળે સ્વાધ્યાય સાધનાની સિદ્ધિનાં દર્શન થયાં હતાં.

મોડાસા નગર પંચાયતના પ્રમુખ શ્રી (દાઉદભાઇ) મુસ્લિમ બિરાદર હોવા છતાં વયસ્થ સંચલનના કાર્યક્રમની પૂર્વ તૈયારી માટે દિલથી લાગી ગયા હતા. રસ્તાપરનું ગટરનું ચાલુ કામ છ મસે પણ પુરૂ ન થય તે કામ પુરૂ કરવા રાત દિવસ યંત્રો કામે લગાડયા હતા.

મોડાસા કોલેજ ગ્રાઉન્ડ તેમજ આંબાવાડીયાનું મેદાન એ બન્ને સ્થળો સવારના ૯-૩૦ થી બસો, ટ્રકો, ટ્રેલરો મારફતે ભરાવા લાગ્યાં હતાં, બપોર સુધી તો મોડાસા માનવ મહેરામણથી છલકાવા લાગ્યુ હતું, મેદાન પર પહોંચવા ઉત્સુક ૪૦ હજાર વયસ્થે તેમજ શ્રોતા વર્ગ લીલી ઝંડી મળતાં "હમારી શક્તિ, કૃષ્ણકી ભક્તિ" "યોગેશ્વરકા યહ પરીવાર લાયા હૈ ગીતા કા વિચાર" "ગાંવ ગાંવ મે નારા હય પાંડુરંગ હમારા હય" ઇત્યાદી પ્રેરક સુત્રોચ્ચાર કરતાં કરતાં નગર યાત્રા રૂપે બન્ને તરફથી કાર્યક્રમના મેદાનમાં નીદર્શિત સ્થળોએ ગોઠવાવા લગ્યાં હતાં.

ચારેક વાગ્યાથી ભાવગીત શરૂ થઇ ગયાં હતાં. ૪-૩૦ સુધી આધારી મેદાન (જે પુરુ ભરાય તેવી શકયતા જ ન હતી તે) હકડે ઠઠ ભરાઇ ગયું હતુ. બરાબર ૪-૪૫ વાગ્યે "અમે વયસ્થ સંચલન કરવા આવ્યાં" એ ગીત ગવાતું હતુ ત્યારે

પરમ પૂજ્ય દાદા પધારતાં જ "ધમ ધમી રહી ધરા ગરજી ઉઠયું ગગન" ગીત શરુ થયુ. પ, પૂ. દાદા વયસ્થા વચ્ચે ખુલ્લી જીપમાં અભીવાદન ઝીલતા ઝીલતા હજારોને ભાવપુષ્ટિ અર્પી પાછા ફર્યા, સંસ્કૃતિ ધ્વજ લહેરાવીને વ્યાસપીઠ પર પધાર્યા, સંસ્કૃતિ જીર્ણોધ્ધારના સંકેતના પ્રતિક તરીકે સહુએ સાથે ત્રિકાળસંધ્યા અને બે સ્તોત્રોનું પારાયણ કર્યું ત્યારબાદ પરમ પૂજ્ય દદાએ યુગપલ્ટાનો પ્રેરક સંદેશ આપતાં જણાવ્યું હતું કે સ્વાધ્યાય પરિવાર માનવ જીવનમાં જ્ઞાન, ભકિત, સમતા અને બુદ્ધિ પ્રામાણ્ય દ્વારા ચૈતન્ય પ્રગટાવવા માગે છે– ગરીબી–મદદએ શબ્દો ભકિતની શકિતથી જવા જોઇએ. તે માટે ભારતિય સંસ્કૃતનાં ઉચ્ચત્તમ મૂલ્યો, મંદિર, એકાદશી, યાત્રા, ભકિત, અધ્યાત્મ વિગેરેનો જીર્ણોધ્ધાર કરી પોતે અપનાવીને વિશ્વને આપવા માગે છે.

ગંગાના પવિત્ર જળ માટે ૫૦૦માઇલ પાછા જવું પડે તેમ જીવંત જીવન ઊભું કરવા વૈદિક કાળ તરફ નજર નાખવી પડશે. વૈદિક વિચાર ધારાથી વ્યકિત જીવન બદલશે અને સમાજ જીવન સ્વસ્થ થશે–તેથી ઋષિ ચિંધ્યા રાહે આપણે ચાલીએ છીએ.

આજે માનવ સમાજમાંથી કૃતજ્ઞતા જતાં ભાવસબંધો તુટવા લાગ્યા છે એનાં પરિણામો કુટુબજીવન સમાજજીવનને રાષ્ટ્રજીવનમાં જોવા મળે છે ત્યારે માનવતાની મુળવાત–કૃતજ્ઞતા ઊભી કરવા માટે આપણે ત્રિકાળ સંધ્યા ઊપાડી છે.

યુવા શકિતમાં ઇશ અસ્તિત્વ, ઇશ સાનિધ્ય અને ઇશ સંબંધનું જ્ઞાન થતાં ખોપરીમાં ખુમારી આવશે.

ઇશકલાની કદરથી આદર ઊભો થતાં–ને આદરથી ઊભી થયેલ ભકિત દ્વારા રકત સર્જક સંબંધના નાતે એક જીલ્લાવાળા બીજો જીલ્લામાં, એક રાજયવાળા બીજા રાજયમાં ને એક દેશવાળા બીજા દેશમાં જવા લાગ્યા છે.

ભણેલ, અભણ, શહેરી–ગામડીયા, તવંગર–ગરીબ, જૂનીપેઢી કે નવીપેઢી, કહેવાતો ઉપલો વર્ગ કે નીચલા વર્ગ વચ્ચે વધતી ખાઇ પુરાઇને સાચી સમાનતા ઊભી થવા લાગી છે.

બુધ્ધિ પ્રામાણ્ય હોવાથી આ માટે ? નો વિચાર કરીને સ્વાધ્યાયી પ્રામાણિકતાથી કામે લાગે છે મૂર્તિપુજાનુ મનો વૈજ્ઞાનિક મહત્વ સમજીને ભગવાન પાસે વર્શીપને સમાજમાં રીલેશન શીપ માટે દોડવા લાગેલ છે. ઋષિઓએ ઊભી કરેલ ભારતીય સંસ્કૃતિનો ધ્વજ સ્વાધ્યાય પરિવારે પાછો લહેરાવ્યો છે:–

પ. પૂ. દાદાના પ્રવચન પછી યોગેશ્વરની આરતી વખતે હજારો બહેનોએ દિપક પ્રગટાવ્યા હતા અને છેલ્લે મશાલ-ગીત વખતનુ દશ્ય તો અવિસ્મરણીય હતું.

"જગતને જ્ઞાન પ્રકાશમાં આવરી લઈશું જ" એ સંકલ્પ કરતા સેંકડો મશાલ ચીઓને નીરખીને પ. પૂ. દાદા પણ ભાવ યુકત આનંદોર્મિમાં જણાયા હતા.

આ વયસ્થ સંચલનમાં કેટલીક ખાસિયતો તરી આવી હતી.

★ જીલ્લાની શાળા મહાશાળોઓના શિક્ષક ભાઈ બહેનો નિઃસંકોચ કાર્યક્રમમાં આવી શકે તે માટે શિક્ષણ ખાતા તરફથી રજા પાળવાનો અથવા શાળાનો સમય બદલાવવાનો ઠરાવ કરીને સરકયુલર મોકલવામાં આવેલ જેથી સંચલન જીલ્લાનો જાહેર ઉત્સવ થઈ ગયો હતો.

★ વયસ્થોના આવેલ નામોમાંથી કાર્યક્રમ વખતે અમુક ટકા ઓછા આવવનું-જુના અનુભવોના બદલે, આવેલ નામ કરતાં સવાયા ઉપરાંત વયસ્થો ઉપસ્થિત રહ્યા હતા.

★ ચાર માસ પહેલાં જયાં સ્વાધ્યાયનું નામ નિશાન ન હતુ તેવા દુરના તાલુકાઓમાંથ-ધારેલી સંખ્યામાં વયસ્થો આવી શકયા એ આપણા કાર્યની સંઘ શક્તિ અને "યોગેશ્વર સથવારે દોડે" પ્રતિક હતુ.


★ જીલ્લાની ભૌગોલિક પરિસ્થતી મુજબ અહી વિજયનગરના જંગલવાસીઓ હતા તો શહેરના પણ હતા, અભણ આદિવાસીઓ હતા તો એજયુકેશન પામેલ પ્રોફેસરો, ડોકટરો પણ હતા કંપાના પાટીદાર ખેડુતો હતા તો શહેરના શેઠીયા પણ હતા.


"જંગલ કે ઝુંડીએથી, ખેતર કે વાડીએથી, ધરતી કે પહાડીએથી આવેલ પ્રભુપ્રેમના પ્રતિક સમા માનવ સમુહના દર્શન અહી ઉપલબ્ધ થયાં હતાં (આકાશને આંબતા ૨૭ નક્ષત્ર સમુ ૨૭મુ વયસ્થ સંચલન આ રીતે અનોખી ઝાંખી કરાવી ગયેલ છે.)

અવસાન નોંધ


ટીંબા:તલાવકંપા તા. પ્રાંતિજ નિવાસી પટેલ મેઘજીભાઈ લધાભાઈ સેંગાણી (કચ્છ વિથોણવાળા) નું ટુંકી માંદગી બાદ અવસાન ગત તા. ૨૬–૨–૮૩ ના રોજ થયું હતું. પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.

અત્રે ખીલોડીયા કંપા, તા. પ્રાંતિજના રહીશ સ્વ. દાનાભાઈ પ્રેમજીભાઈ છાભૈયા કચ્છ–ભડલી)નાં ધર્મ પત્ની માંનબાઈનું ગત તા. ૬–૩–૮૩ના રોજ દુઃખદ અવસાન થયું છે પ્રભુ સદ્દગતના આત્માને તેમજ પરીવારજનોને શાંતિ અર્પે એજ અભ્યર્થના.


realpatidar.com
અમદાવાદમાં કાપડ ના
—અદ્યતન શો રૂમ
STAPLE
EMPORIUM
સ્ટેપલ
એમ્પોરિયમ
શુટીંગ * શટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ
તેમજ મશ્હુર મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.
પ્રોપ્રાઈટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
કેલીકો ડોમ નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧
યોગ ફાર્મ, શીવપુરા કંપા
પોસ્ટ નપુરમોરા તા. જિ. ગાંધીનગર
realpatidar.com




સો મીલ
માલીકો માટે
ખુશખબર
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
શાર્પનીંગ
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ
સ્થિર રહે છે. અને
બેન્ડસો બ્લેડ ચાલે છે
● ઝડપી અને સફાઇદાર વહેરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩


realpatidar.com
LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં. ૮૨૬૫૫૧ ૮૨૬૫૫૨ ૮૨૬૪૪૭ ૩૭૪૪૭૧
બેન્ડ સૉ એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.
realpatidar.com

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ
તરફથી

સેવા, સંગઠન અને સહકારના ઉચ્ચ આદર્શ
રજુ કરતું પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ)

વર્ષ : ૨૫ એપ્રીલ–૧૯૮૩

卐 જાગૃતિ 卐

માસિકના નિયમો *

દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.

વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂ. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૨૦૧) પરદેશમાં રૂ. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.

પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.

કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.

લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.

લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.

કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.

દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલાં તકે મોકલી આપે.

○ "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સુચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ -પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ -તંત્રી.
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M.Sc
તલોદ.

શ્રી અરજણભાઈ વી. પટેલ, એદલપુરાકંપા

* માસિક અંગે માહિતી *

પ્રકાશન : શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ

પકાશન સમય : દર મહિનાની પંદરમી તારીખ સાબરકાંઠા

" સોળમી " અન્ય વિસ્તારો

મુદ્રક : કાન્તિલાલ કે. પટેલ

પ્રકાશન : વિશ્રામભાઈ એન પટેલ

નાગરિકત્વ : ભારતીય


ઠેકાણું : પટેલવાડી, તલોદ રોડ, ધનસુરા-૩૮૩૩૧૦
તા મોડાસા જિ. સાબરકાંઠા.

સંચાલન : શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ

હું પટેલ વિશ્રામભાઇ નથુભાઇ આથી જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

પ્રકાશકની સહી વિશ્રામભાઇ એન. પટેલ

P T O



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

●

જન્મ : સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ : સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ



અનુક્રમણિકા

કચ્છની પવિત્ર ધરતી ઉપર માનવજીવનની ઉત્થાન અને ધર્મ પ્રચારાર્થે શ્રીમદ્ રામ પારાયણ જ્ઞાનયજ્ઞ

નેત્રા (માલાજીના) કચ્છ

શ્રી કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ નેત્રાના આયોજન મુજબ આગામી તા ૧૯-૪-૮૩ ચૈત્ર સુદ ૭ થી તા. ૨૭-૪-૮૩ ચૈત્ર સુદ ૧૫ સુધીના દિવસોમાં શ્રી સ્વામી નારાયણ સંપ્રદાયના લોક પ્રસિધ્ધ સંત પુરાણી શ્રી જગપ્રકાશદાસજીની મુખેથી જ્ઞાનામૃતનું પાન કરાવશે. સાથે સાથે પ્રસંગોચિત વિષ્ણુયાગનું આયોજન પણ કરવામાં આવેલ છે.

તેમજ તા. ૨૬-૪-૮૩ ના શુભ દીને અમદાવાદ પીઠાધિપતી ધર્મધુરંધર પ પુ. આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ તેજેન્દ્ર પ્રસાદજી પધારશે,

તો ઉપરોકત જ્ઞાનયજ્ઞનો લાભ લેવા સર્વ ધર્મપ્રેમી જનતાને હાર્દિકઆમંત્રણ છે.

તંત્રી સ્થાનેથી

ગુરુ મહિમા

જીવન વિકાસને માર્ગે પ્રગતિ કરવા ઇચ્છનાર માનવના જીવનમાં ગુરૂ એ સોમિયો છે. સ્ત્રી પુરુષોને તેમના લગ્ન પ્રસંગે તેમના સંબંધનું પવિત્ર્ય સમજાવી વેદ મંત્રો ઉચ્ચાર દ્વારા અગ્નિની સાક્ષીએ તેમને ગૃહસ્થાશ્રમની દીક્ષા આપનાર જેમ ગોર કહેવાય છે તેમ જીવને શિવ જોડે ઓળખાણ કરાવનાર તેની સાથે યોગ સાધવાની કલા શીખવનાર માર્ગદર્શક ગુરૂ કહેવાય છે.

ગુરૂની જીવનમાં આત્યાંતિક જરૂરિયાત છે. ગુરૂપુજા એ ભારતીય સંસ્કૃતિનું એક સુગંધી પુષ્પ છે. તેની મહત્તા ન સમજનાર લોકોએ તે પુષ્પને ચીમળી નાખ્યું છે. અને તેથી જ આજે તેમાંનું સૌંદર્ય અને સુવાસ નષ્ટ થયાં છે.

ગુરૂ વગર જ્ઞાન મળે નહિ. એનો અર્થ એ કે ગુરૂ આપણને આપણો વિકાસ અને અધિકાર જોઇને જ્ઞાન આપે છે. કારણ કે યોગ્યતા વગર મળેલી વિદ્યા પચતી નથી પણ ફુટી નીકળે છે ન પચેલું અન્ન જેમ દુર્ગંધ નિર્માણ કરે છે તેમ ન પચેલુ જ્ઞાન પણ જીવનને દુર્ગંધી બનાવે છે

આપણા દેશમાં ઘણાય મહાન સંતો થઇ ગયા પણ ગુરૂ વિના કોઇ પાર પહોંચ્યા નથી. ગુરૂ ને લીધે જ યશસ્વી બન્યા છે. આવુ ગુરુત્વાકર્ષણ જે મહાપુરુષના જીવનમાં નિર્માણ થયું છે તેને કોની ઉપમા આંપી શકાય ?

તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે અનેક જન્મના પુણ્યથી મહાપુરુષનાં દર્શન થાય છે. ખરેખર તો ગુરુના આપણા ઉપર અસંખ્ય ઉપકારો છે. તેને આપણે ભુલીને ફરીએ છીએ આપણને અજાણ્યા પ્રવાસમાં કોઇ રસ્તો બતાવે તો તેનો ઉપકાર પણ ન ભુલવો જોઇએ તો પછી ગુરુ તો આપણા જીવન પ્રવાસના માર્ગ દર્શક છે તેને આપણે કેમ ભુલીએ. દુનિયામાં કેટલાય સંબધે છે ભાઇ બહેનનો પિતા પુંત્રનો, પતિ-પત્નીનો, પણ દરેક સંબંધમાં કંઇને કંઇક તો સ્વાર્થ હોય જ છે. પિતા પુત્રને લાડકોડથી ઉછેરે છે પણ તેને એમ જ હોય કે મારો દિકરો મોટો બને મારું નામ ઉજ્જવળ બનાવે અને વૃધ્ધાવસ્થામાં મારી સેવા કરશે મને સંભાળશે તેથી જ તેને પ્રેમ કરે છે પણ ગુરૂ તો નિઃસ્વાર્થ ભાવે જ શિષ્યને પ્રેમ આપે છે. ગુરૂને શિષ્યમાં જરાયે આશક્તિ નથી ગુરૂ તો આખા વિશ્વને માટે પોતાના જીવનનુ બલિદાન આપે છે. પારસ લોઢાને સોનુ બનાવે છે પણ પારસ બનાવતો નથી પણ 'ગુરૂપ્રસાદ' જો પામે તોતો શિષ્યજગુરું થઇ જાય આવો અજોડ ગુરૂનો પ્રેમ છે. ગુરુના તો જેટલા ગુણગાન ગાઇએ તેટલા ઓછા છે.

ભાવગીતમાંથી સાભાર

સમયની સભાનતા *

મંજુલાબેન મુળજીભાઇ પટેલ
ટીમ્બાકંપા

અરેરે...... સમય કેમ ચાલ્યો જાય છે તેની ખબર પણ પડતી નથી. સાપ કરતાં પણ સમય વધુ ચુપકીદીથી સરકી જાય છે. સેકન્ડ, મિનિટ, કલાક દિવસ, માસ, વરસ એ બધા કોઇપણ જાતનો અવાજ જાહેરાત કે ડોળ વિના પસાર થઇ જાય છે.

સમયની અનંત સવારી આમ ચાલી જાયછે પણ પાછી આવતી નથી. આપણે પણ આવી રીતે સરી જતી સવારીથી પુરેપુરા સભાન છીએ. એ પછી નહિં જ આવે તેનું પણ પુરું ભાન આંપણને છે. અને એટલે જ આપણે ચોઘડીયા જોઇએ છીએ. કાંડા, દિવાલથી માંડી મિનારાઓ સુધી ઘડિયાળો ટાંગીએ છીએ. દિવસને, રાત્રિને, અઠવાડીયાને, વર્ષને કે દાયકાને તે આવે ત્યારે અને જાય ત્યારે મોટા સમારંભ સમયની મહત્તા વિષે આપણે સાથે જાહેર કરીએ છીએ. આટલા બધા સભાંન હોવા છતાં આપણામાંના કેટલાક સમયનો સદ્ઉપયોગ કરે છે તેનું એક દૃષ્ટાંત નીચે પ્રમાણે છે.

એક ભરવાડણ દૂધનું બોઘણું ભરી શહેરમાં વેચવા જતી માર્ગમાં તેના પ્રિયતમનું ખેતર આવતું ત્યાં વડલા નીચે બેસી બે ઘડી બન્ને પ્રેમગોષ્ટિ કરતાં. જતાં જતાં ને પ્રિયતમનો લોટો દૂધથી છલકાવી જતી અને બાકીના દૂધને વેચી તે પાછી વળતી આમ દરરોજ ભરવાડણની ક્રિયા ચાલતી હતી એકવાર ભરવાડણ પાછી વળતા તેને તેની સખી મળી તેને પુછ્યું કેટલું દૂધ વેચ્યુ તો ભરવાડણે જવાબ આપ્યો કે સાત રૂપિયાનું તો સામી બહેને ફરી પાછું કહ્યું કે. 'વાહ' ઘણું કમાંઇ અને તારા પરણ્યાને કેટલું પાયુ એણે મલકાઇને જવાબ આપ્યો એતે કાંઇ માપવાનુ હોય ? પ્રેમમાં પૈસાની ગણત્રી શી ?

તો જુઓ આ દુન્યવી પ્રેમમાં પૈસાની ગણત્રી ન હોય તો પ્રભુનાં અલૌકિક પ્રેમનું મૂલ્ય તો કયાથી થાય ? અને આવો પ્રેમ પામવા માટે વિતાવેલા સમય કરતાં વધુ ઉચ્ચ સમયનો સદ્ઉપયોગ બીજો કોઇ હોઇ શકે નહીં.

કથા દરમ્યાન પૂ મોરારી બાપું સાંભળનાર સૌને અવાર–નવાર સમયનો સદુપયોગ માટે ભાર મુકીને કહે છે કે સમયનો સદ્ઉપયોગ કરો. જે શબરીએ કર્યો, મીરાંએ કર્યો, ગોસ્વામી તુલસીદાસ અને કબીરે કર્યો અને પરમ સંત રણછોડદાસજી મહારાજે પણ કર્યો.

એક વાત બરાબર યાદ રાખો સમય કયારે સાપની માફક સરી જશે તેની ખબર નહીં પડે સમયનો સદ્ઉપયોગ કરનારજ સમયનું મુલ્ય સમજી શકે છે. તેથી આપણે બધાએ અમુલ્ય સમયને વેડફી ન નાખતાં ખરેખર સમયનો સદ્ઉપયોગ કરવો જોઇએ.

"સફળતાનો માર્ગ"

લેખક :
ભારતીબેન રમણલાલ પટેલ
તખતગઢ-પ્રતાપપુર

સફળતાનો માર્ગ વાંકોચુકો છે. અઘરો છે. તે માર્ગપર જવામાં સાવધની રાખવી પડે. એકસીડન્ટ ન થાય તેનો ખ્યાલ રાખવો પડે તેની તદન બાજુમાં રહેલ નિષ્ફળતાની ઉંડી ખીણમાં ગબડી ન પડાય તે જોવું પડે અને આ ખીણમાં પડી જવાય તો પણ ફરીથી ઉભા થઇ સફળતાના માર્ગ પર જવાની તૈયારી રાખવી પડે સફળતાના રસ્તા પર આગળ વધવામાં ઘણી મુશ્કેલીઓ રહેલી છે.

તમે જ્યાં સુધી કેઇ બાબતમાં સફળ નહી બનો ત્યાં સુધી લોકો તમારું મહત્વ સ્વીકારશે નહી તમારા પ્રયત્નોને નિષ્ફળ બનાવવાના પ્રયત્નો થશે તમને આગળ ન આવવા દેવા માટે સઘળા પ્રયત્નો સમાજ કરશે કારણકે તમે સફળતાનો સૂર્ય સમાજને બતાવ્યો નથી. આ સુર્યના પ્રકાશ વગર તમારું હીર ચમકશે નહિ.

સમાજ ખુબ નિર્દય છે તે તમારી નિષ્ફળતાઓ હરગીઝ નહી ચલાવી લે પરંતુ જ્યારે તમે તમારા પ્રયત્નોમાં સફળ થશો ત્યારે સમાજનું તમારા પ્રત્યેનું વલણ રાતોરાત બદલાઇ જશે તમે સમાજના માનીતા અધિકારી બની જશો અવું બને તે કોને ન ગમે ? સ્વાભાવિક પણે દરેક વ્યકિતની આવી જ ઇચ્છા હોય છે.

સફળતાના માર્ગ પર જિંદગી રૂપી વાહન ચલાવવા માટે ડ્રાઇવર તરીકે તમારામાં એક ગુણ ધીરજનો હોવો આવશ્યક છે. મોટા ભાગના લોકો રાતોરાત સફળતા મેળવવાનાં સ્વપ્ન જોતા હોય છે તેઓ ઇચ્છતા હોય છે કે એવું કંઇક બને જેને કારણે થોડા જ સમયમાં તેઓ સફળતાની ટોચના સ્થાને પહોંચી જાય

ઇશ્વરની પાસે એક માપદંડ છે. તે તમને જોઇએ તેટલું આપવાની હા પાડે છે તમે ઇચ્છો તે તેની પાસે માગી શકો છો નોકરી ધંધો વગેરે કોઇપણ બાબત, ઇશ્વર તેની ના પાડતો નથી જ પરંતુ ઇશ્વર પણ આપણી પાસેથી કંઇક અપેક્ષા રાખે છે. તમારી પાસેથી કંઈ વળતર માંગે છે આપણી શકિત મુજબ આપણે તેને કઈક આપવું પડે છે તમે તે ન આપો તો કોઇપણ સંજોગોમાં તમને સફળતા મળતી નથી...

ઇશ્વર આ બાબત વિષે બહુજ


કડક છે. તે બાબત એ તમારી કોઈ દલાલે સાંભળતો નથી. ઇશ્વર આપણી પાસેથી એકજ અપેક્ષા રાખે છે હાર્ડ-વર્ક સખત મહેનત તમારા મનમાં ચોવીસ કલાક એકજ પ્રકારના વિચાર ઘૂમતા હોય, તમારું તન, મન, ધન બધુંજ જયારે એક બાબત પર કેન્દ્રીત થાય છે. ત્યારે ઇશ્વર તમને તેમાં સફળતા આપે છે. જરૂર આપે છે.

તમે એક વખત નિષ્ફળ જશો તેમાં તમારી કોઇ અપૂર્ણતા હશેજ તો તેનો મતલબ એકે તમે જોઇએ તેટલી અને ઈશ્વરની અપેક્ષા પ્રમાણેની કિંમત ચૂકવી નહીં હોય પરંતુ દરેક નિષ્ફળતામાં તમે વધુ સારો દેખાવ કરી શકશો. અને અંતે તમે સફળ થશો જ. તમારે સફળ થવું જ પડશે ઈશ્વર પ્રમાણિક છે. તમે એને કિંમત ચૂકવો–અલબત્ત સખત પ્રયત્નોના રૂપમાં, એટલે તમને તેના બદલામાં એ સફળતા આપશે જ તમે ના પાડશો તો પણ આપશે જ પરંતુ એ રાતો રાત શક્ય નથી જ.

તમે સુર્યનાં કિરણો જોયાં જ હશે. તેમાં શક્તિ હોય છે. પણ તે છુટી છવાઇ વીખરાયેલી હોય છે. તમારામાં પણ શક્તિ છે. પણ તે વેરવિખેર છે સુપ્ત પડેલી છે. સામાન્ય માણસ એની શક્તના માત્ર બેથી દસ ટકાનો જ ઉપયોગ કરે છે તમારી આ વણવપરાયેલી શક્તિને બહાર લાવી કેન્દ્રીત કરવાની જરૂર છે સુર્યનાં કિરણોને કેન્દ્રીત કરવામાં આવે તો તેના દ્વારા આપણે માની ન શકીએ તેટલા પ્રમાણમાં શક્તિ ઉત્પન્ન કરી શકાય છે. આજ સિધ્ધાંત તમારી શક્તિને પણ લાગુ પડે છે. તમે કંઇ કરવામાં તમારી શક્તિ કેન્દ્રીત કરો તમારાં દિલો–દિમાગને તેની પાછળ પૂરીપૂરી રીતે લગાડી દો દુનિયામાં એવી કોઇ મુશ્કેલી નથી એવા કોઇ અવરોધો નથી, જે માનવીની કેન્દ્રીત થયેલી શક્તિથી દુર ન થાય એથી કોઇપણ કાર્યમાં તમે સફળ થઇ શકશો.

તમે પણ તમારી શક્તિને આ રીતે કામે લગાડી શકો છો પછી દુનિયા તમારી આગળ ઝુકી જશે તમે ધારો તે કરી શકો છો. માનવી માટે કંઈ અશક્ય નથી દુનિયાની કોઈ તાકાત તમને આ માર્ગે જતા રોકી શકે તેમ નથી. સફળતા મેળવવા માટે સતત અને સખત મહેનત કરો. ઇશ્વર તમારી ફેવરમાં જ રહેશે.

અસ્તુ....



યુવાશકિત અને વડીલો

સંપાદક :
વિરેન્દ્રકુમાર કે. પટેલ

એક વડીલ નેતાએ યુવાનોની યોજાયેલ સભામાં યુવાનોને શિખ આપતા કહ્યું કે " યુવાન આ દેશની કથળેલી હાલત જોઇ તને શું નથી લાગતુ કે હવે દેશને આ ખડતલ યુવાનોના બાહુબળની ખપ છે ધિકકાર છે એ યુવાનો કે જે દેશની અવદશા ને મનોરંજન ગણે છે. એ યુવાનો તો પોતાની જાતને ઠીક પણ બીજા ૫ યુવાનોને પણ દેશ ના દાવાનળ ને ડામવા જવામાં મૂર્ખ સમજે છે આવા યુવાનો ને તો સ્ટીમરમાં બેસ ડી મધદરિય મોકલી દેવા જોઇએ વિનંતી કરવાની કે મહેરબાની કરીને હિન્દુસ્તાનમાં પોસ્ટકાર્ડ ના લખીશ કે જેથી એ પોસ્ટકાર્ડ યુવાનો ની ખુમારી શમાવવા કારણ રૂપ બને આગળ તેમણે યુવાની અને ઉંમર વચ્ચે તફાવત દર્શાવતાં જણાવ્યુ કે માત્ર ૨૫ થી ૩૦ વર્ષ વટાવી જવાથી માણસ યુવાન મટી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરે છે એ વાતને કોઇ રદિયો નથી. તપાસો ૪૦ વર્ષ પહેલાનો ભારત નો ભૂતકાળ કે જે દેશવાસીઓની અવદશા જોઇ શરીર પર માત્ર લંગોટી ધારણ કરનારા આપણા બાપુએ ઉંમરે વૃધ્ધ હોવા છતાં પણ ૬૫ વર્ષ ની આયુ એ ૧૬ વર્ષની ઉગતી યુવાનીનાં દર્શન કરાવ્યાં અને શરીરે ડોસા જેવા દેખાતા આ પણા રાષ્ટ્રપિતા જવાન-ડોસલ નુ બિરુદ ખાટી ગયા.

કહેવાનો સાર એટલો જ કે ઉમર અને શરીર ને યુવાની સાથે ન સરખાવો જરૂર છે માત્ર અડગ અને નિષ્ઠાવાન મનોબળની તેથી જ તો

કદમ અસ્થિર છે તેને માર્ગ પણ સુઝતો નથી.
અડગ મનના મુસાફર ને હિમાલય પણ નથી. નડતો
હે પુવાન સમય પાકી ગયો છે. અને હજુ પણ વાર કરીશ તો પ્રાતઃ કાળે ઝરતા ઝાકળ બિંદુ ની જેમ તે ધીમે વહી જશે ભૂતકાળ માં થઇ શકયું એની ચિંતા ને પ્રશ્ચાતાપ રૂપી ચિંતા ખડકી બાળી નાખ અને બાકી છે. વર્તમાન એતો હાથનો જલતો દિપ છે તેને હોલવવો કે પ્રકાશાવવો એ તારા હાથ ની વાત છે.

હવે આપણે જ સામાન્ય વિચાર કરીએ તો જે પુવાનો ને આ શિખ આપવામાં આવે છે તેનો અર્થ એ

થયો કે આવા યુવાનો નિર્માલ્ય કે ના હિંમત પાકયા છે.

પણ બિચારા આજના સમજુ યુવાનો નો એમાં શું વાંક એતો છોડને જેવો વાળો એવું વૃક્ષ બને

ખરેખર દેશ માટે કેવા યુવાન ની ખપ છે એ જો આપણા દેશ-પ્રેમી વડીલો સમજે તો ધારે તેવા બાળક ને ખડતલ અને શૌર્યવાન યુવાન બનાવી શકે અને યુવાન ને ખડતલ અને બહાદુર બનાવવા એ વડીલોની ફરજ છે. વડીલોની તેમાંય ખાસ કરીને માતા જ એ યુવાન બાળક નું ભવિષ્ય રચે છે. એ વાત તદ્દન સાચી છે.

જીજાબાઇ ના આ શબ્દો આપણા થી કયાં છૂપા છે કે "બેટા આજ તારુ પેટ ફાટી જાય એટલુ ધાવણ ધાવી લેજે કારણ કાલ ઉઠીને તારી માતા તને દેશને ખાતર પ્રેમાળ ગોદથી વિખૂટો પાડશે એ નિશ્ચિત નથી. બાળ શિવાજીની વિરતા અને શૌર્યને ખિલવવા જે દિ થી માતા જીજાબાઇએ રામ-લક્ષ્મણ ની વાત કરી તે દિ થી ખરેખર શિવાજીની નીંદ હરામ થઇ ગઇ હતી અને બાળપણમાં ભમરડા અને ગીલ્લીદંડા રમવા એને માટે શરમ જનક બની ગયા હતા અને ત્યારે જ નસે નસમાં ગરમ લોહી વહેવા લાગ્યુ હતુ અને રોમે રોમમાં રાત-દિવસ એક જ નાદ હતો. દુશ્મનો ને આ દેશમાંથી હટાવવાનો અડગ નિશ્ચય, દૃઢ મનોબળ અને ખડતલ બાહુબળ થી તેમને આ પરાક્રમ દેશ સમક્ષ કરી બતાવ્યુ પણ આગળ વિચાર કરતાં એક ઝબકારો થશે કે શિવાજીની આ હિમત તેનો એક જ નાદ "હું નહિ કાં દુશ્મન નહિ," પણ તે બધાં શૌર્યવંત પરાક્રમો આવ્યાં કયાંથી ?

તે એજ કે માતા અને તેના દાદા એ રેડેલા બાળપણના સંસ્કારો કે જે ફૂલી ફાલીને યુવાનીમા નિષ્ઠવાન અને અડગ બન્યા હતા એટલે જ તો યુવાનો ને કેવા પ્રકારના વલણ વાળા બનાવવા આ વડીલો તેમાંય ખાસ માતાના હાથની વાત વધુ છે.

પણ ખેદની વાત તો એ જ છે કે આજે ચોપાટી પર કે કાંકરિયા તળાવ ના કૃત્રિમ સૌંદર્યની આસપાસ મહાલતી કે ભર બજાર વચ્ચે શરમ ને નેવે મુકી પાણી-પુરી કે રગડા-પેટીશ ખાતી યુવાનોની માતા અને ભારતની આ મહાન સન્નારીઓ પાસેથી બાળકના ભાવિની કેવી અપેક્ષા રાખી શકાય.

એતો કહેવત છે ને કે અન્ન તેવા ઓડકાર ઓડકાર આવે ,પકોડના એટલે બાળક ને કહે તું આવો જ થજે પકોડી પહેલવાન બહારથી સરસ ફુલે લા દેખાતા પકોડી ની અંદર માત્ર હવા જ હોય એમ આવા બાળક યુવાન બને ત્યારે ભલે દેખાવે સુંદર પહેલવાન હોય પણ અંદરતો લોહીને બદલે પાણી નાં જ દર્શન થાય ભીલડું પાણી તો.

બહાર જ દેખાવુ જોઈએ કે જેથી લાલ રકત ધમની અને શીરામાં સમેટાઈ નથી ગયું તે દેશ સમજી શકે પણ આવા લાલ રકતના દર્શન કરાવનાર યુવાનો અને કઈ રીતે ! હા તો એક કહેવત છે કે દરેક વનમાં ચંદનના વૃક્ષ હોતા નથી એ આપણે સ્વીકારી લઈએ પણ જો આપણે ચંદનના અનેક વૃક્ષો કાપી જંગલો બનાવીએ અને તેમાં વધારાના ફાલતુ વૃક્ષો કાપી નાખીએ તો કહેવત બદલાઈ જશેને કે દરેક ચંદનના વનમાં ફાલતુ વૃક્ષો હોતા નથી એટલે જ તો આપણે ચંદન સમા યુવાનોનું એક સંગઠન રચી બાકીના જે ફાલતુ એટલે કે નાહિંમત અને યુવાનીમાં પણ વૃધ્ધનાં દર્શન કરાવનાર યુવાનોને બાકાત કરી એક એવો સમાજ ઊભો કરીએ કે જેથી દેશ પણ ગર્વ લઈ શકે કે આ પવિત્ર ભૂમિ પર જન્મનાર દરેક યુવાનમાં લાલ અને ગરમ લોહીથી ધમની અને શીરા છલોછલ છે ખુમારી અને નિડરતા સમેટાઈ ગયાં નથી બંગડી પહેરી સમાજને કલંકિત કરનારા એ યુવાનો હવે મરી ફીટયા છે અને આખરે ચો તરફ યુવાનોની સત્યરૂપી સિંહ ગર્જનાથી યે અસત્ય ઔર કોલાહલ દુનિયા જુક પડેગી ત્યારે ચંદની જેવી શિતળતા તથા ચંદન જેવી મધુર સુગંધ દેશના ખુણે ખુણેથી અને ધૂળની રજે રજમાં થી ઝૂકી ઊઠશે.

એનો યશ યુવાનોને ફાળે જાય એ બરોબર પણ આડકતરી રીતે વડીલો જ લઈ શકે કારણ આવા ખડતલ અડગનિશ્ચયી શૌર્યવાન હિંમતવાન તથા વિરતાનાં દર્શન કરાવનારા એ યુવાનોમાં સુસંસ્કારોનું સિંચન કરનારા કોણ હતી? ભવિષ્યને દિવા જેવું પ્રકાશમય બનાવવા એ દિપકમાં તેલ રૂપી સદ્ગુણો પુરવાની અથાગ મહેનત ઉપાડનાર એ કોણ હતા !

દિવા જેવી સ્પષ્ટ હકીકત છે કે જે ને બાળપણમાં સાથ અને સહકાર આપી મોટા કર્યા એ જ આપણા વડીલો પણ વડીલોને આ યશ મુગટ ત્યારેજ શોભશે જ્યારે દેશના આ યુવાનો સુર્ય કિરણોની જેમ અંધકાર ને ખંડિત કરશે અને તે સાથેજ આપણા વડીલોનો યશ મુગટ પણ આ પ્રકાશમય કિરણોથી વધુ ચળકાટમય કે પ્રકાશિત બનશે.



જ્ઞાન એજ પ્રકાશ *

સંપાદન : નિર્મળા એમ પટેલ
મેંગલોર

એક વૃદ્ધ માણસ હતો. એકાએક તેની આંખની રોશની ચાલી ગઇ વિશાળ કુટુંબનો એ વડો હતો. કુટુંબના માણસો ને એકાએક ચિન્તા થઇ બધાએ ભેગા મળીને વિચાર કર્યો કે આંખનો ઇલાજ કરાવવો જરૂર પડે તો શસ્ત્રક્રિયા કરવી પણ આંખો વિના ચાલે જ કેમ ?

અંધાપામાં જીવન ગાળવું બહુ મુશ્કેલ કહેવાય વૃદ્ધ માણસ ને તેમના પુત્રો એ આંખની શસ્ત્રક્રિયા કરવાની વાત કરી. પરંતુ વૃદ્ધ તેનો અસ્વીકાર કર્યો અને કહ્યુ : " મારે ક્યાં રોશનીની જરૂર છે. ? તમે મારા આઠ પુત્રો મારી સાથે છો અને આઠ પુત્રવધુઓ મારી સાથે છે આમ સોળ વ્યકિતની બત્રીસ આંખો મારી પાસે છે, પછી આંખની રોશની ની મારે શી જરૂર ?" આમ પિતાએ પુત્રોની વાત સ્વીકારી નહી વૃદ્ધે. લાગણીભેર અંધાપો સ્વીકાર્યો વૃદ્ધને કોઇ સલાહ આપે તો તરત જ કહે કે મને બત્રીસ આંખો મળી પછી બે આંખો ન હોય તો શું થયું ?

એક વખત વૃદ્ધના મકાનમાં એકાએક આગ લાગી અને ચારે કોર ફેલાઇ ગઇ ત્યારે વૃદ્ધ પિતાના દિકરાઓ અને પુત્ર વધુઓ ઘરની બહાર દોડી ગયાં અંધ વૃદ્ધને સહુ ભુલી ગયા એ વૃદ્ધ આગની અંદર બળીને ખાખ થઇ ગયો આવી જ રીતે ઘણીવાર માનવી અજ્ઞાન ને અંધશ્રદ્ધા આચરે છે. અને સમય જતાં એ અજ્ઞાન ને સત્ય માની જાતને હોમીદે છે. આવા અજ્ઞાનને સત્ય માનનારા તો સરોવરમાં સ્નાન કર્યા પછી બહાર આવીને પોતાના શરીર પર ધૂળ ફેંકતા હાથી જેવા છે.

જીવન ના પ્રત્યેક આચારમાં જ્ઞાનની જરૂર છે જ્ઞાન વિનાની કોઇપણ ક્રિયા ફળદાયી બનતી નથી સમજ વિનાનો કોઇ પણ આચાર સાચો ઠરતો નથી. વૃદ્ધે અંધાપો વેઠી લીધો એમ ઘણા અજ્ઞાનને વેઠે છે. સાચા જ્ઞાન વિના અજ્ઞાનની આરાધના કર્યે જાય છે. જ્ઞાન એ વ્યક્તિનાં ચક્ષુ છે. જ્ઞાન એ કોઇનેય આશ્રયે રહેલું નથી જે પ્રકાશ ભરી આંખે જુએ એને જ્ઞાન લાધે છે.



" કાલ–આજ–કાલ "

"કાલ–
આજ દિકરીની મા-
દાદાજી કહેતા-
સામેથી પરપુરુષ મળે તો
રસ્તાની પડખે આડ ફરી જતી
ને–
આજ–
એજ માની દિકરીના
માથાના વાળ ખરી ગયા છે
ઘુંઘટ આકાશમાંથી નીતરતા
તડકાની જેમ ધોવાઇ ગયા છે
ને–
તેના બ્લાઉઝની બાંયો
બગલ પાસેથી ખરી પડી
આ રેતમાં દટાઈ ગઇ છે
કદાચ કાલ ???
વિનિપાત તરફ દોડતા
આ સમાજની સંસ્કૃતિ જોઇ
દાદાજી રડતા હતા."

સંસ્કૃતિ *

દિનેશ આર. પટેલ
બી. એ એમ એમ

તમારી સામે એક કાચની બાટલી છે. તમે તેની અંદર જોઇ શકો છો. પણ તમારો અવાજ તેની અંદર જઇ નથી શકતે તમને પ્રશ્ન થશે એ બાટલીની અંદર શું છે? શું છે એ તો તમે જોઇ શકો છો? છતાં ચાલો હું કહું એ બાટલીની અંદર નીતિ ચારિત્ર્ય અને આદર્શો સંસ્કૃતિ ઉપર નૃત્ય કરે છે. સંસ્કૃતિ કચડાય છે. ચિસો પાડે છે. ની ચીસો આપણે સાંભળી શકતા નથી ફકત એનું રૂદન દેખાય છે, જોકે આપણા હૃદયને એનાથી આઘાત લાગતો નથી, કેમ કે આપણે એ સંસ્કૃતિને વેચી ચૂકયા છીએ હવેએ આપણી નથી આપણે તો સંસ્કૃતિ વેચીને પશ્ચિમી સભ્યતા ખરીદી છે અને તેથી જે આપણું નથી તે અમુલ્ય હોય તોય આપણે શુ? બગેપરને ? તમને કયાંય નીત દેખાય છે. ? બધે અનીતિનું રાજ્ય ચાલે છે. કેમ કે નીતિ બાટલીમાં છે! તમારી-મારી પાસે છે? આપણા ચારિત્ર્યની સફેદ-નિર્મળ ચાદર પર કેટલાય મલિન દાગ પડયા છે છતાં આપણે એ ચાદર ઓઢીને સૂતા છીએ-આરામ આપણે આદર્શ છે. રામ અને સતાના આદર્શને આપણે બાટલીમાં કેદ કરી રાખ્યા છે અને તેની અંદરના કયાંય શોધ્યેઓ મળતો નથી.

આ બાટલીમાં કોઇ એસિડ નાખે અને નીતિ ચીસાચીસ કરે આદર્શો મરી પરવારે અને ચારિત્ર્યની ચાદર ભડકે બળે તે પહેલાં આવો આ બાટલીને તોડીને આપણે કાચના ટૂકડામાંથી 'દર્પણ' બનાવીએ.


———

કુદરત *

નદી કિનારો
એકાંત.
મંદ મધુર પવનનું સંગીત.
તારી ગોદ.
ગોદમાં પાલવ ઓઢીને,
મારી ચિંતન નિંદ્રા.
નિદ્રામાં સર્જન.
તમે અને એ નિર્માણ,
પ્રેમની કવિતા.

હાયકૂ

કયાંથી જન્મે
મૃત્યુ પામ્યા છે પ્રભુ,
ગર્ભપાત થી.



આધુનિક રામાયણ

ધાળુ એન. એચ.
S. Y B A:
તખતગઢ

અયોધ્યા નગરીમાં દરબાર ભરાયો હતો. બધાજ નગરવાસીઓ દરબારમાં યોગ્ય સ્થાને ગોઠવાઇ ગયા છે એક સેવરોલેટ કાર દરબારમાં દાખલ થઇ સીધી સિંહાસન નજીક જઇ ઉભી રહી કારમાંથી દશરથ રાજા રૂઆબે છાંટતા સિંહાસન પર બેઠા દરબારમાં ચારે બાજુ શાંતિ હતી. ત્યાંજ પાછળ બીજી ફીયાટ આવી અને તેમાંથી મીસ કૈકેયી ઉતર્યા અને દશરથ રાજાની બાજુમાં ખાલી સીટમાં ગોઠવાઈ ગયાં સભાનું કામકાજ ચાલુ થયુ કૈકેયીએ કહ્યું મિ. દશરથ રાજા યાદ છે. જયારે તમે ફાઇટર પ્લેન લઇ લડાઇ લડતા હતા ત્યારે પ્લેનતી ચકકરની પ્લેટ તુટી ગઇ ત્યારે મેં તમને મદદ કરી તેના બદલામાં તમે મને પ્રોમિસ (Promice) આપ્યું હતું તે યાદ છે ? જે હું આજે લેવા આવી છું દશરથ માથું ખંજવાળવા લાગ્યા અને યાદ કરવા લાગ્યા પછી બોલ્યા સારું જે માગવું હોય તે માગી લે કૈકેયીએ રામનો વનવાસ માગ્યો દશરથ રાજાએ વનમાં આધુનિક ફલેટ તથા સુખ સગવડના સાધનો જેવા કે ફોન (Phone) ટી. વી, વીડીયો, વાયરલેશ અને અન્ય જરૂરી સુખ સગવડતાં સાધનો મોકલી આપ્યાં પછી રામ, અને સીતાને વિદાય આપી ને ગુડબાય કર્યા બંગલાના કંપાઉન્ડમાં સીતાએ સુંદર બાગ બનાવ્યો કયારેક તેના મિત્રો શુભેચ્છકો તેને મળવા આવતા શબરી તથા ભીલ તેને શુભેચ્છા પાઠવતા એક દિવસ તેમની રોલ્સ રોઇસ કાર લઇ જંગલમાં ફરવા ગયા ત્યાં ખૂબ દુર નીકળી ગયા ત્યાં ગાડીમાં પંકચર પડયું રામે નજીકના ટેલીફોન બુથ ઉપરથી લક્ષમણને ટેલીફોન કરી જણાવ્યું કે બજેટમાં ટાયરના ભાવ ઉતરી ગયા છે. ગાડીના બધાજ ટાયરો બદલી નાખો અને અત્યારે તું સ્પેર વીલ લઇને આવ લક્ષમણે પોતાની ગાડીમાં સ્પેર વીલ મુકયું અને રામને આપવા ચાલ્યો ગયો. પાછળ સીતાજી એકલાં બેઠા બેઠા વીડીયો ઉપર અંગ્રેજી ફીલ્મ રોમીયો જુલીએટ જોઇ રહ્યાં હતાં આકાશમાંથી એકાએક એક પ્લેન નીચે આવ્યું અંદરથી રાવણ નીચે ઉતર્યો અને બંગલાની ડોરબેલ વગાડી સીતાજીએ બારણું ખોલ્યું સસ્મીત આવકાર આપ્યો એહ મી. રાવણ Wel Come બેસો રાવણે સોફા ઉપર પોતાની સીટ જમાવી સીતાજી ફ્રીજમાંથી કોકાકોલાની બે બાટલી લાવ્યાં અને સામેની સીટમાં ગોઠવાઇ

ગયાં અને બંને સાથે મળી કોકાકોલાનું પાન કરવા લાગ્યાં. કોકાકોલાનું પાન કર્યા બાદ રાવણે પોતાના પોકેટમાંથી પનામાનું પાકીટ કાઢ્યું અને ગેસ લાઇટર દ્વારા પનામા સળગાવી પીવા લાગ્યો અને સીતાને જણાવ્યું કે હું લંકા જઇ રહ્યો છું. તમારે આવવું હોય તો ચાલો સીતાજીએ પોતાની સુટકેસ તૈયાર થઈ ગઇ ત્યારબાદ અચાનકજ કાગળ પેન લઈ રામચંદ્ર ઉપર ચિઠ્ઠી લખી.

મિ. રામચંદ્ર અને લક્ષ્મણ

હું લાંબા સમયથી જંગલમાં રહેવાને કારણે તથા બંગલામાં જરૂરી વસ્તુ લાવવાની હોઈ હું રાવણના પ્લેનમાં લંકા જઇ રહી છું શોપીંગ કરી યોગ્ય સમયે પછી ફરીશ.

લી. મિસ સીતા

રામ બંગલામાં આવી સીતાને ન જોતાં બાગમાં તપાસ કરી ત્યાં પણ ન મળી અચાનક ટેબલ ઉપરથી ચીઠ્ઠી મળી આવી રામે પંખો ચાલુ કરી ખુરસીમાં બેસી ચીઠ્ઠી ખોલી વાંચવા લાગ્યા. રામને ચક્કર આવી ગયા લક્ષ્મણે ટેલીફોન કરી ફેમીલી ડોકટર બોલાવી યોગ્ય સારવાર કરી રામ ભાનમાં આવ્યા બાદ લક્ષ્મણને જરૂરી સુચનાઓ આપી કે હનુમાનને તાત્કાલિક ફાઇટર પ્લેન દ્વારા બોલાવ લક્ષ્મણે વાયરલેસ દ્વારા હનુમાનજીનો કોન્ટેટ કર્યો અને પ્લેન લઇ આવવા સુચના આપી હનુમાનજી યુધ્યના ફુલ ડ્રેસ સાથે બંગલે આ પહોંચ્યા રામે પોતાની વીંટી આપી સીતાજીને પાછા બાવવા સુચના આપી વિદાય દીધી. હનુમાનજી પ્લેન લઇ લંકા એરોડ્રમ ઉપર પહોંચ્યા ત્યાં પ્લેન લેન્ડીંગની સુચના મળી. પ્લેન ઉતારો હનુમાનજી સીતાની શોધમાં લંકામાં ફરવા લાગ્યા અસોક વાટીકામાં સીતાજી તેની સહેલી ઓ સાથે ફરતાં હતાં. ત્યાંજ હનુમાનજીની નજર સીતાજી ઉપર પડી હનુમાનજી સીધા સીતા પાસે ગયા. હલ્લો સીતાજી સીતાજી હલ્લો હનુમાનજી અને હનુમાનજીએ વીંટી બતાવી ને જણાવ્યું કે ચાલો રામ તમારી રાહ જુએ છે. સીતાજીએ સી જણાવ્યું કે મરૂં શોપીંગ કામ હજુ પુરૂં નથી થયું તથા હું રાવણની રજા વગર અત્યારે કયાંય જવા નથી માગતી રાવણ અત્યારે ક્રિકેટ મેચ નકકી કરવા ઓસ્ટ્રેલીયા ગયો છે પછી આવીશ હનુમાનજી એક ગેસ્ટ હાઉસમાં રાત રોકાયા. બીજા દીવસે રાવણ સાથે સીતાજી વીશે વાટાઘાટો શરૂ કરી રાવણે ના પાડી હનુમાનજીએ અણું બોંબની ધમકી આપી છતા રાવણે ના પાડી ત્યારે હનુમાનજી એ સીતાજીને હાઇજેક કરી ને પોતાના ફાઇટર પ્લેન દ્વારા લંકા ઉપર અણુ બોમ્બ નાખ્યો. લંકા ખાખ બની ગઇ રામ લક્ષ્મણનો ૧૪ વર્ષનો વનવાસ પ્રવાસ પુરો થયો.

સમાચાર દર્શન

તખતગઢના વિવિધ વર્તમાન

● તખતગઢમાં નવીન પશુ દવાખાનું શરૂ થયું.

સાબરકાંઠા જીલ્લાના તખતગઢ ઉર્ફે હડમતીયા કંપામાં સરકારશ્રી તરફથી નવીન પશુ દવાખાનું શરૂ થતાં તખતગઢ તથા આજુબાજુના ગામોનાં વિસ્તારને પશુ સારવાર અંગે હવે ખુબજ રાહત રહેશે. શરૂઆતમાં સા. કાં જીલ્લા પશુસંવર્ધન અધિકારીશ્રીની રાહબરી હેઠળ સબસીડી રાહે ૧૨૦૦ ઉપરાંત પશુઓને ખરવા મોવાણુની રસી મૂકવામાં આવી હતી.

● તખતગઢ હાઇસ્કૂલે ઉજવ્યો વાર્ષિકોત્સવ.

શ્રી તખતગઢ કેળવણી મંડળ દ્વારા આયોજીત શ્રી આર. એન પટેલ હાઇસ્કૂલનો વાર્ષિકોત્સવ તથા શ્રી એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન વલ્લભ વિદ્યાનગરની તાલીમાર્થી બહેનોનો રમોત્સવનો કાર્યક્રમ સાબરકાંઠા જીલ્લા શિક્ષણાધીકારીશ્રી મગનગીરી ગોસ્વામીના પ્રમુખસ્થાને અને સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગરના પ્રાધ્યાપીકા ડૉ. હસુમતીબેન શાહના અતિથિવિશેષ પદે યોજાયો હતો. જેમાં સ્વાગતગીત, રાસ, ગરબા, એકાંકીઓ, વેશભુષા, એક પાત્રીય અભિનય, કવ્વાલીઓ, નૃત્યગીત વિગેરે આકર્ષક આઇટમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

શરૂઆતમાં કેળવણી મંડળના પ્રમુખશ્રી ગણુપતભાઇ વી. પટેલ એડવોકેટ, સરપંચશ્રી ભીમજીભાઇ ડી. પટેલ, મુખ્યદાતાશ્રી રતીભાઇ જે. પટેલ વિગેરેએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. સ્વાગત પ્રવચન મંડળના મંત્રીશ્રી ડાહ્યાભાઇ કે. પટેલે કર્યું હતું આભારવિધિ મંડળના પ્રમુખશ્રી ગણુપતભાઇ વી. પટેલે કરી હતી.

● લક્ષ્મીનારાયણ મંદિરનો શિખર પ્રતિષ્ઠા મહોત્સવ.

તખતગઢ ગામે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના પુરાણા મંદિરના સ્થાને બાવન ફુટની ઉંચાઇ ધરાવતું. શિખરબંધી નવીન ભવ્ય મંદિર તૈયાર થઈ જતાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિર સમિતિ દ્વારા પાટોત્સવ, શાંતીહોમ અને શિખર પ્રતિષ્ઠા મહોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હજારોની સંખ્યામાં ભાવિક ભકતોએ દર્શનનો લાભ લીધો હતો.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ.

તખતગઢ ગામે મુરબ્બીશ્રી શ્રી સવજીભાઈ વસરામભાઇ પટેલની શુભ પ્રેરણા થી તેમના સુપુત્ર શ્રી રામજીભાઇ સવજીભાઇ તથા શ્રી શામજીભાઇ સવજીભાઇ પટેલ પરિવારે તા. ૧૫-૩-૮૩થી તા. ૨૧-૩-૮૩ દરમ્યાન શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કર્યું હતું. વ્યાસપીઠ ઉપરથી વેદાન્ત આશ્રમ વલાદના શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ, ભાગવત્ રત્ન, ૫ પૂ. ૧૦૦૮ સ્વામીશ્રી કૃષ્ણાનંદજી મહારાજે આધ્યાત્મીક અર્થમાં કથારસપાન કરાવ્યું હતું વિશાળ સંખ્યામાં ભાવિક ભકતોએ કથા શ્રવણનો લાભ લીધો હતો.

આ ધાર્મિક કાર્યને સફળ બનાવવા માટે યજમાન પરીવાર, તખતગઢ યુવક મંડળ તથા ગ્રામજનોએ ઉત્સાહ પુર્વક ભારે જહેમત ઉઠાવી.

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ-કલકત્તા સામે પટેલ નવચેતન યુવક મંડળ-આસનસોલે નો શાનદાર ત્રણ વિકેટ થી થયેલ વિજય

૨૩-૧-૮૩ ને રવીવારની પ્રભાતીય કિરણની સાથે જ આશાનસોલ મધ્યે પધારેલ શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તા અને પેટેલ નવચેતન યુવક મંડળ આસનસોલ વચ્ચે શાનદાર ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું

સવારના ઠીક ૯-૩૦ મિનિટે અકાશ તરફ ઉછાળેલ સીકકાનું પરીણામ આસનસોલ ટીમના ફાળે આવતા મહેમાની કલકત્તા ટીમને બેટીંગ કરવા આમંત્રણ આપીને મેચનો આરંભ થયો.

કલકત્તા ટીમના ઓપનર રમેશ પટેલ અને નવીન જી. પટેલને બેટીંગ માટે મેદાનમાં આવતાં માનવમેદનીએ તાળીઓના નાદથી વધાવી લીધા.

આસનસોલ ટીમ તરફથી બોલીંગ સુરેશ કે. પટેલ ના હાજે આવી અને આરંભેલ રમત માંડ ૪ (ચાર) રન પર આવતા જ આસનસોલ ટીમના કેપ્ટન તુલસી આર. પટેલ ના હાથે પ્રથમ વિકેટ ઝડપાઇ ગઈ.

આમ કલકત્તા ટીમની પ્રથમ વિકેટ (૪) રન માં ગઇ અને ત્યારબાદની રમત માં માત્ર (૬૩) રન કર્યા બાદ કલકત્તા ટીમને મેદાન મુકવું પડયું.

જે નામોઆશન સોલટીમ તરફથી બોલીંગ એનાલસીસ આ પ્રમાણે છે સુરેશ કે. પટેલ (૯) ઓવર (૪) વિકેટ (૩૪) રન તુલસી આર પટેલ (૪) ઓવર (૧) મેડન (૨) વિકેટ (૧૩ રન પ્રતાપ એચ. પટેલ (૫) ઓવર (૩) વિકેટ (૭) રન આપી કલકત્તા ટીમની વારી સમાપ્ત થઇ.

આસનસોલ ટીમના ઓપનર અર્જુન એમ પટેલ અને નરેન્દ્ર આર. પટેલ ને મેદાનમાં ઉતરતાંવેંતજ માનવમેદનીએ વધાવી લીધા. જેનામાં પ્રથમ વિકેટ (૬) રન પર જતા બાકીના કવર કરવા .હેતા રન આઠ વિકેટ પડતા પડતા થઇ ગયાં જેનામાં ત્રણ વિકેટ હાથમાં રહેતા વિજય આસનસોલના ફાળે જાય છે

આમ કલકત્તા ટીમના કેપ્ટન જયતિલાલ કે પટેલ અને આસનસોલ ટીમના કેપ્ટન તુલસી આર. પટેલ એ સ્કોર બુક માં હસ્તાક્ષર કરીને વિજય ભરી રમત ને પુર્ણ થયેલ જાહેર કરતા આખુય વાતાવરણ આનંદ વિભોર બની ગયુ.

૨૨-૧-૮૩ ના રાત્રીના બસ દ્વારા આસનસોલ પહેચ્યા ત્યારબાદની બધીજ વ્યવસ્થા મંડળના સભ્યો એ ઉપાડી લીધી.

આમ ૨૩-૧ ના રાત્રીનો મહેમાની જમવાનો પ્રોગ્રામ કચ્છી પટેલ સો મીલ દ્વારા કરવામાં આવ્યો અને રાત્રીના જમણ બાદ આવેલ ટીમને આનદ ભરી વિદાય આપી.

કલકત્તા ટીમમાં પધારેલ સભ્યો.
મેનેજર :- વાલજીભાઇ પટેલ — નાનલાલ વી. પટેલ
કેપ્ટન :- જયંતિલાલ કે પટેલ
રમેશ એસ. પટેલ, નવીન જી. પટેલ, મનસુખ વી. પટેલ નાનજી વી. પટેલ, ધીરજ કે. પટેલ વસંત એચ. પટેલ, જયંતિલાલ આર. પટેલ, પ્રવીણ એસ. પટેલ, નરેશ બી. પટેલ શાંતિલાલ વ'. પટેલ, જયંતિ કે. પટેલ, રમણીક પટેલ.

આસનસોલ ટીમના સભ્યો.
મેનેજર :- લાભશંકર એસ. પટેલ — શંકરલલ વી પટેલ
કેપ્ટન :- તુલસી આર. પટેલ
અર્જુન એમ. પટેલ, નરેન્દ્ર આર. પટેલ, સુરેશ કે પટેલ, પ્રતાપ એચ. પટેલ, મનોહર વી. પટેલ, ઇશ્વર એસ. પટેલ, સુર્યકાન્ત કે પટેલ, ડાહ્યાલાલ એન. પટેલ, હંસરાજ પટેલ, નવીન જી. પટેલ.

પટેલ નવચેતન યુવક મંડળ
નવીન એચ. પટેલ

* શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) *

દર પાટીદાર વાડી, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ ઘાટકોપર
મુંબઈ-૪૦૦૦૮૬,

પ્રિય જ્ઞાતિજનો,

આપણા જ્ઞાતિજનો પ્રત્યે મંડળ પોતાની એક ફરજરૂપે સમાજની 'પ્રવર્તીત લગ્ન વ્યવસ્થા' અને 'સમુહ લગ્નના પ્રશ્ન' ઉપર પ્રકાશ પાથરતાં જરૂર માહિતિઓ મેળવવા આપની સમક્ષ એક માહિતીપત્રક રજુ કરે છે. આશા છે કે સમાજની દરેક વડીલ વ્યકિત નિજ મંતવ્ય આપી મંડળને આભારી થશે.

પૂર્ણ કરેલ માહિતી પત્રક ઉપરોકત સરનામે વહેલી તકે પહોંચાડવા કૃપા કરશો

એજ લિ.

શ્રી પાટીદાર યુવક મંડળ મુંબઈ,

ઉંમર : ______________________

માહિતી પત્રક

૧. હાલની લગ્ન વ્યવસ્થા, આપની દ્રષ્ટિએ યોગ્ય છે ? હા/ના

૨. સમુહલગ્ન યોજવાં જોઇએ ? હા/ના

૩ સમુહલગ્નનું આયોજન થાય તો : કયારે કરવું ? શિયાળો/ઉનાળો
: આમત્રણની સંખ્યા કેટલી ? ૨૫/૫૦/૭૫

૪. આર્થિક રીતે સમુહલગ્ન ફાયદાકારક નીવડે ? હા/ના

૫. સામાજિક ધોરણે સમુહલગ્નની એકતાની ભાવના કેળવાશે ? હા/ના

૬. સમુહલગ્નમાં આપને કૌટુંબિક અને પરીચિત વર્તુળો તરફથી કેવો સહકાર મળશે ? સાધારણ/સારો

૭ આપની દ્રષ્ટિએ સમુહલગ્નોથી બીજા કયા ફાયદા થાય તે જણાવો :

૮. આપની દ્રષ્ટિએ સમુહલગ્નોથી કયા ગેરફાયદા થાય તે દર્શાવો :

૯. સમુહલગ્નનુ આયોજન મંડળે કરવું ? હા/ના

૧૦. મંડળ પાસેથી આપ બીજી કઈ કઈ અપેક્ષાઓ રાખો છો ?

નોંધ : કાર્ય અંગેના વિશેષ સુચનો લખવા વિનંતિ છે.

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) તરફથી સમુહલગ્નો અંગેની આકારણી

અત્રેથી તા. ૧૧-૩-૮૩ ના રોજ મુંબઈના જ્ઞાતિજનો સમક્ષ ગુંચવાએલ પ્રશ્નોના ઉકેલ અંગે એક માહીતી પત્રક બહાર પાડવામાં આવેલ છે. જેમાં ૧૦ વિષયોને આવરી લેતા પ્રશ્નોમાં વધુ ભાર સમુહલગ્નો પર મુકવામાં આવેલ છે આ માહિતી પત્રક મુંબઈની સમાજમાં સમુહ લગ્નો કરવા અંગેના વિચારો તરફનું પ્રથમ પગલું છે આની આકારણીમાં બન્ને બાજુના પહેલુને સરખો હકક આપવાના ઉદ્દેશથી તૈયાર કરવામાં આવેલ છે.

આ માહિતિ પત્રકમાં નામ સરનામા તેમજ અંગત યાદીને બાકાત રાખવામાં આવી છે. જેથી સમાજની દરેક વ્યકિત નિ:સંકોચ પોતાનું અંગત મંતવ્ય દર્શાવી શકે આ માટેના વધુ પત્રકો તેમજ માહિતી સમાજની દરેક વ્યકિતને નીચેના સરનામેથી મળી શકશે.

શ્રી પાટીદાર યુવક મંડળ, (મુંબઈ)

૨૨, પાટીદારવાડી, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, ઘાટકોપર, મુંબઈ-૪૦૦૦૮૬

મુંબઈમાં યુવક ભાઈઓ દ્વારા એપ્રીલ મહીનાના છેલ્લા અઠવાડીયામાં સમુહલગ્નો યોજવા અંગેની પહેલ પણ થઈ રહી છે. જેનુ આખરી સ્વરૂપ આપી મુંબઈની સમાજ આગળ રજુ કરવામાં આવશે.

લી. આપનો અ.દરણીય,
શ્રી પાટીદર યુવક મંડળ(મુંબઈ) વતી
યોગેશ પટેલ.
મહામંત્રી-૧૯૮૩

ઉપરોકત મંડળ દ્વારા હાલમાં ન્યુ માણેકલાલ એસ્ટેટમાં રાખવામાં આવેલ રૂમમાં વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે વાંચનની વ્યવસ્થા કરેલ છે. તેમજ વિદ્યાર્થીઓને જરૂરીઆત મુજબની બુકો પણ ખરીદીને પ્રોત્સાહન રૂપ કાર્ય કરી રહયું છે.

卐 શ્રી પાટીદાર સમાજવાડીના વાસ્તુ મુહુર્ત નિમિત્તે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણ.

કચ્છ કોટડા (જ) ગામે બંધાયેલી પાટીદાર સમાજવાડીના નવિન મકાનનું વાસ્તુ મુહૂર્ત તથા હવનવિધિ સંવત ૨૦૩૯ ચૈત્ર સુદ ૧ ને ગુરૂવાર તા. ૧૪-૪-૮૩-ના રોજ કરવાનાં આવશે

તા. ૧૫-૪-૮૩ના રોજ હરદ્વાર નિવાસી પ. પૂ શ્રી વાલદાસજી મહારાજના શુભ હસ્તે ઉદ્‌ઘાટન કર્યા બાદ ગૌ ભક્ત પ્રતપાળ પ. પૂ. શ્રી શંભુ મહારાજ વ્યાસપીઠે બિરાજમાન રહી કથાનું રસપાન કરાવશે.

નિત્ય કથા શ્રવણનો સમય રોજ સવારના ૮ થી ૧૧ અને બપોર બાદ ૩થી ૬ નો રહેશે.

દરરોજ રાત્રે ૯-૩૦ કલાકે સંતવાણીનો લાભ શ્રોતાજનોને મળશે.
તા. ૨૧-૪-૮૩ના રોજ રામનવમીના દિવસે પૂર્ણાહુતિ થશે.

મુખ્ય યજમાનપદે અખઇભાઈ કરશનભાઇ લીંબાણી પરિવાર અને સમસ્ત રામાણી પરિવાર રહેશે

તો સંત વાણીનો લાભ લેવા ભાવિક ભકતોને નમ્ર વિનતી.

卐 શ્રી ખેડોઇ લક્ષ્મીનારાયણ મંદિરના જીર્ણોધ્ધાર નિમિત્તે વિશાળ રામ પારાયણ જ્ઞાનયજ્ઞ

ઉપરોકત જ્ઞાનયજ્ઞનું કથા રસપાન પાલીતણા નિવાસી માનસ મર્મજ્ઞ ભાગવત ભૂષણ. લાલદાસજી મંદિરના મહંત શ્રી સ્વામી રામાયણી રામદાસ બાપુ વ્યાસપીઠ પદે રહી કરાવશે.

મુખ્ય યજમાન શ્રી શામજી ખીમજી ગોરાણી, શ્રીમતી શાંન્તાબેન શામજી ગોરાણી (ખેડોઇ) હાલ સુરત વાસી રહ્યા હતા.

તા. ૩૦-૩-૮૩ના રોજ કથા પ્રારંભ તેમજ તા. ૭-૪-૮૩ના રોજ પૂર્ણાહુતિ રાખવામાં આવી હતી

અનેક ભાવિક ભકતોએ અલભ્ય વાણીનો લાભ લીધો હતો.

卐 શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ, થવાદલાટ

સંવત ૨૦૩૯ ચૈત્ર સુદ ૫ તા. ૧૮-૪-૮૩થી પ્રારંભ કરી ચૈત્ર સુદ ૧૨ તા. ૨૪-૪-૮૩ ના રોજ ઉપરોકત જ્ઞાનયજ્ઞની પુર્ણાહુતી થશે.

વ્યાસપીઠ પર શ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ, ભાગવત રત્ન ૧૦૦૮ પ પુ. સ્વામીશ્રી કૃષ્ણાનંદજી મહારાજ બીરાજી કથા રસપાન કરાવશે.

થવાદલાટ નિવાસી પટેલ કરમશીભાઇ નથુભાઈ પરિવાર કલ્યાણાર્થે ઉપરોકત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે.

તો રસિક ભકત જનોને લાભ લેવા નમ્ર વિનંતી

અવસાન નોંધ

કચ્છ સાયરા, હાલ જબલપુર નિવાસી પટેલ કરશન ભાઇ શામજીભાઇનું લાંબી માંદગી બાદ ૬૭ વર્ષની ઉંમરે ગત તા ૩–૩–૮૩ ના રોજ દુ:ખદ અવસાન થયું છે

સ્વર્ગસ્થના પાર્થિવ દેહને રેવા તટે વેદોના મંત્રોચ્ચાર સાથે તેમના નાનાભાઇ રામજીભાઇ શામજીભાઇ તેમજ સુપુત્રો શ્રી વાલજીભાઇ વગેરે એ સંબધી જનો તેમજ વેપારી ભાઈઓની વિશાળ સખ્ય માં સ્મશાનયાત્રા માં ઉપસ્થિત રહી અગ્નિ સંસ્કાર વિધિ કરી હતી

★ સ્દગતની સ્મૃતિમાં કન્યા છાત્રાલય ધનસુરાને રૂા. ૨૫૧/ અંકે રૂપિયા બસો એકાવન ભેટ આપવામાં આવેલ છે.

કચ્છ રસલીયા હાલ અમદાવાદમાં વર્ષોથી વસવાટ કરતા શ્રી જેઠાભાઈ પુંજાભાઇ પટેલ (પ્રમુખશ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ અમદાવાદ) ના જયેષ્ઠ પુત્ર મોહનભાઇનું ગત તા. ૧–૪–૮૩ ના રોજ નવસારી થી અમદાવાદ આવતાં રસ્તામાં અકસ્માતે આકસ્મિક ભરયુવાન વયે અવસાન થયું છે

સ્વર્ગસ્થ શ્રી તેમની પાછળ માતા, પિતા, ભાઇ બહેનો બે પુત્રો, બે પુત્રીઓ તેમજ વિધવા પત્નીને વિલાપ કરતાં મૂકી ગયા છે.
પ્રભુ તેમનાં પરિવારજનોને અકાળે આવી પડેલી આપત્તિસહન કરવાની શકત આપે તેમજ સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના

એક બહેનની વ્યથા

નવેક વર્ષનો ગૃહસંસાર ભોગવ્યા બાદ પતિદેવથી તરછેડાઇ રહેલી એક બહેનનો આખરે લગ્ન વિચ્છેદ કરવામાં આવેલ છે તે બહેન વ્યથાની લાગણી અનુભવતાં સમગ્ર સમાજનાં ભાઇ બહેનોને નમ્ર અપીલ કરે છે કે છુટાછેડા લીધેલ યુવાનોને સમાજનાં વડીલો પોતાની કુંવારી દિકરીઓ ન પરણાવે.

તા. ક. વ્યકિતગત નામ રજુ કરી કોઇના પર દોષારોપણ કરવામાં આવેલ નથી તો કોઇ બંધ બેસતી પાઘડી ન પહેરે તેવી નમ્ર અભિલાષા.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

ઉપડશે ..વૈશાખ સુદ ૫ને મંગળવાર તા. ૧૭-૫-૮૩ પ્રવાસ...દિન ૧૭

બદ્રીનારાયણ સાથે ઉત્તર ભારત અને રાજસ્થાન યાત્રા પ્રવાસ

ઉપરાંત અનેક ધાર્મિક તેમજ ઐતિહાસિક સ્થળોના દર્શનનો અલભ્ય લાભ

આ પ્રવાસ સંવત ૨૦૩૯ના વૈશાખ સુદ ૫ને મંગળવાર તા. ૧૭-૫-૮૩ના રોજ મોડાસાથી ઉપડી શામળાજી, કેસરિયાજી, ઉદેપુર, એકલીંગજી મહાદેવ, શ્રીનાથજી, અજમેર, પુષ્કરરાજ, જયપુર, ન્યુ દીલ્હી, જુની દીલ્હી, હરદ્વાર, કનખલ, ઋષિકેશ લક્ષ્મણઝુલા, સ્વર્ગાશ્રમ, બદ્રીનારાયણ જઈ ફરી ઋષિકેશ, મથુરા, ગોકુળ, વૃન્દાવન, આગ્રા, ઉજ્જૈન થઈ મોડાસા પ્રવાસ પુરો.

વાહન :- આ પ્રવાસ ડીલક્સ ૩×૨ની સીટવાળી લકઝરી સ્પેશ્યલ બસમાં રાખેલ હોવાથી પ્રવાસ આરામ અને આનંદદાયક રહેશે. રાત્રે આરામ માટે ધર્મશાળામાં મુકામ થશે જ્યાં દરેક યાત્રિકે પોતાનો સરસામાન ધર્મશાળામાં પોતાના પાસે સાચવીને રાખી સવારે પ્રવાસ શરૂ થતાં પહેલાં બસમાં મુકી દેવાનો રહેશે.

સાધન :- દરેક યાત્રિકે પોતાની સાથે થાળી, વાડકો, લોટો, પ્યાલો, કપ-રકાબી, સુવા માટે નાનુ બેડીંગ, કપડાં અને કપડાં ભરવા નાની સુટકેશ ઉપરાંત બેટરી, નાનું ચપ્પુ, કપડાં સુકવવા દોરી અને બદ્રીનારાયણમાં ઠંડી હોવાની શકયતા હોવાથી ગરમ સ્વેટર, મફલર અને એક ગરમ સાલ સાથે રાખવા.

ભોજન :- પ્રવાસમાં દરરોજ એક વખત ભોજન, એક વખત નાસ્તો અને એક વખત ચા મળશે. ચા ના પીનારને કોફી મળશે. પ્રવાસ દરમ્યાન બે વખત મિષ્ટાન મળશે. મિષ્ટાનની દિવસે નાસ્તો મળશે નહી.

સુચના :- આ પ્રવાસમાં બસ ભાડુ, ભોજન, ચા, નાસ્તા સાથે એક આખી ટીકીટના રૂા. ૧૦૨૧-૦૦ (એક હજાર એકવીસ) અને એક અડધી ટીકીટના રૂા. ૯૨૧-૦૦ (નવસો એકવીસ) છે. પ્રવાસમાં નાવ, ડોળી, ડંડી કુલી, યાત્રા ટેક્સ, પંચાયત સરકારી ટેક્સ યાત્રિકે આપવાનો રહેશે.

જરૂરી :- પ્રવાસમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી આવનાર યાત્રિકે નીચે લખેલા સ્થળે એક ટીકીટ દીઠ રૂા. ૨૨૧-૦૦ (બસો એકવીસ) ડીપોઝીટ ભરી પોતાનું નામ નોંધાવી સીટ રીઝર્વ કરાવી લેવી. સંખ્યા પુરી થયેથી ડીપોઝીટ લેવાનું બંધ કરવામાં આવશે.


નામ નોંધાવવાનું સ્થળ :—
ભક્તરાજ શ્રી મગન ભગત
ગાંધીવાડા, મુ. પો. મોડાસા
જિ. સાબરકાંઠા-૩૮૩૩૧૫

ટીકીટના દર :
એક આખી ટીકીટના રૂા. ૧૦૨૧-૦૦
એક આખી ટીકીટના રૂા. ૯૨૧-૦૦
પ્રવાસ દિવસ — ૧૭

તા. ક. :- પ્રવાસ દરમ્યાન, ચોરી, લૂંટ આગ, અકસ્માત માટે કુંપન જવાબદાર નથી

L. T. C. માટે ખાસ પ્રમાણપત્ર (દાખલો) આપવામાં આવશે




LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં.
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં. ૮૨૬૫૫૨
૮૨૬૬૪૭
૩૭૪૪૭૧
બેન્ડ સૉ એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
પેર પાર્ટસ માટે આમારો સંપર્ક સાધો.

JAGRUTI APRIL-'83 Reg. No. GHMR/5

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ઘનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

ગ્રા. નં.

Book - Post

To,

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ઘનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ઘનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ
તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ
રજુ કરતું પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ)

વર્ષ : ૨૫ મે-૧૯૮૩

卐

જાગૃતિ

卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી માહનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧ ૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.

○ "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી એ.


શ્રી. વાડીભાઈ કે પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા





આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી–કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પુર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ [illegible]

અનુક્રમણિકા

1983 -Jagruti (195)
1983-05 -Jagruti

પ્રેરણાતથી

કર્તવ્ય પાલન

બીજા વિશ્વયુદ્ધની જ્વાળા વિશ્વને ભરખી રહી હતી. ઇટાલી–જાપાન અને જર્મનીએ સંયુક્ત બળથી આ વિશ્વ–યુદ્ધમાં વધારો કર્યો હતો. અને જાપાની વિમાનોએ રંગુન પર બોંબમારો શરૂ કર્યો. ચોમેર નાસભાગ થઇ પડી. જાન અને મિલ્કત બચાવવા રંગૂનમાં વસતા વિદેશીઓ ભાગવા માંડયા.

સૌરાષ્ટના ઘણા વેપારીઓ રંગૂનમાં વસે તેમણે આ બોંબમારો અને વિશ્વ-યુદ્ધની ચાલ પરખી ગામ છોડવા માંડયુ. જેને જ્યારે જે વાહન જેટલાં ધન ખરચતાં મળ્યું તે લઇ રંગુન છોડવા માંડયા આ નાસભાગ કરનારાઓમાં સૌરાષ્ટ્ર-વાસી એક શેઠ પણ આ બોંબમારો જોઈ પોતાની દશેક લાખ રૂપિયાની મુડી લઇ એક એરોપ્લેનમાં સૌરાષ્ટ્ર ચાલ્યા આવ્યા.

રંગુનમાં એમને ઘર તથા દુકાન. સૌરાષ્ટ્રના જ વતની કાન્તિલાલ નામે એક મુનીમ દુકાનમાં કંઇક માલ ખરો શેઠશેઠાણી ગયાં ત્યારે કાન્તિલાલને વાત કરી ન હતી. એટલે નિયમ પ્રમાણે જેવો કાન્તિલાલ ઘેર આવ્યો ત્યારે ઘરનાં કમાડ ઉઘાડાં દીઠાં તેને ખબર મળ્યાં કે શેઠ–શેઠાણી તો બધી મત્તા લઇને કલકત્તા થઇ સૌરાષ્ટ્ર જતાં રહ્યાં છે.

કાન્તિલાલે એ ન જાણ્યુ કે શેઠ જાણી જોઇને એને અહીં એકલો મુકીને જતા રહ્યા છે. પણ એના દિલમાં તો વાત નોકરીની વફાદારીની વસી.

તરત એ દુકાને આવ્યો દુકાનમાં કંઇક માલ પણ પડયો હતો. ઉપરથી બોંબ-મારો અને જમીનમાર્ગે યુદ્ધની સંભાવના વધી રહી હતી. એટલે જેમ બને તેમ જલદી કાન્તિલાલને નિર્ણય લેવાનો હતો તેણે શેઠની દુકાન અને મકાનનો માલ વેચી નાખવાનું નક્કી કર્યું અને મહામુસીબતે ગ્રાહક ગોતી દુકાન અને માલ વેચી તેના એક લાખ રૂપિયા ઉપજાવી લીધા.

એ અરસામાં ટ્રેનવ્યવહાર બિલકુલ હતો નહી. એટલે ઘણુ જ દુઃખ વેઠી જંગલોમાં પગે ચાલી વતન જવા નીકળ્યો. માર્ગમાં હિંસક અને ઝેરી જાનવરનો ત્રાસ તો હતો જ એ ઉપરાંત ઝેરી મનોવૃત્તિવાળા લુંટારાનો ડર પણ

માથા પર મૃત્યુની માફક ભમ્યા કરતો હતો. આ બધાથી સાવચેત રહી બચતાં કાન્તિલાલએ વિકટ વાટ કાપી, કલકત્તા પહોંચ્યો.

ત્યાંથી ટ્રેન મારફતે એ સૌરાષ્ટ્ર પોતાને ગામ પહોંચ્યો. ઘેર વૃદ્ધ મા-બાપ, પત્ની, બે બાળકો ઘણા દિવસે કાન્તિલાલને આવેલાં જોઇ પ્રસન્ન થયાં ઘરની આર્થિક હાલત ખુબ ખરાબ હતી. છતાં પણ શેઠની એક લાખની મત્તામાંથી એક પાઈ પણ લેવાનું એનું દિલ ન લલચાયું ને માબાપને કહ્યું, "મારી પાસે શેઠની આટલી મિલ્કત છે તે તેને જલદી જઇને સોંપી આવું પછી મને શાંતિ થાય."

એટલે ઘેર એક ક્ષણ પણ ન રોકાતાં વળતી જ પળે શેઠને ગામ આવવા નીકળ્યો. એક રાતની મુસાફરી કરી, બીજે દિવસે તે શેઠ પાસે પહોંચ્યો ને તેમના ઘેર ગયો.

શ્રીમંતો ને સત્તાધિશોને એમને એમ મળાતું નથી. એટલે કાન્તિલાલ બહાર બેસી, દિવાનખાનામાં નોકર દ્વારા પોતાના આગમનની જાણ કરી.

શેઠ કાન્તિલાલના ઘેર આવ્યાની વાત જાણી વિચાર્યું કે "નક્કી વખાનો માર્યો રંગુનથી ભાગી એ અહીં કંઇક મદદ માટે આવ્યો લાગે છે. એટલે સમાચાર મળ્યા છતાં જલદીથી અંદર આવવાની રજા ન આપીને છેક અડધા કલાકે શેઠ ઉલટા તેની પાસે આવ્યા ને કુશળ કે બીજા સમાચાર પુછવાને બદલે કહ્યું, "કેમ આવ્યો, કાન્ત ?"

"તમારું તમને આપવા."

શેઠના શુષ્કને અપમાનજનક આવકાર સામે પણ કાન્તિલાલે શાંતિથી કહ્યું "મારું શું ?"

કાન્તિલાલે રૂપિયા એક લાખ થેલીમાંથી ઠલવી શેઠને આપતાં કહ્યુ, "તમે રંગુન છોડી ચાલ્યા આવ્યા, પણ તમારા ચાકર તરીકે મારી ફરજ આપની માલમિલ્કતની રખેવાળીની હતી. એટલે મેં આપની દુકાનનો માલ તથા મકાન વેંચી આ રકમ ઉપજાવી છે તે સ્વીકારી લો અને એક લાખ રૂપિયા ગણી લો.

શેઠ એક લાખ રૂપિયાની થપ્પી જોઇ આનંદમાં ગરકાવ થઇ ગયા ને પૈસા ગણવા માંડયા એજ ક્ષણે કાન્તિલાલ શેઠનું ઘર છોડી ચાલ્યો ગયો તેને પોતાની ફરજ બજાવ્યાનો આત્મ-સંતોષ હતો.



અપકારનો બદલો *

નટવરલાલ કે. પટેલ
રૂપલકંપા

આ જુના સમયની વાત છે. એકવાર પંજાબ કેસરી મહારાજા રણજિતસિંહ ક્યાંક જઇ રહયા હતા. એટલામાં અચાનક પથ્થર આવીને એમના માથામાં વાગ્યો. એમની સાથે આવેલા સાથીઓ દોડયા અને એક ડોસીને પકડી લાવ્યા. એને મહારાજની સામે હાજર કરતાં કહ્યું. " મહારાજ આ ડોસીએ આપને પથ્થર માર્યો છે"

ડોસી તો બિચારી ડરને લીધે કાંપતી હતી તે હાથ જોડીને બોલી.

" સરકાર, મારું બાળક ત્રણ દિવસથી ભૂખ્યું છે. ખાવા માટે કોઇ પણ જગ્યુ એથી કંઇજ ના મળ્યું ? એટલે ફરતી ફરતી અહીં આવી ચડીને મારી નજર આ વૃક્ષ પર આવેલા પાકા ફળ પર પડી, જો પથ્થર ફળને લાગ્યો હોત તો તે ફળ નીચે પડી જાત અને એનાથી મારા બાળકની ભૂખ ભાંગત પરંતુ કમનસીબે તે ફળને બદલે આપને વાગી ગયો હું નિર્દોષ છું સરકાર ! પથ્થર મેં આપને મારવા માટે નહોતો ફેંક્યો ક્ષમા કરો અન્નદાતા !"

ડોસીની વાત સાંભળીને મહારાજા રણજીતસિંહે પોતના અંગરક્ષકને કહ્યું " ખજાનામાંથી આ ડોશીને એક હજાર રૂપિયા રોકડા આપો અને તાજી બનાવેલી ગરમ રસોઇના બે ભાણાં પીરસીને ડોસી અને તેના ભૂખ્યા દીકરાને પેટ ભરીને જમાડો ત્યાર પછી એમને ઘેર પહોંચતાં કરો."

આ જોઇ અંગરક્ષકોને તો ભારે આશ્ચર્ય થયું અંગરક્ષકો વિચારવા લાગ્યા કે એક આ કમનસીબી ડોશીએ મહારાજાને પથ્થર માર્યો છે. અને વળી મહારાજા તેને ઉપરથી રૂપિયા તથા જમવાનું આપવાનું કહે છે મહારાજનો આવેલો આ એકાએક વિચાર તેના અંગરક્ષકો ન જાણી શકયા એટલે એમણે પુછયું : " મહારાજ ? આ શું ? ડોશીને દંડને બદલે બક્ષિસ કેમ ?

મહારાજ રણજિતસિંહે ગભીરતાપુર્વક જવાબ આપ્યો. " ભાઇઓ ? જયારે એક જડ ગણાતું વૃક્ષ પણ પોતાને પથ્થર મારનારને જો સામેથી પાકું ફળ ભેટ ધરી શકતું હોય- અપકારનો બદલો ઉપકારથી વાળી શકતું હોયતે હું ચૈતન્ય અને બુધ્ધિનું વરદાન પામેલો માણસ થઇને શું પથ્થર મારનારને દંડ આપું ? શું હું વૃક્ષ કરતાં પણ ઉતરતી કોટિનો છું.

સૌ અનુચરો મહારાજ રણજિતસિંહની આ ભલાઇ થી દંગ થઇ ગયા!

કેવા હતા એ મહારાજ રણજીતસિંહ કે જે ઉદાર હૃદયે પોતાની ભલાઇ પ્રેમ રૂપી નદી ની જેમ વહાવી ગયા.

આજના ઇન્સાનમાં ભલાઇ તો ભાગ્યેજ જોવા મળે છે. માણસ પોતાનું કર્તવ્ય શુ છે એ હજુ સમજી શકતો નથી. સૂર્ય, ચંદ્ર, તારા, નદી, પર્વત, વૃક્ષવનસ્પતિ વગેરે તો પહેલાં નું જ યથાવત છે પરંતુ સમય જતાં આજનો માણસ બદલાયો છે. હવે માણસ. માણસ નથી રહ્યો માણસ બૃદ્ધિશાળી આત્મનિષ્ઠા સત્યપ્રિયતા અને વિચાર શીલ શકિત ધરાવતો હોવો જોઇએ. આ માટે વ્યકિતના મનનું શુદ્ધિકરણ ખુબ જરૂરી છે.

વિચારશીલ અને ચિંતનશીલ માણસને લાગે કે જે ભગવાન મારુ જીવન ચલાવે છે કે જે મને હસતો ફૂદતો રાખે છે તો તેના સાનિધ્યમાં રહીને પવિત્ર જીવન કેમ ન જીવું ? એવો પ્રશ્ન મનમાં શું નહીં થતો હોય ?

માણસે જીવનમાં કૃતજ્ઞતા પૂર્વક જીવવા માટે એકજ ઉપાય છે હૃદયમાં રહેલા નાસ્તિક ભાવો દુર કરી પ્રભુ સાથે આત્મીય સંબંધ બાધવા અને આ રીતે મનમાં વસેલા ખરાબ ગુણોને ત્યજીને મન અને હૃદયને પવિત્ર કરવા, શુદ્ધિ કરણ કરવા માટે આપણી પાસે પહેલું પગથિયું તે ત્રિકાળ સંધ્યા આપણે એકેય દિવસ તે કેમ ચૂકીએ !

— સ્વાધ્યાયાન્મા પ્રમદ —

— કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્ —

જીવનમાં જો હોય તો

પટેલ વસંતકુમાર કાન્તિલાલ
ટી. વાય બી કોમ
કાશીપુરાકંપા H.M.T.

ખાવા જેવી ચીજ હોય તો એ	ગમ છે.
છોડવા જેવી ચીજ હોય તો એ	મોહ છે.
ચંદ્ર થી વધારે નિર્મળ	તપ છે.
પૈસાથી વધારે મોઘુ	સ્વમાન છે.
પીવા જેવી ચીજ	ક્રોધ છે.
જીતવા જેવી ચીજ	પ્રેમ છે.
દેવા જેવી "	દાન છે.
લેવા " "	જ્ઞાન છે.

ગળી જવા જેવી ચીજ	અપમાન છે.
પચાવવા જેવી ,,	ખુજ્જત છે
બોલવા ,, ,,	સત્ય છે.
દેખાડવા ,, ,,	દયા છે.
ત્યજવા ,, ,,	સ્વાર્થ છે.
ઝેરથી વધારે કડવી ,,	દુષ્ટજન છે.

★

સંસ્કૃતિના કતલખાનાઓ

ગાય, બળદ અને ઘેટાં બકરાંઓની કતલો દેવનાર જેવા સ્થળોના કતલખાનાઓમાં થાય છે.

પણ મહાસંતોએ વારસામાં આપેલી સંસ્કૃતિની કતલ તો ઠેર ઠેર ખુલે આમ વ્યાપક પ્રમાણમાં થઇ રહી છે.

તમે જ્યારે દાંત પર હાડકાંના ભુકા મિશ્રીતવિદેશી ટુથપેસ્ટ ઘસો ત્યારે સંસ્કૃતિની વેદના ચીસના રૂપમાં સંભળાયછે...

ખાનદાન ઘરની દીવાલો પર લટકતા નગ્ન અને અર્ધ નગ્ન પોસ્ટરો એ વાતની સાક્ષી પુરે છે કે અહિ હમણાં જ સંસ્કૃતીનું ગળુ રૂંધી નાખવા માં આવ્યુ છે.

કોઇ સુખી શિક્ષીત ઘરમાં જતા દારૂની વાસ આવે કે યુવાન છોકરા છોકરીના મો ઉપર ગઇરાત્રે નીહાળેલ વિડીઓ ફિલ્મનો ઉન્માદ જોવા મળે એટલે સમજી લેવું કે અહિ સંસ્કૃતિની કતલ થઇ છે...

ઘર ઘરની જીવન પધ્ધતિનું સંગમની ગયેલ આ કતલ કોણ અટકાવશે !

★

રુદન કરવા થી એ હતભાગી
મન ખાલી નથી થતું
ખરે લાખો સિતારા પણ
ગગન ખાલી નથી થાતું

* પાપ દુર કરવાની દવા *

પાપ એ પણ એક બિમારી છે જે માનવીના સત્વતત્વોને નષ્ટ કરે છે. આ રોગ મટી શકે છે. નિચેના ઉપાય જરૂર અજમાવી જોજો

દુઃખ	તોલા	—	૫
નિયમિત પણું	તોલા	—	૧૫
પવિત્રતા	શેર	—	૧૨૫
ધીરજ	”	—	૧૦
નમ્રતા	શેર	—	૧૨૫
સખાવત	”	—	૩૦

આ બધી ચીજોને એકઠી કરી આશા શેર ૧ રેડો પછી તેને નેકીની કડાઇમાં નાખી પ્રેમરૂપી અગ્ની ઉપર મુકીને તેને આધ્યાત્મીકતારૂપી લાકડી વડે હલાવતા રહો જેથી ગર્વનો મેલ નિકળતો જશે. આ પ્રમાણેના ઉકાળો બનાવી દિવસમાં ત્રણવાર (સવાર, બપોર, સાંજ) તેનુ સેવન કરો તો પાપનો રોગ જડમૂળથી નિકળી જશે.

ફરી વખત દવા કરાવવાની જરૂર નહિ પડે.

મારુ જયાં આકાશ પોતાનુ નથી
મારો ચમકતો સિતારો શું કરું ?

એમ તો કયાં કોઇનો હું થાઉ છું
થઇ ગયો તમારો તો પણ હું શુ કરું ?

છે જીવનમાં સેંકડો ભૂલો 'વસંત'
એક એમાં સુધારો હું શુ કરુ ?



પટેલ નટવરલાલ ડી
હરીપુરાકંપા (અણીયોર)

મિલન

મળી છે કદર તો થોડી આ દુનિયામાં
મળી છે નજર તો મિલન થઈ ગયું
મળ્યા છે રસ્તાઓ ઉજ્જડ અને કાંટાળા
મળી ગઈ જો કેડી તો મિલન થઇ ગયું.
દુર નજર દોડાવી તો કશું ય ન મળે.
ક્ષીતિજે જોયું તો પૃથ્વી આકાશનું મિલન થઈ ગયું.
ડુંગરની ગોદમાં ભટકે છે એક ઝરણું
ખારા સમુદ્રમાં તેનું આજ મિલન થઈ ગયું
થયો તૃષાતુર તો પાણીનું ટીપું ન મળે.
નજર દોડાવી તો ઝાંઝવાનું મિલન થઇ ગયું.
શમણા "મિલન" ની યાદોના તમેજ ફેરવી ગયા.
નજીક આવી મંઝલથી મુજ દિલને સેરવી ગયા.

ન ધરા સુધી ગગન સુધી
નહીં ઉન્નતિના પતન સુધી
અહીં આપણે તો જવું હતું
ફક્ત એક મેકના મન સુધી
"મિલન"

જય યોગેશ્વર ભગવાન



" શબ્દોમાં લખો "

—ભાઈલાલ એમ. પટેલ
(F.Y.B.Com)
મુ. મોતીપુરા કંપા

એક વેપારીનું મૃત્યું થયું • જીવ લઈ યમદૂતો યમલોકમાં ગયા ત્યાં કંઈક મહેફિલ ચાલે એટલે કોઈનું ધ્યાન રહયું નહિ કે યમદૂતો કોઈ જીવને લઈને આવ્યા છે ? વહેપારીએ આમતેમ જોયું અને ત્યાં તેની નજરે ચોપડા પડયા નજીક જઈને જોયું તો ચોપડા ચિત્ર-ગુપ્તના હતા. આમ તેમ જોઈને ખાત્રી કરી લીધી કે કોઈ જોતું નથી ને ? પછી તેણે ચોપડો ખોલ્યો પોતાના નામનું ખાતુ ખોલ્યું. ૮૪ નંબરના પાના ઉપર પોતાનું ખાતું જોયું તો નામ, ઠામ, ફોટો બધુ બરાબર હતું. તેના ખાતામાં ઊમર ૮૦ વર્ષની લખેલી હતી. બધાનું ધ્યાન મહેફિલમાં હતું. તે લાગ જોઈને આ વહેપારીએ ધીરેથી એંસી લખેલું હતું. તે આઠડામાં વચ્ચે એક નાનકડી લીટી ઊમેરી દીધી (૮૦ ના ૯૦ કરતાં વાર શી ?) અને થઈ ગયા ૯૦ વર્ષ બસ પછી તે એક બાજુ છાનો માનો ઉભો રહયો. યમલોકમાં ચાલી રહેલી મહેફીલ પુંરી થઈ યમરાજા આવ્યા જીવ આવ્યો છે. તેની ખબર પડતાં ચિત્રગુપ્તનો ચોપડો કાઢયો પેલા-નું ખાતું ખોલ્યું તો ૯૦ વર્ષ લખેલા યમરાજા એ કહ્યું : કોઈ છે ! આને કોણ લાવ્યું ? આતો ૯૦ નો છે. હવે નાખવો કયાં ?'

યમરાજને બીક લાગી કે કાચું કપાઈ ગયું છે જો કોઈને જાણ થશે તો મારો દંડ થશે પછી પેલા વેપારી-ની માફી માગી ત્યારે વહેપારી કહે હોય એ ભૂલ સૌની થાય આપ મને પાછો મોકલી આપો એટલે આપની ફિકર જાય અને યમરાજાએ તેને નીચે ફેંકી દીધો. અહિંયા એના દિકરાઓએ નનામી કાઢી હતી આ પાછો આવ્યો અને નનામીમાં બેઠો થયો બધા ભડકયા પણ વહેપારીએ કહ્યુ બરાબર છે. હું પાછો આવ્યો છું બધાને નવાઈ લાગી કમાલ છે. આજ સુધી કોઈ ઉપર ગયેલું પાછું આવ્યું નથી અને આ પાછો આવ્યો ???

બધાએ કહ્યું: પણ કહો તો ખરા કેવી રીતે પાછા આવ્યા ! ત્યારે એ કહે હું ત્યાં જઈને આવ્યો ત્યાં પણ આપણા અહીંના જેવુ ચાલે છે, (પોલ) હું યમલોકમાં ગયો બધા મહેફિલ જમાવી મહેફિલમાં મસ્ત હતા કોઈનું ધ્યાન નહોતું ચિત્રગુપ્તનો ચોપડો જોયો મારું ખાતું કાઢયું તો તેમાં ઉમર ૮૦ વર્ષ-ની હતી આંકડામાં ! નાની લીટી ઉમેરી ૯૦ કરતાં વાર કેટલી ! અને આમ તે દિવસથી આંકડાઓની સાથે " શબ્દોમાં લખો " ની પદ્ધતિ શરૂ થઈ છે. (હસા હસ) એટલે વહેપારી વનમાં ન શોભે જો કે એતો વનમાં જાય તો તે એટલો બુદ્ધિશાળી છે. કે ત્યાંય લાકડાનો વેપાર ખોલી બેસી જાય.

—સમાપ્ત

પવિત્ર થતી જાય છે ગટર !

દેવોના સ્થાને આજે તો બેસે છે એક્ટર,
ગંગાથી યે પવિત્ર થતી જાય છે ગટર ।
સાફલ્યતાનો મંત્ર છે જીવનમાં શ્રેષ્ઠતર,
કંઇ વાત જો કરો તો ધરો પોલ્સન બટર ।
જ્યારે પડે છે પેટમાં મુલ્લાંના માલતર,
ત્યારે ઠરે છે તેઓ અલ્લાહનો શુકર ।
ફેશનમાં વસ્ત્ર વાળની છે એ નવી અસર,
પાછળથી ઓળખાય નહીં નાર છે કે નર ।
ધરતી ઉપર ન ચાલતાં આકાશમાં ઉડે,
ફેશનની પરીઓને જો ઉડવાને હોય પર ।
સ્મગલરને દાણચોરની એ માન્યતા ખરી,
ધરતી ઉપરનું સ્વર્ગ છે દુબાઇને કતાર ।
નેતા બની એ ઉડતા ફરે ઇધર ઉધર.
કારણ કે ઠરી બેસવા રે'વાને નથી ઘર ।
ઘર પણ ગીરો મૂકીને એ તહેવાર ઉજવે,
બુધ્ધુમિયાંની જોઇ લ્યાં કેવી છે કરકસર ।
આધેડ વયને એ તો ખપાવે યુવાનમાં,
ચહેરાની કરચલીને છુપાવે છે પાવડર ।
નીતિ નિયમથી ચાલતા ભૂખે મરી રહ્યા,
છે મોજમાં જે ફરતા ફરે છે સટર પટર ।
આજેય ખુશીથી તો તુટી જાય છે બટન,
આવીને કોઇ મિસ કહે ગુડમોર્નિંગ સર ।
સાયન્ટીફીક ગાળ દેતાં જેને જો આવડે,
સાહિત્ય ક્ષેત્રે એ પણ થઇ જશે અમર ।

સંકલન : પટેલ નરસિંહભાઇ મુળજીભાઈ
તાપતગઢ – સરતાનપુર

વિશ્વસુંદરી

★ ૧૯૭૨ની વિશ્વસુંદરી તરીકે ઓસ્ટ્રેલિયાની વીસ વર્ષની યુવાતિ બેલિન્ડા ગ્રેમાચીનનો નંબર લાગ્યો હતો નવાઇની વાતતો એછે કે તે હજુ એ અઠવાડિયાં પહેલાં જ એ લંડનમાં નોકરીની શેધમાં આવી હતી. ખિસ્સામાં એક દોઢીયું પણ ન હતું એ પેટ ગુજારો કરવાની ચિંતા માં હતી

નવું વીટામીન 'યુ'

★ સોવિયેત વૈજ્ઞાનિકોએ વિટામીન'યુ' વિકસાવ્યુ છે. જે પેટનાં દર્દો, આંતરડાંનું અલસર તેમજ ગેસ્ટ્રીટીસ વગેરે મટાડવામાં ભારે અસરકારક પુરવાર થયું છે. સંશોધકોના મતે આ વિટામાન શ્વાસ માર્ગો અને ચામડીનાં દર્દો પર પણ ખુબ ઉપયોગી છે.

આ નવું વિટામીન ઘણા ખોરાકમાં રહેતા એમિનો એસિડ મેથીઓનાઇનમાંથી પ્રાપ્ત થાય છે.

દેવી સંપ્રદાય

ભગવતીબેન કે. પટેલ
રૂપાલકંપા

જયઅંબે મા દરેક કાર્ય માત્ર શકિતથી જ થાય છે. પ્રકાશમય જ્ઞાનરૂપ શકિત જ અજ્ઞાન રૂપ રાક્ષસોને હણનારી છે. માટે શકિત જ સર્વથી શ્રેષ્ઠ છે. આ તત્વો ધ્યાનમાં લઇને કેટલાક યોગીઓને બ્રહ્મચર્ય, પ્રાણાયામ આદિ ક્રિયાઓ દ્વારા જ્ઞાન, શકિત મેળવવાનો પ્રયાસ કરવા માટે એક પંથ સ્થાપ્યો તેનું નામ શકિત સંપ્રદાય રાખેલું પાછળથી પુરાણોની પ્રવૃતિ થતાં તેનું પણ રૂપાંતર થઇ ગયું શકિતને અનેક અસુરોને દૈવી કલ્પી તેની પર ચમત્કાર અને અલંકારો થી ભરપુર મનોરંજન વર્ણન કરી તેની પણ પૂજા શરૂ કરી દીધી.

જેનાં વિવિધ સ્વરૂપ અંબા, ભવાની બહુચરા કાલકા તુળજા ખોડીયાર, રાંદલ વિગેરેની મૂર્તિપુજા કરવી જોઇએ આપણામાં શકિત છે તો આપણે પણ મૂર્તિપુજા કરવી જોઇએ. મૂર્તિપૂજા કરવાથી આપણે સુખી થઇએ. આવા માર્ગમાં મતભેદ ન રાખવા જોઇએ તો સાચા મતથી નિષ્ઠ પૂર્વક મૂર્તિપૂજા કરવી જોઇએ.

સ્વચ્છ બુદ્ધિનો ઉપયોગ *

પોપટલાલ એ. પટેલ
ટીંબાકંપા

એક માણસ છૂટા પૈસા ગાજવામાં નાખવા ગયો પણ તે બહાર પડી ગયા. અંધારૂ હતું તેથી તે ફાનસ લઇને શોધવા ગયો ઘરમાં ન મળ્યા તેથી તે ઘરની બહાર શોધવા લાગ્યો પણ તેને પૈસા મળ્યા નહી એટલામાં તેની બા આવી તેણે આ જોયું અને કહયું ગાડો તું તું બહાર શુ શોધેછે? પૈસા ઓરડીમાં પડયા છે તો ઓરડીમાં જ જો તું જે ફાનસથી શોધે છે તેના કામ ઉપર મેંશ ચડેલી છે. તો પૈસા કયાંથી મળે ? પહેલાં ફાનસનો કાચ સાફ કર અને પછી જોતો તારા પૈસા મળી જશે તેણે ફાનસનો કાચ સાફ કરીને જોયું તો બધા પૈસા મળી ગયા. તેના પૈસા ગયા. તેના પૈસા કયાંયે ખોવાઇ ગયા નહેતા ત્યાંજ હતા આવી રીતે આપણે પણ આપણી જોશ ચડેલી બુદ્ધિથી આત્માને શોધીએ છીએ. ખરી રીત આત્મા અંદર છે પણ બુદ્ધિને મેશ ચડેલી છે. તેથી આત્મા જડતો નથી. શ્રુતિમાતા આવીને કહેછે કે ગાંડો તું? બુદ્ધિ ઉપર મેંશ ચડી છે તે પહેલાં સાફ કર બુદ્ધિ સ્વચ્છ થશે તો " તુકા આહે તુમ વાશિ " તારી પાસે જ છે તે તને મળી જશે. બુદ્ધિ સ્વચ્છ કર્યા વગર આખા જંગતમાં ફરી આવશે તો પણ તને આત્મા મળશે નહીં

★———★

—: શરુઆત :—

પટેલ જશવંતલાલ ડી.
હરિપુરકંપા (અણિયોર)

પરિક્ષા આવી,
નાના ભાઇ બેનોની,
જોઉં છું એમને,
બનાવતા કાપલી.
નથી મને હકક મને,
એમને કહેવાનો
શરૂઆત મેં કરી.

શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ

દેશબંધુ ગુપ્તા રોડ પહાડગંજ, નવી દિલ્હી-૧૧૦૦૫૫

કચ્છ થી બહાર વસતા કચ્છ કડવા પાટીદાર સમાજને જોગ જાહેર ખબર

આથી કચ્છ બહાર વસતા કચ્છ કડવા પાટીદાર સમાજોને જાણ કરવામાં આવે છે. કે શ્રી. કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હી " સમાજ દર્પણ" નામના એક અહેવાલ પ્રકાશિત કરે છે, આ. અહેવાલ માં કચ્છ થી બહાર સ્થાપાયેલ કચ્છ કડવા પાટીદાર સમાજોનો પરીચય છાપવાનો અમારો વિચાર છે. જેનાથી પુરા / હિન્દુ સ્તાન માં દૂર-દૂર અને અલગ અલગ વસતા આપણા ભાઇઓ ની સમાજો અંગેની માહિતી ની એક સુચી પત્ર બની શકે અને આપણા ભાઇઓ એક બીજાની નજદીક આવી શકે અને જેથી આપણી જ્ઞાતિ નું સંગઠન મજબૂત થઇ શકે. તો આથી દરેક સમાજોને અરજ છે. કે તમારી પોત-પોતાની સમાજો નો આછો ખ્યાલ પરિચયના રૂપ માં તા ૩૦-૭ ૧૯૮૩ સુધી અમોને મોકલી આપસો પત્ર વ્યવહાર માટેનું સરનામું નચે મુજબ છે. જયંતીલાલ પચાણ પટેલ C/o મે પટેલ ટીમ્બર માર્ટ ૨/૨૩ W. H. S. કીર્તીનગર ન્યુદિલ્હી પી. નં. ૧૧૦૦૧૫

લિ જયન્તીલાલ પચાણ પટેલ
(મંત્રી)
શ્રી પટેલ તરૂણ મિંત્ર મંડળ વતી
ન્યુ. દીલ્હી

———

લખપતિ હજામ

સંકલન-પટેલ નરસિંહ એમ
તખતગઢ

★ અમેરીકાનો એ જયોર્જ છેતો ૨૩ વર્ષનો પણ હજામતના ધંધામાં જ વર્ષે લગભગ ૬૫,૦૦૦ ડૉલર એટલે કે ૪ લાખ રૂપીયા કમાયછે. પોતાની દુકાનમાં હજામતના તે ૨૫ ડૉલર એટલે કે ૨૦૦ રૂ (બસો) લેછે તેના બધાજ ઘરાકો જેવા તેવા નહીં પણ લાખોપતી કે ફીલ્મ કલાકારોજ છે. મેરીલીન મનરો એકવાર હોસ્પીટલમાં હતી ત્યારે પોતાના વાળ કપાવવા માટે તેને જયોર્જને વીમાનમાંર્ગે ખાસ બોલાવ્યો હતો તે ૧૦૦૦ ડૉલર એટલે કે ૪૦૦૦ રૂ. તે માટે ચૂકવ્યા હતા

સંતોનો મહિમા

પટેલ વસંતકુમાર કાન્તિલાલ
કાશીપુરાકંપા (હિંમતનગર)

એક દિવસ મેવાડી ધરતી પર રમતા રામ સંત ફરતા ફરતા મુસલમાનોના લશ્કરી પડાવ પ સેથી નીકળ્યા તેમના પર જાસુસીનો આરોપ મુકીને ફંસીની સજા કરવામાં આવી.

એક મેવાડી ગર્ભ શ્રીમંતે સંતના પ્રાણના બદલામાં ભારે.ભાર હિરા–ઝવેરાત આપવાની ઇચ્છા બતાવી અનેક લોકો પ્રાણ આપવા તૈયાર થવા પરંતુ મુસ્લિમોએ મહત્માને છોડવાની ના પાડી

અંતે ત્યાંના રજાએ મુસ્લિમોને કહેવડાવ્યું કે ચાહતા હો તો અમારું રાજ્ય લઇ લો પણ સંતને છોડી મુકો. બાદશાહે આશ્ચર્યથી પુછ્યું શું એક સંતના પ્રાણ માટે તમે તમારુ રાજ્ય આપી દેવા તૈયાર થયા છો. કે જેને લડીને પણ અમે લઇ નથી શકયા.

રાજાએ જવાબ આપ્યો રાજ્ય તો નશ્વર છે પણ સંત અવિનાશી છે. બાદશાહની આંખો ઉઘડી ગઇ એણે કહ્યું જયાં સંતોનું આટલું સન્માન હોય એને કોઇ જીતી ના શકે અને બાદશાહને સંતનો મહિમા સમજાતાં મહાત્માને માનભેર છોડી મુકયા.

આવો છે સંતોનો મહિમા. સંતના સત્સંગથી ભવસાગર તરી જવાય આંગણે આવેલા કેઇપણ સંતને જાકારો ન આપશો. પ્રભુએ આપેલ પ્રસાદીમાંથી થોડામાંથી થોડુ પણ સતને આપશો.

મહાન ધર્મ હિન્દુ

(મુસલમાનોના ધર્મ પ્રત્યેનો ખોટો આડંબર)

બહુ દિવસો બાદ દુરના દેશમાંથી પાછા ફરેલા પોતાના પ્રેમીને મળવા માટે એક પ્રેમીકા ઝડપથી જઇ રહી હતી માર્ગમાં બાદશાહનો પડાવ હતો. બાદશાહ એ સમયે જમીન પર જાજમ બિછાવીને નમાજ પઢી રહ્યો હતો.

પ્રેમોન્મત્ત બનેલી પેલી નારીને આસપાસનુ કાંઇપણ ભાન ન હતું એ તો પેલી જાજમ પર પગ મુકી આગળ વધી ગઇ. બાદશાહને ક્રોધ તો ચડયો પરંતુ નમાજ અધુરી મુકી કેવી રીતે ઉભા થવાય ?

થોડીવાર પછી એજ નારી તેના પ્રેમી સાથે એજ રસ્તે થઇને પાછી ફરી રહી હતી બાદશાહે તે સ્ત્રીને તેના પાસે બોલાવી કહ્યું અરે મુર્ખ તને એ ના દેખાયુ કે હું નમાજ પઢી રહ્યો હતો ને તું જાજમ પર પગ મુકી ચાલી ગઇ.

એ સ્ત્રીએ બાદશાહને જવાબ આપ્યો જહાપના એક સાધારણ વ્યક્તિના

પ્રેમમાં હું પાગલ હતી એટલે જાજમનું ધ્યાન મને ના રહ્યું પણ આપતો ઈશ્વરની બંદગી કરી રહ્યા હતા તો પણ મને કેવી રીતે જોઈ શકયા ?

ઉત્તર સાંભળી બાદશાહ ચકિત થઈ ગયો બાદશાહને પોતાના ધર્મ પ્રત્યેનું અભિમાન ઓસરી ગયું તેને વિચાર આવ્યો કે એક હિન્દુ નારીમાં આટલી અડગ શ્રધ્ધા તેમજ નીડરતા છે તો તેનો હિંદુ ધર્મ કેટલો મહાન હશે. કયાં મહાન હિંદુ ધર્મ અને કયાં મારો ખોટા આડંબરવાળો મુસ્લીમ ધર્મ.

વિદ્યાર્થી અને વડીલ

લી. બાણી હિતેન્દ્ર રાજાભાઈ
નખત્રાણા

આકાશમાં સુર્ય આખો દિવસ પૃથ્વી પર પ્રકાશ આપી સમુદ્રના જળમાં ડુબી જાય છે. અને પાછો સવારે પોતાની સુંદર સફળતાઓ સાથે આકાર લે છે. તેવી રીતે માનવ જીવનમાં પણ સુખ દુ:ખ અને જ્ઞાન અજ્ઞાન આવ્યા કરે છે.

કયારેક સુર્ય પર ઘટાદાર વાદળો આવી પૃથ્વી પર પ્રકાશ આવવા દેતા નથી તેવી રીતે આપણા સમાજમાં જે વાદળો છવાયાં છે તે છે. વિદ્યાર્થીઓ અભ્યાસ પાછળ વડીલોનું દુર્લક્ષ

આપણે સાંભળીએ છીએ જોઈએ છીએ કે આપણા દેશમાં ઘણા બધા મહાન પુરૂષો થઈ ગયા છે. પરંતુ આમાંથી આપણા સમાજના વિધ્વાનોના નામો ગણ્યા ગાંઠયા વાંચવા મળશે આનુ કારણ એજ કે આપણા વડીલો પોતાના બાળકોના અભ્યાસ પર લક્ષ ઓછુ આપે છે.

બાળક જન્મ લે છે ત્યારે વડીલ વિચારે છે મારા પુત્રને વિધ્વાન બનાવીશ એવું ઈચ્છે છે

બાળક મોટો થઈ સ્કુલમાં જાય છે ત્યારે તે અભ્યાસ કરતાં રમત-ગમતમાં વધારે ધ્યાન આપે છે સ્વાભાવિક છે. શીશું અવસ્થાથી યુવા અવસ્થામાં રમવાનું મન થાય પણ બાળક તો પાણીની માફક છે. તેને જે રસ્તે વાળીયે તેમ તે વળી શકે છે. બાળક સમજતો નથી મારા પિતા મને શું બનાવવા ઈચ્છે છે

વડીલ દ્વારા માર્ગદર્શન ન મળવાથી તે પોતાને ફાવે તેમ વર્તવા લાગે છે. તે પિતા પાસે જુઠ્ઠુ બોલી પૈસા પડાવી આમતેમ ખરાબ વ્યસનોમાં વેડફી નખે છે આવું કેટલા દિવસ ચાલશે. આપણો સમાજ અત્યારે અંધકારમાં છે. તેને પ્રકાશમાં લાવવા આપણે યુવાનોએ પ્રયત્નો કરવા જોઈએ.

મિત્રો બંધુઓ આપણે જાણીએ છીએ આપણા વડીલો આપણા શિક્ષણ તરફ ઓછું લક્ષણ આપે છે તો આપણે યુવાનોએ જાગૃત થઈ સમાજમાં શિક્ષણને વધુ મહત્વ આપી આપણા સમાજને અને દેશને વિકાસના ઝળહળતા પ્રવાહમાં લઈ જઈએ. હું વડીલોને વિનંતી કરુ છું કે હવે સમય પલટાઈ ગયો છે આપણે સમયને સાથે લઈ ચાલવાનુ છે જો આપ આપના બાળકને માર્ગ દર્શન આપશો તોજ આપણી સમાજમાં હોલવાઈ ગયેલ જ્ઞાન દિપને પાછો સળગાવી શકીશું

ભગવાનનુ નામ પાપને તો બાળે છે પણ પાપના સંસ્કારને પણ બાળી નાખે છે

! જ્ઞાન દ્વારા જ મુક્તિ છે. ભગવાનની જીવ ઉપર જ્યારે કૃપા થાય છે ત્યારે ભેદબુધ્ધિ નષ્ટ થાય છે.

! બધે ભગવાનને જોવા એનું નામ સુદર્શન છે.

! બંધન અને મોક્ષએ મનનું કારણ છે. બધે ભગવાન છે એ ઉત્તમ દૃષ્ટિ છે આ જગત એ મનનું વિલાસ માત્ર છે.

! ભગવાન હરીનું નામ સ્મરણ કરતાં દુઃખ જાય છે જગતનું સ્મરણ કરતાં દુઃખ આવે છે.

સમાચાર દર્શન

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ

ખેડાઇ, તા. અંજાર (કચ્છ)

શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના જીર્ણોધ્ધારાર્થે ખેડાઈમાં ખૂબજ ભવ્યતાથી ઉજવાયેલ શ્રી રામપારાયણ જ્ઞાન યજ્ઞ.

ખેડોઇ અત્રે તા ૩૦-૩-૮૩ થી તા. ૭-૪-૮૩ સુધી શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના જીર્ણોધ્ધાર અર્થે શ્રી પાટીદાર સનાતન સમાજ દ્વારા એક રામપારાયણ જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવેલું હતું. જે ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો, આ પ્રસંગે વ્યાસપીઠ પર પાલીતણાના શ્રી સ્વામી રામાયણી રામદાસ બાપુએ પોતાની અનેરી શૈલીમાં કુરિવાજો અને અંધશ્રદ્ધા પર પ્રહાર કરીને માનવને પ્રભુમય બનાવવા અને મનુષ્યો અને પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખવા બહોળા પ્રમાણ-માં ભક્તિ રસ રેલાવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય યજમાન પદે શ્રીમાન સોમજીભાઈ ભીમજીભાઈ કોન્ટ્રાક્ટર ખેડોઇના હાલે સુરતવાળા હતા.

આ ભવ્ય પ્રસંગના પ્રથમ દિવસે અજોડશોભા યાત્રા નીકળેલ હતી જેમા

ખેડોઇ ગામના દરેક ગ્રામજનોએ ભાગ લીધો હતો અને મહારાજશ્રીનું ૧૦૮ બહેનોએ સ્વાગત કરેલ હતું. અને રામ રાજ્યાભિષેકના પ્રસંગે ૭૦૦ (સાતસો) બહેનોએ સમુહ આરતી ઉતારીને વાતાવરણને ભક્તિમય કરી દીધું હતું. આ ભવ્ય પ્રસંગમાં મુંબઇ, સુરત, મધ્ય પ્રદેશ, સાબરકાંઠા વગેરે દુર દુર વસતા ખેડોઇના પાટીદાર ભાઇઓ ઉમળકાથી ઉમટી પડયાં હતા અને તન, મન અને ધનથી આ કાર્યમાં સહકાર આપેલ હતો.

આ પ્રસંગે તમામ વ્યવસ્થાનું સંચાલન બરાબર થાય તે હેતુથી સ્વયં સેવકોના વિવિધ વિભાગો પાડવામાં આવેલ હતા. જેનું સફળ સંચાલન પાટીદાર સમાજના યુવાન કાર્યકર અને ખેડોઇ પાટીદાર યુવક મંડળના પ્રમુખ શ્રી રતિલાલ સવગણભાઈ પટેલે કરેલ હતું. જેમાં આજુબાજુના ગામના યુવાન મિત્રોએ ખુબજ સહકાર આપેલ હતો. જમવા માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી દરરોજ સવાર સાંજ ૧૫૦૦ થી ૧૮૦૦ શ્રોતાજનો પ્રસાદનો લાભ લેતા હતા. બાજુના ગામ પાંતીયા થરાવડા કોટડા ઉગમણા અને કોટડા આથમણા ના પાટીદાર ભાઈઓ એ એક એક દિવસનું ભોજન આપેલ હતું અને દરરોજ પોતાના પ્રાઇવેટ વાહનોથી કથા શ્રવણ કરવા મોટી સંખ્યામાં આવતા હતા.

પુર્ણાહુતિ પ્રસંગે પ્રવચનો શ્રી ખેડોઇ રામજીમંદિરના મહંત શ્રી વલ્લભદાસજી મહારાજ તથા ગામના અગ્રેસરો શ્રી શીવુભા, કલુભા સાંહેબ મણીશંકરભાઇ આર્ય રાણુભા તેમજ પાટીદાર સમાજના ભાઇઓ શ્રી દેવરામ શીવદાસ નારણ વીરામ (ભુજ) અરજણ કાનજી, કેશવજી પચાણ (થરાવડા) વાલજી ધનજી કોટડા (ઉ। વગેરે કરેલ અંતમાં શ્રી રતીભાઇ એસ. પટેલે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવનાર તમામ ભાઈ–બહેનો અને શ્રોતાજનોનો આભાર માનેલ હતો.

મંત્રી
મોગીલાલ કાનજી છાભૈયા
શ્રી ક. ક. પા. યુ મંડળ ખેડોઇ

શ્રી ઉમીયા માતાજી સંસ્થાન ઊંઝાએ સમુહલગ્નના પ્રચાર માટે લીધેલો ઐતિહાસિક નિર્ણય

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાની કારોબારી સભા તા. ૧૭-૪-૮૩ના રોજ શેઠ શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલના પ્રમુખ પદે મળી હતી આ મીટીંગમાં કડવા પાટીદાર સમાજમાં સમુહલગ્નોની યોજના ઝડપથી ફેલાય તે માટે આ સમાજમાં ચાલુ વર્ષે જ્યાં જ્યાં "સમુહલગ્નો" સમુહલગ્નોની રીતે યોજવામાં આવશે તેમને માતાજીના આશીર્વાદ રુપે દરેક કન્યાઓને સંસ્થાન તરફથી પાનેતર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આજથી ચાર વર્ષ પહેલાં આ સંસ્થાએ સમુહલગ્નો યોજી ગુજરાતના બીજા સમાજોને માર્ગદર્શન આપ્યુ છે.

શ્રી કચ્છી કડવા પાટીદાર (વિરાણી-મોટી) સુખપર

ઉપરોકત સમાજ દ્વારા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરના નવીન દેવાલયમાં મૂર્તિ સ્થાપના તેમજ પ્રાણ પ્રતિષ્ઠાનું શુભ મુહુર્ત સં. ૨૦૩૯ના ચૈત્ર વદ-૨ ને શુક્રવાર તા. ૨૯-૪-૮૩ના શુભ દિને કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તા. ૨૮-૪-૮૩ના રોજ પ. પુ. ૧૦૮ શ્રી વાલદાસજી મહારાજ હરિદ્વાર (યુ. પી.) કચ્છ વાંઢાયવાળા, પ. પુ. ૧૦૮ શ્રી બ્રહ્મચારીજી મધુસુદન લાલજી મહારાજના નારાયણ સરોવર જાગીરના અધ્યક્ષ પ. પુ. શ્રી જગજીવનદાસ બીબરવાલા તેમજ પ. પુ. શ્રી હરિદાસનંદજી સ્વામી બીલેશ્વર જાગીરના અધ્યક્ષ જેવા સંત પુરુષો એ આશીર્વચનો આપવા પધાર્યા હતા.

સમાજના પ્રમુખ શ્રી ખીમજી નાગજી પટેલ તેમજ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન અને સમાજના મંત્રી શ્રી પ્રેમજીભાઇ પુંજાભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રતિષ્ઠા મહોત્સવના આચાર્યપદે મહારાજ શ્રી પ્રતાપશંકર મુળશંકર જોષી (વિરાણી વાળા) હાજર રહ્યા હતા.

આજુબાજુના ભાવિકજનોએ સારી એવી સંખ્યામાં હાજરી આપી મહોત્સવનો લાભ લીધો હતો.

મુંબઈમાં પ્રથમ સમુહ લગ્નની પહેલ

ઉપરોકત સમાજ દ્વારા સંવત ૨૦૩૯ના ચૈત્રવદ ૨ ને શુક્રવાર તા. ૨૯-૪-૮૩ ના રોજ ૭ નવયુગલો સહિત સમુહ લગ્નોનું આયોજન કરવામાં આવેલ છે.

સમુહ લગ્નોના વિચારક શ્રી પાટીદાર યુવક મંડળની પહેલ મારફત આ કાર્ય સફળતાની ચોટી આંબવાને શકિતમાન થયું છે. અહીંના યુવક મંડળ મારફત એક પરિપત્ર સમાજની દરેક વ્યકિત સામે પ્રશ્નરૂપ ઉભો કર્યો હતો જેના ફળ સ્વરુપ આ સમાજના કાર્યને જોમ મળેલ છે. આ સમુહ લગ્નની પહેલ પણ હાલના મંડળના પ્રમુખ શ્રી, ભુતપૂર્વ પ્રમુખશ્રી તેમજ ભૂતપૂર્વ કારોબારી સભ્ય મારફત જ થઇ રહી છે.

ઉપરોકત પ્રથમ સમુહ લગ્ન સમાજના બંધારણ મુજબ રૂ. ૨૫૧/- માં કરી આપવામાં આવે છે તેમજ તેની સંખ્યા પણ હાલના ૩૦૦ થી ૪૦૦ આમંત્રીત મહેમાનોના બદલે ૫૧/- દરેક પક્ષે નકકી કરવામાં આવેલ છે. આજથી ૧૦ વર્ષ પહેલાં ઘડાયેલ બંધારણ મુજબ જ આ સમુહ લગ્નોનું આયોજન થયેલ છે જે સમાજ સમક્ષ એક પડકાર રૂપ કહી શકાય તેવું કાર્ય છે

આ ઉપરાંત દ્વિતીય સમુહ લગ્નનુ પણ આયોજન નજદીકના ભવિષ્યમાં (મે-જુન) કરવાં એવું નકકી થયેલ છે અને તેને માટે ૬ નવયુગલો પણ તૈયાર થઈ ગયેલ છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ
વતી પટેલ મણીલાલ પુંજાભાઇ

શ્રી કલ્યાણપર લક્ષ્મીનારાયણમંદીર ઉદ્દ્ઘાટન અને મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

સંવત ૨૦૩૯ ના વૈશાખ સુદ ૧૫ ને ગુરુવાર તા ૨૬-૫-૮૩ ના શુભ દીને શ્રી લક્ષ્મી નારાયણ ભગવાન તથા તેમના પરીવાર દેવતાઓની મૂર્તીઓનો પ્રાણ પ્રતીષ્ઠા મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવનાર છે.


આ પ્રસંગે નરાયણ સરોવર જાગીરના અધ્યક્ષ બ્રહ્મચારી શ્રી મધુસુદન લાલજી મહારાજ તેમજ હરીદ્વાર આશ્રમના સંતશ્રી વાલદાસજી મહારાજ તેમજ અન્ય સાધુસંતો ઉપસ્થીત રહેશે.

આચાર્ય પદે મંજલના શ્રી મયશંકર મેઘજી વ્યાસ બીરાજશે.


તા. ૨૫-૫-૮૩ની રાત્રે સંતવાણીનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે તો આ તા. ૨૪એ મહોત્સવમાં ઉપસ્થીત રહેવા ભાવીકજનોને હાર્દિક આમંત્રણ છે.

શ્રી કલ્યાણપર કડવા પાટીદાર સનાતન સમાજ




LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં. ૮૨૬૫૫૧
૮૨૬૫૫૨
૮૨૬૪૪૭
૩૭૪૪૭૧
બેન્ડ સૉ એન્ડ ટ્રૉલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
પર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.


સો મીલ માલીકો માટે
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
બેન્ડસો બ્લેડ શાર્પનીંગ મશીન
HIMIYA
જેમાં એમરી સ્ટે... સ્થિર રહે છે. અને બેન્ડસો બ્લેડ ચાલે છે
● ઝડપી અને સચોટ...
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઉભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઈપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ


તમારા પાક ને બચાવવો એ
તમારા હાથનીજ વાતછે
કીલેક્સ
ડાયમીથોએટ
30% ઈ સી
ઓછું ખર્ચાળ
સીસ્ટેમીક જંતુનાશક
ઝડપી અને અસરકારક રીતે જીવાતને અંકુશમાં લાવી લાંબો સમય રક્ષણ આપનાર આ જંતુનાશક વાપરી ગાભમારાની ઈયળ, મશી, ચુસિયાં, પાનકથીરી, કુદકિયાં ફળમાખી, થ્રીપ્સ વિગેરેથી ડાંગર, મગફળી, તમાકુ, કપાસ શેરડી. શાકભાજી તથા ચા, કોફી જેવા પાકનું રક્ષણ કરો.
Paushak
પૌષક લિમિટેડ
રોડ, વડોદરા—૩૯૦ ૦૦૩
:—
મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર. ગાબટ રોડ, બાયડ.
મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી ડેપા પાસે, મોડાસા
મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશનરોડ, હિંમતનગર.
મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે ઈડર,

Reg. No. GHMR/5 JAGRUTI

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
- યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

Book – Post

To.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ
તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ
રજૂ કરતું પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ)

વર્ષ : ૨૫ જુન–૧૯૮૩

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્ર તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા





આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :	**સ્વર્ગવાસ :**
સંવત ૧૯૩૯ વૈશાખ પુર્ણિમા	સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

✻ ✻ અનુક્રમણિકા

ફરતા રામ

કંઠમાં છે માળા મોટીને ભજે રામ-નામ.
રાખે હાથમાં ધર્મગ્રંથો કરે ધર્મનું કામ
પહેરે છે વસ્ત્રો સાદાંને ટીલાં ટપકાંનો નહી પાર,
મોટે અવાજે બોલે કથા જપે ગાયત્રીના જાપ.
સામે એને કોઈ મળે તો બોલે એ રામ-રામ,
લાગે જાણે મોટો ભગત પણ હોય વિચિત્ર એનાં કામ
જો રાખે વિશ્વાસ એનો તો કરે એ વિશ્વાસઘાત.
ભજે ખેલ એ નારદનો ને હોય હંમેશાં પેટમાં પાપ
ધર્માદાના નામે ઉઘરાવે ફંડ કરે એનાથી પોતાનું કામ
કવિ હેમંત પૂછે આપને કહેવાયને આને ફરતા રામ?

પટેલ હેમંતકુમાર મહેન્દ્રભાઇ
ઓઢવનગર

જય યોગેશ્વર

તંત્રીસ્થાનેથી

સ્વાધ્યાય શું છે ?

સ્વાધ્યાય એ કંઈ તૂત નથી તેમજ "આવ બલા પકડ ગલા" જેવું કોઇ ભૂત નથી સ્વાધ્યાય એ ખરેખર તો પુરાણા ઋષિમુનીઓનો આદેશ છે પરંતુ છેલ્લાં ૧૫૦૦ વર્ષથી પરદેશી પ્રજાઓના આક્રમણથી ભારતીય માનવજીવનમાં વિદેશી સંસ્કૃતિનું સંકરણ થયાંથી આપણે પુરાણા ઋષિમુનીઓના આદેશની ભુલાઈ ગયેલી વાતોને પ. પૂ. પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજી (દાદા) ની પ્રેરણા અને માર્ગદર્શનથી અંધારામાં અટવાયેલા માનવજીવનને પ્રકાશ પુરો પાડવાનો અને જીવનને ઉજ્વળ બનાવવાનો મહામૂલો રાજમાર્ગ છે.

સ્વાધ્યાય એ કંઇ કથા નથી કે જે સાંભળીને છુટી જવાય, સ્વાધ્યાય એ કંઇ ભાષણો કે શબ્દોની માયા જાળ નથી કે જેમાં અટવાઇ જવાય પરંતુ અહીં તો જે સાંભળેલું છે તેને જીવનમાં ઉતારવાની અને એ રીતે જીવનના ઘડતરની એક અનોખી પ્રથા છે.

સ્વાધ્યાય એટલે સમજદારી અને સમજદારી વિનાનો માણસ એટલે માણસ નહીં, સ્વાધ્યાયમાં કોઈ પંથ કે વાડો નથી તેમજ એ કોઇ સંપ્રદાયનો મહિમા-ગાનની કવિતા નથી અહીં જીવનનો સાચો પંથ બતાવવા માનવ માનવને મળે છે. પ્રત્યેક માનવીના જીવનમાં દુર્ગુણો ભારોભાર ભરેલા છે જ તેમ છતાં બીજાના દોષો અહીં જોવામાં આવતા નથી, સુખમાં છલકાઇ જવાનું કે દુખમાં અહી રડવાનું નથી, જે આવી મળે તેમાં સંતોષ માનીને જીવનની અસ્મિતા જાળવી રાખવાની એક પ્રક્રિયા એટલે સ્વાધ્યાય.

"શિક્ષિત વર્ગ" *

નરસિંહ પટેલ
ન્યુ દિલ્હી

આજના કઠિન જીવનમાં શિક્ષિત હેવું એક અનિવાર્યતા બનતી જાય છે. જે સમાજમાં શિક્ષિત વર્ગ વધુ હશે તે સમાજ વધુ પ્રગતિ કરી શકે છે. વર્તમાન સમયમાં શિંક્ષત વર્ગ સમાજને નવું સ્વરૂપ પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ સહયોગ આપી શકે છે શિક્ષિત વર્ગે સમાજની રુઢિવાદી પરંપરાઓને સમાપ્ત કરવામાં પોતાની શિક્ષાનો સદુપયોગ કરવો જોઇએ અને સમાજમાં નવા વિચારો, નવાજ્ઞાન નો સમાવેશ કરવો જોઇએ. આજના જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં શિક્ષણની બોલબાલા છે એ માટે શિક્ષિત વર્ગને સમાજમાં શિક્ષાના પ્રસાદ માટે ભગીરથ પ્રયત્ન કરવો જોઇએ. સમાજને એના અધીકારો અને કર્તવ્ય પ્રતિ જાગરૂત કરવા માટે પ્રયત્ન કરવા જોઇએ. ગ્રામીણ ક્ષેત્રોમાં આજે પણ અશિક્ષા, અજ્ઞાનતા, અંધવિશ્વાસ, ગલત પરંપરાઓ ધાર્મિક આયોજનો તથ, વિવાહ વગેરેમાં અનાવશ્યક ચર્ચાઓ જેવી નિરર્થક વાતો ગ્રામીણોમાં ઘર કરી ગઇ છે તેને દુર કરવા માટે શિક્ષિણ વર્ગ મહાવપુર્ણ કાર્ય કરી શકે છે. શિક્ષત વર્ગને પોતાની ઉચ્ચ શિક્ષા, નવું જ્ઞાન ઉચ્ચ આચાર-વિચાર દ્વારા સમાજમાં નવી અને સરળ પરંપરાઓનો સમાવેશ કરવામાં સહયોગ હેવો જરૂરી છે. આજે આવતા સમાજમાં સ્ત્રી શિક્ષા પ્રતિ ધ્યાન દેવાની જરૂરત છે. સમાજને નવી દિશા દેવાની આવશ્યકતા છે અને આ આવશ્યતાઓને પુરું પાડવાનું કામ શિક્ષત વર્ગનું છે. શિક્ષિત વર્ગે પોતાના કર્તવ્ય પાલનથી સમાજ વધુ સરસ બનાવામાં સમર્થ છે.



શ્રી યોગેશ્વરો વિજયતેતરામ

સમયની સાથે.... *

પટેલ વિશ્રામભાઇ નથુભાઇ
અણીયોરકંપા

આપણા સમાજમાં ચાલુ સાલે ગત માસમાં અને ચાલુ માસમાં લગ્નની મોસમ પુર બહારમાં ખીલેલી જોવા મળી કચ્છથી માંડીને કલકતા તેમજ કન્યાકુમારી સુધી જુદાં જુદા પ્રદેશોનાં ગામોમાં લગ્નસરાની ઉજવણી આનંદ અને ઉલ્લાસ વચ્ચે થઇ રહી હતી. વર્તમાન કાળને અનુસરીને આધુનિક યુગમાં આધુનિક વિચાર ધારાથી ઉજવાતા લગ્ન પ્રસંગોમાં લકઝરી ખર્ચાઓ જોતાં ઘડીભર એમજ થાય કે ભવિષ્યમાં આવો ખર્ચ નિભાવી શકીશું ખરા ?

સમાજની અંદર હરેક સામાજીક પ્રસંગો સાદઇ અને કરકસર યુકત ઉજવામાં આવે તો આજના થતા ખર્ચ માંથી આપણે ઘણી બચત કરી શકીએ હરેક કાર્યને દેખાદેખી વેગ મળે છે. આપણા બહુજન સમાજમાં સમાજની દરેક વ્યકિતની આર્થિક સ્થિતિ એક સરખી સધ્ધર ન હોય તેવા સંજોગોમાં દેખાદેખી કરવામાં આવતાં ખર્ચ મધ્યમ વર્ગના માણસની કમરતોડી નાખે છે. કહેવત છે કે લાંબા સાથે ટુંકે જાય મરે નહી તો માંદે થાય ઉપરોકત ઉકતીને ધ્યાનમાં લઇ આપણા સામાજીક નાના મોટા પ્રસંગોમાં કરકસર યુકત વ્યવહાર કરી બચેલ નાણાંને વ્યાજબી ઠેકાણે વાપરવા પ્રયત્ન કરીયે તો સમાજના હરેક નાના મોટા ભાઇ બહેનો ગર્વપૂર્વક જીવન જીવવામાં આનંદ અનુભવશે.

ઉપરોકત બાબતને સમાજમાં લઇ ધ્યાનમાં લઇ આપણું ઘડેલ બંધારણ પ્રસંગે લેતીદેતીના વ્યવહાર સમાજના એક અદના માણસને પણ પોશાય તેવા ઘડેલ છે. સવાલ છે ફકત અમલ કરવાનો આપ ને કોઇ પણ સામાજીક નાના મોટા પ્રસંગની ઉજવણી કરીયે ત્યારે સમાજના બંધારણ તરફ નજર રાખીને કરીશું તો સમાજમાં આડેધડ થતાં ખર્ચ બચશે અને બચેલાં નાણાં નો સમાજના ઉત્કર્ષ માટે ખર્ચ કરીસુતો આજે સમાજનો જે વિકાસ આપણે જોઈ રહ્યા છીએ તેથી પણ અધીક સુંદર અને વ્યવસ્થિત આપણે જોઇ શકીશુ આપણા સમાજ પર ઇશ્વરે અસીમ કૃપા કરી છે એ કૃપાને જીલવા ઇશ્વર આપણ સૌને સદબુદ્ધિ આપે અને સમાજના ઉત્કર્ષમાં સહભાગી બનીએ એજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

યુવાન પેઢી જાગે....

નટવરલાલ કે. પટેલ
રૂપાલકંપા

માનવ બુદ્ધિશાળી પ્રાણી છે. "Man is a rational animal" એમ આપણે કહીએ છીએ આપણા માં કૃતજ્ઞતા ના ગુણ ખીલે આત્મયતા ... કૌટુંબિક ભાવ પણ વધે મનુષ્યો ... પ્રત્યેનું ભાવઝરણું સુકાઈ ગયું છે. તે ... આચરણથી ફરીથી વહેતું કરવું એ આજની યુવાન પેઢી ની નૈતિક ફરજ બની રહે છે.

આજનો મનુષ્ય કેવી પરિસ્થિતીમાં જીવી રહ્યો છે તે જોવા જો મનુષ્ય મનુષ્ય વચ્ચે ના વ્યવહાર માં ડોકીયું કરીશું તો જરૂર સમજાશે.

એકવાર એક મોટી પેઢીના શેઠ પોતાના બંગલા ના ... માળે બેઠા હતા. શેઠે નીચે એક મજુરને પોતાની સામે ... કારણોસર હસતો જોયો. એટલે શેઠે દૂર થી જ મજુર ને હસવાનું કારણ પૂછયું, ત્યારે મજુરે કહયું શેઠ તમારૂ પેટ મોટી ફાંદવાળું છે તમારા મૃત્યુ વખતે તમારા શબ ને બંગલા ના દાદરે થી કેવી રીતે ઉતારીશુ એ વિચારે હું હસ્યો ત્યાર પછી શેઠે મજુર ના પિતા ને મજુર હસ્યો તે બાબતની વાત કરી ત્યારે મજુરના પિતાએ તેના પુત્ર ને ભલામણ કરતાં કહ્યું, બેટા શેઠ મોટા-માણસ કહેવાય તેને એમ ન કહેવાય.

તે વાત માં તું શું કામ ચિંતા કરે છે શેઠનું શબ નીચે ઉતારી શકાય તેમ નહીં હોય તો ટૂકડા કરીને ઉતારશું આવો જવાબ સાંભળી શેઠે મજુરના પિતાના પણ પિતાજી ને વાત કરી ત્યારે મજુરના દાદાએ પોતાના પુત્રને સલાહ આપતા કહયું બેટા આ શેઠ સામે આવા શબ્દો ન કહેવાય શેઠના શબને નીચે ઉતારવાની પણ કોઈ જરૂર નથી શેઠ નું મકાન છે તો આખુ મકાન જ સળગાવીશુ પછી નીચે લાવવાની જરૂર જ શું છે?

આ ઉદાહરણ દ્વારા આપણે એટલું જાણી શકીએ છીએ કે દાદાથી માંડીને તેમના પૌત્ર સુધી એટલે કે ચાલુ પેઢીમાં આગળથી ચાલ્યા આવતા ખરાબ સંસ્કારો જોવા મળે છે. જો વડીલો બાળકોને સારા સંસ્કાર આપતા હોય તો ચાલુ પેઢીમાં મૂળથી જ ખરાબ સંસ્કારો ડામી દેવામાં આવે તો તેની અસર આગળની ભાવિ પેઢી પર તો ન જ પડે. વર્તમાન પેઢીમાં આવા ખોટા સંસ્કારો દુર કરી સારા સંસ્કારોનું સિંચન કરવું જરૂરી બન્યુ છે. આજે માનવી માનવી વચ્ચેના દ્વેષભાવ વધ્યા છે સૌ માનવી ઓ પોતાનું જ કરવામાં રાચે છે બીજાનું દુઃખ સમજવા પ્રયત્ન કરતા નથી જો જરાપણ સમજવા પ્રયત્ન કરે તો

સુખ:દુખનો અસમંજસ ઉકેલી શકું એમ નથી, આ સમજવાની કોશિશ કરતું રહ્યો છું.

એક વાર હું એક કોલેજનો વાર્ષિક મહોત્સવ જોવા ગયેલો આ કાર્યક્રમ ટાઉનહોલમાં રાખવામાં આવેલો.

કાર્યક્રમ શરૂ થવાની વાર હતી. હું અને મારો મિત્ર એકઠક મેળવી બેસી ગયેલા ત્યાં અગાઉથી પાછલી હરોળમાં એક બહેન પોતાના ૭ થી ૧૭ વર્ષનાં બાળકોને લઈને બેઠા.

હોલ ઠીક ઠીક પ્રેક્ષકોથી ભરાવા માંડયો હતો ત્યારે હોલની પાછળની દીવાલ પરનો "શોકેસ" જોવા ઉત્સુક થતાં બાળકો આતુરતાથી મેળવી તે તરફ દોડી ગયાં. તેવામાં બે યુવાનો અપટુડેટ પોશાકમાં સજ્જ થયેલા એ જગ્યા તરફ આવ્યા અને પેલાં બે બાળકોની જગ્યાએ બેસી ગયા પેલાં બહેને વિનંતી કરી કે "સીટ ઉપર મારાં બાળકો બેઠાં છે જરા હોલમાં આંટો મારવા ગયાં છે. હમણાં આવશે તો સીટ ખાલી કરજો" પરંતુ આજના યુવાનો એટલે પછી શું કહેવાનું ? ૪૨૦ ની ડિગ્રી ઉપર ઉકળી ઉઠયા "અહીં કોઈનું રિઝર્વેશન ન હોય અમે તો બેસવાના."

પેલાં બહેને કહ્યું પણ "મારાં બાળકો મારાથી જુદાં કેવી રીતે બેસશે તમે ખેલદિલ બનો" બહેન કરગર્યાં બહેને રીકવેસ્ટ કરવાં કહ્યું પરંતુ બન્ને યુવાનો પર કંઈ અસર ન થઈ. આ વાતચીત સાંભળી કોલેજના પ્રિન્સિપાલે એ બન્ને યુવાનોને બીજે જગ્યા આપવાની તૈયારી બતાવી છતાંય એ લોકો એકના બે ન જ થયા કાર્યક્રમ શરૂ થવાની તૈયારી હતી માટે વધુ રકઝક યોગ્ય ન હતી પ્રિન્સિપાલે પેલાં બહેનને તથા બાળકોને સાથે બેસવાની બીજે વ્યવસ્થા કરી આપી.

આ છે, આપણી અત્યારની સભ્યતા આજનો યુવાવર્ગ સભ્યતા ભૂલ્યો છે, માનવતા ભૂલ્યો છે બીજા પ્રત્યે કેવો વર્તાવ રાખવો કેવી વર્તણુક રાખવી કઈ સભ્યતાથી વર્તવું એ નથી જાણતો બીજાના દુઃખમાં વધારો કરવામાં જ માને છે કે "I am very happy" પણ એવું સુખ શા કામનું પોતાનામાં રહેલી શક્તિના ઉપયોગ કરી પોતાની પાસે જે કંઈ છે તેમાંથી થોડો ભાગ બીજાના સુખ માટે આપીને સુખદુઃખના સાથી બનવામાં મોટું સુખ રહેલું છે તે કયારેય ન ભૂલવું જોઈએ.



વર્તમાન યુગમાં માનવી માનવી વચ્ચેનો દ્વેષ પ વારસાગત ચાલ્યો આવે છે આજનો યુવાન ધારે તો આજની નવી યુવા પેઢીને બદલીને સારા ગુણોનું

સિંચન કરી શકે તેમ છે આ માટે યુવાવર્ગે તૈયાર થવું પડશે આજે આપણે જોઇએ છીએ કે પરમ પૂજ્ય પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજી પણ આપણા દેશની સંસ્કૃતિની રક્ષા માટે યુવાનોને વિશેષ જાગૃત કરે છે તેનું કારણ શું ?

એનું એજ કારણ છે કે આજના યુવાનો જો પોતાનો માર્ગ સદ્દભાવની વૃત્તિ તરફ વાળશે તો તેના પછીની દરેક પેઢીઓમાં હંમેશ માટે સારા સંસ્કારોનું સિચન થતું રહેશે માટે જ આજે વર્તમાન સમયમાં યુવાનોને ખાસ જાગૃત થવાની જરૂર ઉભી થઇ છે.

આવા કારણોમાં કયારેક બાળકોના માતાપિતાની ગેરવર્ણુતુક જોવા મળે છે આજનો યુવાન ખોટા માર્ગે જઇ રહયો છે તેનાં ઘણાં કારણો જોવા મળે છે. કૌટુંબિક કારણમાં માતાપિતાના સંસ્કાર તેમાં મુખ્ય ગણાવી શકાય. ખરાબ મિત્રોની સોબત ગંદુ વાતાવરણ, વ્યસનોની આદત વગેરે પરીલેખો, યુવાનોને ગેરમાર્ગે દોરે છે, ઉપરાંત ફિલ્મોના રોગ દરેક યુવાનને લાગે જ છે. ફિલ્મોમાં ઘણું રજુ કરવામાં આવે છે યુવાનો શું ગ્રહણ કરે છે ? સેકસ, ચેનચાળા, ખરાબવૃત્તિ કરવી છેડતી કરવી અભિમાન આંધળું અનુકરણ ઉડાઉપણું વગેરે આ બધી પડતી ની નિશાનીઓ છે જેથી યુવાનો પોતાના જીવન ની સાર્થકતા માં બેપરવાહ રહે છે

માટે આજના દરેક યુવ ને સમાજ સામે આવી રહેલી કપરી પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર થવું જરૂરી બન્યું છે લાચારી, દંભ, દીનતા ને દીલ થા હટાવી મા સંસ્કૃતી ને જગાડવનુ કામ યુવાનો જ કરી શકે તેમ છે ખોટી ખુમારી ને દુર કરી પોતાનું સર્વસ્વ જીવન આજની વણસતી જતી અમૂલ્ય સંસ્કૃતીના વિકાસ માં ફાળવશે તોજ ભવિષ્ય ની પરિસ્થિતિ સામે કંઇક કરી શકીશું,

યુવાનોની શકિત રાષ્ટ્ર સમાજ કે માનવજાત માટે ઉપયોગી બનશે તોજ આપણે દેશને અને સમાજને સમુધ્ધ બનાવી શકીશું.



ધરમ કરતાં ધાડ પડે તો ...?

સંકલનઃ— જ્ઞાનદેવકુમાર સી. પટેલ
(લખતગઢ

એક વખત ગાડીની મુસાફરી દરમિયાન ગાડી અમુક સ્ટેશન છોડી દિલ્હી તરફ પ્રયાણ કરી રહી હતી. ત્યાં વચ્ચે કોઇ સ્ટેશનેથી એક યુવતી ડબ્બામાં ચડી સાથે થોડો સામાન અને હાથમાં સાચવીને પકડેલ એક ટુવાલ હતો જે તેણે બાજુમાં મુકયો ડબ્બામાં ખાસકોઇ ગિરદી નહોતી.

થોડીવાર બાદ ગાડી આગળના સ્ટેશને ઊભી રહેતા તે યુવતી કયારે તેને ટુવાલ ભુલીને ઊતરી ગઇ તેનો કોઇને ખ્યાલ સુધ્ધાં રહ્યો નહિ સાથે બેઠેલા એક ભાઇને થયુ કે કદાચ પાણી પીવા નીચે ઊતરી હશે, પણ ગાડી ઊપડી અને બીજા સ્ટેશને ઉભી રહી છતાં તે આવી નહિ એટલે તેનો ટુવાલ રેલવે પોલીસમાં આગલા સ્ટેશને આપી દેવા તેજ ભાઇએ તે ટુવાલ લેવાની કોશિશ કરતાં જણાયુ કે તેમાં કાંઇક વીંટાળેલું છે. ફંફોળીને જોતાં માલુમ પડયું કે અંદર તાજુ જ જન્મેલુ બાળક અર્ધ બેભાન અવસ્થામાં પડયુ હતુ !

આગલુ સ્ટેશન મોટૂ હોઇ પોલીસને જાણકરતાં તો ધરમ કરવા જતાં ધાડ પડયા જેવુ થયું. પોલીસે તરત પુછ–પરછ શરૂ કરી અને તે ભાઇ ને જ અટકમાં લેવાનો પ્રયાસ કર્યો જાણે તે બાળક તે ભાઈનું જ ન હોય ડબ્બામાં બેઠેલા પેસેન્જરોએ ખાતરી આપ્યા બાદ પોલીસે તે ભાઇનુ નામ–ઠેકણું નોંધી લઇ બાળકની સંભાળ લીધી

આમ ઘણીવાર પ્રામાણિક પણુ બતાવવા જતાં અણધાર્યું પરિણામ આવી જાય છે.

卐 શુભ લગ્ન 卐

ડાલપુરકંપા

દાલપુરકંપા નિવાસી પટેલ ડાહ્યાભાઇ ભીમજીભાઇના સુપૂત્રી ચિ ચંદ્રિકાબેન ના શુભ લગ્ન રૂપાલકંપા નિવાસી પટેલ કરશનભાઇ શીવજીભાઇ ના સુપુત્ર ચિ. નટવરલાલ સાથે તેમજ ભુજપૂરાકંપા નિવાસી પટેલ રવજીભાઇ મુળજીભાઇ ના સુપુત્ર ચિ હરીલાલ નાં શુભ લગ્ન ડાહ્યાભાઇ ભીમજીભાઈ ના સુપુત્રી ચિ જયાગોરી સાથે ગત તારીખ ૨–૫ ૮૩ના રોજ અગ્રગણ્ય વડીલો યૂવામિત્રો આમંત્રિત મહેમાનો તેમજ સગાં સબંધીઓની હાજરીમાં ધામધુમપુર્વક ઉજવવમાં આવ્યાં હતાં પધારેલ સૌ મહેમાનોએ નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા

"અમૃતવાણી"

સંકલન ગણપતલાલ વી. પટેલ
એડવોકેટ, તખતગઢ

તખતગઢ (હડમતીય કંપા) મુકામે વેદાન્ત આશ્રમ વલાદના પ. પુ. સ્વામીશ્રી કૃષ્ણાનંદજી મહારાજના વ્યાસ પદે યોજાયેલી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞમાંથી કેટલાક વિણેલા પુષ્પો.

- જીવ અને બ્રહ્મની એકતા એ શ્રીમદ્ ભાગવતનું પરમ લક્ષણ છે,
- જે કોઇ આ શ્રીમદ્ ભાગવતનું શ્રવણ અને મનન કરશે તે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય દ્વારા મોક્ષ પ્રાપ્ત કરશે.
- બ્રહ્મજ્ઞાનીઓમાં સંસારના ઝેર ઉતારવાની પુરી તાકાત છે પણ જો તે લાલચુ ન બને તો.
- સંસાર એક સ્વપ્નું છે, માટે મોહ માયા છોડો અને મોક્ષને માર્ગે વિચરો.
- ધર્મ એ મનુષ્યનું સાચું ધન છે. વિષયની અપેક્ષા એ દુઃખ છે.
- આત્મા અને પરમાત્મામાં ભેદ બુદ્ધિ ન રાખવી તે ઉતમ વિદ્યા છે. ભક્તિ પ્રાપ્ત થવી તે પરમ લાભ છે.
- કોઇના ગુણ કે દોષ જોવા એ દોષ છે અને કોઇના ગુણ કે દોષ ન જોવા એ ગુણ છે.
- સત્સંગરૂપી હોડી કદાપી જુની થતી નથી અને મોટા વમળમાં પણ ડુબતી નથી સત્સંગરૂપી સુર્ય અવિદ્યરૂપી અંધારાનો અને ભવના ભયનો નાશ કરે છે. અને પછી જીવમાં ચિત્પ્રકાશ થાય છે.
- શ્રીમદ્ ભાગવત એ આધ્યત્મીક સંસ્કારનો ગ્રંથ છે એ કંઇ વાર્તાનો ગ્રંથ નથી.
- જીવને બંધ અને મોક્ષનું કારણ મન છે મન જ્યારે વિષયોમાં આશક્ત થાય છે ત્યારે તેને બંધન થાય છે અને જ્યારે તે ભગવાનમાં લાગે છે ત્યારે તેને મોક્ષ મળે છે.
- આત્મા નિત્ય છે શરીર અનિત્ય છે પણ અનિત્યથી નિત્યની પ્રાપ્તિ છે તેથી જ માનવ શરીરનો મહિમા છે
- આ સંપૂર્ણ જગતએ ભગવાનનુ સ્વરૂપ છે આ જગતમાં જો કંઇ પ્રકાશીત થાય છે તે પરમાત્માથી પ્રકાશે છે
- માન આપવામાં કરકસર ન કરશો. પણ માન લેવામાં કરકસર કરજો
- નાનામાં નાનું કામ કરવાની જેને નાનમ ન લાગે તેનું નામ મોટાઇ છે.
- શ્રીમદ્ ભાગવત એ સઘળાં વેદાન્તોનો સાર છે શ્રીમદ્ ભાગવતએ વેદનું ફળ છે

સોબત તમારી અમોને મળી છે

પટેલ જયંતીભાઈ વી. (F. Y. B. A.)
કંપા કંપા

હજારો જીવનને દિશા સાંપડી છે.
હજારો કળી પુષ્પ થઈને ખીલી છે.
નૌકા હજારો કીનારે ગઈ છે.
સોબત તમારી અમોને મળી છે.

ખુમારી ને જાણે બીમારી ચડી'તી
અને અસ્મીતા રાખ થઈને ઉડી'તી
હવે તો નવી રોશનીની ચમક છે.
સોબત તમારી અમોને મળી છે.

ભૂલ્યા રાષ્ટ્ર ગૌરવ બન્યા સ્વાર્થ સાધું.
હણ્યા નિજના માનવ લૂંટીને છે ખધું,
હવે પ્રેમની હુંફ સૌને મળી છે.
સોબત તમારી અમોને મળી છે.

તુટયાં કેન્દ્ર શ્રદ્ધા તણાં આ ભૂમિપર
વધ્યાં ભોગ સ્થાનો પ્રભુની ધરા પર
હવે ભવાની મ્હેક સઘળે રમી છે;
સોબત તમારી અમોને મળી છે.

અધર્મે ધર્યો વેશ ધર્મનો જયારે
વળી પાપ પણ જયાં પ્રતિષ્ઠાને પામે,
તમે ધર્મ જોવાની દૃષ્ટિ દીધી છે.
સોબત તમારી અમોને મળી છે.

યૌવન ચઢયું તું ખુમારીના માર્ગે,
કિસ્મત ને સંસ્કાર સઘળું'ય બાળે,
હવે આગ જયોતી બનીને જલી છે
સોબત તમારી અમોને મળી છે

નિરાશા ગઈ આશ જયોતી રહી છે.
હતાશા મરી કર્મ ધારા વહી છે.
હવે શૌર્યને પણ ગતિ સાંપડી છે.
સોબત તમારી અમોને મળી છે.

જાણુવા જેવું ❋

પટેલ નરસિંહભાઇ મુળજીભાઇ
તખતગઢ – સરતાનપુર

- સંત શિરોમણિ રામચરિત માનસના લેખક કવિ તુલસીદાસ
- વિશ્વકવિ ગીતાંજલિના — લેખક રવિન્દ્રનાથ ટાગોર
- પંજાબ કેશરી — લાલા લજપતરાય
- વીર પુરુષ — દુર્ગાદાસ
- 'સ્વરાજ મારો જન્મસિધ્ધ હકક છે. — લોકમાન્ય ટીળક
- વિશ્વનું સૌંદર્ય — મહેર ઉન નિસા
- દેશબંધુ રાષ્ટ્રપ્રેમી — ચિતરંજનદાસ
- લોખંડી પુરુષ — સરદાર વલ્લભભાઇ
- "ચલો દિલ્હીના ઘોષ કરનાર — સુભાષચંદ્ર બોઝ"
- શીખ ધર્મના ગુરુ — ગોવિંદસિંહ
- સાદાઇની સાક્ષાત મૂર્તિ — મહર્ષિ ટંડનબાબુ
- મ્હૈસુરનો વાઘ — ટીપુ સુલતાન
- ગુજરાતના આદ્ય કવિ — નરસિંહ મહેતા
- 'ગઢ આવ્યો પણ સિંહ ગયો — તાનાજી સરદાર
- આદર્શ વીરપુત્રની માતા — જીજાબાઇ
- ધર્માંધ રાજનીતિજ્ઞ — ઔરંગઝેબ
- હિન્દુમત પાદશાહી ના સ્થાપક — છત્રપતિ શિવાજી
- સ્વરાજ્યનો પ્રથમ મંત્ર ફૂંકનાર — દાદાભાઇ નવરોજજી
- ખાલસાનીતિ દાખલ કરનાર — ડેલહાઉસી
- અંગ્રેજી કેળવણીના સ્થાપક — મેકોલે
- ઉદ્યોગોના પિતા — જમશેદજી તાતા
- ભારતને આઝાદી અપાવનાર — મહાત્મા ગાંધીજી
- "ભારત સેવકસંઘ" ના સ્થાપક — ગોપાળકૃષ્ણ ગોખલે
- ભારતના ઇતિહાસમાં અજોડ સેનાપતિ — તાત્યા ટોપે
- મુંબઇના બેતાજ બાદશાહ — ફિરોજશાહ મહેતા
- પ્રજાસત્તાક ભારતના પ્રથમ રાષ્ટ્ર પ્રમુખ — ડૉ. રાજેન્દ્રબાબુ
- ભક્તિ પારાયણ પ્રજાપ્રેમી — અહલ્યાબાઇ
- હિંદનાં આંતરરાષ્ટ્રીય રાજપુરુષ — પં. જવાહરલાલ નહેરુ

ગઝલ ✱

સંકલન : પટેલ નટવરલાલ ડાં
હારપુરાકંપા (આણેયાર)

વેદનાની લીલી ડાળીએ ફૂલ બની ખીલેલાં તે આપણે
ને ભર વસંતે હાય! એ મૂંઝાઈ ગયા તે આપણે
ગુલમહોર બની મહોરી ઉઠવા ચાહતા તે આપણે
ને ઝાડના ઠૂંઠા બની ખોડાઈ ગયા તે આપણે
લીલોતરી પાછળ છૂપાયેલા રણ હતા તે આપણે
ને મૃગજળ પાછળ એ હરણ ભટકતાં તે આપણે
સાગર સરિતાના મિલનને સતત સેવતા તે આપણે
ને નદિના એ વિખૂટા તટ સમા ચાલતા તે આપણે
આશાની ઈમારતની તૂટેલી એ દિવાલો તે આપણે
ને ક્ષિતિજે ધરા આકાશ મળતાં નો અભ્યાસ તે આપણે
આ જન્મે જીવતે જીવનમળી શકયાં તે આપણે
ને એટલે શબ્દો બની ગઝલમાં ગુથાયાં તે આપણે

જય યોગેશ્વર

અસ્તુ

ઉદારતાનો નતીજો ✱

સંકલન : હસમુખકુમાર વી. પટેલ
(તખતગઢ)

મારો મિત્ર એક વાર સાંજે ફ્લોરા ફાઉન્ટનથી દાદર બસમાં આવી રહ્યો હતો બસ ખીચોખીચ ભરેલી હતી. ત્રણ ચાર સ્ટોપ સુધી તો કોઈ ઉતર્યું જ નહિ.

ઠાકુરદ્વારના સ્ટોપ પરથી ઉમર વટાવી ગયેલા એક પારસી ગૃહસ્થ બસમાં ચઢયા. જગ્યા માટે અહીં તહીં નજર દોડાવવા લાગ્યા. મારા મિત્રે તેમને પોતાની જગ્યા પર બેસવા જગ્યા કરી આપી તે પારસીભાઈ ખુબજ ખુશ થયા ને કહેવા લાગ્યા કે દીકરા હું રોજ બસમાં જાઉ છું પણ કોઈએ એક પણ દીવસ મને બેસવા જગ્યા આપી નથી. તારુ ભલુ થાય.

આજ મિત્ર એકવાર રવિવારે અંધેરીથી બોરીવલી બસમાં પ્રવાસ કરી રહ્યો હતો ત્યારે એમને આથી ઉલ્ટો અનુભવ થયો ૩૦ ૩૫ વર્ષના એક ગુજરાતી (અમદાવાદી) બહેન તેમના બે એક વર્ષના બાળકને લઇ ગોરેગાંવના સ્ટોપથી બસમા ચઢયાં. મારા મિત્રએ સ્ત્રી સન્માન દાખવવા ઉભા થઇ કહ્યું બહેન ! મારી જગ્યાએ બેસી જાઓ, તો તે બહેને શો જવાબ આપ્યો. ખબર છે કહે કે બેસને હવે મોટો વડો થાય છે તે ! જોયો મોટો જગ્યા આપવા વાળો મિત્રનું મોઢુ પડી ગયું.

'લેડીઝ ફ્રસ્ટ' નો જમાનો હવે ગયો જ બહુ ઉદાર થવાનો આ વખત નથી આ જમાનામાં ઉદાર થવું નકામું છે.

ઘર ઘરમાં નોકર થઈ ગયા ✱

— કવિ પટેલ
(ન્યુ દીલ્હી)

— ચુંડીગઈને ચંદલો, સોનાના કંકણ ગયા;
એ હજાર રૂપિયે સોનું થતા, પ્લાસ્ટીકના કંગન થઈ ગયા.
— નાકની નથની ગઈ કાંપ કાનેથી ગયા;
એ કાનપર હિરેઈનના. ઝુમ્મર લટકતાં થઈ ગયા.
— પગથી ગયા છે. સાંકળા, દસ શેરના કડલાં ગયા;
અસલી પગરખાં ગુમ થયાં, ઘર ઘરમાં ચંપલ થઈ ગયા.
— કુવા તણાં કાંઠા ગયા, તેથી તો દિ' માઠા થયા;
નારીનું દુઃખ ભાંગવા, ઘર ઘરમાં નળ થઈ ગયા.
— પ્રભાતના પ્રભાતિયાં ગયાં. ને ભજનિયાં ભૂલી ગયાં;
આજે લગ્નોમાં ફિલ્મી ગીતો ગાતાં સૌ થઈ ગયા.
— ગાલની લાલી ગઈ, ને હોઠ ગુલાબી ગયા;
મનને મનાવી રાખવા, પાવડર લપેડા રહી ગયા.
— હાથે દળેલા લોટના, ગુણો બધા ભુલાઈ ગયા:
ડોસી તણી ઘંટી જતાં, દળવાના સંચા થઈ ગયા.
— મહેનત મજુરીના ગમે સૌ હાડકાં હરામ થયાં;
શેઠાણીઓની મદદમાં ઘર ઘરમાં નોકર થઈ ગયા.
— મંદિરમાંથી પુજારી ગયા. તેથી તો ભગવાન નારાજ થયાં;
ભક્તોના મન મનાવવા, ઈન્સાન ભગવાન થઈ ગયા.
— "કવિ" કહે જમાનો ખરાબ. ચીજો બધી થઈ મોંઘી;
પંચ ત્યાં પરમેશ્વર, આ વાત જરાય નથી ખોટી.

★═══★

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરાને આવેલ લગ્ન પ્રસંગે ભેટ નીચે મુજબ છે.

૨૫-૦૦	ધીરજલાલ શીવજીભાઈ	પટેલ	રામપુર (આંતરોલી)
૫૧-૦૦	બહેચરભાઈ મુળજીભાઈ	"	મોતેસરી
૫૧-૦૦	જેઠાભાઈ હરીભાઈ	"	રામસીકંપા
૧૦૧-૦૦	જશુભાઈ જેઠાભાઈ	"	ચરડીકંપા
૫૧-૦૦	ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ	"	મોતેસરી
૨૫-૦૦	મણીલાલ પુંજાભાઈ	"	દોલપુરકંપા

સમાચાર દર્શન

શ્રી પટેલ ખીમજી લખમશી
પ્રમુખશ્રી, અખિલ ભારતીય
કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ, કલકતા

સાબરકાંઠા ગુજરાત સમાજના આગેવાન સક્રિય કાર્યકર અને જાગૃતિ માસિકના પ્રકાશક શ્રી વિશ્રામભાઇ નથુભાઇએ કલકતા મધ્યે આપણા સમાજની સમાજવાડીની મુલાકાત કલકત્તાના આગેવાન યુવાન કાર્યકર અને અ. ભા. ક. ક. પા. યુવક સંઘના પ્રમુખ શ્રી પટેલ ખીમજી લખમસી સાથે લીધેલ સમાજવાડીમાં સમાજના ઉપ-પ્રમુખશ્રી કરશનભાઈ જેઠાભાઇ પટેલ, મંત્રીશ્રી પટેલ અખેરાજભાઇ વાલજીભાઈ, સહમંત્રીશ્રી તુલસીદાસ કેશરાભાઈ, ટ્રસ્ટી મંડળના વાઈસ ચેરમેનશ્રી કાન્તિભાઇ નારાયણ અને સમાજના આગેવાન કાર્યકરશ્રી પટેલ દાનાભાઇ દેવસી તથા પટેલ મેઘજીભાઇ રામજી વિગેરે ભાઇઓએ તેમનું સ્વાગત કરેલ સમાજના કાર્યનો આછો ખ્યાલ મંત્રીશ્રી એ આપેલ અને સમાજની વિશાળવાડીનું પરદર્શન કરાયેલ સમાજવાડીની વ્યવસ્થા અને સગવડો જોઇને પ્રકાશકશ્રીએ ખુશી વ્યકત કરેલ અને સમાજની ઓફીસમાં બેસી ગુજરાત સમાજની પરિસ્થિતીથી વાકેફ કરેલ તેમજ આપણા સમાજનું પચ્ચીસ વર્ષથી ચાલતું ધનસુરા ગુજરાતથી પ્રકાશિત થતું માસિક 'જાગૃતિ' પત્રને વધુ વેગવાન, લોકપ્રિય બનાવવા માટે અને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટેના પ્રયત્ન કરવા આપણા સમાજના દરેક ભાઇઓની પવિત્ર ફરજ છે. કલકત્તા સમાજના ભાઇએ.એ શરૂઆતમાં આજીવન ગ્રાહક કરી આપેલ તે મટે ધન્યવાદ આપેલ. તેમણે યુવકસંઘના પ્રમુખશ્રી અને ખજાનચીશ્રીને ખાસ વિનંતી કરેલ કે યુવક સંઘની આગામી મળનાર સભામાં 'જાગૃતિ' માટે કંઇક (ઠાસ) નિર્ણય લેવો જોઇએ તેમ ભાર પુર્વક જણાવેલ.

તેમજ તેઓશ્રીએ જણાવેલ કે ડીસેમ્બર ૮૩ માં જાગૃતિ માસિક તેનાં પચ્ચીસ વર્ષ પુરાં કરે છે તો આગામી વર્ષમાં જાગૃતિ માસિકની 'રજત જયન્તિ' ઉજવવી અને સદર વર્ષ 'ગ્રાહક વૃધ્ધિ' વર્ષ તરીકે ઉજવવું યુવક સંઘના પ્રમુખશ્રી તેમજ ખજાનચીશ્રીએ ખાત્રી આપેલ કે આગામી સભામાં આ વિષે જરૂર ચર્ચા વીચારણા કરી આપણે બધા સાથે બેસી નિર્ણય લઇશું અન્તે ચા-પાણી લીધા બાદ સૌ છુટા પડયા.

અસ્તુ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરા સંચાલિત

શ્રી અ ર. એસ. ધોળુ વિ. ભવન તથા માવાણી એ ડ વેલાણી કન્યા છાત્રાલયના છાત્રોના ઉ યેગ ાટે ઘઉં દાનમાં આવેલા તેની યાદી ૧૯૮૩-૮૪ના વર્ષ માટે તા. ૧૦-૫-૮૩

અ નં.	ઘઉં આપનારનું નામ		ગામનું નામ	ઘઉં કીલો
૧	શ્રી ભીમજીભાઇ જેઠાભ ઇ પટેલ		દોલપુર	૩૨૧
૨	શ્રી કાંનજીભાઈ પુંજાભાઇ	,,	,	૪૧
૩	શ્રી પ્રેમજીભાઇ ગોપાલભાઇ પટેલ		બાંણીક પા	૨૦
૪	શ્રી હરીભાઇ ગોપાલભાઇ પટેલ		,,	૨૦
૫	શ્રી રાજાભાઈ ,,	,,	,,	૨૦
૬	શ્રી બાબુભાઇ ,,	,,	,,	૨૦
૭	શ્રી ગોપાલભાઇ	,,	,,	૧૦
૮	શ્રી મણીભાઇ પુંજાભાઇ	,,	દોલપુરકંપા	૪૦
૯	શ્રી ખેતસીભાઇ ,,	,,	,,	૪૦
૧૦	શ્રી સાંમજીભાઇ પેથાભાઇ	,,	દોલપુરમોટા	૨૦૧
૧૧	શ્રી નાંનજીભાઇ માધવજીભાઇ	,,	,,	૧૦૧
૧૨	શ્રી પ્રેમજીભાઈ સાંમજીભાઇ	,,	,,	૧૦૧
૧૩	શ્રી જેઠાભાઇ ભાંણજીભાઇ	,,	,,	૫૦
૧૪	શ્રી કાંનજીભાઈ રાંમજીભાઈ	,,	,,	૧૦૧
૧૫	શ્રી કરમશીભાઇ વાલજીભાઇ	,,	,,	૧૦૧
૧૬	શ્રી પેથાભાઇ હીરજીભાઇ	,,	,,	૫૦
૧૭	શ્રી હરીભાઇ રતનભાઇ	,,	ઓરીયા ટીંબા	૧૦૦
૧૮	શ્રી અરજણભાઇ વસરામભાઈ	,,	,,	૨૦
૧૯	શ્રી અંબાલાલ રતનાભાઇ પટેલ		,,	૨૦
૨૦	શ્રી મણીભાઇ ,,	,,	,,	૨૦
૨૧	શ્રી હરીભાઇ સવજીભાઈ	,,	,,	૨૦
૨૨	શ્રી કાનજીભાઇ હંસરાજભાઇ	,,	,,	૨૦
૨૩	શ્રી હરદાસભાઈ માવજીભાઇ	,,	,,	૨૦
				૧૪૫૭

ખુશ ખબર

સો મીલ માલીક તેમજ ઉદ્યોગપતિઓને

દક્ષિણ ગુજરાતમાં ઝડપથી વિકાસ પામી રહેલ નવસારી શહેરમાં ધોરી હાઈવે રોડ ઉપર મેઘદૂત મીલની બાજુમાં અને ટાટા એડવાન્સના નવા પ્લાન્ટની બરાબર સામે આકાર લઈ રહેલ ઔદ્યોગિક વસાહતમાં સો મીલ તથા અન્ય ઉદ્યોગ માટે વહેલા તે પહેલાના ધોરણે પ્લોટ નોંધવામાં આવે છે. સો મીલ માટે સહેલાઇથી કાચો માલ મળવાને કારણે એક ટીમ્બર માર્કેટ પણ ઉભું કરવામાં આવનાર છે

સાથે સાથે સૂચિત સ્થળને અડીને રહેઠાણની વ્યવસ્થા માટે સોસાયટી પણ બનાવવામાં આવનાર છે ઔદ્યોગીક વસાહતમાં પ્લોટ ધરાવનાર આપણા જ્ઞાતિ ભાઇઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

— વધુ વિગત માટે મળો અથવા લખો. —

સંપર્ક — ☎ નં. ઓફિસ :- ૫૩૯૨૧, ઘર : ૩૯૬૫૬૯
૩૯૬૫૯૩

જેઠાભાઇ પુંજાભાઇ પટેલ

C/o શ્રી ગીતા વુડ વર્કસ એન્ડ સો મીલ

ગીતા મંદિર લાટીબજાર વિભાગ-૩ માં
અમદાવાદ — ૩૮૦૦૨૨



ખેડૂત ભાઇઓને ખુશ ખબર



નીલગીરીની ખેતીમાં રસ ધરાવતા ખેડુત ભાઇઓને જણાવવાનું કે ખરાબાની શેઢા પાળાની કે ખુણાની ટુકી વળામણો વાળી કે મજુરોના અભાવ હોય ત્યાં પીયત કે બીનપીયત વાળી જમીનમાં ઓછા ખર્ચે ચાલુ ખેતીની આવક પાંચ જ વર્ષના ટુંકાગાળામાં ૪ થી ૫ ગણી આવક મેળવવા માટે નિલગીરીની સારી અને સુધારેલ જાતનું વાવેતર કરો.

વાવેતર કરવા માટે અમારે ત્યાંથી સારી અને સુધારેલી જાતોના રોપા મેળવો.

તદઉપરાંત સુબાવળ તથા સુરતી (શાહ) બોર ના કલમ કરવા માટેના રોપા છુટક તથા જથ્થાબંધ થેલીમાં વ્યાજબી ભાવે મળશે. દાડમ, દ્રાક્ષ, જામફળ અને કાગદીલીંબુ ના છુટક રોપા મળશે.

રોપાની ખરીદી માટે તાત્કાલીક મળો યા લખો.
જોઇએ તે મુજબ નોંધ કરાવી જાવ


ખાસ નોંધ : નીલગીરીના વાવેતર કે કટીંગ પર સરકારી કોઇ ટેક્સ નથી.


પીયતમાં જેમ બને તેમ વહેલી વાવેતર કરો કે જેથી વરસાદનું બધું જ પાણી મજરે લાગે

— રોપા મેળવવાનું સ્થળ —

બાબુભાઇ કે. પટેલ

તલોદ રોડ, મુ. પો. વડાગામ, બોરકંપાની બાજુમાં દયાનંદ ફાર્મ
તા. મોડાસા, જી. સા. કાં., ફોન નં. ૭૮ (વડાગામ)
C/o એસ. એસ. પટેલની ઓફીસે (પત્રવ્યવહાર માટે)


અમદાવાદમાં કાપડ ને
—અદ્યતન શો રૂમ
STAPLE
EMPORIUM
સ્ટેપલ
એમ્પોરિયમ
શુટીંગ * શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ
તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.
પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા,
તા. જિ. ગાંધીનગર.
શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં. ૮૨૬૫૫૧
૮૨૬૫૫૨
૮૨૬૪૪૭
૩૭૪૪૭૧
બેન્ડ સા એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
રીપેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



"શાર્પેક્ષ" બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે બે માણસોની સહાયથી આડા વાઢ કાપવા માટે ઘણું અનુકુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત "શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન" વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.


બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કસ

એલ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

વધુ પુછપરછ અને માહિતી માટે
મળો યા લખો:
શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ૬૨૨૪૩

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વર્કસ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ
* ભારત વુડ વર્કસ ગીતામંદિર, અમદાવાદ-૨૨
  નો એન્જીનીયરીંગ વિભાગ



સમય અને
મહેનત
બચાવો *

પોકાર

નું
ઇલેકટ્રીક પાવરથી
ચાલતું

છાસ.

બનાવવા
માટેનું

વલોણા
યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

—: વિક્રેતાઓ :—

(૧) આશા ઓટોમોબાઇલ્સ ભુજ
(૨) મહાલક્ષ્મી વાઈન્ડીંગ વર્કસ ડેમાઇ
(૩) અંબિકા ફર્ટિલાઇઝર્સ ખેડબ્રહ્મા
(૪) શ્રેયસ એજન્સી રાજકોટ
(૫) હસમુખ એન્જીનીયરીંગ કું. વિસાવદર
(૬) શ્રી રામ સ્ટોર્સ નખત્રાણા
(૭) મોહનલાલ એન્ડ બ્રધર્સ વિરાણી
(૮) ખેડૂત બીજ કોર્પોરેશન ગોંડલ
(૯) પેરેડાઇઝ ઇલેક્ટ્રીકલ્સ મોડાસા

● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**

લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, નાગરવેલ હનુમાન રોડ, રખીઆલ
અમદાવાદ—૩૮૦ ૦૨૩૮,


સો મીલ માલીકો માટે ખુશખબર
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક બેન્ડસો બ્લેડ શાર્પનીંગ મશીન
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહેછે. અને બેન્ડસો બ્લેડ ચાલેછે
● ઝડપી અને સફાઇદાર વહેરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એંજીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩

ઓછા ખર્ચે વધુ ઉત્પાદન



વર્ધકનો સમયસરનો છંટકાવ કળી. ફૂલ અને ફળનો બેસાર વધારે છે. અને અકાળે ખરતાં અટકાવી તેમનો વિકાસ સારો કરે છે. કપાસ, મગફળી, ઘઉં, ડાંગર, આંબા, જામફળ, ચીકુ, મરચી, રીંગણ વગેરેનું વધુ ઉત્પાદન લેવા માટે સંવર્ધક પ્રવાહી સ્પ્રે.

Paushak

પૌષક લિમિટેડ
એલેમ્બિક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૩.

સ્ટોકીસ્ટ :—

મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર. ગાબટ રોડ, બાયડ.
મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી ડેપા પાસે, મોડાસા
મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશનરોડ, હિમતનગર.
મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે ઈડર.

JUNE '83 Reg. No. GHMR/5 JAGRUTI

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.
પીન. ૩૮૩૩૧૦

Book - Post

To.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.



★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ
તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ
રજુ કરતુ પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ)

વર્ષ : ૨૫ જુલાઈ-૧૯૮૩

卐 જાગૃતિ 卐

માસિકના નિયમો *

દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.

વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૨) પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂ. ૧ ૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૨૦૧) પરદેશમાં રૂ. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે

પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂ સરનામું લખવું જરૂરી છે.

કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.

- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા





આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પુર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ સોમ

અનુક્રમણિકા

તંત્રીસ્થાનેથી

પ્રભુની કૃપા—કરુણા

પ્રભુની કૃપા આગળ કોણ લાયક કે કોણ નાલાયક છે? સૌ કોઇ એક જ માતાનાં બાળકો છે. સૌ પ્રત્યે તેનો પ્રેમ એકસરખી રીતે વહે છે. પરંતુ પ્રત્યેકને આ તેની પ્રકૃતિ અને ગ્રહણ-શકિત પ્રમાણે આપે છે

એક દિવસની અંદર આપણે કેટકેટલી વાર પ્રભુની ઇચ્છાથી ઊલટાં કર્મો કરીએ છીએ! છતાં એ બધાંનું નિવારણ કરવાને પ્રભુની કૃપા હંમેશાં અવતરતી રહે છે.

આપણે કેવળ ભગવાનની કરુણા ઉપર જ આધાર રાખતાં શીખવું જોઈએ અને સર્વ સંજોગોમાં તેની સહાયને માટે સાદ કરવો જોઇએ. એમ થતાં તે કૃપા સતત ચમત્કારો કરી બતાવશે.

અસફળતામાં પણ અને સફળતા માંય તે ભગવાનની કૃપા હંમેશાં ઉપસ્થિત હોય છે.

જ્યારે તમે તમારી અંગત શકિતમાં વિશ્વાસ ગુમાવી બેઠા હો ત્યારે પ્રભુની કરુણા ઉપર વિશ્વાસ રાખવો જોઇએ.

કેવળ ભગવાનની કૃપા જ શાંતિ, સુખ. શકિત જયોતિ, જ્ઞાન, આનંદ અને પ્રેમ એના સાર અને સત્ય સ્વરૂપમાં આપી શકે છે.

પ્રભુની સંપત્તિ

આ સ્થૂલ જગતમાં માણસોને મન પ્રભુની ઈચ્છા કરતાં પૈસો વધારે પવિત્ર હોય છે.

સંપત્તિ કોઈની માલિકીની નથી સંપત્તિ પરના માલિકભાવે તમામ બાબતોને અસત્ બનાવી દીધી છે. સંપત્તિ તમને આપવામાં આવેલું, કાર્ય માટેનુ ઉપકરણ છે..શકિત છે.

તમારે સંપત્તિનો 'દાતાની ઈચ્છા મુજબ' અર્થાત્ બિનઅંગત અને પ્રબુદ્ધ રીતે ઉપયોગ કરવો જોઇએ. તમે જો સંપત્તિના ઉપયોગ અને વિતરણ માટેના એક સારા સાધન હો તો સંપત્તિ તમારી પાસે આવે છે અને એનો ઇષ્ટ ઉપયોગ કરવાની તમારી શકિતના પ્રમાણમાં આવે છે.

સંપત્તિ એક સામુદાયિક સમૃદ્ધિ છે, જેનો ઉપયોગ કેવળ એવા લોકો દ્વારા જ થવો જોઇએ જેમની પાસે કેવળ સર્વતો મુખી, સર્વ દેશીય અને વૈશ્વિક દૃષ્ટિ જ નહિ પણ મૂળગત રીતે સાચી દૃષ્ટિ હોય; અર્થાત્ એમાં વિશ્વવ્યાપી પ્રગતિને અનુરૂપ ઉપયોગ અને કેવળ જેને તરંગી ઉપયોગ કહી શકાય એ એની વચ્ચે વિવેક કરવાનું સામર્થ્ય હોવું જોઇએ.

પ્રાર્થના

આપણું સઘળું જીવન પ્રભુને સમર્પિત થતી પ્રાર્થનારૂપ હોવું જોઇએ.

પ્રભુ માટે કામ કરવું એ ટલે શરીરથી પ્રાર્થના કરવી.

આપણી નિરંતર પ્રાર્થના હો કે ભગવાનની ઈચ્છાને સમજી શકીએ અને એ અનુસાર જીવન જીવી શકીએ.

સવારે ઉઠતી વખતે આપણે દરરોજ પૂર્ણ સમર્પણના દિવસ માટે પ્રાર્થના કર્યા કરીએ.

સુતાં પહેલાં દર રાત્રિએ આપણે એ પ્રાર્થના કરવી જોઇએ કે દિવસમાં આપણે જે ભૂલ કરી તે ભવિષ્યમાં ફરીથી ન થાય.

ભગવાનની કૃપાની આગળ કરેલી તીવ્ર અને સાચી પ્રાર્થના કદી વ્યર્થ જતી નથી...પ્રત્યેક પોકારનો ઉત્તર મળે છે...પરંતુ એને ભૌતિક રૂપમાં સિદ્ધ થતાં કેટલોક સમય લાગી શકે.

અમે પ્રાર્થના કરીએ છીએ કે ભગવાન અમને હંમેશાં અધિકાધિક શીખવાડતા રહે, અધિકાધિક જ્યોતિ દેતા રહે, અમારા અજ્ઞાનને દૂર કરે અને અમારા મનને પ્રકાશિત કરે.



—નવલીકા

ગમની કેડી

ડાહ્યાલાલ મનજીભાઇ ચૌધરી
II M. B. B. S. (નડીયાદવાલા)
વડોદરા.

છેલ્લા ત્રણ શનિવારે નિયમિત રીતે સાંજે છ વાગે શિલ્પા બારી આગળ દોડી જતી અને દુર દુર નજર કરી રોડ પર જતાં આવતાં માણસોને નીરખતી અને દુરથી આવતો આકાશ નજરે પડતાં તે દરવાજે દોડી જઇ આવકારતી આકાશને મમ્મી ચા-નાસ્તો આપે ત્યાં સુધીમાં તે તૈયાર થઇ જતી અને પછી બંને ફરવા નીકળી પડતાં પણ....આજે બારીએ રાહ જોતી શિલ્પાને આકાશના દર્શન થવાને બદલે અકસ્માતથી થયેલ આકાશના અવસાનના સમાચાર મળ્યા તે તરત આકાશને ઘેર દોડી ગઇ ત્યાં છાતી ફાટ રુદન કરતી ઉષ્માને જોઇ તેના પણ હૈયાના બંધન તૂટી ગયા અને ઉષ્મા પાસેજ ફસડાઇ પડી.. અને આ બે બેનપણીઓનુ રુદન જોઇ હાજર રહેલા સૌ કોઇના દિલ પીગળી ગયા.

આકાશ અને ઉષ્મા.......

હવે બારી પાસે આરામખુરશીમાં બેસતી શિલ્પા પર ગમગીનીનો દરિયો ફરી વળ્યો હતો તેને માત્ર ઉષ્માની જ ચિંતા હતી અને તેને જેનો બીક હતી તે આખરે થઇને રહ્યુ ઉષ્મા આ આઘાતને લઇને માનસિક સમતુલા ગુમાવી ચુકી હતી.

શિલ્પા અને ઉષ્મા કોલેજમાં સાથે જ ભણતી હતી શિલ્પા પપ્પા મમ્મી સાથે રહેતી હતી અને ઉષ્મા હોસ્ટેલમાં રહેતી પણ આ બે સખીઓનો પ્રેમ એવો કે જ્યાં હોય ત્યાં સાથે જ હોય ! ઉષ્મા કાકા-કાકીના સહારે ઉછરી હતી. તેના જીવનનો આધાર શિલ્પાનો પ્રેમ હતો. છેલ્લા એક વર્ષથી ઉષ્મા આકાશના પરિચયમાં આવી હતી અને એ પરિચય પ્રેમમાં પરિણમ્યો હતો. શિલ્પાને પણ આ સોહામણો અને પ્રભાવશાળી યુવાન ગમ્યો હોવાથી લીલીઝંડી આપી હતી.

આકાશ ઉષ્માને મળવા હોસ્ટેલપર જતો ત્યારે શિલ્પા મોટેભાગે ત્યાંજ મળતી. આથી ત્રણેય સાથે ફરવા નીકળતાં શિલ્પા આકાશ સાથે છુટથી મરતી કરતી પણ છતાંય એના મનમાં આકાશ ઉષ્માનો ભાવિ પતિ જ હતો. ઉષ્મા અને આકાશનું જોડુ ખૂબ સરસ લગતુ અથા તો તે એમને જોડામાં જોવા ઉત્સુક હતી હમણાં રજાઓ પડી અને ઉષ્મા ઘેર ગઇ ત્યારે શનિવારે સાંજે કામ પરથી પરવારી આવતો આકાશ શિલ્પાને અચુક મળવા આવતો અને પછી ફરવા જતાં.

આકાશના અવસાનથી લાગેલા આઘાતથી ઉષ્મા પાગલ થઇ ગઇ હતી અને શિલ્પા ગમગીનીમાં ડુબી ગઇ હતી બંનેનો ગમ એક હતો પણ પ્રમાણ પ્રમાણે એની અભિવ્યક્તિ જુદી હતી.

શિલ્પાને હમેશાં ઉષ્માની ચિંતા કોરી ખાતી હતી. કેમ કરીને એના મૂળ સ્વભાવ પર લાવવી એના વિચારમાં હતી

શિલ્પાના મમ્મી–પપ્પા માનતાં હતાં કે આકાશના અવસાનને કારણે લાગેલો ગમ બીજા કોઇ યુવાન દ્વારા દુર થઇ શકશે. આથી એમણે શિલ્પા માટે છોકરો શોધવા લાગ્યાં.

પણ યુવાન સાથેની મુલાકાત વખતે તે અચુક પુછતી તમે એક પાગલને પ્યાર કરી શકશો? અને પછી ઉષ્માની વાત કરતી યુવાન તરફથી નકારમાં મળતાં ઉત્તરના બદલામાં તે પણ યુવાનને નન્નો ભણી દેતી.

આ રીતે એક પછી એક કેટલાક યુવાનો આવ્યા અને ગયા વર્ષો પણ વીતતા ચાલ્યા એની હઠ આગળ એના માતા પિતા પણ કશુ કરી શકયા નહિ સમય આવતાં તેઓ પણ ચાલી નીકળ્યાં

□ □ □

શિલ્પા, આજ પીસ્તાલીસ વર્ષની ઉમરે તમે ઓફિસમાં એક સારા હોદ્દા પર છો પણ તમે હજીયે લગ્ન નથી કર્યા તમારા કુંવારાપણા પર તમારી હાથ નીચેના કર્મચારીઓ અને સમાજના લોકો ટીકા કરતાં હોય છે તમારી પર શંકા કરતાં હોય છે તો કોઇ કુતુહલથી તમને જોતું હોય છે. પણે દરરોજ સાંજે મેન્ટલ હોસ્પીટલની મુલાકાત લીધા પછી તમારી આંખના ખૂણે આવી અટકેલા અશ્રુબિંદુને અવલોકવાની અને તાગ મેળવવાની કોઇએ કોશિશ કરી છે ખરી ?'

જીતેન્દ્રકુમાર બી. પટેલ
કાંકણોલકંપા (હિંમતનગર)

કંઇક તો આપો જ આપો !

એક વખત એક સન્યાસીએ ભિક્ષા માટે એક ગરીબ ડેશી પાસે ભિક્ષાપાત્ર ધર્યું.

ડોશી પાસે આપવા જેવું કશું જ નહોતું ડોશીએ કહ્યું : મહારાજ ! હું તો સાવ ગરીબ છુ આપવા જેવું મારી પાસે કોઇ કહેતા કાંઇ નથી. માડી તું કઇક તો આપ સન્યાસીએ આગ્રહ કર્યો પણ મહારાજ ? હું આપુ શું ? ભિક્ષાપાત્રમા આપવા જેવી ભિક્ષા મારી પાસે છે નહિં ડોશીએ પડી ગયેલે મુખે કહ્યું

આ સાંભળી સન્યાંસી બોલ્યા માડી ? તારી આપવાની ભાવના તો છે ને ! તો મારા ભિક્ષાપાત્રમાં ચપટી ધુળ આપ. ગમે તેમ કરીને તું તારી આપવાની ક્રિયા ચાલુ રાખ વસ્તુનું મહત્વ નથી પરંતું. ભાવનાનું મહત્વ છે. મારી પાસે કશું નથી. શું આપું ? એમ કહીને જે લોકો હાથ લંબાવતા નથી તેઓનાં હૈયાની ભાવના પણ ટુંકી થતી જાય છે. માટે માડી હાથ તો લંબાવતાં જ રહો

નારદ ની પરીક્ષા

પટેલ કિરીટકુમાર વી.
મોતેસતી

નારદજી એટલે ફરતારામ.
એમનો ધંધો જ ફરવાનો આકાશ, પાતાળ અને પૃથ્વી ત્રણે લોકમાં જાય.
વીણા વગાડતા જાય.
'નારાયણ નારાયણ' નો જાપ જપતા જાય

સ્વર્ગમાંથી પૃથ્વી પર આવે પૃથ્વી પરથી સ્વર્ગમાં જાય ત્રણે લોકના સમાચાર એમની પાસેથી મળે દેવો એમને પુછે બધા સમાચાર નારદ પાસે હોય નારદ એટલે ફરતું છાપુ ફરતા ફરતા વિષ્ણુ પાસે આવ્યા

વિષ્ણુનું રહેઠાણ સમુદ્ર
ત્યાં વિષ્ણૂ ભગવાન એકલા રહે.
નારદે તેમને સુચન કર્યું હે પ્રભૂ! આપ એકલા કેમ રહો છો? સાથે થોડા ભકતો રાખો તો સારૂ જીવન એકલવાયું ન લાગે.

ભગવાન હસી પડયા
'નારદજી ! હુ કયાં ના પડુ છૂ ? હુ કોઇને ના નથી પાડતો જેને આવવું હોય તે આવે પણ મારી સાથે રહેવા કોઇ તૈયાર નથી'

'એવું ના હોય પૃથ્વીલોકમાં બિચારા લોકો તમારી ભકિત ખૂબ કરે છે. તમારા જેવા ભગવાન જોડે રહેવાનું મળે તો કોણ ના પાડે ! નારદજી વિશ્વાસથી બોલતા હતા.

'જુઓ નારદ ! તમે પૃથ્વી પર જાઓ જેને અહીં આવવુ હોય તેને લેતા આવો'

હે ભગવાન ! એવા એક નહી પણ એકવીસ લાવું ચપટી વગાડતામાં આવ્યો સમજો,
નારદજી ઉપડયા
આવ્યા પૃથ્વી પર

કાશીનગરીમાં આવ્યા ત્યાં ભારે ભકતોની ઠઠ જામેલી હોય દુરથી એક મંદિર દેખાયું.

'નારાયણ' નો જાપ કરતા એ મંદિર આગળ આવી પહોચ્યા થોડો સમય ઉભા રહયા.

થોડીવારમાં એક યુવાન દેખાયો મંદિરમાંથી પાછો ફરતો હતો.
નારદે તેને પુછયું : 'કયાં જઇ આવ્યો, ભાઈ ?'
યુવાને જવાબ આપ્યો ભગવાનનાં દર્શન કરવા ગયો હતો.

નારદને આનંદ આવ્યો તે બોલ્યો
'હે યુવાન ! હુ નારદ છું, વિષ્ણૂ ભગવાન સાથે રહેવા આવવુ છે ?'

યુવાને નિરાશથી ડોકુ ધુણાવ્યુ : 'નારદજી ! આજે મારે પરીક્ષા છે. વળી હજુ તો ભણવાનું બાકી છે. બીજા કોઇને લઇ જાઓ.'

યુવાન તો ચાલવા માંડયો.
નારદજી નિરાશ થઇ ગયા તેમણે

આજૂબાજુ નજર કરી પગથિયા પર એક ઘરડો ભિખારી બેઠો હતો નારદે વિચાર કર્યો

ઘરડો ભિખારી આવશે બિચારો ભીખ માગીને ગુજરાન ચલાવે છે. એ ચોકકસ આવશે.

નારદે તેને પુછ્યું

'ભાઇ ! તમારે વિષ્ણૂ ભગવાન જોડે આવવુ છે ? હુ નારદ છું મારી સાથે ચલો.'

ઘરડા ભિખારીએ પણ ના પાડી નારદને વિષ્ણૂની વાત સાચી લાગી છેલ્લો પ્રયત્ન કરવાનો તેમણે નિશ્ચય કર્યો. મંદિરના દરવાજામાં તે ઉભા રહયા ભકતોની આવનજાવન ચાલુ હતી નારદ બધાના ચહેરા જોતા હતા હવે તેમને ડર લાગતો હતો કોને કહેવુ ? દુખી માણસને પણ વિષ્ણુ જોડે આવવુ નથી.

નારદની નજર એક શેઠીયા પર પડી કપાળ પર તિલક હતું. મૂખમાંથી 'નારાયણ, નારાયણ' અવાજ નીકળતો હતો.

નારદજીએ હસીને કહ્યુ. 'જય શ્રીકૃષ્ણ' શેઠે સાચો જવાબ આપ્યો. 'જય શ્રીકૃષ્ણ' હવે નારદને હિંમત આવી.

તેમણે શેઠને કહ્યુ.

'શેઠજી ! તમે વિષ્ણૂના ભકત છો હું નારદ છું પ્રભુની ઇચ્છા આપને સ્વર્ગમાં લઇ જવાની છે. ઇચ્છા હોય તો ચાલો, હું લઇ જાવું'

'અરે નારદજી ! ભગવાને મોટી કૃપા કરી પણ હજુ તો મારો છોકરો નાનો છે એ ભણીને તૈયાર થાય પછી વાંધો નહીં ધંધો સંભાળી લે એટલે નિરાંત

નારદજી સમજી ગયા વિષ્ણૂ જોડે આવવા કોઇ તૈયાર નથી. ગજબ છે. માણસનું ભેજું પણ.

નારદજી વીલે ચહેરે વિષ્ણૂ પાસે આવ્યા.

'પ્રભો, આપની વાત સાચી છે. અહીં આવવા કોઇ તૈયાર નથી. ભીખારીને પણ ભીખ માંગવામાં સુખ દેખાય છે છાણનો કીડો છાણમાં મરે. એ કહેવત પ્રમાણે માણસ જાતને દુખની સમજ માણસ પાસે છે જ નહીં.

ભગવાન મરક મરક હસવા લાગ્યા.

"ગીતા ધર્મ માંથી"



♣ સ્ત્રી કેળવણી ♣

"यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता ।"

જ્યાં નારી પૂજાય છે, જ્યાં નારીનું માન છે. મોભો છે, તેના પ્રત્યે પવિત્ર ભાવ છે, ત્યાં, તે દેશમાં, તે સમાજમાં, તે કુટુંબમાં દેવોનો વાસ છે. એટલે કે ત્યાં જ્ઞાન છે, ધ્યાન છે, સંપત્તિ છે, સમૃદ્ધિ છે, શાંતિ છે. સંતોષ છે, પ્રેમ છે, આથી કહેવાય છે કે ત્યાં.. દેવોનો વાસ છે. પરંતુ નારીને પૂજ્ય ગણવા માટે નારીમાં પણ વિશિષ્ટ પ્રકારના ગુણોનો સમાવેશ થયો હોવો જોઈએ આવા ઉચ્ચ પ્રકારના ગુણોનો સમાવેશ પ્રાયઃ કેળવણી પ્રાપ્ત કરી ચુકેલી સ્ત્રી જ કરી શકે અભણ સ્ત્રી આવા ઉચ્ચ પ્રકારના ગુણોનો સમાવેશ કરી શકતી નથી આ બાબત પરથી એટલું તો સ્પષ્ટ સમજાય છે કે સ્ત્રીને કેળવણી આપવી જરૂરી છે અને તેમાંય આપણા સમાજમાં તો સ્ત્રી કેળવણીની તો ખાસ જરૂર છે.

કેળવણી એ શું છે ? કેળવણીથી બાળકને સમાજને કે દેશને શું લાભ થાય છે. તેનો ખ્યાલ આપણા વડીલોને પ્રમાણમાં ઓછો હોય છે. તેઓના મનમાં એવું જ હોય છે કે દીકરીને ગમે તેટલું ભણાવીએ તોય આખરે તેના માથે તો રસોઇ જ કરવાની હોય છે. દીકરી સાસરે જાય ત્યાં તેનો પતિ વધુ ભણેલો તેમ આજના જમાનાની ફેશનમાં તરબોળ બનેલો શું આવી અભણ, ઓછું ઘડાયેલી, અજ્ઞાન ગમાર કન્યાને રાખશે ? એવો આપણા વડીલોને વિચાર આવતો નથી જુના વિચારોથી ઘડાયેલા સજ્જનો તો એમ જ સમજે છે કે વિવાહ થઇ ગયો એટલે યુવાનને તો યુવતી રાખવી જ પડશે ને ? જશે ક્યાં ? પરંતુ આની સાથે ભયંકર પરિણામ શું આવશે તેનો ખ્યાલ તેમને મગજમાં નથી આવતો આવા લોકો એમ કેમ નથી સમજતા કે આપણે જ આ યુગલની જીવનરૂપી નાવને દરીયાના પ્રચંડ ઝંઝાવાતમાં હડસેલી દેવામાં મદદરૂપ થઇએ છીએ.

સ્ત્રી જેટલે અંશે પરતંત્ર, તેટલે અંશે તેની પ્રજા પરતંત્ર, સ્ત્રી જેટલે અંશે અજ્ઞાન, તેટલે અંશે તેના વંશજો અજ્ઞાન સ્ત્રી જેટલે અંશે સંસ્કારહીન એટલે અંશે તેની પ્રજા સંસ્કારહીન સ્ત્રી જેટલે અંશે નિર્બળ તેટલે અંશે તેની પ્રજા પણ નિર્બળ. સ્ત્રી એટલે સમગ્ર સંસ્કૃતિનું એક કેન્દ્ર, સ્ત્રીની આસપાસ સૃષ્ટિ સર્જાય છે, આથી આ સઘળી પરતંત્રતા, અજ્ઞાનતા સંસ્કાર–

હીનતા તથા નિર્બળતા સંસ્કારી શુશિક્ષિત નારીઓજ ટાળી શકે છે પરંતુ આ બધી બાબતો આપણા વડીલો સમજે છે ? જ્યારે દુનિયા ચંદ્ર સુધી પહોંચી ગઇ છે. અને સ્ત્રીઓ પ્રધાન પદે પહોંચી ગઇ છે. ત્યારે આપણા સમાજમાં વેઠે ગણાય છે એટલી જે મેટ્રિકયુકત (એસ.એસ.સી) છોકરીઓ છે. આપણા સમાજમાં મોટા ભાગની યુવતિઓને અર્થતંત્ર, રાજ્યતંત્ર કે આધ્યાત્મિક ઉન્નતિની વાતો પોથીમાંના રીંગણાં બરાબર છે. આ બધાની જ્ઞાન પ્રાપ્તિ માટે છોકરીઓને શાળાએ મોકલવી જોઇએ ઓછ માં ઓછુ એસ. એસ. સી સુધીનું જ્ઞાન આપવું જ જોઇએ ખરેખર, જિજ્ઞાસુ એ સત્ય જ કહ્યું છે કે, શાળા કોલેજ એ '**सत्यम् शिवम् सुन्दरम्**' ની ઉપાસના કરાવતું એક મંગલ મંદિર છે અને પુસ્તકાલય તેનો ઉપાસના ખંડ છે,

વર્તમાનયુગમાં શિક્ષણ અગત્યનો ભાગ ભજવે છે. જેમ જેમ વિજ્ઞાન આગળ વધતું જાય છે. તેમ તેમ નવી શોધો થતી જાય છે. વિજ્ઞાન પ્રમાણે માતા પિતાનાં આનુવંશિક લક્ષણો તેના બાળકમાં ઉતરતાં હોય છે મ ટે બાળકને બુદ્ધિ પ્રતિભાશાળી બનાવવા માતા પિતાના જનીનો (રંગસુત્રો) અગત્યનો ભાગ ભજવતા હોય છે. આથી સ્ત્રી શિક્ષિત હશે તો પ્રભાવ બાળક ઉપર પડવાનો છે. આ ઉપરાંત સ્વચ્છતા, સંપુર્ણ આહાર, બાળકની સારસંભાળ વગેરે બાબતો શુશિક્ષિત સ્ત્રી વૈજ્ઞાનીક ઢબે કરે છે જે બાળકના હિતમાં હોય છે, વળી કુટુંબ નિયોજનની પ્રવૃતિઓ, રાજ્યતંત્રમાં યોગ્ય મતદારને મત આપવા, સંપની ભાવના, કર્તવ્યપરાયણતા, શીલ, સેવા, મધુર સ્વભાવ વગેરે બાબતો અને સૌમ્યગુણો અભણ નારી કરતાં કેળવણી પામેલ નારી સહેલાઇથી સમજી શકે છે. કેળવણી માત્ર શાળા કોલેજોમાંથી જ પ્રાપ્ત કરવી એવું ભૂલ ભરેલું છે. જ્ઞાન પ્રાપ્તિ માટે જિજ્ઞાસા રાખતી સ્ત્રીઓ સમાચાર પત્રો, રેડીયો કાર્યક્રમો, વિવિધ મેગેઝીનો, નવલીકાઓ વગેરે સાભળવા વાંચવામાં ખુબજ રસ લેવે એટલુ તો ચોકકસ છે કે શિક્ષિત સ્ત્રી પોતાની જાતને જ નહી પરંતુ ઘરને, પડોશને, ગામને અને છેવટે આખા દેશને સારા સંસ્કાર વડે સુખી બનાવી શકે છે સારો જને પોલીયને યથાર્થ જ કહ્યું છે કે,

"કહે નેપોલીયન દેશને, કરવા આબાદાન,
સરસ રીત તો એજ છે, દો માતા ને જ્ઞાન

આપણા સમાજમાં બાળકના જન્મ સમયે જ 'પેડા' (છોકરો) અને 'જલેબી' (છોકરી) નો રીવાજ જ કહી આપે છે કે સ્ત્રીઓનું સ્થાન પહેલેથીજ નીચું છે. આ સ્થાન ઉચું લાવવા માતાપિતાઓ આજથી જ નીર્ણય કરી લેવો કે **येन केन प्रकारेण** પોતાની કન્યાને કેળવણી તો અવશ્ય આપવી જ છોકરા

શીક્ષીત હોય અને છોકરી અશીક્ષીત હોય તો બંનેનો સંસાર કેવી રીતે આગળ ધપી શકે ?

એક ગાડાના બે પૈડામાંથી એક પૈડું મોટું હોય અને એક પૈડું નાનું હોય તો ગાડું આંગળ પ્રયાણ કરી શકે ખરું કે ? કદાપી નહી તો પછી આપણા સંસારરૂપી ગાડાને આગળ ધપાવવા માટે સ્ત્રી અને પુરુષરૂપી બને પૈડાં સરખા અર્થાત્ કેળવણી પામેલા હોતાં જોઇએ અને સાથે સાથે બંનેએ પરસ્પર એકબીજાના પૂરક બની રહેવું જોઇએ સ્ત્રીએ પુરુષની જીવન સાથી છે. પતી – પત્ની જેટલો મુક્ત અને નીખાલસ સંબધ જગત બીજો કોઇ નથી ગ્રેજ્યુએટ યુવાનની અંતરની ઉર્મીઓ અભણ બાળા પચાવી શકતી નથી અને બંને વચ્ચે અસંતષિ વધતી જાય છે. આમ નિષ્ફળ જતાં ઘણા લગ્નો રોકવા માટે અને સમાજને આનંદી યુગલો પુરો પાડવા સ્ત્રી કેળવણી સર્વોત્તમ ઉપાય છે.

પુરૂષ શિવ છે તો સ્ત્રી શકતી છે. પુરૂષ નર છે, તો નારી નારાયણી છે આખા સમાજનો પાયો નારી ઉપર જ રચાયો છે માટે જગતને, સમાજને સુધારવો હોય તો પ્રથમ સ્ત્રીઓને જ શીક્ષણ આપવું જોઇએ કેવળ 'સ્ત્રી કેળવણી' નાં પોકારવાથી સ્ત્રીઓમાં શીક્ષણ પ્રાપ્તીની તમન્ના જાગશે નહીં તેના માટે મહીલા મંડળ તથા જુદી જુદી સ્ત્રીઓને ઉપયોગી સંસ્થાઓ ખોલવી જોઇએ જયારે સ્ત્રીઓમાં જ્ઞાનરૂપી, સંસ્કારરૂપી જયોત પ્રગટશે ત્યારેજ સર્વ દેશમાં અને સર્વ સમાજમાં અને સર્વે ઘરોમાં આ જ્ઞાનરૂપી જયોતી જવાળા બની ઇસુના નુતન વર્ષના નૂતન વીચારો પ્રગટાવશે.

"દિવાળી ભેટોનો ભયંકર ગુંચવાડો"

શૈલેશ એસ. શાહ

દિવાળીની આગલી સાંજે એક માણસ ગાંડાની હોસ્ટેલમાં આવ્યો અને ડોકટરને કહેવા લાગ્યો "સાહેબ, મારા મગજની સત્વરે દવા કરો નહિ તો હુ જબરજસ્ત પાગલ બની જઇશ."

ડોકટરે તેને ધીરો પાડતા કહ્યુ "પાગલ થવાનું કારણ શુ છે ? તમને શા ઉપરથી એમ લાગે છે ?"

પેલા માણસે કહ્યુ "મારા સગાવહાલાઓ દિવાળીની ભેટ આપવાની ખરીદી કરવા હું નીકળ્યો હતો પણ એવો ગુચવાડો ઉભો થયો છે. કે

મારા કુટુંબીઓમાં કોને ભેટ આપવી અને કોની પાસેથી લેવી એની જ મને ગમ પડતી નથી”

ડોક્ટરે કહ્યુ “મને તમારા કુટુંબીઓ વિશે કહો એટલે મારાથી બનતી યોગ્ય સલાહ આપીશ.”

પેલા માણસે કહ્યું,

“સાહેબ હુ એક વિધવા સ્ત્રીને પરણ્યો હતો, એ વિધવા સ્ત્રીને એક ઉમર લાયક છોકરી હતી. એ છોકરીને મારો બાપ પરણી ગયો.

આ નવી સગવડથી મારો બાપ મારો જમાઇ થયો અને મારા બાપનો હુ સસરો થયો અને મારી સ્ત્રી એના સગા સસરાની સાસુ થઇ આથી મારા બાપ મારો ઓરમાન બેટો બન્યો અને મારી સ્ત્રી મારા બાપની સાસુ હોવાથી મારી મોટી બા બની.

હવે મારી ઓરમાન દિકરીને બેટો જન્મ્યો એ મારો ભાઈ થયો. કારણ મારા બાપનો પુત્ર હતો. પરંતુ મારી સ્ત્રીની છોકરીનો એ છોકરો હતો. એટલે મારી સ્ત્રીને એ દૌહિત્ર થયો અને મારો નાનો ભાઈ હોવાથી પોતાની છોકરીનો છોકરો જ એનો દિયર પણ થયો

આથી મારી છોકરીના છોકરાનો હુ નાનો (માનો બાપ) થયો અને હુ એનો મોટોભાઇ પણ બન્યો.

હવે મારી સ્ત્રીને છોકરો થયો આ નવી સગવાડથી મારો છોકરો મારા બાપનો સાળો થયો, મારો બાપ મારા છોકરાનો બનેવી થયો. મારી દિકરી મારા દિકરાની દાદીમા થઇ અને મારો બાપ મારી સ્ત્રીનો સસરો મારા છોકરાનો ભાઈ થયો એટલે મારી સ્ત્રી મારા બાપની મા બની અને હુ મારા સગા દિકરાનો ભાઈ થયો અને મારી સ્ત્રી એના સગા દિકરાની કાકી થઇ મારો દિકરો મારા બાપનો ભત્રીજો થયો અને હુ મારો પોતાનો દાદો થયો.

હવે તમેજ કહો ડોક્ટર સાહેબ મારે કોને શું આપવું અને કોની પાસેથી કેટલૂ લેવુ ? પરંતુ એનો જવાબ સાંભળવા જયારે પેલા માણસે ડોક્ટર સામે જોયુ તો ડોક્ટર બેહોશ થઇને પડી ગયો હતો.

॥ શ્રી યોગેશ્વરો વિજયતે તરામ્ ॥

(રાગ-તમે સાચા સ્વાધ્યાયી બની ઉઠો ઉઠો....)

ઉઠ્યો વનવાસી આજ ઉઠ્યો ઉઠ્યો
જાગ્યો વનવાસી આજ ઉઠ્યો ઉઠ્યે ... ધ્રુવ...

સુસ્તીને આળસનો ફંગોળી અંચળો
સ્ફૂરતી હુંકાર કરી ઉઠ્યો ઉઠ્યો...
એ...એ... આદીવાસી કહીને એને ના ભાંડશો
આદીવ શકતીનો થઇ ઉઠ્યો ઉઠ્યો...રે ઉઠ્યો... ૧
તીર અને કામઠ થી માનવન મારતો જે
ધ્યેયનું નીશાન સાધી ઉઠ્યો ઉઠ્યો
એ...એ... લંગોટી ધારી એ 'દાદા'ના કામકાજ
ઇશ્વર સંગાથ લઈ ઉઠ્યો ઉઠ્યો...રે ઉઠ્યો... ૨
શામળા શરીર છે ફાટેલાં ચીથરાં
નીર્ધનતા વાસ અહીં દીઠો દીઠો.
એ...એ છોને કંગાળ તોય થઈને મહાકાળ એતો
કાળને બદલવાને ઉઠ્યો ઉઠ્યો....રે ઉઠ્યો.... ૩
ઉજળા લેબાશ મહીં શોભતા માનવી
આજ લગી એને બહુ ચુસ્યો ચુસ્યો
એ...એ સમજણ આવી છે હવે સ્વાધ્યાયથી આજ એને
નગ્નતાનો છેદ એણે કીધો કીધો....રે ઉઠ્યો.... ૪
મહેલના ભિખારી સહુ આજે નીરખજો
ઝૂપડીનો બાદશાહ ઉઠ્યો ઉઠ્યો
એ..એ ભાવથી ભીંજાવીને ખાતો એ રોટલો
અસ્મીતાનો જામ એણે પીધો પીધો... ઉઠ્યો... ૫
અસ્મીતાને ભાવ પ્રેમ નીર્ધનતા કાઢતાં
દિલનો ધનવાન થઈ ઉઠ્યો ઉઠ્યો
એ...એ યુગ યુગથી ભૂલાયો સુધરેલા માનવથી
આજ ફરી એક થઇ ઉઠ્યો ઉઠ્યો....રે ઉઠ્યો ૬
યજ્ઞનો ધુમાડો આભ ધરતીને સાંધતો
ઉચ્ચ નીચનો ભેદ અહીં તુટ્યો તુટ્યો
એ...એ કીધો છે યજ્ઞ પંડુરંગે આજ વનમાંહી
યોગેશ્વર જોઈ એને રીઝ્યો રીઝ્યો...રે ઉઠ્યો.... ૭

નવી વ્યાખ્યાઓ

સંપાદક :
ક્રાન્તિલાલ એમ. પટેલ

卐 દુનિયાનું છેલ્લું સ્ટેશન — સ્મશાન
● ફેશન — અંગોનુ પ્રદર્શન
卐 ચિંતા — જાડા માણસને પાતળા થવાની દવા.
卐 ખાંચડો — મગની દાળ અને ચોખાની કંપની
● ડોકટર — રંગ બે રંગી પાણીનો વેપારી
● હાથપગ — શરીર રૂપી ઓફીસનો કારકુન
卐 ગાંધીનગર — બંગલાઓનું તળાવ
● કોલેજ — ભણેલું ભુલી જવાની સંસ્થા
卐 વિવિધ ભારતી — જાહેરાતોનું અથાણું
● નર્મદા યોજના — આધુનીક દ્રૌપદી
● દાતણ — મોઢું સાફ કરવાની સાવરણી
卐 ઊંધીયું — શાકભાજીનો શંભુ મેળો.
● સેલટેક્ષ — સરકારનો કમાઉ દિકરો.
卐 વ્રત — છોકરીઓને મિષ્ટાન્ન આપતું સાધન.
● ટાલીયો — હેર ઓઇલ બનાવવાનો દુશ્મન.
卐 પાઘડી — મગજ પડી ન જાય તે માટે બંધાતો પટો
● વિદ્યાર્થી — ચોપડીઓનો કીડો.
● વરરાજા — કુંવારાના મંડળમાંથી રાજીનામુ આપનાર.
卐 ટ્યુશન — પાસ થવાનું લાયસન્સ
□ સાસુ — વહુની સી.આઇ.ડી,



શ્રદ્ધા

પટેલ મનહર એસ.
એસ. વાય. બીકોમ રૂપાલકંપા

એક વખત નારદજી એ ભગવાનને ફરીયાદ કરી કે ભગવાન તમે વાતમાં અર્જુનને મહત્વ આપો છો ને હું તમારી પાસે કાયમ રહી ને સેવા કરું છું છતાંય ગણત્રીમાં લેતા નથી તો શું હું ભક્ત નથી ?

પ્રભુ નારદજીનો સંશય સમજી ગયાને આગવી રીતે સમાધાન કરવા માટે તેમને કહ્યું 'ચાલો, આપણે અર્જુન પાસે ગયા. અર્જુનજી તે વખતે ગાઢ નિંદ્રામાં સુતા હતા. પ્રભુજી એ નારદજી ને કહ્યું.

અર્જુનના માથાનો વાળ હાથમાં લઇ તમારા કાન આગળ ધરો.

પ્રભુની આજ્ઞા મુજબ નારદજીએ. અર્જુનના માથાનો એક વાળ લઇ પોતાના કાન આગળ ધર્યો તો તેમાથી શ્રી કૃષ્ણઃ શરણં મમનો ધ્વનિ સંભળાયો.

નારદજીનો ગર્વ ગળી ગયો, ને ભગવાનનાં ચરણોમાં દંડવત પ્રમાણે કરી ક્ષમામાગી કારણ જાગતાં તો પ્રભુને ઘણાય ભજે પરન્તુ અર્જુનતો ઉંઘમાં પણ પ્રભુને ભજયા હતા.

ભગવાનને આજ્ઞાથી નહી પણ શ્રદ્ધાથી જોવાનું રાખજો કરણ કે જ્ઞાનના અતીરેકને લીધે જ ઘણીવાર ભ્રમ પેદા થાય છે.

અનુભવીઓનાં અમૃત બિંન્દુ

હરિલાલ ખીમજી પટેલ
શ્રીરામપુર-હુગલી

- ☐ મુસીબત અને વિરોધ આ બે એવાં બીજ છે, જેમાંથી પરાક્રમ અને આત્મ વિશ્વાસનાં ફળ નીપજે છે.———અરવિંદ
- ☐ સમજણ વગર જે હસ્યા કરે છે તેને સમજણ સાથે રડવા કરવનો સારો આવે છે, માટે સમજણ વિના કશું ન કરશો.———વૈરાગીબાબા
- ☐ સુખદ ભવિષ્યનાં સ્વપ્નાં સેવવાને બદલે, શક્ય પ્રયાસે વર્તમાન કાળને સુધારવા માટે જ મથામણ કરો.———ગિબન
- ☐ ધીરજ ધરવી એ કડવી દવા પીવા સમાન છે પરન્તુ તેનાં ફળ ખુબજ મીઠાં આવે છે.———રાધાકૃષ્ણ
- ☐ ચારિત્ર્યશીલ માનવી એજ સમાજની મોટામાં મોટી આશા અને આધાર શીલા છે.———વિવેકાનંદ
- ☐ આચરણ વિનાનો વિચાર ગમે તેટલો આકર્ષક હોય તો પણ તેને ખોટા મોતી ના જેવો જ ગણવો જોઇએ.———બર્ટ્રાન્ડ રસેલ
- ☐ ઇશ્વરમાં અનાસ્થા રાખનારો કદાચ આસ્તિક હોઇ શકે પરન્તુ પોતાની જાતમાં અવિશ્વાસ રાખનારો નાસ્તિક જ છે———વિવેકાનંદ
- ☐ ધન કરતાં જ્ઞાન એટલા માટે ઉત્તમ છે કે ધનની રક્ષા તમારે કરવી પડે છે. પરન્તું જ્ઞાન તો તમારી રક્ષા કરે છે———રામતીર્થ

"ઘરનું સુખ"

ભારતીબેન રમણલાલ પટેલ
તખતગઢ સરતાનપુર

આખી પૃથ્વીમાં પોતાના ઘર જેવું ઉપયોગી એકેય સ્થાન નથ. પરંતુ આપણા લોકોના ઘરસંસાર અનેક કારણોને લીધે ઘણા વખતથી દુઃખી છે જે ઘરમાં આવતાંની સાથે જ આરામ મળે તથા હર્ષ અને ઉલ્લાસ વ્યાપી જાય તેને બદલે ઘણે ઠેકાણે દુઃખ અને કલેશ જ ચાલ્યા કરે છે. સ્ત્રી કેળવણી વગર સ્ત્રીઓ નાની નજીવી બાબતોને ભારે રૂપ આપી દે છે કુસંપ દ્વેષ તથા કંકાસે આપણા ગૃહ જીવનને ઘેર્યાં છે.

સાસુ-વહુના, નણંદ-ભોજાઈના, દેરાણી-જેઠાણીના અને ભાઇ-ભાઈના નાના પ્રકારના ઝઘડાથી બાળકોને ઘરમાં જ પ્રત્યક્ષ પાઠ મળે છે તેથી એ પણ અંદર અંદર વારંવાર લડયા કરે છે. સંયુક્ત કુટુંબોને લીધે સ્વાર્થની ઘણી અથડામણો થાય છે. કેળવણીના સંસ્કાર વગર મોટાં મન થતાં નથી અને બાળ લગ્નોથી છોકરાંઓને ઘણો વખત મા બાપને આશરે રહેવું પડે છે આ બધાં કારણોને લીધે ગૃહ જીવનનું ઉત્તમ સુખ મેળવવા આપણા ઘણા ખરા લોકો ભાગ્યશાળી થતા નથી.

રડવા કુટવા અને મરણ પાછળ લાંબો વખત શોક પાળવાના રિવાજથી સ્ત્રીઓ નાહક દુઃખી રહે છે અને મનનો ઘણો કલેશ વેઠે છે. બાળ લગ્નના રિવાજને લીધે હજી તો તેમાં સમજણ કાચી હોય છે અને બાલ્યાવસ્થા પુરી થઇ હોતી નથી તે પહેલાં તો ઘર સંસારને કુટુંબ કબીલાનો ભારે બોજો એમને માથે પડે છે બિચારી સ્ત્રીઓ અને કન્યાઓનાં શરીર તથા મનનાં અપક્વ દશા રાખીએ છીએ તેથી એમનામાં બાળકોને ઉત્તમ પ્રકારનું ગ્રહ શિક્ષણ આપવાનું ગજુ હોતુ જ નથી. પોતાનાં કર્તવ્યો એ બિચારાં પુરેપુરાં સમજતાં પણ નથી તો પછી બજાવી તો શી રીતે શકે.

ઘણાં પ્રસંગે ફરજીયાત જમણવારો વગેરેના ખર્ચથી ઘણા લોકો નિર્ધનતા અને દેવું વેઠયા કરે છે અને હેરાન થયછે. લોકોના દેખાદેખી કરે અને પ્રસંગ પત્યા પછી ઘરમાં કલેશ થાય. છે તો આવું ન કરવું જોઇએ અને પોતાના ઘર પ્રમાણે જ ખર્ચ કરવો જોઇએ તો ઘરમાં કદી લડાઇ નહી થાય.

ઇશ્વરે ઉત્પન્ન કરેલાં દુઃખોનો ઇલાજ થઈ શકે છે પણ આપણે પોતાને હાથે કરીને ઉભાં કરેલાં દુખોને પેટ ચોળીને વહોરેલી પીડાનો ઇલાજ નથી

ઘરમાં ઉચ્ચ આનંદ ભોગવી શકીએ તેને માટે ઘરમાં કલેશ કંકાશ કોઈ દીવસ હોવાં ન જોઈએ. ક્રોધ, દ્વેષ કે ઈર્ષા ઘરમાંથી દૂર રહે સદાચાર અને સંયમ તથા મોટુ મન અને સ્વાર્થ ત્યાગ હોય તો કુટુંબમાં જેવી શાંતિ મળે તેવી અન્ય સ્થળે મળવી દુર્લભ છે

સ્ત્રીઓને પણ પોતાનાં ઘર સ્વચ્છ, સુંદર અને આકર્ષક કરવાં જોઈએ. કારણ કે ત્યાં એમનુ રાજ્ય છે ઘરોને પરમેશ્વર પોતે પધારે તેવાં શુદ્ધ અને પવિત્ર રાખવાની સ્ત્રીઓની ફરજ છે.

ઘરની આસપાસ બને તો બગીચો કરવો અથવા ફુલો કે સુંદર છોડ તથા કુંડાં ગોઠવવા, શક્ત હોય તો તોરણો પડદા ચક વગેરેથી ઘરને શોભાવવું અને વર્ષમાં એકવાર ઘરને ધોળાવવું કે રંગાવવું, ઘરમાં બોધ કે આનંદ મળે એવાં ચિત્રો છબીઓ તથા બાળકોને શિક્ષણ મળે તેવાં રમકડાં રાખવાં સારા પુસ્તકોની એક લાયબ્રેરી કરવી અને પસંદ કરેલા ઉત્તમ માસિકો તથા અઠવાડિક અને દૈનિક વર્તમાન પત્રો મંગાવવા.

બાળકોને માટે મોટાં અને સારાં ચિત્રો વાળાં પત્રો આલ્બમો ઘેર રાખવાં અથવા કોઈને ત્યાંથી માગી લાવવાં. કુટુંબ સાથે પ્રસંગોપાત સારાં કાવ્યો કે ઉત્તમ પુસ્તકો વાંચવા અને દરરોજ અથવા અઠવાડિયામાં એક વાર ભેગાં મળીને ઈશ્વરની પ્રાર્થના કરવી અને પ્રભુના ભજન ગાવાં

સ્ત્રી વર્ગ તરફ માન વૃત્તિ અને સુભાવ જેમ જેમ વધશે તેમ તેમ ઘરો વધારે ને વધારે શાંતિદાયક થતાં જશે. બાળકો તરફ ઢીલ અપાય છે તેના કરતાં વિશેષ ધ્યાન આપવામાં આવશે તો ગૃહકેળવણી શાળા પાઠશાળા ની કેળવણી કરતાં પણ ઘણી વધારે અસર ઉત્પન્ન કરશે અને ભવિષ્યની પ્રજા સદાચારી અને સંસ્કારી બનશે.

સ્ત્રીઓ ચિત્રકામ કે ભરત ગુંથણ શીખેલી હોય તો સુંદર રૂમાલો ટેબલ કલોથ, ઝુલો, પડદા, છબીઓનાં ઘરો, તોરણો ચક પંખા અને નાના પ્રકારનાં મનોરંજક અને ભાવપુર્ણ ચિત્ર થોડે ખર્ચે ઘરને ઉત્તમ પ્રકારે શોભવી દે છે તહેવારને દિવસે રંગોળી પુરી ધુપ દીપ પત્ર પુષ્પો અને ઘર તોરણોથી દેવમંદીરના કરતાં પણ સુંદર અને પવિત્ર વાતાવરણ લાવી શકાય છે. આ સાથે ગાયન કે વાજીંત્રમાં કુશળતા હોય તો ઘરમાં જ ઉત્તમ સુખોનો અને સાત્વિક આનંદનો ઉચ્ચ અનુભવ થાય છે

અજવાળી રાતે કે રંગબેરંગી વાદળો વાળી સાંજે પતિ પત્ની અને બાલ ગોપાલ ઘડીક અગાસીમાં બેસે ત્યાં કંઈક નિર્દોષ કે હાસ્ય રસનો નમ્ર વાર્તા વિનોદ ચાલે સુમધુર કંઠથી કંઈ લલિત

ગામમાં થાય તો ગૃહ સુખની સીમા રહેતી નથી.

સ્ત્રીના પ્રેમાળ હૃદયમાં પુરુષને આરામ મળે એવા જે અમુંલ્ય રત્નો ભરેલા છે તેની આગળ સાગરમાંથી નીકળતા કિમતી જવાહીરો કે મેતીઓ હિસાબમાં નથી લગ્ન જીવનના સુખોની મહેંક મોગરાની ચાદરો કરતાં પણ વધારે પ્રિય લાગે છે.

જયારે આપણે (આપણો સમાજ) સ્ત્રીઓને ભણાવી સુધારશે ત્યારે આપણાં ઘરો સુધરશે અને સુખવૈભવ વધશે. ત્યારે પુરુષો કલબો કે બજારોમાં ઓછુ આથડશે સિનેમેટોગ્રાફને નાટકો ઓછાં જોશે અને ઘરોમાં ઓછામાં ઓછે વખત ગાળે છે તેને બદલે વધારેમાં વધારે વખત ગાળશે. શુષ્ધ અને નિરસ જીવન રસમય બનશે.

ગૃહસ્થ અને ગહીણીના અધિકાર સમજી ખરી કેળવણીને જ્ઞાનથી શુદ્ધ થઇશું જયારે આપણા ઘરોમાં સંપ પ્રેમ અને સ્વાર્થ ત્યાગ વધારીશું.
દા ત. – અતિથી સત્કાર અને ધર્મની આપણી જુની ભાવનાઓને સજીવન કરીશું. જ્ઞાનચર્ચા, પુસ્તકો તથા કાવ્યોનાં વાંચન ગીત, ઇશ્વર ભજન વગેરે સદ પ્રવૃતઓથી આપણાં ઘરોને વિભુષિત કરીશું. ત્યારે જ અનુભવ કરીશું કે 'સંસારમાં સ્વંગ છે.'

સાચુ સુખ

ગૃહમાતા : **રમીલાબેન આર પટેલ**
કન્યા છાત્રાલય, ધનસુરા.

સુખ એટલે શું ? મનને અનુકુળ પરિસ્થિત એટલે સુખ અને મનના વલણથી ઉલ્ટી સ્થિતિ એટલે દુઃખ મનની વૃતી આસુરી ન હોય તે જોવાનું.

જગત ત્રિગુણાત્મક સત્વ, રજ, તમ) યુકત એટલે તેમાં સારા નબળા અનુભવો તો થવાના જ. તેમાં સમત્વ રાખે તે સુખ.

સુખનું રહેઠાણુ કયાં છે ? મનના વલણમાં ચિતની આધ્યાત્મિક સમજમાં એકજ વસ્તુ એક દ્રષ્ટિએ જોતાં સુખ-રૂપ લાગે છે તો બીજી દ્રષ્ટિએ જોતાં દુ;ખદાયી જણાય છે. એક જ વસ્તું એક વ્યકિતને સુખ આપે છે જયારે બીજી વ્યકિતને ત્રાસરૂપ જણાય છે. દા. ત. મરચું ખાવું કોઇને ગમે જયારે કોઇને સજા જેવું લાગે. એક જ વસ્તું એક પરિસ્થિતિમાં સુખદાઇ જણાય તો બીજી સ્થિતિમાં દુઃખ દાયક લાગે માંદગીમાં દવા ગમે પછી દવા સામે જોતાં પણ કંપારી છુટે.

સફાઇ કામ કરતાં કેઇ હીનતા અનુભવે તો કોઇને તેમાં પ્રભુપુજાનાં દર્શન થાય. કોઇને ભોગવિલાસમાં સુખનો ભાસ થાય તો કોઇ તપ કરતાં આનંદ લુટે. આ પરથી સિદ્ધ થાય છે કે સુખ દુ ખ કોઇ વસ્તું, બનાવ કે ક્રિયામાં નથી જ. પણ મનના વલણમાં છે.

સુખને ક્યાં શોધવું ? ઉપર જોયું તેમ સુખ–દુઃખ મનના વલણમાં એટલે કે અંદર જ છે જયારે આપણે બહાર શોધીએ છીએ. પછી તે કયાંથી મળે? ઇન્દ્રિઓ તો બહિર્મુખ છે એટલે તે બહારના વિષયો તરફ દોડે છે અને સુખને બદલે દુઃખ જ વહોરી લાવે છે

શાશ્વત સુખ કયારે ? આત્મા સત્‌-ચિત આનંદ સ્વરૂપ હોઇ સુખના મહાસાગરમાં જ છીએ પણ વિકારો, ઇચ્છાઓ, અજ્ઞાન આદિ મગરમચ્છોને પકડીને બેઠા છીએ તેને છોડીએ એટલે શાશ્વત સુખ.

કોઇપણ બાબત માટે બીજાનો આધાર લીધો એટલે આપણે હાથે કરીને દુઃખ ઊભું કર્યું ઇન્દ્રિઓ અને ઇચ્છાઓની પરવશતા એ મહાન દુઃખ છે. માટે તેને જ્ઞાન પૂર્વક છોડો પણ તે છુટે ક્યારે ? આત્મદેવતા સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે. બહાર જગતની કોઇ ચીજમાં સુખ નથી, અંતરનો આત્માનંદ અજબ છે બહારનાં મોહ, ઇચ્છાઓનું અજ્ઞાન ટળે અને હું કોણ છું ? અહીં શા માટે આવ્યો છું ? ને શુ કરી રહયો છું ? શું કરવું જોઇએ ? તે શા રીતે થઇ શકે ? મારો વિકાસ પંથ કયો ? આદિ પ્રશ્નો વિચારો.

આ રીતે મનના વલણનું ઊર્ધ્વીકરણ થશે અને આજે તમને જે સોનુ લાગે છે તે કાલે કથીર લાગશે.

આત્માનુભવ સ્વસ્વરૂપ જ્ઞાન પાસે સમસ્ત વિશ્વનાં જ્ઞાન સમૃદ્ધિ તુચ્છ છે.

સમત્વ એટલે મુક્તિ ...આમ અધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થતા સુખ–દુઃખ જેવું કંઇ નહિ લાગે એતો પરિવર્તનશીલ કુદરતનો ક્રમ છે. અને તે તેની ગતિએ ચાલ્યા કરે છે તેમાં આપણે શુ ? પછી સુખદુઃખ કયાં રહયાં ?

કોઇપણ પરિસ્થિતિમાં આપણે હ્રદયને આઘાત આપ્યા વિના પ્રસન્ન ચિતે સંસારનો તમામ વ્યવહાર કરવો તથા પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માની આત્માનંદમાં મસ્ત રહેવું એટલે અહીંને અહી અત્યારે જ મુક્તિ મોક્ષ.

હરિૐ

સમાચાર દર્શન

શ્રી રણુજીતપુરા યુવકમંડળ રણુજીતપુરા

શ્રી સરસ્વતી યુવકમંડળ રણુજીતપુરા

શ્રી સરસ્વતી યુવક મંડળની વાર્ષિક સામાન્ય સભા તા ૧૧-૬-૮૩ના રોજ સાંજના ૯.૦૦ કલાકે રાખવામાં આવી હતી. મંડળના પ્રમુખ શ્રી ચંદુલાલ નાનજીભાઈ પટેલના પ્રમુખ સ્થાને મળી હતી તેમાં નવી કારોબારીના નીમણુંક કરવામાં આવી તે નીચે મુજબ છે.

૧	પ્રમુખ	શ્રી ચંદુલાલ નાનજીભાઈ	પટેલ
૨	ઉપપ્રમુખ	શ્રી કેશવલાલ નાનજીભાઈ	,,
૩	મંત્રી	શ્રી સવગણભાઇ મનજીભાઇ	,,
૪	સહમંત્રી	શ્રી મણીલાલ પ્રેમજીભાઇ	,,
૫	ખજાનચી	શ્રી નરેશકુમાર અરજણભાઇ	,,
૬	ઓડીટર	શ્રી રવજીભાઇ લાલજીભાઇ	,,
૭	કા. સભ્ય	શ્રી ચંદુલાલ મેઘજીભાઇ	,,
		શ્રી મનહરલાલ ગોપાલભાઈ	,,
		શ્રી અંબાલાલ ગોપાલભાઇ	,,
		શ્રી પ્રવીણકુમાર લાલજીભાઇ	,,
		શ્રી મહેન્દ્રકુમાર કાન્તિલાલ	,,

લિ મંત્રી

શ્રી સવગણભાઇ મનજીભાઇ પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરા સંચાલિત શ્રી આર. એસ. ધોળુ વિ. ભવન તથા માવાણી એન્ડ વેલાણી કન્યા છાત્રાલયના છાત્રોના ઉપયોગ માટે ઘઉ દાનમાં આવેલા તેની યાદી ૧૯૮૩-૮૪ના વર્ષ માટે તા. ૧૦-૫-૮૩

અ. નં.	ઘઉ આપનારનું નામ			ગામનું નામ	ઘઉ કીલો
૨૪	શ્રી પ્રહલાદભાઇ	ધનજીભાઇ	પટેલ	ચેટાસણ કંપા	૨૫
૨૫	શ્રી રાંમજીભાઈ	,,	,,	,,	૨૫
૨૬	શ્રી નરસીહભાઈ	,,	,,	,,	૨૫
૨૭	શ્રી ગોવિંદભાઇ	,,	,,	,,	૨૫
૨૮	શ્રી મગનભાઇ	રતનશીભાઇ	,,	,,	૪૦
૨૯	શ્રી શાંમળભાઇ	,,	,,	,,	૫૦
૩૦	શ્રી તુલસીભાઇ	,,	,,	,,	૩૦
૩૧	શ્રી રવજીભાઇ	કાંનજીભાઇ	,,	,,	૨૦
૩૨	શ્રી જેઠાભાઇ	,,	,,	,,	૧૫
૩૩	શ્રી સંવગણભાઇ	જસાભાઇ	,,	,,	૪૦
૩૪	શ્રી જેઠાભાઈ	મનજીભાઇ	,,	,,	૪૦
૩૫	શ્રી રતનશીભાઇ	મનજીભાઇ	પટેલ	,,	૨૦
					૩૫૫

રણુજીતપુરા હાઈસ્કુલનું ન્યુ એસ. એસ. સી. પરીક્ષાનું પરિણામ.

"ચલુ સાલે માચ ૧૯૮૩માં લેવાયેલી ન્યુ. એસ. એસ સી. પરીક્ષાનુ રણુજીતપૂરા હાઇસ્કુલનું પરિણામ ૭૨ ટકા આવ્યું છે. શાળાના વિદ્યાથી પ્રવિણભાઇ હમીરભાઇ રોહિત અંગ્રેજી હાયર મેથ્સના વિષયો સાથે ૬૪.૫ ટકા માર્કસ મેળવી શાળામાં પ્રથમ આવે છે. શાળાની વિદ્યાર્થીની કુ. જયાબેન શામજીભાઇ પટેલ ૬૪ ટકા માર્કસ મેળવી દ્વિતિય નબરે ઉતિણ થાય છે.

શાળામાં જૂન ૮૩ થી હાયર સેકન્ડરી ધો-૧૨ (સામાન્ય પ્રવાહ) ની મંજુરી મળતાં હાયર સેકન્ડરીના અભ્યાસની સુવીધા મળતાં સર્વત્ર આનંદની લાગણી ફેલાઇ છે."

નં.

પી પી. ૩૪૮ * રહે હાલીસા ૪૭

વિજય • • ટાયર્સ

ટ્રક, ટ્રેકટર, મોટર સાયકલ, સ્કૂટર
તેમ જ બેલગાડાંના
ટાયર ટયુબના વહેપારી.

: મળો યા લખો :

જવાહર માર્કેટ, અમદાવાદ રોડ,
દહેગામ-૩૮૨૩૦૫.



અમદાવાદમાં કાપડ નો
—અદ્યતન શો રૂમ

STAPLE EMPORIUM

સ્ટેપલ એમ્પોરિયમ.

શુટીંગ ✱ શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રૈમન્ડ—દીનેશ—દીગ્જામ

તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.

શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
ડેલીફોડામ નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧

પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા
ઇસનપુરમોટા, તા. જિ. ગાંધીનગર



ખેડૂત ભાઇઓને
ખુશ ખબર



નીલગીરીની ખેતીમાં રસ ધરાવતા ખેડુત ભાઇઓને જણાવવાનું કે ખરાબાની કોઢા પાળાની કે ખુણાની ટુકી વળામણો વાળી કે મજુરોના અભાવ હોય ત્યાં પીયત કે બીનપીયત વાળી જમીનમાં ઓછા ખર્ચે ચાલુ ખેતીની આવક કરતાં પાંચ જ વર્ષના ટુંકાગાળામાં ૪ થી ૫ ગણી આવક મેળવવા માટે નિલગીરીની સારી અને સુધારેલ જાતનું વાવેતર કરો.

વાવેતર કરવા માટે અમારે ત્યાંથી સારી અને સુધારેલી જાતોના રોપા મેળવો.

તદઉપરાંત સુબાવળ તથા સુરતી (શાહ) બોર ના કલમ કરવા માટેના રોપા છુટક તથા જથ્થાબંધ થેલીમાં વ્યાજબી ભાવે મળશે. દાડમ, દ્રાક્ષ, જામફળ અને કાગદીલીંબુ ના છુટક રોપા મળશે.

રોપાની ખરીદી માટે તાત્કાલીક મળો યા લખો.
જોઇએ તે મુજબ નોંધ કરાવી જાવ


ખાસ નોંધ : નીલગીરીના વાવેતર કે કટીંગ પર સરકારી કોઇ ટેકસ નથી.

પીયતમાં જેમ બને તેમ વહેલી વાવેતર કરો કે જેથી વરસાદનું બધુંજ પાણી મજરે લાગે

— રોપા મેળવવાનું સ્થળ —

બાબુભાઇ કે. પટેલ

તલોદ રોડ, મુ. પો વડાગામ, બેરકંપાની બાજુમાં દયાનંદ ફાર્મ
તા. મોડાસા, જી. સા. કાં, ફોન નં. ૭૮ (વડાગામ)
C/o એસ. એસ. પટેલની ઓફીસે (પત્રવ્યવહાર માટે)



સમય અને
મહેનત
બચાવો *

પોકાર

નું
ઇલેકટ્રીક પાવરથી
ચાલતું

છાસ.

બનાવવા
માટેનું

વલોણા યંત્ર

*-તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

—: વિક્રેતાઓ :—

(૧) આશા ઓટોમોબાઇલ્સ ભુજ
(૨) મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ ડેમાઇ
(૩) અંબિકા ફર્ટિલાઇઝર્સ ખેડબ્રહ્મા
(૪) શ્રેયસ એજન્સી રાજકોટ
(૫) હસમુખ એન્જીનીયરીંગ કું. વિસાવદર
(૬) શ્રી રામ સ્ટોર્સ નખત્રાણા
(૭) મોહનલાલ એન્ડ બ્રધર્સ વિરાણી
(૮) ખેડૂત બીજ કોર્પોરેશન ગોંડલ
(૯) પેરેડાઇઝ ઇલેકટ્રીકલ્સ મોડાસા

● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**

લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, નાગરવેલ હનુમાન રોડ, રખીઆલ
અમદાવાદ—૩૮૦ ૦૨૩૮,


સો મીલ માલીકો માટે ખુશખબર
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
બેન્ડસો બ્લેડ શાર્પનીંગ મશીન
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહે છે. અને બેન્ડસો બ્લેડ ચાલે છે
● ઝડપી અને સફાઇદાર ચાંડરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



"શાર્પેક્ષ" બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે એ માણસોની સહાયથી આડા વાઢ કાપવા માટે **ઘણું અનુકુળ** છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના **અનુભવ પછી** તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત "શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન" વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કસ

એલ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

વધુ પુછપરછ અને માહિતી માટે
મળો યા લખો:
શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વર્કસ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ.
* ભારત વુડ વર્કર્સ ગીતામંદિર, અમદાવાદ-૨૨ નો એન્જીનીયરીંગ વિભાગ



સ્ટોકીસ્ટ :—

મે. ધનશ્યામ ફર્ટીલાઈઝર. ગાબટ રોડ, બાયડ
મે. કિશાન ટ્રેડર્સ. એસ ટી ડેપા પાસે, મોડાસા
મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશનરોડ. હિંમતનગર
મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે ઈડર.

JULY-83 Reg. No. GHMR/5 JAGRUTI

રવાના
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

ગ્રા. નં.

પ્રકાશક :
શ્રી વિશ્રામભાઈ એન પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ.
ધનસુરા. જિ. સાબરકાંઠા.

Book - Post

To
314 Ashok Timber Trading Co.
Dr. T.C.M. Royan Road
BENGALORE-2A
(Mysore State)

મુદ્રક
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ
ધનસુરા. જિ સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ
તરફથી

સેવા, સંગઠન અને સંસ્કારનો ઉચ્ચ આદર્શ
રજુ કરતું પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ)

વર્ષ : ૨૫ ઓગસ્ટ–૧૯૮૩

卐 જાગૃતિ 卐

*** માસિકના નિયમો ***

- દર અંગ્રેજી માહનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂ. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૨૦૧) પરદેશમાં રૂ. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.

- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા





આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ



અનુક્રમણિકા







તંત્રી સ્થાનેથી

સંપાદન –

બાળપણમાં તો બધાં બાળકો માને પ્યાર કરે એવો કોઇક જ હીન હશે જેને નાનપણમાં માતા પ્રત્યે પ્રેમ ન હોય. જગતમાં માતાનું સ્થાન અનેરું અને અનોખુ છે. વિશ્વમાં તેનું સ્થાન કોઇ કદી પણ લઇ શકે એમ નથી તેના ઉપકારોનો બદલો કદીએ વાળી શકાય તેમ નથી. એથી માતા પ્રત્યે મોટા થયા પછી પણ જે ભક્તિભાવ રાખે, માતાનો આત્મા દુઃખાય એવું કાંઇ ન કરે અને એને સુખી કરવાનો પ્રયત્ન કરે તેજ સાચો પુત્ર આજકાલ તો ઘરમાં પત્ની આવી એટલે ભાઇશ્રી બદલ્યા જ સમજવાના. પછી તો માતા કોણ! પછી માતા પ્રત્યેની મમતા કોણ જાણે કયાં અલોપ થઇ જાય છે. પત્નીની હકુમત ચલે છે અને માતાનો તો ભાવ પણ નથી પુછાતો.

સહજ કમાતા ધમતા થયા એટલે ભાઇનો તો મીજાજ જ અધ્ધર ચડી જાય છે, માતાપીતા પ્રત્યેનો વર્તાવ બદલાઇ જાય છે માતાપીતાના ચરણોમાં પડીને નમસ્કાર કરતાં શરમ લાગે છે. ગમે તે હોય પરતું વાસ્તવમાં આજે પણ માતૃપ્રેમને જીવનમાં અલૌકીક સ્થાન છે ઠેસ વાગશે કે આપત્ત અથવા પીડા થશે તો "ઓ મા" બોલાઈ જવાશે પણ "ઓ પત્નીનાં" [illegible] બોલાય ! શ્રી કૃષ્ણ તો આદર્શ પુત્ર

હતા જેને પ્રેમથી કે ભયથી આખુ જગત નમતું હતું. છતાં એ પણ ઘેર આવીને માતાપીતાના ચરણોમા ઝુકી જતા અને એમના આશીર્વાદ મેળવતા.

+

બચપણમાં તો 'બા' 'બા' સૌ કરે. પરંતુ મોટા થયા પછી પણ ઘરમાં પ્રવેશતાંની સાથે જ જે બા માતાની ખબર કાઢે તે સાચો પુત્ર.

કુરુક્ષેત્રનું યુદ્ધ પુરું થયા પછી, કીર્તિ અને વૈભવની ટોચ પર પહોંચેલા શ્રી કૃષ્ણ અનેક બળવાન અને સમર્થ શત્રુઓનો સંહાર કરી દ્વારીકા પાછા ફર્યા ત્યારે પણ તે માતા પિતાને સૌથી પ્રથમ પ્રણામ કરે છે આનુ નામ તે માતૃપ્રેમ પિતૃપ્રેમ આનું નામ તે પુત્ર ધર્મ પુત્ર ધર્મનો સાચોમહિમા તેમણે પોતાના જીવનદ્વારા આચરણથી જ સમજાવ્યો. જ્યારે આપણે તો મેટ્રીક થઇએ એટલે આપણી જાતને કેટલીયે મોટી સમજવા લાગીએ છીએ. પણ પછી બી. એ. અથવા એમ. એ થઇએ તો તો પછી પૂછવાની વાત જ કયાં ?

દીકરો કમાઉ થાય ત્યારે માતા પિતા એકાદ રૂપિયો માગે અને દીકરો એ રૂપિયા આપી દે એ જુદી વાત છે. શું કપડાં, ખાવા પીવાનું વગેરે આપવું એમાં પિતૃભકિત આવી જાય છે ખરી ?

પિતૃભકિત કે માતૃભકિત તો તેજ છે જેથી માતાપિતાનાં હૃદયને દુઃખ ન થાય તેવું વર્તન કરવું અને બોલવું. ગમે તે પરિસ્થિતિમાં જેનો માતાપિતા પ્રત્યેનો ભાવ જેવો ને તેવો જ રહે તે જ સાચો પુત્ર માતાપિતાની ભાવનાને સંતોષવી, તેમનું જીવન દુઃખી થાય એવું કંઇ જ ન કરવું. અથવા ન ઉચ્ચારવું અને તે બાબતની ખાસ કાળજીરાખવીએ પુત્રનો ધર્મ છે. મોટા થયા પછી માબાપના ભાવ અને ભાવ સાથે સમરસ થવું એ પુત્રધર્મ છે. કારણ કે નાનપણમાં આપણા ભાવ અને ભાવના જોડે માતાપિતા સમરસ થયેલાં હોય છે. શ્રી કૃષ્ણે આવા ધર્મનું બરાબર પાલન કર્યું હતું.

—શ્રી કૃષ્ણ જીવન દર્શનમાંથી

—સાભાર



આજ કે કાલ ?

લે. રમેશ રેવનદાસ પટેલ
લે. જગદીશ હંસરાજભાઇ પટેલ
મગોડીલાટ

"આજનું કામ આજે જ કરો. કાલપર મુલતવી ન રાખો આ ઉપદેશ નથી. સંયુકત કુટુંબોમાં વડીલો અને વૃદ્ધો તેને કેટલાય કાળથી કહેતા આવ્યા છે. અમૂક સમયે કરવાનું કાર્ય જો મુલતવી રાખવામાં આવે છે. તો તેથી કેટલીય વાર લાભ થાય છે. પરંતુ આવા આકસ્મિક લાભો માણસને અજાણ્યા અને ઊંડાં પાણીમાં ખેંચે છે. ત્યારે તેની દશા મગરથી પકડાયેલા ભક્ષ્યના જેવી હોય છે. એની નાગચૂડ માંથી બહાર આવવાનું મન થાયતો પણ આવાતું નથી એટલે જ આજને અપનાવી કાલને અળગી કરવાનું વારંવાર કહેવામાં આવે છે. પરંતુ ઉપદેશકોના આ કથનને લોકો "ચોખલિયું" ગણી દાદ આપતા નથી આના ઉપર મહાભારતમાં એક સુંદર દ્રષ્ટાંત છે.

એક વાર ધર્માત્મા યુધિષ્ઠિરે પ્રજાના સુખને માટે હસ્તિનાપુરમાં એક યજ્ઞ કરાવવાનો નિર્ણય કર્યો. યજ્ઞનો પ્રારંભ થયો ત્યારે યુધિષ્ઠિરને પણ નિયમ પ્રમાણે દાન દેવા બેસવુ પડતું એક દિવસ દાન આપીને શ્રમિત થઇ ગયા હતા અને આરામ લેવા ઊઠવાની તૈયારીમાં હતા તેવામાં દ્વારપાલે અંદર આવી અભિવાદન કરી મહારાજને કહ્યુ : "સ્વામી, આપની ઉદાર વૃત્તિથી ચારે બાજુ આપની કીર્તિ પ્રસરી છે. આપના અતિથિ-સત્કારથી કઇકને દાન આપ્યાં છે અને આશીર્વાદ પામ્યા છે. પરંતુ હજુ બહાર એક તેજસ્વી બ્રાહ્મણ-અતિથિ અંદર આવવાની આજ્ઞા માગે છે. તે બ્રાહ્મણ ખરેખર દર્શનીય છે આપ આજ્ઞા આપો તો હુ તેને અહીં લાવું" યુધિષ્ઠિર આ સાંભળી આનંદિત થયા. પરંતુ આખો દિવસ તેમણે જરાપે વિશ્રાંન્તિ લીધી નહોતી ચહેરા ઉપર થાક જણાઇ આવતો હતો એવામાં બ્રાહ્મણે અંદર આવી મંત્ર પુષ્પાંજલિ કરી રાજાને આશીર્વાદ આપ્યા. ભારતનો સમ્રાટ બ્રાહ્મણના ચરણોમાં લેટી પડયો. આખુ સભાગૃહ રાજાના આ વિવેકની પ્રસંશા કરવા લાગ્યુ સૌ અનિમિષ નેત્રે બ્રાહ્મણ ના અને સમ્રાટના મુખભાવો નિહાળતા હતા અને મનમાં રાજા અને બ્રાહ્મણ ની તુલના કરી રહ્યા હતા. એક તરફ અનીસમ બ્રહ્મતેજ હતું, બીજી બાજુ પાપનાશક ધર્મ-તેજ હતું બંનેમાં વિનય અને સૌજન્યની ઓછપ નહોતી આમ બ્રાહ્મણ અને ધર્મના ઉદાત્ત પ્રભાવની સૌને પ્રતીતિ થઇ....

પરમાર્થ * *

દેવરાજ વી. રામાણી B.Com.
મહેન્દ્રકુમાર પી. નાસીંગાણી M.A.

પરમાર્થ શબ્દનાં બે અર્થ થાય છે. એક સ્વાર્થ પરમાર્થનાં છે કે ઉપરથી આવે. સ્વાર્થથી ઉલ્ટુ સ્વાર્થનો ત્યાગ.

સ્વાર્થનું નિવારણ જેમાં હોયતે. પરમાર્થ એટલે પરોપકાર બીજા અર્થમાં પરમાર્થ એટલે પરમ પુરૂષાર્થ અને પરમ પુરૂષાર્થ એટલે મોક્ષ માટે પરમાર્થનો અર્થ મોક્ષ પણ થાય.

એક શબ્દની અંદર બે અગત્યના શબ્દ ભેગા થાય છે. પરોપકાર અને મોક્ષ જાણે ખુદ ભાષા અને વ્યાકરણ અને શબ્દ કેષ આપણને બોધ આપી રહયા હોય કે મોક્ષનો રસ્તો પરોપકાર જ છે. સેવા દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય છે બીજા ઓનું કામ એજ ધર્મનું કામ પરમાર્થ કરીને પરમાર્થ પામી શકાય સ્વાર્થનો ત્યાગ કરવાથી જ મોક્ષ મળે છે.

સ્વાર્થ માણસને નાનો બનાવે છે મારુ મારુ પોતાના નાનકડા વર્તુળ માથાએ નીકળતો નથી એમા વિકાસ નહી પ્રગતિ નહી ઘાંચીનો બળદ ભમરડા ની ચાલએ આગળ ન ચાલે. વિકાસ ન પામે કયાંય ન પહોંચે કશુંજ ન કરે. જયાં હતો ત્યાં રહે. અને જયાં ફરતો તો ત્યાં ફરે એની દ્રષ્ટ્રી ટુંકી છે એના હાથ લુંલા છે.

પરમાર્થ માણસને માણસ બનાવે છે બીજાઓને વિચાર કરતો બનાવે છે. બીજાઓની પાસે જતો કરી મુકે છે. માણસની સેવા કરે એટલે માણસની કદર કરે અને માણસની કદર કરતા કરતાં પોતે માણસ તરીકે સિદ્ધ થાય છે એને આપણે માણસાઇ કહીએ છીએ માણસાઇ કરે તે માણસ સ્વત્વ પ્રાપ્ત કરવાનો રસ્તો પરમાર્થ જ છે.

મારૂ જીવન જો મારૂં જ રહેતો રૂંધાઇ જાય મારૂં જીવન જે પ્રમાણમાં બીજાઓનું થાયતે પ્રમાણે ખીલે પુષ્પ જો બીડેલું રહેતો એની સુગંધ ન પ્રસરે પુષ્પ જયારે ઉદારતાથી પોતાની પાંખડીઓની શોભા ખુલ્લી મુકે અને પોતાની મંહેક પવનને સોપે છે. ત્યારે પુષ્પ તરીકે તેનો અવતાર શાર્થક થાય છે.

હાથ જો મુંઠીમાં બંધ રહે તો એમાં કંઇજ ન આવે. હાથ ખુલ્લો થાય તો તેમાં બધું આવી જાય પાણી નો પ્યાલો આવે. જ્ઞાનનું પુસ્તક આવે. મિત્રોનો હાથ આવે હૃદય બંધ થાયતો...તો...મૃત્યું જ છે ને ?

જીવનનું સરવૈયું કાઢવું હોયતો સ્વાર્થ પરમાર્થનું પ્રમાણ તપાસવું બસ છે. હૃદયના ધબકારા છે. જીવનની નાડ છે. સાધનાની પરિક્ષા છે પરમાર્થ નો માર્ગ છે, પરમાર્થનું લક્ષ્ય છે.

પરોપકાર દ્વારા મોક્ષ પ્રાપ્ત કરવાનો છે ?

માતૃભકિત

સંકલન :– પટેલ નરસિંહભાઇ મુળજીભાઇ
તખતગઢ

ચીનમાં એક અજબ માતૃભકત થઇ ગયો. જેનું નામ હો-લિન હતું. શ્રવણ જેવી એક નિષ્ઠ ભકિત હતી. રાત દિવસ માની સેવા કરીને એજ એનો જીવનવ્રત હતો. એક રાત્રે એના ઘરમાં ચોર પેઠો હો-લિન અને તેની માતા ઘસઘસાટ ઉંઘતા હતાં ચોરે વિચાર કર્યો કે આ જુવાન જાગી જશે તો મારી બાજી ધુળમાં મળી જશે. એટલે ખંજરની અણીએ હો-લિનને સાવધાની પુર્વક જગાડયો. અને એક ખુરશી જોડે મજબૂત દોરડેથી બાંધી દીધો. પછી તેણે તેનું કામ શરુ કર્યું ઘરની વચ્ચે ઝાડા લૂગડાંનું એક ચોરસ બાંધણું પાથર્યું અને સારી સારી ઘરવખરી પસંદ કરીને તેમાં મૂકવા મંડયો બીજી બાજુ હો-લિન આ દ્રશ્ય જોઇ રહયો હતો. મહત્વની ચીજ-વસ્તુઓ ઉપાડયા પછી ચોરે એક કડાઈ બાંધણામાં મુકી ત્યાં તો મૌન-વ્રત પાળીને ઉભેલો હો-લિન એકદમ બોલી ઉઠયો " ભઇ તારે બીજુ કાંઇ લઈ જવું હોયતો બધું લઇ જા, પરંતુ આ કડાઇ રહેવા દે " તેની આ વિનંતિ સાંભળીને ચોર તો વિચારમાં પડી ગયો. એટલે તેનું રહસ્ય જાણવા ચોરે હો-લિનને પુછ્યું " ભાઇ બધી મહત્વની ચીજો લેવા છતાં તું કાંઇ જ ન બોલ્યો અને આ કડાઇ માટે કેમ ના પાડે છે. " ત્યારે હો-લિને શાંતિથી કહયું કે ભાઇ હું બધી વસ્તુઓથી ચલાવી લઇશ પરંતુ આ કડાઇ વિના ચલાવી શકું તેમ નથી કારણકે રોજ સવારે ઉઠીને પ્રથમ આ કડઈમાં મારી પ્રાણાધિક-પ્રિય મારી મા માટે રાબડી બનાવું છુ. હવે તું જ કહે હું સવારના પહારમાં તાવડી કયાં શોધવા જઉ ? હા, બજારમાં બીજી કડાઈ તો મળશે પરંતુ લેવા જઉં ત્યાં સુધી મારી માને ભૂખ્યા ટળવળવું પડે એનું શું ? કઠાણુ કાળજાનો ચોર પણ હો-લિનની આ માત-ભકિતથી છકક થઈ ગયો એના હૈયામાં રામજાગી ઉઠયા. તે બોલ્યો " આવા માણસની ઘરવખરીની ચોરીથી કયે ભવે હું પાપમાંથી મુકત થઇશ ભાઈ મને માફ કરજે કે તારા જેવા ધર્માત્માનો માલ મને કદીયે નહી' પચે ચોર ચાલવા માંડયો ત્યારે હો-લિને કહયું કે મારે તો માત્ર કડાઇની જ જરૂર છે બીજી બધી વસ્તુ' તું લઇજા નહિં તો તારો દહાડો અફળ જશે. તથા તારી માતા નિરાશ થશે. માટે તારી માતાને પ્રસન્ન કરવા માટે આ બધું લઇ જા તારી માની પ્રસંન્નતાથી મારી માતા પણ ખુશ થશે. માત્ર કડાઇ રહેવા દેવાથી મારી માતા પ્રસન્ન થશે. બન્નેની મા પ્રસન્ન થાય એમાં શું ખોટું છે ? ચોર તો બિચારો હો-લિનને સાષ્ટાંગ પ્રણામ કરીને ચાલતો થઈ ગયો.

કેવી એ હો-લિનની માતૃ-ભકિત તથા ચોરનો વિચાર પલટો ! (સમાપ્ત)

'સ્વર્ગલોકનું પ્રધાન મંડળ'

તુલસીદાસ ડી. પટેલ —(સુરત)—

વડાપ્રધાન	—	બ્રહ્માજી
સંચાલન પ્રધાન	—	વિષ્ણુ ભગવાન
ગૃહ પ્રધાન	—	શંકર ભગવાન
સંરક્ષણ પ્રધાન	—	હનુમાનજી
અન્ન પ્રધાન	—	કુબેર
પ્રકાશ પ્રધાન	—	સુર્ય અને ચંદ્ર
પ્રસારણ પ્રધાન	—	નારદજી
નાણાં પ્રધાન	—	લક્ષ્મી માતા
શિક્ષણ પ્રધાન	—	સરસ્વતીજી
જળ વિદ્યુત સિંચાઇ ખાતુ	—	મેઘરાજા

આપણા સમાજના વાંચક ભાઇઓને જણાવવાનું કે આપણા ભારત દેશમાં પ્રધાન મંડળો છે અને પ્રધાનોનાં નામ પણ જાણીએ છીએ અને તે પ્રધાન મંડળમાં રસ પણ વધારે ધરાવીએ છીએ. જ્યારે સ્વર્ગલોકના સાચા પ્રધાન મંડળને આપણે બીલકુલ ભુલી ગયા છીએ અને જયારે હાલના રાજકીય પ્રધાન મંડળને આપણે પકડીને બેસી ગયા છીએ. હાલના પ્રધાન મંડળમાં આપણા સ્વાર્થ માટે રસ ધરાવીએ છીએ પણ આપણા કામ પુરતો રસ ધરાવો અને જયારે સ્વર્ગલોકના પ્રધાન મંડળને ભજશુ તો આપણા જીવનનો ઉદ્ધાર થશે.

જોકસ

એક દિવસ એક ગુજરાતી ઘરડો કાકો મહારાષ્ટ્રની બસમાં મુસાફરી કરતો હતો અને તે બસમાંથી કાકો નીચે ઉતરવા ગયા. નીચે ઉતરતા ઉતરતા કાકો પડી ગયા. અને કાકાની પાછળ એક મહારાષ્ટ્રની કોઇ સ્ત્રી નીચે ઉતરી અને કાકાને તેની ભાષામાં પુછવા લાગી કે "કાય ઝાલા" (એટલે શું થયું') પછી કાકાએ તેનો જવાબ આપ્યો કે જાણ્યું હોય તો પડયો પણ ના હોત

એજ લી.
' વિનોદ એ ડ સુરેશ
સુરત

1983 -Jagruti (195)
1983-08 -Jagruti

ઉગેલું ન આથમે * * *

અંબાલાલ વીરજીભાઇ પટેલ
કાન્તિ ટીમ્બર સ્ટોર્સ (જબલપુર) મ. પ્ર.

સોનલ... પોતાના નામના થયેલ ઉચ્ચારથી સોનલ આજુબાજુ ત્વરિત ગતીએ જુએ છે. કોણે કર્યો આ મારા નામનો ઉચ્ચાર, કોણ મને બોલાવે છે અત્યારે કોણ મને બોલાવતું હશે. અવાજના જોરદાર પડઘાથી આકાશમાં ઉડતાં પક્ષીઓ પણ ક્ષણવાર માટે થ ભી ગયાં, પવનના સુસવાટ પણ ક્ષણવાર માટે તેજ થઇ ગયાં. સોનલ કઈ તરફથી અવાજ આવે છે તે જોવા મથતી હતી એટલામાં ફરીથી પોતાના નામની બુમ પડી. સોનલ... સોનલ... આવતાં અવાજને પારખી ગઇ આજ મારા બાલમનો અવાજ. મારા મનના માણી-ધરનો અવાજ. ખેતરનું કામ પડતું મેલી અવાજ આવતાં દિશા તરફ દોડી સામેથી થે.રની વાડના છીંડામાંથી નીકળતા વીરૂને જોઇને બુમ પાડે છે. વીરુ... ધીમેથી નીકળજે નહિ તો તારી નમણી નાગરવેલ સમા દેહમાં દાનવ રૂપી કાંટા ખૂપી જશે.

સોનલ તું નકામી ચીન્તા કરે છે મને કશું જ થવાનું નથી. તારા પ્રેમ-ની ઘેલછા મને બળવાન બનાવી દે છે. મારી નજર સમક્ષ કેવળ તુંજ દેખાય છે અને તારા માર્ગમાં આવતા કોઇપણ વિઘ્નની મને પરવા નથી. મને કશુંજ થવાનું નથી.

વીરુ...વીરુ..., મારી જીવન, સંગીતી આમ ઉચ્ચારતાં બન્ને આવેશથી એક બીજાને ભેટી પડે છે જેમ કે સારસ વિના સારસી તડપતી ન હોય, વીરું શા માટે મને મળવા આટલો બધો અધીરો થાય છે શું હુ તારાથી એક પણ દિવસ અલગ થઇ છું કે તું આમ ઉતાવળો ઉતાવળો દોડતો આવે છે અને મારા નામની આટલી બધી જોરથી બૂમો પાડે છે. હા.... તને કહી દઉં છું કે તારી મારા તરફની ઘેલછા અને આવા બુમ બરાડાથી લોકો સામે ઉગાડા પડી જશું, નાહક આપણે ફસાઇ જઇશું આપણા પ્રેમને કલંકના કાંટા વાગશે. કાયમ માટે આપણે જુદા પડી જઇશું.

સોનલ તુ નાહકની આટલી બધી ચિંતા કરે છે. શું મણુસ માણસના ડરથી જીવે છે. શું પ્રેમ બીજાના જાણ થવાથી મટે છે શું આપણે અલગ થવા માટે સર્જાયાં છીએ, જીંદગીભર સાથે જીવવા મરવાના કોલ શું લોકોના કહેવાથી મટી જશે.

વીરુ, મારુ તો માનવુ છે કે મારા પિતા આપણો આ પ્રેમ જોઇ રાજી નહિ થાય અને જો આની જાણુ થશે તો આપણુ મીલન અસંભવ છે. માટે વીરુ કહું છું કે આપણે આ સમાજના બંધનને છુટાં મેલી બીજા ગામના સીમાડામાં ચાલ્યાં જઇએ.

સોનલ... શું પ્રેમ એટલો બધો આંધળો છે કે કુટુંબ અને સમાજને તજી દેવો જ્યાં જન્મી દિવસ રાત વિતાવ્યાં હોય તે ધરતી માતાને તજીને ચાલ્યા જવુ નહિ તેમાં આપણી કાયરતા છે. આપણા કુળને કલંક છે. તે નહિ બને સોનલ... તે કદાપી નહિ બને.

વીરું મારા વ્હાલા, મારા મનના મોર, તને હું શુ સમજાવુ, હું તને કઇ ભાષામાં કહું કે તું આટાપાટા વાળી સમાજને ઓળખતો નથી. આપણા મીલનનો થોડોઘણો અણુસાર મલતાં તે લોકો આખા ગામને ગજવી મેલશે તેથી આપણા પ્રમસબંધની પિતાજીને જાણુ થશે, મારા માટે તને મળવાના દરવાજા કાયમ માટે બંધ થઇ જશે,

સોનલ, મને તારા પ્યાર સિવાય સમાજનું કોઇપણુ બંધન દેખાતુ નથી

વાતો વાતોમાં કેટલો સમય પસાર થઇ ગયો તે સોનલ અને વીરુંને ખબર પડતી નથી જ્યારે બપોરનો ધોમધખતો સુર્ય પોતાના સ્થાનમાં જવા તૈયાર થયો ત્યારે સોનલ કહે છે વીરુ પ્રેમ માણસને આંધળો બનાવી દે છે. પ્રેમને સમયની સમજ પડતી નથી. હવે તું ઘેર જા હુ આ ચારનો ભારો વાઢી હમણાંજ ગામમાં આવું છું આ બંનેનો પ્રેમલાપ પોતાની વાડીમાં થઈ રહયો હતો.

લાવને સોનલ હું પણુ ચાર કાપવામાં તને મદદ કરુ, મારે કયાં ઘેર જઇ દળણું દળવાં છે કે જલ્દી જાઉં, તને ઉતાવળ છે માટે લાવ દતરડુ હું જલદી જલદી ચાર કાપી આપુ, વીરું ક્ષણુવારમાં ધાસ કાપી ભારો સોનલને ઉપડાવે છે અને કહે છે કે કાલે આ સમયે તુ મારી રાહ ગામના પાદરે માતાના પીંપળે જોજે

સોનલ અને વીરુંના આ પ્રેમનો નાટક ગામનો ઉતાર એટલે કે નાથુ જોઇ ગયો હતો, તેને વીરુ પ્રત્યે દાઝ હતી કારણુ કે તે બળમાં વીરૂને પહોંચી નહોતો શકતો. એક બે વખત વીરુ અને નાથુ વચ્ચે જોરદાર લડાઇ થઇ હતી લાકડીઓની રમજટ બોલી હતી સમયે નાથીયો મેદાન છોડી નાસી ગયો હતો, વીરુની સોનલ પ્રત્યેની મહોબ્બતે તેને આંધળા બતાવી દીધો હતો ઇચ્છતો હતો કે સોનલ પોતાના ઘરનું પાણી ભરે પોતાના પડખામાં સમાય, આવો હતો ગામનો ઉતાર નાથીયો. ગામની એક બે દિકરીઓને તેને પોતાની મહોબ્બતની જાળમાં

ફસાવી હતી પણ દયા ઉપર વાળાની કે વરુ જેવા જવાંમર્દ ગામમાં હોવાથી તેનાથી કંઇ પણ થઈ શક્યું નહિ. અને દિકરીઓની ઇજ્જત માટીમાં મળતાં બચી ગઇ, આથી તે વધારે ઉશ્કેરાયેલો હતો; વીરુને પોતાનાથી નીચો પાડવા ગામમાં તેની આબરૂને પાણીમાં મીલાવવા તે આવા પ્રસંગને શોધતો હતો અને આજ અચાનક તેને આવો પ્રસંગ સાંપડી ગયો.

નાથીઓ પૈસે ટકે સુખી ઘરાનાનો છોકરો હતો. તેના બાપા મરતી વખતે ચાર વાડી અને ગામમાં ગરાસ મેલતા ગયા હતા, તે મનનો મેલો હોવા છતાં બધાય માણસોને પૈસાના જોરે જીતતો હતો.

વીરુનું પછાડવામાં આજે હેલ્લો મોકો છે એમ વીચારી તે ગામભણી દોડયો. સોનલની ડેલી આગળ આવીને ઉભો રહયો. મગનકાકા, મગન કાકા એવો બુમો પડતો ડેલીમાં પ્રવેશ્યો.

શું વાત છે ભાઇ નાથુ મંગન-કાકા આગળ નાથીએ પોતાની છાપ સારી ઉભી કરી હતી, તે એટલો બધો ચાલાક માણસ હતો કે સામા માણસોને પોતાની વાત ગમી જાય તેવી રીતે વર્તતો.

કેમ ભાઇ નાથું આમ અચાનક આ બાજુ આવવું થયું કંઇ નહી કાકા આમ અમરતોજ આ રસ્તે નીકળ્યો હતો અને મને થયું કે લાવને આજ કાકાને ઘણા દિવસ થયા મળ્યો નથી તે મળતો આવું અરે હાં કાકા એક વાત કરવા આવ્યો છું આમ કરી તેને પોતે મનમાં ગોઠવેલી વાત મંગળકાકા આગળ ઓકી નાખી.

પોતાની સોનલના અમંગળ સમાચાર સાંભળીને મંગળકાકા તો અવાક થઇ ગયા, આંખે અંધારા આવવા લાગ્યાં નાથીઆએ કહેલ સત્ય વાતને અસત્ય સમજવા લાગ્યા શરીરે પરસેવો આવવા લાગ્યો, પોતાની ડેલી ગોળગોળ ફરતી માલુમ પડી આંખોમાં ક્રોધ વધવા લાગ્યો, નથુ .. કહી તેને નાથુની ગરદન પકડી નાલાયક નીચ નરાધમ, આવું બોલતાં તને સરમ ન આવી. તુ મારા ધોળામાં ધુળ નાખવા આવ્યો ચાલ્યો જા મારી ડેલીમાંથી બહાર તારું કાળુ મોઢું હવે મને ફરી ન બતાવતો.

નથું પણ કેઇનાં કહેવાથી ગુસ્સે થઇ ચાલ્યો જાય તેવો માણસ ન હતો, ધીમેથી બોલ્યો મંગળકાકા કયારેક પોતાની પુત્રીના મુખના હાવભાવ પોતાનો પિતા સમજી શકતો નથી, એ તો માતાજ સમજી શકે. તમે હિંમતથી કામ લો. હું કહું છું તે સનાતન સત્ય જ છે. તમોને ખાતરી કરવી હોય તો સોનલ જયારે ઘેર આવે ત્યારે તમો પુછજો કે આજે તું આટલી મોડી કેમ આવી અને વાડીમાં તારી સંગાતે બીજો માણસ કોણ હતો

કાકા આતો હું મારા ખેતરેથી વળતો હતો ત્યારે મને થયું કે લાવને આજ કાકાને મલી આવું પણ વાડીમાં જઇને જોયું તો સ્તબ્ધ થઇ ગયો. આતો તમારા જેવા વડીલને અણછાજતું બની ન જાય તે માટે બતાવવા આવ્યો છું નહિતો, ગામના મોભેદાર એવા સજ્જનની આબરુ માટીમાં મલી જાય બસ કાકા હવે તમે જાણોને તમારું કામ જાણે હું તો જાઉં છું મંગળ કાકાને કશું સમજાતુ ન હતું હવે શું કરું ને શું ન કરું શું આ ઘરનો ત્યાગ કરીને ચાલ્યો જાવું.

વિચારના વમળમાંના આટાપાટા મંગળકાકાને સતાવી રહયા હતા મન વિચારોના વમળમાં વિલીન થઇ જાય છે. અગાસીની લાંબીમાં આંટા મારવા લાગે છે. ત્યાંજ સામેથી સોનું (સોનલ) આવે છે. ઘાસનો ભારો નીચે ઉતારવા જાય છે ત્યાંજ મંગળકાકા રકતવર્ણી આંખો કરી બોલ્યા, સોનલ અત્યાર સુધી વાડીમાં શું કરતી હતી, એક ઘાસનો ભારો લાવવામાં આટલી બધી વાર, ઘરમાં બે નોકરો છતાં તારે ઘાસ લેવા જવાની શી જરૂર, કોણ હતો એ તારો સગલો કે તને વાડીમાં મળવા આવ્યો હતો. કોણ એ નરાધમ છે કે તને ફસાવવા માગે છે. કોની જોડે આટલી વાર તું વાતો કરવા રોકાઇ હતી. બોલ જવાબ આપ, શા માટે તું બોલતી નથી.

સોનું તો જાણે પોતાના માથે વિજળી પડી હોય તેમ સુનમુન અને નીચે મસ્તકે ઉભી જ રહી શું જવાબ બાપુને આપે.

અમારા પ્યાર વચ્ચે આ કંટકની દિવાર કરનાર કોણ વ્યકિત છે તેના વિચારે ચડે છે. આખર તેને યાદ આવ્યું. નક્કી આ પેલા નાથીયાનું જ કામ છે. શું જવાબ આપવો બાપુને ! શુ કહેવું કંઇ જ સમજ તેને પડતી ન હતી.

તેવામાં એક જોરદાર થપ્પડ સોનલના ગાલ ઉપર પડે છે. કુલગાર આખા કુળની આબરું માટીમાં મીલાવવા માગે છે, કોણ છે એ પ જી હું તેના રાઇ રાઇ જેટલા ટુકડા કરી નાખું બોલ જવાબ દે.

કઇ રીતે પોતાના વીરુંનું નામ પિતાજી આગળ આપવું. કઇ ભાષામાં કહું કે હું વીરુંને ચાહું છું હું તેની જોડે લગ્ન કરવા માગું છું તેની કહેવામાં જીભ ઉપડતી નથી.

પિતાની બીજી જોરદાર થપ્પડથી સોનલ વિચારની નિદ્રામાંથી જાગે છે અને ઉપર રાંખેલ ચારનો ભારો જમીન ઉપર પડે છે. બાપુજી મેં કંઇ અહીત કાર્ય કર્યું નથી. હું કોઇના કહેવામાં પણ આવી નથી. બાપું હું વીરુને ચાહું છું. વીરું જોડે પ્રેમ કરું છું

છું અમે એક બંન્નેને જીવનસાથી બનવાના કોલપણ દીધા છે. બાપુ, તમે ગમે તેમ કરો પણ હું વીરું વગર નહિ જીવી શકું મારી આપને છેલ્લી અરજી છે.

કોણ વીરું... પેલો ગામના છેડા ઉપર રહે છે તે છોકરો તેની પાસે નથી ખેતર, વાડી કે ઘર, ઘર પણ નાના ખોરડા જેવું ગામમાં પણ એક પૈસાની આબરું નથી, કોઇપણ માણસ એક પૈસો પણ ઉધાર આપતું નથી તેવા નમાલા માણસ જોડેતુ પ્રેમ કરવા માગે છે તારી માતાવિના આ સુના ગરમાં તેં આગ લગાડી તું આજ તારી માતા હોતનો મારે તને એક પણ શબ્દ કહેવો ન પડત હવે મને સમજાય છે કે માતા વિના સુના ઘરમાં છોકરાંઓના સંસ્કારમાં ખામી આવે છે મેં તારા માટે શું નથી કર્યું શું ઉણપ રાખી તને ઉછેરવામાં શા માટે તે આવુ કાર્ય કર્યું.

બાપું તમે મને શા માટે મારો છો. તમને કોઇ કે ભરમાયા લાગે છે. જરૂર પેલા નાથીયાનું જ આ કામ છે

હા....હા...મને પેલા નાથીઓ-એજ આવીને કહ્યું હતું આજથી તારે આજથી તારે ઘરનો ઉમરો ઓળગંવો બંધ આ ઘરની ચાર દિવાલો વચ્ચે તારે રહેવાનું છે. હવે જો પેલા વીરુંને મલીતો તારું કાળુ મોઢું મને ન બતાવતી અને તારા ટાંટીયા જ ભાગી નાખીશ.

જો સાંભળી લે થોડા જ દિવસમાં તારે બીજાના ઘરની ગૃહિણી થવાનું છે કુટુંબ માટે દિકરી સાપનો ભારો ગણાય છે તારું વેવિશાળ હું પેલા આપણા ગામના મોભેદાર અને મારા સમોવડીયા નાથું જોડે કરવાનું જ વિચારું છુ.

બાપુ...તમે મને શા માટે નીચ નરાધમ નાથીયા જોડે પરણાવવા માગો છો. હું તમને જો બોજા રૂપ લાગતી હોવુ તો આત્મ હત્યા કરું તમારા મનની મુરાદ પૂરી કરવા માટે મારે આવુ હિચકારું પગલુ ભરી જીવતનો અંત આણવોજ રહયો આ ઉગેલુ પુષ્પ કમળ કાયમ માટે મુરજાવા તૈયાર છે

તે નહિ બને તારે નાથીયા જોડે પરણવુ જ પડશે.

બાપુ તમને વિરુંમાં શું ઉણપ દેખાય છે. તે ગરીબ છે પણ દિલનો દાતાર છે નાથીયાથી સુંદર છે સમાજ-માં બધાય પૈસાની પૂંજીથી મહાન ન ગણાય નાથીયાના ચરીતરથી તમો અજાણ છો. ગામના લોકોને પુછી જુવો તો તમને ખ્યાલ આવે કે તે કેટલો નીચ નરાધમ છે. કેટલી સ્ત્રીઓ-ના શીયળ ભંગ કર્યાં છે તેવા પાપીઓ-ની જોડે કદાપી મારું વેવીશાળ ન થઈ શકે જરા વિચારો, વાતને સમજો આપણા કુળના થનાર અનર્થને રોકો. તમે મારા પિતા છો; અગર માતા હોતતો મારા હૈયાની વેદના સમજત

હવે હું છેલ્લો નીર્ણય લેવા માગું છું મારૂં સુખ કાયમ માટે જોવું હોયતો મારી વાતને ન ઠુકરાવો, જો જો બાપું આ ઉગતો સુર્ય અસ્ત ન થાય જો અસ્ત થયો તો આપના જીવનમાં અંધારું વ્યાપી જશે. હું છેલ્લી વખત તમને કહું છું કે આપની બધી મીલકત છોડી મારા પ્યાર માટે આપની સમક્ષ જ ભટકતી ભિખારણ થઇ જવા માગું છું. મારૂં મન વીરું જોડે બંધાયેલ છે. અન્યથા સર્વે મારે મન ભાઇ-બાપ છે. આટલુ બોલી સોનલ અંદરની પરસાળમાં દોડી જાય છે. શાંન્ત વાતાવરણમાં મંગળકાકાને સોનલના રડવાના શોસકારા સંભળાય છે.

શું કરું એક તરફ પિતા તરફની જવાબદારી કે દીકરીના પીળા હાથ કરું સોનલને નાથુ જોડે પરણાવું પણ બીજી તરફ દિકરીની હઠ, પોતાની સત્તા અને બીજી તરફ હઠ આખીર એકનો વિજય થવાનો જ છે. હું પ્રભુ મને બળ આપ, વિચારવાની મને શકિત આપ, હું શું કરું.

આમ વિચારના આટાપાટામાં કયારે નીંદ આવી તેની તેને ખબર પણ નથી બીજી તરફ આખી રાત રોઇ પ્રશ્રાતાપનાં આંસુ સારતી સોનલ, આખી રાત વિતાવે છે,

સવારના પક્ષીઓના કલરવથી મંગળકાકાની ઉગ ઉડે છે. તેવામાં બાજુમાં રહેતો પુનમીઓ આવીને મંગળકાકાને તાજી ખબર આપે છે. કાકા આજે પેલા નાથીઆએ છગનભાઇની ગંગા ઉપર બળજબરી કરી બળાત્કાર કરવા ગયો ગંગાના બુમ બરાડાથી ફળીયાના લોકો ભેગા થઇ ગયા. તે જોઇ નાથીઓ ભાગવા માંડયો પણ પકડાઇ ગયો. ગંગાએ બધી વિગતથી વાત કહી, ભગતા નાથીઆને પકડવામાં વીરુંનો સાથ બહુંજ અગત્યનો હતો પકડતી વખતે ખુબ મારામારી કરી પોલીસ થાણે વાત જતાં પોલીસ આવી નાથીઆને લઇ ગઇ. કાકા આવા માણસને તો જેલમાં જ સડવા દેવો જોઇએ.

આ વાતના તાત્પર્યથી મંગળકાકા વિચારોમાં ગુચાયા છે હવે કયે મોઢે સોનલને કહુ કે તુ નાથીઆને પરણ. સોનલ સમક્ષ મારી જાતને કેવીરીતે પ્રગટ કરીશ. તેની શકિત સર્વે હણેઇ ગઇ છે. તેવામાં સોનલનો અવાજ સભળાય છે. ચાલો બાપૂ ચા-નાસ્તો તૈયાર છે જમીલો હર્ષના આવેશમાં કશુંજ કાકાથી બોલાતું નથી માત્ર હોઠ ફફડયા કરે છે....ચાલો બાપું જમીલો...

નહિ સોનલ નહિ હું તને પેલા નરાધમ નીચ નાથીઆને નહિ સોંપુ, હવે મને સનાતન સત્ય સમજાય છે, બેટા શા માટે તું આખી રાત રડી છે.

સોનલ તું જલ્દી જઈને વીરુંને ખબર આપકે બાપું આપણું સગપણ કરવા માગે છે તમારા બંન્નેના મિલનથી ખુશ છે તારો હાથ વીરુંને સોંપવા માગે છે....જા....બેટા જલદીની આજ મારા માટે ખુશીનો દિવસ છે. આજ મારા હાથે એક મહાન અનર્થ થતા રહી ગયું.

પિતાની આવી વણી સોનલને જડવત બનાવી મુકે છે. તે બાપુ સામે ઉભી છે છતાં પણ વાતને માનવા તૈયાર નથી. શું બાપું સચુ કહે છે. કે પછી મારા દુ:ખતા દિલમાં એક વધુ ડાંભ દેવા માગે છે. બાપુ હાથ પહોંળા કરી સોનલને ભેટવા તૈયાર છે સોનલ પણ ત્વરીત ગતીએ બાપુને ભેટી પડે છે.

બેટી સોનલ....બાપુ....આ બાપ બેટનું મીલન સ્વર્ગ સમું બની જાય છે.

સોનલના ખુશીનો પાર નથી ફટાકથી તે બાપુથી અલગ થાય છે દોડતી ડેલી ઉગાડે છે વીરુંને આ ખુશીના સમાચાર આપવા દોડે છે. જાણે કે આથી પહેલાં કોઈપણ ખુશીનો લહવો મળ્યો જ નહોય તેવી ગતીથી દોડતી સોનલ આજુબાજુ જોતી જ નથ દોડતી સોનલને ઠેસ વાગવાની બીક પણ નથી આંખના પલકારે હૃદયના ધબકારે વીરુંનું રટણ કરતા દોડેજ જાય છે બસ દોડેજ જાય છે.

—(સમાપ્ત)

સગપણ પ્રથા ✻ ✻

વસંતકુમાર કાન્તિલાલ પટેલ
કશીપુર કંપા

કહેવત છે કે દીકરીને સંભાળવી એ સાપનો ભારો સંભાળવા બરાબર છે. ઉંમરલાયક દીકરી ઘરમાં હોય ત્યાં સુધી માતા-પિતાને ઉંઘ કેમ આવે ? એમને તો બસ એકજ ચીંતા સતાવતી હોય છે કે કયારે દીકરીના હાથ કંકુ વાળાં કરી નાખીએ.

દીકરી સુખી થાય તે માટે સારુ ઘર અને સારો વર મેળવવા માટે માતાપિતા પોતાનાથી બનતુ બધુજ કરતા હોય છે છોકરાવાળા પણ એમ ઇચ્છતા હોય છે કે ઘરમાં રૂપાળી સંસ્કારી છોકરી આવે તો આખું ઘર હસી ઉઠે.

જેટલી ઝડપે દુનિયા આગળ વધે છે એટલી ઝડપે સમાજની જૂની રીતસમો સુધરતી નથી મોટા ભાગના કુટુંબોમાં છોકરીને કઈજ પુછવામાં આવતું નથી કે ફલાણે ઠેકાણે તારુ સગપણ કરીએ છીએ તને એ ગમે છે

ને બેટા ! દીકરીને ગમતું હોય કે ના ગમતું હોય છતાંય માથા પરનો ભાર હલકો કરવા ખાતર માતાપિતા દીકરીનું વેવિશાળ કરી નાખતા હોય છે પછી ભલે ને સાસરે જઇને દીકરી જીવનભર રડયા કરે.

સારે સ્થળે વેવિશાળ કરવું એ માતાપિતાની પહેલી ફરજ છે જયારે દીકરી કે દીકરાનો સંબંધ બાંધવાની વાત ચાલે ત્યારે સમજુ માતપિતાએ સર્વ વાતથી દીકરા દીકરાંને વાકેફ રાખવા જોઈએ જો છોકરો તેમજ છોકરી સમજદાર હશે તો પેતાના વ્યકિતત્વનો તેણે વિકાસ કર્યો હશે તો માતાપિતાને પુરેપુરો સહયોગ આપશે ને એની સંમતિ પછી સગપણ બંધશે તો મોટે ભાગે દુઃખી થવાનો દિવસ નહિ આવે.

આપણા સમાજની નજરસમક્ષ જોયેલા પ્રસંગો જણાવું તો દીકરી ઉમરલાયક થાય ત્યારથી માતાપિતા યોગ્ય મુરતીયાની શોધમાંજ હોય છે. કોક સારુ ઠેકાણું જણાય કે બંને પરિવાર વચ્ચે ઓળખાણ પિછાણ ધરાવતી વ્યકિતને વચમાં રાખે છે ને સગપણની વાત શરૂ થાય છે ત્યારે છોકરાવાળો પરિવાર છોકરીને જોવા પૂછે છે આવા અવસરે સગપણ કેવી રીતે નકકી થાય છે. તે જાણીએ.

સુરેખાનું વેવિશાળ નકકી કરવાનું છે તો તેના માતાપિતા છોકરો કેવો છે તે નહિ જુએ પણ તેની મિલ્કત કેટલી છે તે લોકો ખાધેપીધે સુખી છે ભાવિ વેવાઇ વેવાણનો સ્વભાવ સારો છે વિગેરે બાબતો જાણી બંને પરીવારો સાથે સબંધ ધરાવનાર વ્યક્તિની વાત પરથી છોકરી જોવા જવાય છોકરીના ઘેર છોકરાના માતાપિતા કાકાકાકી અને બીજા જે સબંધ ધરાવનાર આમ પાંચથી છ માણસોનુ મંડળ છોકરાનું ભાવિ નકકી કરવા જાય માતાપિતા પણ જાય છે તે છોકરાને ખ્યાલ ના હોય કારણ કે જો છોકરાને આવો ખ્યાલ આવી જાય તો કુટુંબની પ્રતિષ્ઠાનું શું ?

છોકરીના ઘેર ગયા પછી સ્વાભાવિક રીતે માથાનો ભાર હળવો થવાનો હોય એટલે આવેલ મહેમાનોની સારી આગતા સ્વાગતા થાય સ્ત્રીઓ ઘરમાં બેસે પુરૂષો બહાર ખાટલા પર બેઠા હોય અડોશી પડોશી આવે છોકરીને જોવા આવ્યા છે તેમને છોકરીના માબાપ સમજે એટલે નવાં કપડાં પહેરાવે છોકરી ચા લઇને આવે બહાર બેઠેલ મહેમાનો છોકરીને રૂપથી નિરખે બહું હિંમત હોય તો એકાદ બે સવાલ પુછાય દીકરી તારુ નામ શું ? કેટલે સુધી ભાણી ? તમે કેટલાં ભાઇ-બેન છો વિગેરે સવાલ પુછાય છોકરી શરમાતા જવાબ આપ સાંજના ટાઇમ

હોય તો મહેમાનોના દેખતાં બેસ દેવા માટે જાય મહેમાનો વાતો કરે અને આમ આટલી બાહ્ય ઔપચારીક વાતોથી છોકરીને ભાવિ વહુ તરીકે નક્કી કરી ને જાય અને અમારો છોકરો જોઈ જજો તેમ વળતું આમંત્રણ આપે સમાજમાં છોકરા તો મોટા કુંવર હોય તેમ ખાસ કોઇ છોકરો જોવા ના આવે ને સોપારી આપી સગપણ નક્કી થાય આમાં બિચારી છોકરીને તો પાછળથી ખ્યાલ આવે કે ફલાણા ગામમાં ફલાણા છોકરા જોડે તેનું વેવિશાળ નક્કી થયું છે ને માતા–પિતા તેમજ દાદા દાદી તો એવું જ ઇચ્છે કે મારો દીકરો કે દીકરી સામા પગલે જોવા ન જાય અમે જે નક્કી કર્યું છે તે તેના સારા માટેજ કર્યું છે ને છોકરો કે છોકરી એકબીજાને ન જુએ તો તેમની પ્રતિષ્ઠા વધે ?

આપણા સમાજના મોટા ભાગના વિવાહ માતાપિતા દ્વારા નક્કી થતા હોય છે તેમાં છોકરા છોકરીની પ્રસંદગીને જરાય મહત્વ આપવામાં આવતું નથી પરીણામ એ આવે છે કે કોઇ કિસ્સામાં કાગડો દહિથરૂ લઇ જાય છે અને ક્યાંક હંસની કોટે કાગડી વળગાડી દેવાય છે. મારું કહેવું એમ નથી કે માતા પિતા ખોટી પસંદગી કરે છે પણ ક્યારે સમય અને સંજોગો ફર્યા ત્યારે દીકરા દીકરીને પુછ્યા વિના સબંધ બાંધવો હિતાવહ નથી.

એતો એક હકીકત છે ને બજારમાં ચાર છ મહિના ચાલે એવી ટોપી ખરીદવા જઇએ છીએ ત્યારે પણ એનુ કાપડ તપાસીએ છીએ સિલાઇ જોઇએ છીએ રંગ જોઇએ છીએ અને જેની સાથે જીવન ગાળવાનું હોય તેનો નિર્ણય બે થી ત્રણ કલાકમાં અથવા વધુમાં વધુ એક રાત્રી રોકાણ કરી સારી મહેમાનગતિ માણી નક્કી કરી આવેલ માતાપિતા પર છોડી દેવાનો ?

આજના સુધરેલા જમાનામાં સર્વે ભાઇઓ આવું ન ચલાવી લે તેમજ બહેનો પણ ન નભાવી લે. એક બીજાને જોયા વાતચીત કર્યા સીવાય ભાઇઓ બહેનો લગનની સમંતિ ન જ આપે તેમજ સગપણ પણ મારી દૃષ્ટિએ ૧૭ થી ૧૮ વર્ષની ઉંમરે જ નક્કી કરે તો ઘણી સારી વાત છે જેની સાથે આપણે આપણું આખુ જીવન ગુજારવાનું છે એની સાથે આંધળું કર્યુ કરીને ઝુકાવી દેવું એ દુખને નોતરવા બરાબર છે.

યુવાનો તેમજ યુવતીઓ સમાજમાં આગળ આવે તેજ અપેક્ષા

શોધ અને શોધક

ચંદુલાલ કે. પટેલ
C,O બલાગીર સો. મીલ
ગામ–બલાગીર

શોધક	શોધ
માઇકલ ફેરેડ	ડાયનમો
મેડમ ક્યુરી	રેડીયમ
નીજે અને દેગુર	ફોટોગ્રાફ
ડીઝલ	ડીઝલ એન્જીન
ડીબેઇન	હારમોનીયમ
ટવેન્ટીએથ સેરીન્યુ ફોક્સ	સીનેમારકોપ
જી માર્કોની	વાયરલેસ
જયોર્જ સ્ટીવન્સન	આગગાડી
જયોર્જ ઇસ્ટમેન	કેમેરા
ગ્રેટ્લિંગ	મશીન ગન
કર્કમેટ્રીક મેકમીલન	સાયકલ
એલેક જાંડર. ડી. સ્મીન	ચશ્માં
એલેક જાંડર ગ્રેહામબેલ	ટેલીફોન
એલ. એચ. બેકલેન્ડ.	પ્લાસ્ટીક
એમિન બર્લીનર	માઇક્રોફોન
ઇલીયાસ હોવે	સીવવાનો સંચો
આઇ એલ. બેર્ડ	ટેલી વિઝન
ફેરન્હીટ	થર્મોમીટર
એલીસા ઓરીસ	લીફ્ટ
રાઇટ ભાઇયો	વિમાન
હેમન	પંખા
હેનેરી ફોર્ડ	મોટર, ટ્રેક્ટર
શોધકારો	શોધ
સેમ્યુ અલ મોર્સ	ટેલીગ્રાફ
સીમેન્સ	ઇલેક્ટ્રીક સગડી
સ્લેગ્ટ	ઘડીયાળ
લીપટરો	ટેલીસ્કોપ
લામીવર	ફિલ્મ પ્રોજેક્ટર
લ્યુઇગી ગેલ્વેની	વિદ્યુત પ્રવાહ
જેમ્સ વૉટ	વરાળ યંત્ર
જે. જે. થામ્સન	ઇલીક ટ્રેન

પરીક્ષા અને ક્રીકેટ.

— ભદ્રેશકુમાર ડાહ્યાભાઇ પટેલ
S. S. C
હિંમતનગર.

— પરીક્ષા એટલે ક્રિકેટ મેચ
— પરીક્ષા હોલ એટલે કે ક્રિકેટ ગ્રાઉન્ડ
— પરીક્ષાર્થી એટલે ખેલાડી
— સુપર વાઇઝર એટલે કે અમ્પાયર
— પેન એટલે બેટ.
— અઘરા પ્રશ્નો એટલે ફાસ્ટબોલર
— સાચા ઉત્તરો એટલે કે ફટકાબાજી
— કોપી કરતા પકડયા એટલે રન આઉટ.
— પેપર કોરું મુકવું એટલે ક્લીન બોલ્ડ
— બીજા માંથી જોવું એટલે કેચ આઉટ
— માર્કસીટ એટલે સ્કોર બોર્ડ

ન બોલ્યા માં નવગુણ

★ પોતાને પાછળ થી પશ્ચાતાપ ન થાય.
★ કાઇની સાથે વેર ન બંધાય.
★ પોતાની મશ્કરી ન થાય.
★ કોઇની ક્ષમા માગવી ન પડે
★ અસત્ય ન બોલાય.
★ સમયનો દુરપયોગ ન થાય
★ અજ્ઞાન ગુપ્ત રહે.
★ કોઇ કામ કરવાનું બંધન પ્રાપ્ત ન થાય.
★ અંત : કરણની શાંન્તિ નો ભંગ ન થાય.

આજે તો !

નટવરલાલ કે. પટેલ
રૂપાલકંપા

! આજે તો ભાગવત સાંભળતાં ડોશીમા ઘરમાં રાખેલ છીંકણીના ડાબલાનો જ વિચાર કરતા હોય છે.

! આજે તો મંદિરમાં દર્શન કરતી વખતે પણ ધ્યાન તો બાજુમા ઉભેલી બેનની નવી સાડીની ડીઝાઇન પરજ હોય છે.

! આજે તો ફેશન, ફંદ અને ફિશીયારી જ જોવા વધુ મળશે

! આજે તો ફરફસ્અર કરવા માટે બીડી પીતા મંદિરના પુજારીઓ પણ મંદિરમાં બળતા દીવામાં બીડી સળગાવતા જોવા મળશે.

! ગઈકાલનું સુત્ર–દિકરી ને ગાય દોરે ત્યાં જાય.
આજે તો–દીકરી ને ગાય ધારે ત્યાં જાય

! આજે તો એકજ–સુત્ર વિના લાગવગ નહિ ઉદ્ધાર.

! આજે તો ઓફિસોમાં સાહેબ છોડે પણ પટાવાળા ન છોડે.

! આજે તો સમગ્ર દેશમાં એકજ રોગ પ્રેમરોગ

! આજે તો દેશના લોકોમાં ઓછી છે એકજ સાઇ માણુસાઇ

! આજે દેશમાં મોટામાં મોટી ખાણુ છે ઓળખાણુ

! આજે તો ભજનમાં જતા ભગતો ભજન શરૂ કરતાં પહેલાં 'પેવલા' અગ–રબત્તી જરૂર કરશે.

! આજે તો જગતની એકજ મા સિનેમા

! પહેલાં પરણેલી તો જેવી તેવી પણુ નાતરાની જોઇને લેતી.
આજે તો એસ. એસ. સી. તો જેવી તેવી પણુ બી. એ. તો જોઇને લેવી.

! આજે તો માનવજીવન ત્યારે જ ઉજ્જવળ બનશે કે માણુસ મહેનત અને પરિશ્રમ કરી પરસેવો પાડેલુ ધન મેળવશે.

* જય યોગેશ્વર *

શ્રી પાટીદાર યુવક મંડળ, (મુંબઈ)

પાટીદાર વાડી એલ. બી. એસ. માર્ગ ઘાટકોપર, મુંબઈ-૮૬

આભાર.

મુંબઈમાં થયેલ પ્રથમ સમુહલગ્ન સમારોહનું સંચાલન શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) દ્વારા કરવામાં આવ્યું હતુ જેમાં મુંબઈમાં વસતા યુવાન ભાઇ-બહેનોએ પોતાનું રોજીંદુ કાર્ય છોડી જે તન, મન અને ધગશથી સેવા આપી સફળ બનાવ્યું તેમનો હું શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) વતી ખુબ ખુબ આભાર માનું છું આશા રાખુ છુ કે ભવિષ્યમાં મંડળની પ્રવૃત્તિઓને વિકસાવવામાં આથી પણ વિશેષ સહકાર મળી રહેશે.

લિ. શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) વતી
અમૃતલાલ જયંતિલાલ પટેલ
પ્રમુખ

વસ્તી ગણત્રી પત્રક ભાગ-૨ વર્ષ ૧૯૮૩-૮૪

શ્રી પાટીદાર યુવક મંડળે (મુંબઈ) વસ્તી ગણત્રી પત્રક ભાગ-૨ છપાવવાનું નક્કી કર્યું છે. જેમાં ૧૯૮૧-૮૨ માં છપાએલ વસ્તી ગણત્રી પત્રક (ભાગ-૧) માં મુંબઇમાં વસતા આપણા કચ્છી કડવા પાટીદાર ભાઇ બહેનોના નામો જાણે અજાણે રહી ગયા હોય અથવા તો વસ્તી ગણત્રી પત્રક (ભાગ-૧) છપાઇ ગયા પછી મુંબઇમાં વસવાટ કરવા આવ્યા હોય તેમની ગણત્રી કરવામાં આવશે તેથી બાકી રહી ગયેલ કુટુંબોના નામો તા. ૧૫-૯-૮૩ સુધી ઉપરના (મંડળના) સરનામે મોકલાવી આપશો.

વસ્તી ગણત્રી ફોર્મ મંડળની ઓફીસમાંથી મેળવી ફોર્મ પુરેપુરુ ભરી તા. ૧૫-૯-૮૩ સુધીમાં મોકલી આપવું.

લિ.
શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઇ) વતી
અમૃતલાલ જયંતિલાલ પટેલ

ખીમજીભાઈ પ્રેમજીભાઇ વિદ્યાર્થીભુવન મોડાસા

વિદ્યાર્થીમંડળ ૧૯૮૩-૮૪

ગત તા. ૨૧-૭-૮૩ ને ગુરૂવારના રોજ વર્ષાની ઝીણી ઝરમરની સાંજે ખુશનુમા ખુશનુમા વાતાવરણમાં કે પી. હોસ્ટેલ મોડાસા મુકામે ૧૯૮૩-૮૪ ના નવા વર્ષની પ્રથમ મિટીંગ ગૃહપતી શ્રી ડી. એ. પટેલના સંચાલન હેઠળ યોજવામાં આવી હતી. તેમાં નીચે પ્રમાણેના વિદ્યાર્થી બંધુઓની નવા હોદ્દેદારો તેમજ નવી કાર્યવાહક સમિતીની નિમણુંક કરવામાં આવેલ છે.

હોદ્દો	નામ	ગામનું નામ	અભ્યાસ
૧ પ્રમુખ	દિનેશકુમાર કે. પટેલ	ટીંબાંકપા (બાજસર)	T.Y.B.Com
૨ ઉપપ્રમુખ	રમેશકુમાર એચ. પટેલ	મોતીવેણી કંપા	S.Y.B.Com.
૩ મંત્રી	નટવરલાલ કે. પટેલ	રૂપાલકંપા	T Y.B.Com.
૪ સહમંત્રી	રસિકલાલ પી પટેલ	નહેરૂકંપા	F.Y.B.Com.
૫ ખજાનચી	રાજેશકુમાર વી. પટેલ	લહેરીપુરાકંપા	S Y,B.Com.
૬ પ્રાર્થનામંત્રી	જયરામભાઈ એસ પટેલ	કુંપાકંપા	S.Y B.Com.
૭ રમતગમતમંત્રી	તુલસીભાઇ કે. પટેલ	ઇશ્વરપુરા	S Y.B.Com.
૮ પ્રવાસ મંત્રી	મનહરલાલ એસ પટેલ	રૂપાલકંપા	T.Y.B.Com.

કારોબારીના અન્ય સભ્યો

૧	અરવિંદકુમાર કે. પટેલ	ઇશ્વરપુરા	12th Arts
૨	દિલીપકુમાર એમ. પટેલ	તખતગઢ	12th Arts
૩	શાન્તિલાલ એમ. પટેલ	અમરગઢ	12th Arts
૪	પુનમભાઈ વી. પટેલ	રામાપીરકંપા	F.Y B Com.
૫	રામજીભાઈ એલ. પટેલ	આણંદસર (કચ્છ)	F.Y B.Com.

૬	હસમુખલાલ એ. પટેલ	લીખીકંપા	S.Y.B.Com.
૭	નરેશકુમાર એમ. પટેલ	કુંપાકંપા	S.Y B.Com
૮	જગદીશકુમાર કે. પટેલ	કાશીપુરાકંપા	T.Y B Com.
૯	ભવાનકુમાર આર. પટેલ	ખિલોડાકંપા	F Y B.Com.
૧૦	તુલસીદાસ આર. પટેલ	રણજીતપુરા	S.Y.B.Sc
૧૧	તુલસીદાસ એમ. પટેલ	માઢવાકંપા	S.Y B.Com.
૧૨	મહેન્દ્રકુમાર એમ. પટેલ	રામાપીરકંપા	S.Y.B.Com.
૧૩	જયંતીલાલ કે. પટેલ	શીવરાજપુરા	S.Y B.Com.

ઉપર મુજબ હોદ્દેદારોએ પદગ્રહણ કરી કાર્યભાર સંભાળેલ ત્યારબાદ નવા નિમાયેલ પ્રમુખ શ્રીએ પોતાનું મંતવ્ય જણાવતાં કહ્યું હતું કે નવા હોદ્દેદારો મંડળને સાથ અને સહકાર આપી દરેક કાર્ય પ્રગતિના પંથે આગળ વધે અને વિદ્યાર્થી બંધુઓ વચ્ચે કૌટુમ્બિક ભાવના જળવાઈ રહે તેવા પ્રયત્નો કરશે. અને સૌ વિદ્યાર્થીમિત્રો પરસ્પર સંપ અને સુમેળભર્યા વાતાવરણની અપેક્ષા રાખી હતી. ત્યારબાદ અલ્પાહાર લઇ સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી
નટવરલાલ કે. પટેલ
કે. પી. વિદ્યાર્થીભુવન, મોડાસા



શ્રી યોગેશ્વર યુવક મંડળ કાશીપુરા કંપા (હિંમતનગર)

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકામાં કાશીપુરા કંપામાં શ્રી યોગેશ્વર યુવક મંડળ ની વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં નવા વર્ષ માટે નીચે હોદ્દેદાની સર્વાનુમતે. વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ :— દેવસીભાઇ જેઠાભાઈ પટેલ

ઉપ પ્રમુખ :— જયંતિભાઇ હરિભાઇ પટેલ.

મંત્રી :— વસંતભાઇ વાલજીભાઇ પટેલ.

સહમંત્રી ચંદુલાલ એમ. પટેલ.

ખજાનચી — લાલજીભાઇ પચાણભાઇ પટેલ.

:— અન્ય સમિતિ :—

વાસણ વ્યવસ્થા.

૧. અંબાલાલ એમ. પટેલ

૨. વિઠ્ઠલભાઇ એલ પટેલ.

નવરાત્રી વ્યવસ્થા

૧. કરસનભાઈ એલ પટેલ

માઇક અને વસુલાત

૧. અરવિંદ કે. પટેલ

૨. કસ્તુર બી. પટેલ.

તદ ઉપરાંત શાળામાં ગત વર્ષ દરમ્યાન વર્ગમાં પ્રથમ અને બીજો નંબર પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા સારૂ એક સમારંભ ગામના જ કાર્યકર શ્રી લભાઈ એલ પટેલ ના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોને ઇનામો આપવામાં આવ્યા હતા દર વર્ષે આવો કાર્યક્રમ રાખવાનો સર્વાનુમતે. નિર્ણય લેવામાં આવેલ હતો.

તદઉપરાંત યુવક મંડળના સક્રિય પ્રયત્નોથી ચોમાસામાં પણ કાશીપુરા બસ ચાલુ રાખવા માટે શ્રમયજ્ઞનું આયોજન કર્યું હતું જેમાં મંડળને સફળતા મળી હતી. અને ચોમાસુ સમયપત્રકમાં પણ કાશીપુરા સુધી બસ ચાલુ રાખવામાં આવી છે.

લી. ચંદુભાઇ એમ પટેલ

॥ શ્રી ગણેશાય નમઃ ॥

પડશે ભાદરવા સુદ ૬ને સોમવાર તા. ૧૨–૯–૮૩....પ્રવાસ દિન ૨૦

ભારતનું મહાન તીર્થ બદ્રીનારાયણ

— સાથે —

— ઉત્તરભારત–રાજસ્થાન યાત્રા પ્રવાસ —

ઉપરાંત અનેક ધાર્મિક તેમજ ઐતિહાસિક સ્થળોના દર્શનનો અલભ્ય લાભ

આ પ્રવાસ સંવત ૨૦૩૯ના ભાદરવા સુદી ૬ ને સોમવાર તા. ૧૨–૯–૮૩ના રોજ મોડાસાથી સવારે ઉપડી શામળાજી, કેશરીયાજી, ઉદેપુર, એકલીંગજી મહાદેવ, શ્રીનાથજી, અજમેર, પુષ્કરરાજ, જયપુર, ન્યુદીલ્હી, જુનીદિલ્હી, હરદ્વાર, રૂષિકેશ, કનખલ, લક્ષ્મણ-ઝુલા, સ્વાર્ગાશ્રમ, બદ્રીનારાયણ જઈ ફરી રૂષિકેશ, દહેરાદુન, મસુરી, મથુરા, ગોકુલ, વૃન્દાવન, આગ્રા, શિવપુરી, ઉજ્જૈન, ઇન્દોર, ઓમકારેશ્વર, મોડાસા પ્રવાસ પૂરો.

વાહન :– આ પ્રવાસ ડીલક્સ ૩×૨ની સીટવાળી સ્પેશ્યલ લક્ઝરી બસમાં રાખેલ હોવાથી ખૂબજ આનંદ અને આરામદાયક રહેશે. રાત્રે આરામ માટે ધર્મશાળામાં મુકામ થશે. જ્યાં દરેક યાત્રિકે પોતાનો સરસામાન જાતે પોતાની પાસે ધર્મશાળામાં સાચવીને રાખી પાછો સવારે મોટરમાં મુકી દેવાનો રહેશે.

ભોજન :– પ્રવાસમાં દરરોજ એક વખત ભોજન, એક વખત નાસ્તો અને એક વખત ચા મળશે. ચા ના પીનારને કોફી મળશે. પ્રવાસ દરમ્યાન બે વખત મિષ્ટાન મળશે. મિષ્ટાન ના દિવસે નાસ્તો મળશે નહી.

સાધન :– પ્રવાસમાં દરેક યાત્રિકે પોતાની સાથે થાળી, વાટકો, લોટો, પ્યાલો, રકાબી, સુવા માટે નાનુ બેડીંગ, પહેરવાના કપડાં અને નાની સુટકેશ ઉપરાંત બેટરી, કપ-નાનુ ચપ્પુ, દોરી તથા બદ્રીનારાયણમાં ઠંડી હોવાની શકયતા હોવાથી ગરમ સાલ, સ્વેટર મફલર સાથે લેવા.

સૂચના :– પ્રવાસમાં બસ ભાડુ, ભોજન, ચા, નાસ્તા સાથે એક આખી ટીકીટના રૂા ૧૨૧૧–૦૦ અંકે બારસો અગીયાર રૂપિયા અને એક અડધી ટીકીટના રૂ. ૧૦૧૧–૦૦ એક હજાર અગીયાર રૂપિઆ રાખેલ છે. પ્રવાસમાં નાવ, ડોળી. ડંડી, કુલી, ગાઇડ, યાત્રાટેક્સ, પંચાયત તથા સરકારી ટેક્સ યાત્રિકે આપવાનો રહેશે.

જરૂરી :– પ્રવાસમાં મર્યાદીત સંખ્યા લેવાની હોવાથી આવનાર યાત્રિકે નીચે લખેલા સ્થળે એક ટીકીટ દીઠ રૂા. ૨૬૧–૦૦ બસો એકસઠ ડીપોઝીટ ભરી પોતાનું નામ નોંધાવી સીટ રીઝર્વ કરાવી લેવી. સંખ્યા પૂરી થયેથી ડીપોઝીટ લેવાનું બંધ કરવામાં આવશે.

નામ નોંધાવવાનું સ્થળ :–

ભક્તરાજ મગન ભગત
ઠે. ગાંધીવાડા, **મુ. પો. મોડાસા**
જી. સાબરકાંઠા ૩૮૩૩૧૫ ગુજ.

પ્રવાસ
દિવસ ૨૦

— ટીકીટના દર —
એક આખી ટીકીટ ૧૨૧૧–૦૦
એક અડધી ટીકીટ ૧૦૧૧–૦૦

નં.

પી પી. ૩૪૮ * રહે હાલીસા ૪૭

વિજય • • ટાયર્સ

ટ્રક, ટ્રેક્ટર. મોટર સાયકલ, સ્કૂટર
તેમજ બેલગાડાંના
ટાયર ટયુબના વહેપારી.

: મળો યા લખો :

જવાહર માર્કેટ, અમદાવાદ રોડ,

દહેગામ-૩૮૨૩૦૫.





ખેડૂત ભાઇઓને ખુશ ખબર



નીલગીરી ના ખેતીમાં રસ ધરાવતા ખેડુત ભાઇઓને જણાવવાનું કે ખરાબાની કોઠ પળાની કે ખુણની ટુકી વળામણો વાળી કે મજુરોના અભાવ હોય ત્યાં પીયત કે બીનપીયત વાળી જમીનમાં ઓછા ખર્ચે ચાલુ ખેતીની આવક કરતાં પાંચ જ વર્ષના ટુંકાગાળામાં ૪ થી ૫ ગણી આવક મેળવવા માટે નિલગીરીની સારી અને સુધારેલ જાતનું વાવેતર કરો.

વાવેતર કરવા માટે અમારે ત્યાંથી સારી અને સુધારેલી જાતોના રોપા મેળવો.

તદઉપરાંત સુબાવળ તથા સુરતી (શાહ) બોર ના કલમ કરવા માટેના રોપા છુટક તથા જથ્થાબંધ થેલીમાં વ્યાજબી ભાવે મળશે. દાડમ, દ્રાક્ષ, જામફળ અને કાગદીલીમ્બુ ના છુટક રોપા મળશે.

રોપાની ખરીદી માટે તાત્કાલીક મળો યા લખો.
જોઇએ તે મુજબ નોંધ કરાવી જાવ


ખાસ નોંધ : નીલગીરીના વાવેતર કે કટાગ પર સરકારી કોઇ ટેકસ નથી.

પીયતમાં જેમ બને તેમ વહેલી વાવેતર કરો કે જેથી વરસાદનું બધુંજ પાણી મજરે લાગે

— રોપા મેળવવાનું સ્થળ —

બાબુભાઇ કે. પટેલ

તલોદ રોડ, મુ. પો. વડાગામ, બોરકંપાની બાજુમાં દયાનંદ ફાર્મ
તા. મોડાસા, જી. સા. કાં., ફોન નં. ૭૮ (વડાગામ)
C/o. એસ. એસ. પટેલની ઓફીસે (પત્રવ્યવહાર માટે)




ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
UMIYA
આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩



સ્ટોકીસ્ટ :—

મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર. ગાબટ રોડ, બાયડ.
મે. કિશાન ટ્રેડર્સ. એસ ટી ડેપા પાસે, મોડાસા
મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશનરોડ, હિંમતનગર
મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે ઈડર.

AUGUST-'83 Reg. No. GHMR/5 JAGRUTI

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

To.

Book - Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.



★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ
તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ
રજુ કરતુ પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ)

વર્ષ : ૨૫ સપ્ટેમ્બર-૧૯૮૩

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી માહનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂ. ૧ ૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૨૦૧) પરદેશમાં રૂ. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M.Sc.
તલોદ.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા





આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી–કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા


સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

✱ અનુક્રમણિકા ✱

અંક બંધ

ગ્રાહક ભાઈબહેનોને જણાવવાનું કે આગામી નવેમ્બર માસનો અંક દીપોત્સવી અંક તરીકે પ્રસિદ્ધ કરવાનો હોઈ ઓકટોબર-૮૩ નો અંક બંધ રહેશે.

અવસાન નોંધ



વર્ષોથી અમદાવાદ નરોડા વિસ્તારમાં રહી વાડીયા બ્રધર્સ સો મીલના માલિક પટેલ વેલજીભાઇ રામજીભાઇના યુવાન પુત્ર ચંદ્રકાન્ત નું ૨૧ વર્ષની ઉમરે તા. ૨૬-૮-૮૩ ના રોજ ટૂંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયું છે.

તેઓશ્રીએ માતા-પિતા અને ભાઈ ભાંડુઓના વિશાળ પરિવારની વચ્ચેથી વિદાય લીધી છે.

પ્રભુ સૌ પરિવારજનોને અકાળે આવી પડેલી આપત્તિ સહન કરવાની શકિત આપે એજ અભ્યર્થના.

તંત્રીસ્થાનેથી

દોણી

કાથીની દોરીમાં ટીંગાડેલી કાનો ફૂટેલી મટકી હાથમાં રાખી 'રામ બોલો ભાઈ રામ' બોલતા ડાઘુઓ રસ્તા ઉપરથી પસાર થાય છે ત્યારે સેંકડો હૈયાંમાંથી અરેરાટી નીકળે છે

ફૂટેલી નાની અમસ્તી માટલી વાતાવરણને ભારેખમ બનાવી મૂકે છે કોઈ જીવે તેની ઇહલોકની યાત્રા પૂરી કરી અને પરલોક જવા નીકળ્યો છે તેનુ એ સુચન કરે છે ડાઘુઓને સુચન કરતાં તમારે પણ જવાનુ છે તે માટે સાબદા રહેવાની ચેતવણી આપે છે.

મૃત્યુને 'હાઉ' માની આપણે તેને અમાંગલિક ગણીએ છીએ પરંતુ ખરેખર તે માંગલિક જ છે મૃત્યુ તો જીવનનુ સૌંદર્ય છે જીવનનો શણગાર છે. મૃત્યુ એતો નવયુગનાં એંધાણ છે. એનો વળી શોક કેવો ?

મૃત્યુ છે તેથી જીવનમાં સૌને કિંમત છે. આ દેહ નશ્વર છે જે માટીમાંથી આવ્યો છે તે જ માટીમાં ભળી જશે તેની આસક્તિ શી રાખવી ? તેમાં લટટુ શુ બનવુ ? એ આદેશ માટીની નાની શી કુલડી આપે છે.

વિશ્વ વિજેતા થવા નીકળેલો સિકંદર પણ ખાલી હાથે ગયો, લંકાપતિ રાવણ રણમાં રોળાઈ ગયો અને કાળના પેટમાં ખોવાઈ ગયો. તો તુ શાનો મગરૂરીમાં ફરે છે. તુ કંઈ મૂડી સાથે લઈને જવાનો છે.

જે ધન મેળવવા જીવનભર લોહીનુ પાણી કર્યું છે તે અહીં જ રહેશે. ! તારી પાસે જે કંઈ પશુધન હશે તે બધુ ગોઠામાં જ રહેશે ! તને ખબર છે કે જે પત્નીમાં તુ સર્વસ્વ ભાળતો હતો તે પત્ની પણ દરવાજા સુધી જ તને વળાવી પાછી ફરશે ! તારા મિત્રો અને સ્નેહીજનો બધા ચિતા સળગાવી તને ફૂંકી બાળશે ! અરે જે દેહનાં જીવનભર લાડ કર્યાં તે પણ સાથે નહિ આવે ફક્ત તારાં કર્મોનુ પોટકું જ તારી સાથે આવશે તેનો વિચાર કર્યો ?

મૃતદેહ સાથે લઈ જવામાં આવતી દોણીના કાના પર ફટકો મારી તેને ખંડિત કરવા પાછળ પણ એ જ ભાવ છે કે આ દેહ નશ્વર છે આ દેહનું મટકુ પણ તારી ઈચ્છા ન હોવા છતાં ફોડવામાં આવશે. આમ ડાઘુઓને અને આપણને સૌને દોણી સુચન કરે છે. હજુ સમય છે, હવે તો ચેત ! હવે તો વિષયાસક્તિના ગર્તમાંથી બહાર નીકળ ! ઈશ્વરાભિમૂખ થા અને જીવનનું કલ્યાણ સાધી લે.

'આપણો સાંસ્કૃતિક વારસો' માંથી

—સાભાર

શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ

દેશબંધુ ગુપ્તા રોડ, પહાડગંજ, નવીદિલ્હી—૧૧૦૦૫૫

શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ, ન્યુ. દિલ્હીએ પંદરમી ઓગષ્ટના સ્વાતંત્ર્ય દિવસના ઉપલક્ષમાં "ધ્વજવંદન" સમારોહ શાનદાર રીતે ઉજવેલ હતો. સમાજના માનનીય અગ્રેસર વડીલ શ્રી જીવરાજભાઈ નાથાભાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ સમારોહનું પ્રમુખસ્થાન સમાજના પ્રમુખશ્રી નાનજીભાઈ હીરાલાલને આપવામાં આવેલ હતું ધ્વજવંદન થયા બાદ મંડળ તરફથી એક વાદ વિવાદ પ્રતિ યોગિતા રાખવામાં આવેલ હતી. જેનો વિષય હતો. "આજનો યુવાવર્ગ ચઢતીના પંથે કે પડતીના પંથે" ટીપ્પણી આપો. જેમાં પક્ષ તથા વિપક્ષવાર વિષય રજુ કરવામાં આવેલ જેમાં ત્રણ પુરસ્કાર ક્રમાનુસાર રાખવામાં આવેલ હતા.

આ તરફેણમાં પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કરનાર કુ. મીનાક્ષીબેન ગંગારામ

દ્વિતીય „ „ „ કુ. ઝવેરબેન કરશનભાઈ

તૃતીય „ „ „ કુ. મંગળાબેન ગંગારામ

આ પ્રતિયોગિતાના નિર્ણાયક ભાઈશ્રી નાનજીભાઈ હિરાલાલ, શ્રી રામજીભાઈ સવાણી, રતનશીભાઈ હંસરાજભાઈ તથા શ્રી ચિમનલાલ હિરાલાલ હતા. આ કાર્યક્રમ ખુશનુમા વાતાવરણમાં રજુ થયેલ છેલ્લે અલ્પાહાર બાદ સભાનું વિસર્જન કરવામાં આવેલ.

જયન્તીલાલ પી. પટેલ
મંત્રી

અવસાન નોંધ

હાલમાં આક્રન્દ નજીક બોરડીટીંબાના વતની મુળ વતન કચ્છ દેવીસરના રહીશ અને વર્ષોથી ખેતીવાડીનો વ્યવસાય કરતા પટેલ લધાભાઈ માધવજીભાઈનાં ધર્મપત્ની ગોમતીબેનનું ૭૩ વર્ષની વયે ટુંકી માંદગી બાદ તા. ૬–૯–૮૩ ની રાત્રે અવસાન નીપજ્યું છે.

સદ્‌ગત શ્રી તલોદ સાયન્સ કોલેજના આચાર્યશ્રી રતિભાઈનાં માતુશ્રી થતાં હતાં. પુત્ર પુત્રીઓ અને પૌત્ર–પૌત્રીઓના વિશાળ પરિવારની વચ્ચેથી હંમેશને માટે અલવિદા લઈ અનંતની યાત્રાએ ઉપડી ગયાં છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે તેમજ તેમનાં સૌ પરિવારજનોને પડેલી ખોટ સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના.

ગુરુ

પટેલ ચંદુભાઇ રવજીભાઇ
બી. એસ. સી. એલ. એલ. બી. એલ. એલ. એમ. (II)
દેસાઇપુરા, તા. બાયડ, (તલાટી – વસાદરા)
અસાઢ સુદ પુનમ (ગુરુ પૂર્ણિમા)

ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુ દેવો મહેશ્વરઃ
ગુરુ સાક્ષાત, પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ

અસાઢ સુદ પૂનમ એટલે ગુરુ-પુર્ણિમાનો પવિત્ર તહેવાર આ દિવસે દરેક ભાવિક ભકતજનો પોતાના ગુરુનો દર્શને જાય છે. અને ગુરુ પુજન કરી, યથા શકિત ભેટ દક્ષિણા અર્પણ કરી ગુરુના આશીર્વાદ મેળવે છે

'ગુ' અંધકાર અને રુ એટલે નાશ કરનાર, ભકતના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી જ્ઞાન રૂપી પ્રકાશ-સાક્ષાત્કાર કરાવે તેજ ગુરુ

બીજા અર્થમાં ગુરુ એટલે મોટો, જે ભકત કરતાં જ્ઞાન અને ભકિત માં મોટો હોય તેજ ગુરુ.

સંસારયાત્રાના આપણે સૌ પ્રવાસીઓ માનવરૂપે જન્મ ધારણ કરી, પરમાત્માને આપેલ કોલ ભુલી ગયા છીએ તે કોલ ને યાદ દેવડાવવા, લક્ષ ચોરાશીના ફેરા ફરતાં ફરતાં જીવ આ માનવદેહ મેળવી માનવ રૂપે જે કાર્યો કરવાના છે તે નથી થતાં અને ન કરવાનાં કામો 'મારૂ' 'મારૂ' કરી કર્યા કરીએ છીએ. માટે જ સંસારયાત્રાની સાચી વાટ બતાવવા માટે ભોમીયા રૂપી ગુરુની ખાસ જરૂરીયાત છે. સંસારયાત્રામાં ભ્રાંતિ રૂપી મોટી નદીઓ, કામ અને ક્રોધ રૂપી મોટા મોટા પર્વતો, મોહ રૂપી ચોર લૂટારા, અભિમાન રૂપી ધોધમાર વરસાદ અને માયા રૂપી વાવંટોળ આવે છે. આ બધા દુશ્મનોથી બચાવી આપણને ભવ-પાર પહોંચાડે તેવા કુશળ ભોમીયા રૂપી સદ્‌ગુરુની ખાસ જરૂરીયાત છે. તેથી જ કહ્યું છે કે "સદ્‌ગુરુના શરણ વિના અજ્ઞાન અંધારા ટળશે નહીં જન્મ મરણ દેનારું, બીજ તારૂં બળશે નહી"

ગુરુની કૃપા થાય તોજ પરમાત્મા-સાક્ષાત્કાર થાય છે. તેથી જ કહ્યું છે કે,

"સદ્‌ગુરુ આપે જ્યારે સાન, બધુ બની જાય આસાન, મુકાવે દેહ-અભિમાન, ત્યારે થાય છે બ્રહ્મજ્ઞાન"

ગુરુ વગર ગમે તેટલો ભકિત કરો જપ કરો, તપ કરો પરંતુ આ બધું એકડા વગરના મીંડા જેવું છે પુરાણો અને વેદોમાં પણ ગુરુનું મહાત્મ્ય સમજાવેલું છે. કૃષ્ણ ભગવાન સાંદીપની ઋષિના આશ્રમમા ગુરુના ચરણે વિદ્યા શીખ્યા હતા મહાન બાણાવળી અર્જુન

દ્રોણગુરુ પાસે વિદ્યા શીખ્યા હતા અને છત્રપતિ શિવાજીએ ગુરુ રામદાસ ને આખુ રાજય અર્પણ કરી દીધું હતું. આમ આપણાં શાસ્ત્રોમાં ગુરુ અને શિષ્યના અનેક દ્રષ્ટાંતો જોવા મળે છે. શાસ્ત્રોં સાક્ષી પુરે છે કે સંત આશ્રય વિના કલ્યાણ નથી તેથી જ કહ્યું છે કે, "સંત ચરણ આશ્રય વિના સાધન કર્યા અનેક, પાર ન તેથી પામીઓ, ઉગ્યો ન અંશ વિવેક, "

ગુરુ આજના જમાનામાં અનેક પ્રકારના જોવા મળે છે. ગુરુ તો સાચા સંતનાં લક્ષણો ધરાવતા હોય તેવા જ જોઈએ. તેથી જ કહ્યું છે કે,

"એક ઘડી આધી ઘડી, આધી મે પુની આધ, તુલશી સંગત સંત કી, કટે કોટી અપરાધ"

એક ઘડીનો સંગ થવાથી કરોડો અપરાધ નાશ પામે તેવા ગુરુના ચરણમાં આશ્રય લેવો જોઇએ. ગુરુ ચંદ્રમા જેવા હોવા જોઇએ. તેથી જ કહ્યું છે કે,

સદ્ગુરુ એસા કીજીએ જૈસા પુનમ કા ચાંદ,

તેજ કરે ને તપે નહીં, ઉપજાવે આનંદ,

ચંદ્રમાની ચાંદનીની માફક જેની દૃષ્ટિ હંમેશાં પ્રેમની વર્ષા કરતી હોય જેનામાં કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, મત્સર વિગેરે દુર્ગુણોનો લેશ માત્ર વાણી અને વર્તનમાં ન હોય તેવા ગુરુ કરવા જોઇએ.

આવા સદ્ગુણી ગુરુ મળે તોજ શિષ્યને મોક્ષનો સાચો માર્ગ બતાવે. અને આવું પદ પ્રાપ્ત કરવા સારૂ, ગુરુના સ્થાનની મહત્તા શિષ્ય નીચે જણાવ્યા પ્રમાણે આચરણ કરીને સ્થાપી શકે છે.

ધ્યાન મૂલં ગુરુ મૂર્તિ, પૂજા મૂલં ગુરુ પદ,

મંત્ર મૂલં ગુરુ કૃપા,

શિષ્યે ધ્યાન ધરવુ તો ગુરૂનું ધરવું પૂજા કરવી તો ગુરૂના ચરણની કરવી, મંત્ર જપવો તો ગુરૂના ઉપદેશ પ્રમાણે જપવો, અને આવા સદ્ગુરૂની કૃપા હોય તોજ મોક્ષ મળે છે.

ગુરૂ અને ગોવિદ બંને માં પ્રથમ વેદનીય તો ગુરૂ જ છે કારણકે ગુરૂ હતા તો ગોવિન્દ વિશે સમજ આવી અને ગોવિન્દ પ્રાપ્તિનો માર્ગ દેખાડયો તેથી સાચું જ કહ્યું છે કે,

ગુરૂ ગોવિન્દ દોનું ખડે,
કાકો લાગું પાય,
બલિહારી ગુરુ આપકી,
ગોવિંન્દ દિયો બતાય,

આમ પ્રથમ વંદનને અધિકારી ગુરૂ જ છે. તેથી ગુરુદેવને પ્રથમ વંદન કરતાં ભક્ત કહે છે કે પ્રથમ નમુ ગુરુ દેવને, જેણે આપ્યું નિજ જ્ઞાન, જ્ઞાને ગોવિન્દ ઓળખ્યા, ટળ્યુ નીજ અભિમાન

આવા ગુરૂને કોટી કોટી વંદન....

—અર[illegible]

દૃઢ નિશ્ચયી બાળક

સંકલન :-
પટેલ નરસિંહભાઇ મુળજીભાઇ
તખતગઢ

અમૃતસરની કોર્ટમાં ઇન્સ્પેકટર તરીકે સેવા આપતા લાલા દોલતરામને એક પુત્ર હતો. એનુ નામ ગંગારામ

ગંગારામ બાળપણથી ભારે સ્વમાની મેટ્રિકની પરીક્ષા પાસ કરી નોકરી શોધવા તે લાહોર આવ્યો લાહોરમાં પોતાના કુટુંબના ગોરના ઘેર ઉતર્યો હતો. એ ગોરનો મોટો પુત્ર એન્જિનિયરની ઓફિસમાં કારકુન તરીકે કામ કરતો હતો. ગંગારામ એને મળવા ઓફિસે ગયો. ત્યારે ગોરનો પુત્ર કયાંક બહાર ગયો હતો અને ઓફિસના મુખ્ય એન્જિનિયર પણ બહાર ગયા હતા. ગંગારામ એમની રાહ જોતો ખુરશી પર બેઠો. એને તો બિચારાને ખ્યાલ નહિ કે એ ખુરશી તો ઓફિસના વડાસાહેબ એન્જિનિયરની હતી.

થોડીવાર બાદ એન્જિનિયર સાહેબ આવ્યા એને આ છોકરાને ખુરશી પર બેઠેલો જોયો એટલે તેને ધમકાવ્યો "તને ભાન છે કે તું કોની ખુરશી પર બેઠો છે ? આ ખુરશી પર બેસવા માટે મેટ્રિક પાસ થયે ચાલે નહિ !"

ગંગારામને આ વચન તીરની જેમ ખૂંચ્યું. થોડીવાર પછી ગોરનો પૂત્ર આવ્યો. એણે પુછ્યું. "બોલ ગંગારામ તારે મારી ઓફિસમાં રહેવું હોય તો વડા સાહેબને વાત કરુ."

ગંગારામે કહ્યું "ભાઇ, હુ આવ્યો ત્યારે તો મારો વિચાર તારી ઓફિસમાં કારકુન તરીકે રહેવાનો હતો. પણ હવે તો હુ એન્જિનિયર થઇને પેલી ખુરશી પર જ બેસવા માગું છુ."

એની વાત સાંભળી બધાને હસવુ આવ્યુ પણ ગંગારામે કહ્યુ "ભલે તમને આજે હસવું આવે, એક દિવસ હુ તમને મારી વાત સાચી કરી બતાવીશ" અને ગંગારામ ઘેર પાછો ફરી રૂરકીની ટોમશન કોલેજમાં દાખલ થયો ફી ભરવા માટે એણે ટયૂશનો કર્યાં અને કારખાનામાં રાતપાળી નોકરી કરી.

આમ સમય જતાં એ એન્જિનિયર થયો. અને એજ એન્જિનિયરની ખુરશી પર જઇ બેઠો ત્યારે તેના જીવને શાંતિ મળી.

આ ગંગારામે પોતાની કમાણીમાંથી લાખો રૂપિયા જુદી જુદી સંસ્થાઓને દાનમાં આપ્યા. અને વિદ્યાર્થીઓને ભણવા માટે ફી આપવાની પણ વ્યવસ્થા કરી હતી. અંગ્રેજ સરકારે એને 'સર' નો ઈલ્કાબ આપ્યો હતો. અને એના ભુતકાળના દિવસોમાં ગોરનો પુત્ર તથા બીજા હસનારાઓને પોતાનો શિક્ષણ પ્રત્યેનો દૃઢ નિશ્ચય સાબિત કરી બતાવ્યો.

ઘુંઘટ પ્રથા *

ભગવતીબેન કે. પટેલ (રૂપાલકંપા)

આપણા સમાજમાં ઘૂંઘટપ્રથાનો પ્રશ્ન કેટલેક અંશે ચર્ચાસ્પદ ગણાયો છે. તેમાં પણ બે મત પ્રવર્તે છે. એકનું કહેવું છે કે ઘુંઘટપ્રથા દુષણરૂપ છે. શાપરૂપ છે. જ્યારે અન્યવર્ગ એમ માને છે કે ઘુંઘટથી માન, મોભો, આમન્યા સચવાય છે અને તે સંસ્કૃતિને અનુરૂપ હોવાથી ખંડિત બનાવવી પાપ સમાન ગણાય.

પ્રથમ તો જાણવું જરૂરી બને છે અને સારી રીતે જાણીએ છીએ કે ઘુંઘટપ્રથાના ઉદ્‌ભવ બાબતમાં કેઇ ખાસ કારણ જાણવા મળતું નથી. પરંતુ સદીઓ પહેલાં મુસલમાનોના આક્રમણે તેને વધુ મજબુત બનાવી છે અને તે આજ સુધી સચવાઇ રહી છે. સમાજ-નો મોટો વર્ગ એવી દલીલ કરતો હોય છે કે લાજ કાઢવાથી વડીલોની આમન્યા સદીઓથી ચાલી આવતી મર્યાદા સચવાઇ રહે છે. શું માત્ર લાજ કાઢવાથી જ વડીલોની આમન્યા જળવાઇ રહે છે. આમન્યા મર્યાદા જાળવવા અન્ય કેઈ રીત ન હેઇ શકે. અમાન્યા અને વિવેક સાથે તો નમ્ર સ્વભાવ જરૂરી છે. નહીં કે ઘુંઘટ પ્રથા ?

ઘણી વખત એક જ રૂમમાં પરિવાર સાથે બેઠાં બેઠાં સસરો વહુ મોટેથી વાતો કરતા હોય છે ત્યારે આ સમયે સદીઓની ચાલી આવતી મર્યાદા ક્યાં જતી રહે છે એ તો એમને ખબર ! આનો અર્થ એ ઘટાવી શકાય કે વડીલોને માત્ર બતાવવું જોઇએ છે નહી કે લાજની મહત્તા એવી લાજ હોય તોય શું ને ન હોય તોય શુ ! એ લાજ લાજ નહી પણ બેજ કહેવાય છે. કદાચ આપ એમ પણ કહેશો કે લાજ કાઢવાથી દીકરી અને વહુની ઓળખ અલગ તરી આવે છે. પરતુ એવું નથી શુ આપણે ઓળખાણ ને શબ્દોમાં વ્યક્ત ન કરી શકીએ ! સમાજ પણ જાન વળાવવા સમયે વરના પિતા પુત્રવધુના મા બાપને કહેતા કે તમારી દિકરી અમારી જ દિકરી છે માટે તમે જરાય ચિંતા કરશો નહી સસ્મિત મારે એટલુ જ કહેવાનુ કે આપે બનાવટ કરવાનું છોડી દેવું જાઇએ માત્ર શબ્દોના વાઘા પહેરવાથી હકિકત બનતી નથી શું આપે કદી વહુને દિકરીનું સ્થાન આપ્યું છે ? દિકરી તરીકે માની છે ? દિકરી તરીકે ભોગવી જાણી છે ? મારુ માનવું છે કે અહીં જે આપણી ભુલ થાય છે કે હંમેશ મટે વહુ તરીકે જ ગણીએ છીએ જો દિકરી તરીકે માનતા હોત તો ઘુઘટપ્રથા વિષે આટલુ બધુ લખવું અસ્થાને ગણાય. વહુને પરાયું લોહી સમજી ઉતારી પાડવાથી શું આપણે પોતે એક પગથીયું નીચે નથી ઉતરી જતા.

લોકો એમ પણ કહે છે કે ફેશનમાં લાજ કઢાવતા નથી, સુધરેલા કહેવાય એટલે એના જવાબમાં માત્ર એટલું જ નહીં કહી શકુ કે જો ફેશનમાં હલ કટતા આવી જતી હોય તો તે ફેશન નહી પણ વિનાશનું ઝરણું છે કોઇપણ વસ્તુ મર્યાદામાં હોય છે. આંસુ જ્યાં સુધી આંખમાં સચવાયેલુ રહે ત્યાં સુધી જ કિંમત ગણાય છે આંખની બહારની દુનિયાના અસ્તિત્વમાં માત્ર પાણીનું ટીપુ કહેવાય છે અન્યથા કાંઇ નહીં.

ભગવતીનો કહેવાનો અર્થ એ નથી કે જૂના રીત રિવાજો સ્વીકારવા લાયક નથી. સ્વીકારવા લાયક હંમેશાં સ્વીકાર્ય બનાવવા જોઇએ કારણ કે ધર્મ અને રીત રીવાજો ઉપર તો વ્યકિત અને સંસ્કૃતિ ખડકાય છે.

આપણે આ રીતે જાણીએ છીએ સમજીએ છીએ કે ઘુંઘટ પ્રથાથી વહુઓને ઘરમાં પણ બંધીયાર જીવન થઇ રહે છે. વડીલોની હાજરીમાં પોતાના સ્વતંત્ર વિચાર રજુ કરી શકતી

આપણા સમાજમાં બહેનો કહેતી હોય કે લાજ કાઢવાનો રિવાજ છે એટલે લાજ કાઢવી પડે છે. લાજ નીકળી જાય તો કેવું સારું આ સુચવે છે કે આપણા વડીલોને જોવાની ફરજ રહે છે અને તોય શું કે આપણા સમાજમાં લાજ ધીમે ધીમે ઓછી થતી જાય છે છતાં સ્ત્રીઓને પૂછો કે જાતે જાગૃતી લાવવાની જરુર છે. ઘુંઘટ પ્રથાના વિચારોમાં મારી ભુલ હોઇ શકે તો આપ આપની રીતે વાચશો. યોગ્ય લાગે તો તેને અમલમાં મુકવાનું સુચન કરું તો કોઇ નાનમ નથી.

❋ કોની પાસેથી શું શીખશો ? ❋

પટેલ અરવિંદભાઈ વી.
શ્રી ગણેશ સો. મીલ, ઓઢવ

સમુદ્ર પાસેથી–	ઉદારતા	ઘોડા પાસેથી–	બહાદુરી
પર્વત પાસેથી–	દ્રઢતા	હાથી પાસેથી–	ગંભીરતા
સુખડ પાસેથી–	પરોપકાર	ગાય પાસેથી –	નમ્રતા
સુર્ય પાસેથી–	સમાનદ્રષ્ટિ	કાગડા પાસેથી –	એકતા
ચંદ્ર પાસેથી–	શીતળતા	ગાંધીજી પાસેથી	સત્ય
પૃથ્વી પાસેથી–	સહનશીલતા	જવાહરલાલ પાસેથી–	દિલની વિશાળતા
પુસ્તક પાસેથી	મિત્રતા	વલ્લભભાઈ પાસેથી –	મકકમતા
સે –	વફાદારી	રાજાજી પાસેથી –	ચારિત્ર્ય

બીજો ભાઈ

પ્રવિણ આર. પટેલ
રાજપુરકંપા

ઉનાળાની ધીખતી બપોરનો દિવસ હતો. મહેશ પોતાના ગામથી પોતાની માંદલી માતાને પત્ની પાસે મુકી નોકરી અર્થે મુંબઇ જઇ રહયો હતો રેલ્વેમાં તે પાટીયાને અઢેલી આંખો બંધ કરી બેઠોહતો પણ ચીંતામાં ઉંઘ આવતી ન હતી.

એ ડબ્બામાં એક કુંટુંબ ભુજથી આવી રહયું હતું. તેમાં એક વૃધ્ધ હતા. તેને બધાંજ મનુકાકા કહી સંબોધતા હતા. અને તેમનાં પત્ની ચંચળ કાકી બેન્ને આધેડ વયનાં હતાં બાકી બધાં જ યુવાન હતાં

મનુકાકા બધાંને પોતાની પુરાણી વાતોથી હસાવતા હતા પોતે વૃધ્ધ હતા પણ તંદુરસ્ત લાગતા હતા. ચંચળકાકી પણ મનથી તાજો દેખાતાં હતાં

મહેસાણા સ્ટેશન પછી પેલા ટોળાંમાંના એક યુવાને પોતાનું ટીફીનનું ડબ્બું કાઢી બોલ્યું બધાં જોડે વળી નાંસ્તો કરવા લાગ્યાં ચંચળકાકીએ એક થેપલું અને એક સુખડીનું ચોસલું લઇ મહેશ સામે ધર્યું અને કહયું લ્યો ભાઇ અમારી પ્રસાદી ચાખો.

મહેશે નમ્રતા પૂવક હાથ જોડી ના કહી. પાછો ચંચળકાકી ઉભાં થઇને કહયું ભાઇ રાંધેલું ધાન માત્ર પ્રસાદી છે. તેના ઉપરતો બધાંનો હકક છે. તમે ના કહોતો અમારાથી કેમ મોમાં મુકાય આમ કહી મહેશ ના હાથમાં મુકી પાછાં બેસી ગયાં

આટલું સાંભળતાં મહેશ આભાર વશ થઈ ગયો. આમાં એને સગી જનેતાની મમતા મળી પાછા મનુકાકા બોલ્યા કયાં જવું છે ભાઇ મહેશ બોલ્યો મુંબઇ તોતો આપણે બધા જ સાથે છીએ તમારી સાથે છે કોઇ બીજુ ના હું એકલો જ છુ. એમ કહી મહેશ પાછો શાંત બેસી રહયો.

અમદાવાદ આવતાં સહું ઉતરીને પ્લેટ ફોર્મ બદલવા માટે દોડાદોડ કરવા લાગ્યા ચંચળકાકી ચાલતા ચાલતાં ઓચીંતો પડી ગયાં હાથ પગ ઠંડા થઇ ગયા મહેશ દોડીને સ્ટેશન માસ્તર પાસે જઇ મદદ માગી એટલે સ્ટેશન માસ્તરે વા. સા. હોસ્પીટલમાં ટેલીફોન કરી એમ્બ્યુલન્સ મંગાવી.

આબાજુ મનુકાકી અને સગાં સબંધી કાકીને લઇ બહાર આવ્યા એટલામાં એમ્બયુલન્સ આવી પહોચી કાકીને અંદર બરાબર ગોઠવી પછી બધાં સગાં સબંધી મેલ જતો ના રહે તેની ચીંત્તામાં દવા બરાબર કરાવજો એમ કહી જતાં રહયાં પછી મહેશ બોલ્યો મનુકાકા ચીતા ના કરશો હું આપની સાથે આવું છું.

એટલામાં હોસ્પીટલ જઇ તપાસ કરાવતાં બહુજ દુઃખના સમાચાર સાંભળ્યા. કાકી મૃત્યું પામ્યાં હતો. ડોકટરોએ લાસને પોસ્ટ મોર્ટમ કરી બીજા દિવસે આપવા કહ્યું એટલામાં મનુકાકા અને મહેશે અરજન્ટ તાર કરી પોતાના દિકરાને મુંબઇથી બોલાવ્યો

બીજા દિવસે બપોરે લાશ મળતાં ત્રણે જણાએ અંતિમ સંસ્કાર કર્યા અને પછ. સાંજની ગાડીમાં મુંબઇ જવા રવાના થયા.

મનુકાકા બહુજ દબાયેલા અવાજે બોલ્યા દિકરા રમેશ, તારી ગંગા જેવી પવિત્ર મા તો ગઇ પણ જો આ મહેશભાઇ મારા દુઃખમાં ભાગીદાર ન થયા હોત તો તારી માની અને જોડે મારી પણ લાશ અમદાવાદની હોસ્પીટલમાં રઝળત સગાંસબંધી તો જોઈ લીધાં પણ આ મહેશભાઇને તું તારો મા જણ્યો બાજો ભાઈ ગણજે અને ત્રણેની આંખમાં આંસુના ટસરો ફુટી આવી.

ડાહ્યાલાલ આર. પટેલ (નવાનગર)

સ્થિરતા

આ વિશ્વની જડ ચેતન દરેક ચીજ દર સેંકડે સદા પલટાતી જ રહે છે.

આપણા શરીરના પરમાણુ કોષ કણ પણ સતત બદલાતા રહે છે સાત વર્ષ જેટલા ગાળામાં તો આખુ શરીર બદલાઇ જાય છે.

ઉત્પતી, વિકાસ, સ્થિતિ, જર્જરિતતા, અને વિનાશનું ચક્ર તમામ વસ્તુને લાગુ પડે છે.

'નામ તેનો નાશ'

માટી, ઇટો, ઇમારત, જર્જરિત-ખંડીયેર, મહાસામ્રાજ્યો, મહાસમ્રાટો, મહાકવિઓ, પરમભકતો, ધનાઢયો, યોદ્ધાઓ, જયોતીષોઓ, વૈદ્યો કોઇ અમર રહ્યા નથી રહેશે નહિ.

વહેલી સવારે કળી હોય તો સૂર્યોદય થતાં ખીલે બપોર પછી કરમાવા લાગે સાંજે ચીમળાઇ જાય રાત્રે ખરી પડે. બીજે દિવસે કચરામાં આજે મોહક જણાતી દરેક ચીજની આ દશા છે. આપણે કયા મૃગજળ પાછળ ગાંડા બનવાની મુર્ખાઇ કરવી ?

ચિત વૃતી અસ્થિર છે, ધન આરોગ્ય અસ્થિર છે, યૌવન અસ્થિર છે. જીવન પણ સ્થિર નથી પછી રાગ દ્વેષ. મોહ તિરસ્કાર કોના પર ? શા માટે ?

આટલી દોડધામ અનીતિ કરીને છેવટે તો મુંર્ખા જ બનવાનુને ?

આ જગતમાં માત્ર ન્યાય નીતિ ધર્મ જ સ્થિર છે. જે નાની વયથીજ આ વસ્તુ સમજે, વર્તે, તેનું જીવન સરળ સફળ થાય.

જો જીવનમાં સુવાસ ફેલાવવી હોય તો બાળપણથી જ કાળજી પુર્વક અભ્યાસ કરવો પડશે. જેમ અગરબત્તી અને બીડી બંનેની સળગવાની ક્રિયા તો એક જ છે પણ અગરબત્તી એની ટુંકી જીંદગીમાં પણ માનવીના મનને મહેંકાવી જાય છે અને બીડી પીનારને પણ નુકશાન કરે છે.

માટે જો નાની વયે જ આ વસ્તુ સમજીને વર્તન થાય તો જીવન સુવાસિત બને નહિ તો ભવ ચક્કરમાં ભટકવું પડે

'એક દિન મિટ્ટીમે મિલ જાના હય'

હરિ ૐ

બુદ્ધિ એટલે શું ! *

મંજુલાબેન મુળજીભાઇ પટેલ
ટીંબાકંપા

બુધ્ધિ કોને કહેવાય ? શુ બીજાના ગજવાનુ પોતાના ગજવામાં લાવવા માટે અકકલ ચલાવીએ એને બુદ્ધિ કહેવાય ?

આજે કેટલાક લોકો લુચ્ચાઇ વાપરીને અથવા તો લુચ્ચાઇ કરીને કેટલાક લોકોને છેતરે છે તો જે લુચ્ચાઇ વાપરીને છેતરે છે. એને બુધ્ધિશાળી માનીશું ? તો પછી બૂધ્ધિ કોને કહેવાય ?

લુચ્ચાઇ જો બુદ્ધિનુ પરિણામ હોય તો કાગડો, શિયાળમાં પણ તે જોવા મળે છે જો લૂચ્ચાઇની કોલેજ ખોલવામાં આવે તો શિયાળ તેનો પ્રિન્સીપાલ અને કાગડો વાઇસપ્રિન્સીપાલ થઈ શકે. કાગડા અને શિયાળ પાસે પણ અકકલ જબરી હોય છે.

એક વાર્તા છે કે એક વખત કાગડાને કોઇ ઠેકાણેથી બરફીનો ટુકડો મળી ગયો. તે ચાંચમાં પકડીને ઝાડ ઉપર બેઠો હતો. શિયાળે આ જોયુ અને તેના મોઢામાં પાણી છુટયુ હવે શિયાળને બરફી ખાવી હોય તો કંદોઇ પાસેથી લઇ આવે પરંતુ આ અકકલવાળા લોકો તેમાં પોતાની અકકલનું ગૌરવ સમજતા નથી શિયાળ શુ ? અને કાગડો શુ ? બન્ને તેવા જ છે.

કાગડો પણ પોતાને બહાદૂર સમજે છે કાગડાને તરસ લગી હોય તો તળાવ પાણીથી ભરેલુ હોય તેમાંથી પાણી પીતો નથી પરંતું તળાવમાંથી સ્ત્રીઓ પાણી ભરીને જતી હોય તો ધડા પર બેસીને કાગડો તેમાંથી પાણી પીવામાં બહાદૂરી સમજે છે. પરંતુ એ બહાદુર કાગડો પણ કયારે છેતરાઇ જાય છે તેની ખબર પડતી નથી. જે માણસ પોતાને બુધ્ધિશાળી માને છે. એ બુદ્ધિશાળી માણસ કયારે છેતરાઈ જાય છે તેની ખબર પડતી નથી.

એક વખત કાગડો ઝાડ પર બેઠો હતો. ત્યાં શિયાળ પહોંચી ગયું કાગડાને જોઇને શિયાળે કાગડાને તરત જ કહ્યું અરે કાકા આજે તો બહુ સારા શુકન થયા, કે તમારા દર્શન થયા કાકા જગતમાં ધણા લોકો ગાય છે પણ તાકાત છે કોઇની કે તમારા જેવુ ગઈ શકે ? ધણાં વર્ષો પહેલાં મે તમે ગાયેલુ ગાયન સાંભળ્યુ હતુ તે હજી પણ મારા કાનમાં ગુંજયા કરે છે હુ તો દેશ-પરદેશ ફરી આવ્યો પણ તમારા જેવો અવાજ કયાંયે સાંભળવા ન મળ્યો શુ તમારો અવાજ છે ? આજે મને તમારો મધુર અવાજ સાંભળવાનુ બહુ જ મન થયુ છે ?

આ સાંભળીને કાગડા કાકા તો ખૂશ ખૂશ થઇ ગયા કાકાએ કહ્યુ અરે એમાં શુ ? હુ તમને હમણાં [illegible]

દેખાડુ આમ કહીને કાગડાએ ગાવાનુ શરૂ કર્યું કા...કા...કા.... પણ તેની સાથે જ ચાંચમાંથી બરફીનો ટુકડો નીચે પડી ગયો અને શિયાળે તે ઝીલી લીધો અને ટા....ટા... કહીને ચાલતો થયો. એને કયાં કાગડાનુ ગીત સાંભળવું હતું ? એને જોઇતુ હતું તે મળી ગયુ. તો આ વાર્તા ઉપરથી એમ થશે કે શું શિયાળમાં બુધ્ધિ નથી ? અથવા તો અકકલ નથી ? શિયાળ પાસે બુધ્ધિ તો છે પણ બીજાના ગજવાનુ (મોઢાનું) પોતાના ગજવામાં (મોઢામાં) લઇ લેવાની બુધ્ધિ છે જેવી શિયાળમાં ધ્ધિ છે એવી આજે ઘણા માણસોમાં જોવા મળે છે પરંતુ આવી બુધ્ધિ ઉપનિષદને (ભગવાનને) માન્ય નથી ઉપનિષદ તો શુભ બુધ્ધિની માગણી કરે છે ઉપનિષદ તો એને જ બુધ્ધિ કહે છે કે સૃષ્ટિકર્તાને ઓળખવાની તેના પ્રેમને જાણવાની જીવનમાં સતત મદદગાર થનારને યાદ કરવાની શક્તિ હોવી જોઇએ તો તે બુધ્ધિ કહેવાય.

જે આપણું જીવન ચોવીસ કલાક ચલાવે છે જે આપણું ખાધેલુ પચાવે છે અને આપણને સતત પ્રેમ આપે છે એવા ભગવાનને જે યાદ કરે છે અને જે ભગવાનનુ કામ કરે છે જે પોતે દુઃખ વેઠી બીજાને સુખ આપે એને બુધ્ધિશાળી કહેવાય

જે ઉત્પાદકને. મદદગારને ઓળખે અને યાદ કરે તે ખરો બુધ્ધિમાન કહેવાય ભગવાને કરેલા પ્રેમને ન્યાય આપવો જોઇએ અને તેને કરેલા ઉપકારોના બારામાં કૃતજ્ઞ રહેવુ જોઇએ આ બુધ્ધિમતાના ખાસ ગુણો છે આ ગુણો જેના જીવનમાં આવ્યા તેને શુભ બુધ્ધિ કહેવાય

જય યોગેશ્વર

લોકસાહિત્યમાં કવિ

સુખ-દુઃખ — કવિ પટેલ ન્યુદીલ્હી

— પહેલુ સુખ તે જાતે નર્યા, બીજુ સુખ તે પેટ દિકરા;
— ત્રીજુ સુખ તે કોડીયે જાર, ચોથુ તે સકુળી નાર.-
— પાંચમું સુખતે ઘેર ઘોડલા. છઠું સુખતે બાંધવ જોડલા;
— સાતમું શુખજો જાણીયે ઘેર દુઝાણું આણીયે-
— પહેલું દુઃખ જેને આંગણે તાડ;
— બીજુ દુઃખ જેને પાડોશી લબાડ-
— ત્રીજુ દુઃખ જેની પીઠ માં ચાંદુ;
— ચોથુ દુઃખ જેનું બૈરૂ માંદુ.

નારાયણજીભાઇ રામજીભાઈ લીંબાણીનું

જીવન વૃત્તાંત

જન્મ :
સંવત ૧૯૩૯
વૈશાખ સુદ ૧૫
મંગળવાર

અવસાન :
સંવત ૧૯૯૭
આસો વદ ૧૪

નારાયણજીભાઇ રામજીભાઇ લીમ્બાણીના પિતાશ્રી રામજીભાઇ ભેજાભાઇ લિમ્બાણી કચ્છ નખત્રાણા તાલુકાના વિરાણી ગામના વતની હતા. પોતે કેળવાયેલા પરોપકારી અને બુદ્ધિશાળી શીલ્પશાસ્ત્રી હોવાથી તેમણે રાજ્યના એન્જીનીયરીંગ ખાતામાં સ્વમાનભેર નોકરી કરી હતી. તેઓ માત્ર પોતાની જ્ઞાતિમાં જ નહિ. પણ કચ્છના અન્ય સમાજોમાં પણ ખ્યાતિ મેળવી હતી. તેમને ત્યાં વિ. સં. ૧૯૩૯માં વૈશાખ સુદ ૧૫ને મંગળવાર તા. ૨૨–૫–૧૮૮૩ના શુભદિને પુત્ર રત્ન નારાયણજીભાઇનો જન્મ થયો હતો. બાલ્યકાળ પરિપુર્ણ કરી. નવ વર્ષની ઉંમરે વીરાણીની ગ્રામ્ય શાળામાં વિદ્યાભ્યાસ શરૂ કર્યો. પાંચ વર્ષ સુધી અભ્યાસ કરી. તેર વર્ષની કુમારાવ્યવસ્થામાં ધોરણ ૫ની પરીક્ષા ઉંચા નંબરે પાસ કરી. વિરાણીની ગ્રામ્યશાળામાં વિશેષ વિદ્યાભ્યાસની જોગવાઇ ન હોવાથી તેમજ આગળ અભ્યાસ કરવા માટે દુરના શહેરમાં બાળકને મોકલવાની અગવડ હોવાથી શ્રી રામજીભાઇએ પુત્રને અભ્યાસ કરાવવાનું મુલત્વી રાખ્યું.

રામજીભાઇ પોતે શીલ્પશાસ્ત્રી હોઇ પોતાના જ ધંધામાં સ્વાનુભવથી અભ્યાસ કરાવવા પોતાના બાળકને એક કારીગર તરીકે પોતાની સીધી દેખરેખ નીચે કામે લગાડયો જેમ ઉત્તમ હીરો ઉત્તમ ઝવેરીના હાથે સરાણ પર ચઢતાં અજાયબી પમાડે તે રીતે પ્રકાશી ઉઠે છે. તેમ આ બાળક પણ પોતાના ધંધામાં પૂર્ણતા પામ્યો. શિલ્પી કામમાં નકશીદાર રૂપ કામ પણ સારી રીતે શીખ્યો. કેટલીકવાર મકાનો તેમજ પુલોની કમાનો બનાવવાના ગુંચવાડા ભરેલા શિલ્પશાસ્ત્રોના ગૂઢ પ્રશ્નોથી પોતાના પિતાને પણ આશ્ચર્ય મુગ્ધ કરી દેતા શિલ્પવિદ્યા પ્રત્યે તેની અભિરૂચી જોઇ તેની વિનંતી પરથી તેને તે કળામાં પારંગત કરવા મુંબઇ શહેર તરફ મોકલ્યો.

વિશ્વના પૂર્વ–પશ્ચિમના દેશોની કારીગરીના ખજાનારૂપ મુમ્બાપુરીમાં આવતાં જ યુવાન નારાયણભાઇને જાણે કોઇ નવીન સૃષ્ટમાં પોતે પગ મુકતો હોય તેમ લાગ્યું. બુદ્ધિપણ મુંઝાઇ જાય તેવાં શિલ્પશાસ્ત્રનાં એકમેકથી

ચણાતાં એવાં અસંખ્ય કામો અને કારીગરી જોઇ તે મોહ પામી ગયો. એક બે માસ તો તેણે શલ્પકલના નમુનારૂપ ગણાતાં ઘણાં મહાલયો બારીકાઈથી જોવામાં જ પસાર કર્યાં પોતાની શક્તિના અભાવે એક નિર્માલ્ય નર મુશ્કેલીઓ જોતાં નિઃસાશા નાખી જેમ નાસીપાસ થાય છે તેમ ન થતાં સર્વ શોભાના સમુહરૂપ મુમ્બાપુરીમાં પ્રકૃતિદેવીએ બહોળા હાથે પાથરેલી કારીગરી અને વૈભવનો કુદરતના એક પુરા પુરુષાર્થી પુત્ર તરીકે પોતાના પુરુષાર્થના પ્રમાણમાં તે સઘળું પ્રાપ્ત કરવાનો અબાધિત હકક છે. તેમ તે સમજવા લગ્યા.

દિન પ્રતિ દિન નવાં નવાં શિલ્પ કામો જોવાથી તેની નશોમાં આશા ભરેલ નવીન લોહી ઉમંગભેર ઉછળવા માંડયું મુંબઇ જેવા વિશાળ શહેરમાં કોઇનીય ઓળખાણ ન હોવાથી એક બાહોશ કોન્ટ્રાકટરને ત્યાં હાથ કારીગરી કરવા પગારદાર તરીકે જોડાઈ તેણે પોતાનું પ્રારબ્ધ અજમાવવા પુરુષાર્થ શરૂ કર્યો સમયના વહેણ સાથે તેણે પોતાના કામથી ઉપરીનું મન હરણ કર્યું હથિયાર છોડી દઇ તેને નકશી ટાંકણાં શોપાયાં અને નકશા કામનાં પણ સફળતા પ્રાપ્ત કરી એક જ વર્ષમાં મુંબઇના એન્જીનીયરીંગ ખાતાની સંપુર્ણ માહિતી મેળવી તેમણે સ્વતંત્ર રીતે મકાનો બાંધવાનું સાહસ શરૂ કર્યું વડગાદીમાં શેઠ કેશવજી દામજીનો પ્રથમ માળો બાંધ્યો પછી માંડવી બંદરમાં પણ કેટલુંક બાંધકામ કર્યું જોત જોતામાં મ્યુનિશીપાલીટીમાં, ઈજનેરોમાં શેઠિયા વર્ગમાં અને કોન્ટ્રાકટર તરીકે કારીગર વર્ગમાં એક નામાંકિત વ્યકિત તરીકે આગળ આવ્યા સારા સદ્‌ગૃહસ્થોના સહવાસથી જાહેર પેપરો વાંચવાના શોખથી એમની વાંચન તરફની અભીરૂચી વધી ગઈ. જેથી તે ગુજરાતી પાંચ ધોરણનો વિદ્યાર્થી હોવા છતાં સાહીત્યનો સમજદાર શોખીન બન્યો.

દેશના ઇતિહાસો, નામાંકીત તસ્વીરો સુધારકો, ઉધ્ધારકો વગેરેનાં પુસ્તકો વાંચતાં લાગણીથી તે રોમાંચ અનુભવતા હતા. ધર્મગ્રંથો પ્રતિ પણ તેમણે તેવુ જ લક્ષ આપ્યું એક ગુજરાતી પાટીદારનો મેળાપ થતાં તેમને કચ્છ અને ગુજરાતના પાટીદારો વચ્ચેનો જમીન આસમાન જેટલો પડી ગયેલો તફાવત પ્રત્યક્ષ નીહાળ્યો એટલે વધુ ઊંડા ઊતરી તપાસ કરતાં તેમને ગુજરાતી જ્ઞાતિ બંધુઓની સ્થિતી કચ્છ કરતાં સર્વ રીતે ઉન્નત્ત માલુમ પડી વળી તેઓ તરફથી પ્રસીદ્ધ થતું પોતાની જ્ઞાતીનું કડવા વિજય પત્ર પણ વાંચવા મળ્યું. હૃદયમાં જેમ નવિન જાગ્રતી આવી હોય તેમને પોતાના જ દેશમાં જ્ઞાતી જનોની દશા સૃષ્ટિના રંગભૂમી પર પ્રત્યક્ષ રીતે દયા જનક દેખાવા લાગી જ્ઞાતિ જનોની અવનવી ધાર્મિક વિચારોની સંકડાશને

લીધે થઇ છે તેમને જોઇ શકયા અને નીસાશો નાખ્યો, પોતાનું કુટુંબ પીરાણા ધર્મને અનુસરતું હોવાથી ન હિન્દુ ન મુસલમાન એવી સ્થિતીવારંવાર તેની સમક્ષ ખડી થતી અને મુંબઇ શહેરના ગૃહસ્થ કુટુંબો સાથે પરિચય થતાં મનોમન સંકોચ થવા લાગ્યો. દિન પ્રતી દિન પિરાણા ધર્મ પ્રતિ તેમને તિરસ્કાર આવવા લાગ્યો. છેવટે પિરાણા ધમ ત્યજી ઉત્તમ એવા શુધ્ધ વેદ ધર્મને સ્વીકારવા અને પોતાના જ્ઞાતિ બંધુઓમાં સુધારો લાવવાના હવાઇ વિચારોને જો કે તે તાત્કાલિક અમલમાં મુકી શકયા નહીં તો પણ તે વિચારોને તેઓ પોતાના હૃદયમાંથી દૂર કરી શકયા નહિ.

ગુજરાતના પાટીદાર જ્ઞાતિ બંધુઓ સાથે એક જ ધર્મ અને આચાર વિચારથી શા માટે સામેલ ન થઇ શકાય ? તે વિચારે તેમના હૃદય પ્રદેશ પર મજબુત ઘેરો ઘાલ્યો. વારંવાર વિચારવાથી તેમનું મન આખરે પોતાના ખાનગી પુરૂષાર્થમાં વિરકત બનવા લાગ્યુ એટલે શાન્ત મેળવવા થોડા સમય માટે ધંધો છોડી પોતાનાં માત-પિતા પાસે દેશમાં ગયા પરંતુ :-

ચાતક ચતુવા ચતુર નર નિત નિત ફરત ઉદ સ
ધુવડ ઓર ખર મુરખ નર
સુખે સુવે નિજ વાસ

તે રીતે જેના માટે શાન્તિનું નિર્માણ જ નથી. તેને કયાંથી મળે ? દેશમાં ફરવા ગયા ત્યાં એક હૃદયભેદક કરૂણ બનાવ દ્રષ્ટિએ પડતાં વળી બળતા માં ઘી હોમાયુ એક વૃધ્ધ પાટીદાર પોતાના ખળામાંના અનાજનો રાજભાગ આપી બાકીનું અનાજ પોતાના લેણ-દાર વણિકને આપવા એકઠું કરતો હતો તેની સ્ત્રી અને પુત્ર પુત્રવધુ અને બાલુ-ડાંની કંગાલ દશા જોઇ તેમનુ હૃદય દયાથી પિગળી ગયુ ત્યાં તો લેણદારે આથી દણે દાણો ભરી લેવા માંડયો. વૃધ્ધ પાટીદારે કહ્યુ કે શેઠ મારી સ્ત્રી, મારા પુત્રો, મારી પુત્રવધુઓ અને બાળકો કહે છે કે બધુ અનાજ ભલે લઇ જાઓ પણ આ નવુ અનાજ બે દિવસ ચાલે એટલું આપો તો સારૂ પરંતુ તેની આ દયા જનક વિનંતી છતાં તે પાષાણ દિલના લેણદારે દદ ન આપી સઘળું સમેટી લઇ ગયો ક્ષણભર સહ શુન્યમનસ્ક થઇ ગયાં પાટીદાર દંપતિ કંઇ પણ ન બોલતાં ચોધાર આંસુએ રડી પડયાં જેથી પુત્રો, પુત્રવધુઓ અને બાળકો પણ રડવા માંડયાં આવુ કરુણ દશ્ય જોઇને કયા પાષણ હૃદયના માનવીનુ કાળજુ કકળી ન ઉઠે; આ દશા જોઇ પોતે પણ બે આંસુડાં પાડી કલાન વદને ઘેર આવ્યા અને સઘળુ વૃતાંત પિતાજીને સંભળાવ્યુ વિશેષમાં પિતાજીને જણાવ્યુ કે દેશ માંથી પટેદાર ભાઇઓ લાખો કરી દર વર્ષે પિરાણે મોકલે છે તે ન મેકલતાં આવાં ગરીબ કુટુંબોને ઓછા વ્યાજે

આપે તો ખોટાં દેવામાં વંશપરંપરા દટાઈ રહેવું ન પડે માટે મારો વિચાર તો આ વાત પાટીદાર ભાઈઓને કહેવાનો છે. પિરાણાના સૈયદો અને કાકાઓ ભુખે મરતા નથી પણ આ બિચારા તો હવે આવી રહ્યા છે માટે ગમે તેમ કરીને તે કોરીઓ પિરાણા જતી અટકાવી આવા દેવાદારોને ધીરવા અને બાળકોના અભ્યાસ માટે વાપરવી જોઈએ એ સાંભળી પિતાજીએ પટેલોની સત્તાનો ડર બતાવી તેમની સામે થવામાં અને પિરાણા વિરૂધ્ધ બોલવામાં સમાયેલુ સંકટ સમજાવ્યું. પરંતુ તેથી લેશ માત્ર ન ડરતાં વધુ આવેશમાં આવી આગળ પગલાં ભરવાનું નક્કી કર્યું.

આગેવાનો એવા અંધ અને સ્વાર્થ પરાયણ હોય છે. કે દેશના ગરીબ પાટીદારોને ઉત્તેજન આપવુ તો બાજુ પર રહ્યું પણ જો કોઈ ગરીબ પાટીદાર વાર્ષિક ધર્માદા રકમ ન ભરી શકે તો તેને નાત બહાર કરી મુકવામાં આવતો આવો અનર્થ થતો અટકાવવા તેણે નિશ્ચય કર્યો અને ખિન્ન વદને માતાપિતાની રજા લઈ મુંબઈ આવ્યા. અહીં આવી તેને પિરાણા પંથના બારીક અભ્યાસ કર્યો તો તેમાં તદ્દન પોલ માલુમ પડ્યું બીજી તરફ સનાતન ધર્મના પુસ્તકો વાંચવાથી, દિન પ્રતિ દિનના સત્સંગથી તેમની અભિરૂચી જેમ જેમ વધતી ગઈ તેમ તેમ પોતાના પુરાણા પિરાણા પંથ પ્રતિ પુષ્કળ તિરસ્કાર આવવા લાગ્યો પોતે ગુજરાતના પાટીદારો જેવા શી રીતે થઈ શકે ? તેને ઉપવિત કોણ આપે ? વગેરે નિશદિન વિચારો આવવા લાગ્યા પ્રભુ કૃપએ તેના આ વિચારોને અનુમોદન આપનારા તેના કેટલાક મિત્રો મળ્યા પ્રાયશ્ચિત કરી શુદ્ધ થવાય છે ઉત્તમ કાર્યો કરવાથી ઉત્તમ થવાય છે. તેવું તેને વાલ્મીકી મહર્ષિના દૃષ્ટાંતોથી પ્રતિત થવા લાગ્યું. પણ પોતાના સમાજના અગેવાનોનું સખ્તાઈ અને જુલ્મનું ચિત્ર દ્રષ્ટિ સમીપે તરવરવા લાગ્યો. તેના માર્ગમાં તેને મહાન વિઘ્નો જણાયાં અને વંશાદ શોક થયો એ પ્રમાણે હર્ષ અને શોક વચ્ચેની અર્ધદગ્ધ અવસ્થામાં તે ડૂબકાં ખાતા દુભાવા લાગ્યા. પરંતુ લાંબા વખતના પશ્ચતાપથી હવે તેમનું હૃદય પાવન થઈ વિશુધ્ધ કાંચનમય બન્યું હતું પરમાત્માએ તેમના હૃદયમાં અપૂર્વ શૌર્ય ઉત્પન્ન કર્યું આ તે વદવા લાગ્યા કે મારી સાથે સંમત થઈ દીક્ષા લેનાર જ મારું સત્ત્વ છે. નહી તો હું એકલો જ છુ એકલો જ આવ્યો હતો ને એકલો જ જઈશ એવા અણીના પ્રસંગે એમને પ્રભુ કૃપએ રાજકોટ નજીક ઢોલરાના મહાનુભાવ જયેતિષી રાપેશ્વર મુરારજીનો સમાગમ થયો એટલે તેમને મહાનુભાવ તરફથી પ્રતિદિન

પ્રોત્સાહન મળવા માંડયું અને તેને કેઇ મહાત્માની આજ્ઞા લીધા પછી દેહશુદ્ધિ પ્રાયશ્ચીત કરાવીને ઉપવિત ધારણ કરાવવાની ખાત્રી આપી સંતોષ આપ્યો. ત્યાર પછી કેટલોક સમય આ બંને પુરુષો કાઠીયાવાડમાં બિલખે આવી મહાત્મા શ્રા નથ્થુરામ શર્માને મળ્યા અને અથથી ઇતિ સૌ વિગત રજુ કરી જેના પરથી મહાત્મા શ્રી મનુ, યાજ્ઞવલ્કય પરાશર આદી ઋષિઓની સ્મૃતિઓ અને ધર્મસિંધુ વગેરે ગ્રંથો જોઇ દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત પછી યજ્ઞોપવિત લેવામાં વાંધો આવશે નહિ તેમ ખુશીથી જણાવ્યું પરંતુ કચ્છના પાટીદાર આગેવાનોના કેરનો કંઇક તેમને ખ્યાલ હોવાથી એકલા ગયેલા યુવાનને એટલું મોટું સાહસ ખેડવા કરતાં પાંચ–સાત જણ સમુહમાં દિક્ષા લે તો ઉત્તમ થાય તેમ તેમણે કહ્યું શ્રી નારાયણજી તથા વિદ્વાન રામેશ્વરજી બન્ને મુંબઇ આવ્યા અને એ યુવને પોતાનો સત્ સંકલ્પ સહુ સ્નેહીજનોને સમજાવી દીધો. પોતાની સાથે દેહશુધ્ધિ કરી પાવન થઇ ઉપનયન સંસ્કાર કરાવવા અને કાંતો હંમેશાને માટે છુટા પડવાનું કહ્યું સહુ મિત્રો દેશના આગેવાનોના જુલ્મથી સારી રીતે જ્ઞાત હતા. છતાં પણ ધર્મને યથાર્થ રીતે સમજનાર હોવાથી આવા પવિત્ર કાર્યમાં ઉમંગભેર સામેલ થયા એટલે શ્રીયુત રામેશ્વરજી પંડિત સાથે રામજીભાઇ જેઠાભાઇ (ગઢશીશા) શ્રી નારાયણજી રામજી (વિરાણી) શ્રી કરસન ભાઇ ભાણજીભાઇ (વીરાણી) શ્રી હરજી ભાઈ લધ્ધાભાઈ (લુડવા) શ્રી વિશ્રામ ભાઈ દેવજીભાઇ (વીરાણી અને શ્રી નાયાભાઇ શીવજીભાઇ (વિરાણી) એમ છએ જણાએ સહકુટુંબ નાશિક જઇ ત્યાંના વિદ્વાન બ્રાહ્મણોના હસ્તે શ્રી ત્ર્યંબકેશ્વર ક્ષેત્રમાં ગોદાવરીના પવિત્ર તટ પર પ્રાયશ્ચિત કરીને ઉપવિત ધારણ કરી આ વાતની મુંબઇ રહેતા અન્ય કચ્છ કડવા પાટીદાર ભાઇઓને જાણ થતાં તેમણે તાર મારફત દેશના આગેવાનોને આ સઘળા સમાચારો ઠામેઠામ મોકલી આપ્યા અને દેશમાં એક જબ્બર હીલચાલ શરૂ થઈ સાતેય જણના પિતૃપક્ષ અને શ્વસુરપક્ષ આદિ સગાંસબંધીઓને જ્ઞાતિ બહાર મુકી "પાડાને વાંકે પખાલીને પણ ડામ દીધા" તેમના આ પરાક્રમનાં જાહેરનામાં તેમણે દેશ પરદેશ રહેનારા સઘળા પાટીદાર ભાઇ ઓને પણ મોકલી આપ્યાં તેમના આવા છેલ્લા પુરુષાર્થથી જ્ઞાતિ બહાર થયેલાં સગાંવહાલાં તો કંપી ઊઠયાં પણ આ સાતેય વીર પુરુષોનાં સંત સમુદ્ર સમાં હૃદયોમાં જરાપણ અસર થઇ નહિ. તેઓ લેશ માત્ર પણ ક્ષોભ ન અનુભવતાં ઉલ્ટા ઉત્સાહમાં આવી આગેવાનોને તેમની ભૂલ પિરાણા નું પોલ તથા સત્યપંથનો રાહ બતાવવા અને છેવટે જો શાસ્ત્રાર્થ કરવા તૈયાર હોય તો તેને માટે પણ જાહેર પેપરોમાં

આમંત્રણ આપવા લાગ્યા પરંતુ આ ધર્માંધ સમાજમાંથી જવાબ આપવા કોઇ આગળ આવ્યું નહિ એટલુ નહિ આ દ્વિજ બનેલા યુવાનો સમાજના આગેવાનોથી ડરીને રજ માત્ર પણ ડગશે નહિ એવુ તેમને લાગ્યુ ત્યારે તેઓએ તેમના સગા સંબંધીઓને હેરાન કરવામાં જરાપણ કચાશ રાખી નહી છતાં પણ આ લોકો કશાથી ડગ્યા નહી તેથી તેઓના સઘળા સગાં વહાલાં અશ્રુપુર્ણ નયને આ ધર્મવીર, હઠીલા, અને ટેકીલા સત્યાગ્રહીઓને વારંવાર વીનંતી કરી ઉપવીત ઉતારી સમાજને તાબે થવાનુ કબુલાવવા અને એ પોતાના ભેગા જમવા કાલાવાલા કરવા લાગ્યા માતપીતા ભગીનીઓ અને ભાઇ ભાંડુઓ વગેરેના અશ્રુપાતથી કોનુ હૃદય કંપી ન ઊઠે પોતાના પુત્રની અચળ શ્રધ્ધા જોઇ શ્રી રામજીભાઇ ભોજાભાઇ મનમાં ઘણા પ્રસન્ન થયા. દેશ પરદેશ રહેનારા કેટલાક સમજુ પણ ભીરૂ હૃદયના સ્નેહીજનો અંતઃકરણથી અભીનંદનો આપવા લાગ્યા પણ ખુલ્લા પડી શકયા નહી.

સમાજ જીવનમાં આવી રીતે જયારે ઉલ્કાપાત મચી રહ્યોં હતો ત્યારે શ્રી રામજીભાઈએ એક નવો માર્ગ શોધ્યો પચાસ–સાઠ વર્ષથી જે બંધુઓ સ્વામીનારાયણના અનુયાયી બન્યા હતા. તેઓ મોટા ભાગે પોતાના સંતાનોના લગ્નસંબંધ અંદરો અંદર જ કરતા અને વળી પીરાણા પંથીઓમાં પે કરતા અને ભોજન આદિ વ્યવહાર પણ ચાલુ રાખી રહ્યા હતા શ્રી રામજીભાઈએ તેમને પીરાણા પંથીઓથી તદ્દન અલગ થઇ પોતાના પુત્રો સાથે ભળી જવા પ્રેર્યા અને તેઓના આગેવાન પુરુષો જીવરાજભાઇ ખેતસીભાઈ નારાયણભાઇ ધરમસીહ (મંડાણી) તથા રવાપર અને નેત્રાનાં પટેલો સાથે તેમના ધર્મસ્થાને અમદાવાદ આવ્યા અને મુંબઇથી સાત જણના સ્વધર્મવર્ધક મંડળને પણ તેડાવ્યું સ્વામીનારાયણના સાધુ મહાત્માઓને સઘળી બીનાથી વાકેફ કર્યા જેથી તેઓએ ઘણી ખુશીની સાથે એવો નિર્ણય કર્યો કે અમુક સમય પછી આચાર્યશ્રી જયારે કચ્છમાં પધારે ત્યારે ત્યાંના સઘળા પાટીદાર ભાઇઓ સ્વામીનારાયણ ધર્મનો યજ્ઞવિધિ પ્રાયશ્ચિત કરાવી પાવન કરવા અને પીરાણા પંથીઓનો સઘળો સબંધ બંધ કરાવી દેવો. એ ઠરાવ પ્રમાણે થોડા સમય પછી આચાર્યશ્રી મહારાજ તથા મહાત્માઓ કચ્છમાં પધાર્યા અને સંવત ૧૯૬૭ના ફાગણ વદ પાંચમના દિવસે ગડાણી મુકામે મોટા યજ્ઞ કરી સઘળા સ્વામીનારાયણ પાટીદારોને સહકુટુંબ દેહશુદ્ધિ પ્રાયાશ્ચિત કરાવ્યું અને નવાઇની વાત એ છે કે માત્ર સાત જ જણમાથી આજે સત્તરસોની મોટી સંખ્યા થઇ અને પીરાણા પંથી પાટી-

દ્વારોના વદન કમલ ગલાન કર્યા આ રીતે સનાતન ધર્મીઓની એક થયેલી મોટી જ્ઞાતીએ પોતાના પૂર્વજોએ પીરાણાનો પંથ કયારે અને કયા કારણથી સ્વીકાર્યો પોતાના અસલ વસવાટનાં સ્થાન છોડી કચ્છમાં આવવાનાં કારણુ અને સમય વગેરે અગત્યની બાબતોનું જ્ઞાન સંપાદન કરવા વહીવંચાની શોધ કરવા માંડી તેમના આગેવાનો અને સ્વધર્મ વર્ધક મંડળનાં ઉત્સાહ પૂર્ણ વિજય સભાસદો ગુજરાતમાં આવ્યા.

"કડવા વિજય" તંત્રી શ્રી પુરુષોત્તમ દાસને મળ્યા તેમના ભલામણ પત્રો લઇ અમદાવાદ તથા ધોળકા જઇ શોધ કરી પરંતું પત્તો લાગ્યો નહિ તેથી કંટાળી ગયા સ્વધર્મ વર્ધક મંડળના નેતાઓએ આવી ઘણી આપત્તીઓ વેઠી છતાં થાકયા નહિ. અમદાવાદમાં અને જે જે ગામમાં વહિવંચા વસે છે. ત્યાં જુદી જુદી જગ્યાએ તપાસ કરવા માંડી તેમાં પોતાના ધનનો પણ છુટથી ઉપયોગ કરવા માંડયો છેવટે શ્રી નારાયણભાઇ પોતે ગુજરાતમાં આવ્યા અને ગુપ્ત રીતે પીરાણા ગયા અને ત્યાંની હૃદય ભગ્ન કરે તેવી સ્થિતિ જોઇ આવ્યા અમદાવાદમાં વહીવંચાની બારીકાઇથી શોધ કરતાં કેટલાક દિવસ પછી તેમને શાહપુર વિભાગમાં બારોટ રામસીંહજી દોલસીંહજીની મુલાકત થઇ પરંતુ બારોટ અને બ્રાહ્મણોના મુળ સ્વભાવ પ્રમાણે સહેલાઇથી તેમને હકીકત મળી નહી ઘણી યુકિત પ્રયુકિતઓ અને છુટા હાથે ધનનો ઉપયોગ કરવાથી આખરે બારોટજીનું આશા હૃદય પીગળ્યું એકવાર ફરીથી કચ્છ કડવા પાટીદાર સમાજનું પોતાનું કલ્પવૃક્ષ બનાવવાની લાલચે યથા વિધી હકીકત લખાવી આપી. જેની સત્યતાની પુર્ણ પ્રતીતી નખત્રાણા મધ્યે થયેલા ઠરાવની નકલ મળી આવવાથી થઇ જે હકીકતથી આપણે વીદીત છીએ. આ સઘળી બાબતોથી આપણને ખાત્રી થાય છે કે માનવ જીવનની ઉત્કૃષ્ટતા તેના આત્માનું ઉચ્ચગામી પણું, તેનું હૃદયબળ આદિ ઉચ્ચગુણોની પરીક્ષા આવી પડતી વીપત્તીઓજ કરવા આપે છે. ભાગ્ય દેવી પણ તેવા જ વીર નરને વીજય માળા આરોપે છે. જગતભરની આપત્તીઓ આવી હોવા છતાં પણ જેમ કાંચનને વધુને વધુ તપાવી કુટવામાં આવે છે તેમ તેમ તે વધુ પ્રકાશ મય બને છે. તેવી જ રીતે આ વીર નર સંકટ સમયે નીરાશ ન થતાં દેદીપ્ય માન બન્યો છે. જેના ઉત્તમ ફળસ્વરૂપે આજે કચ્છના પાટીદાર ભાઇઓની સ્થીતીનું શાન્તપરીવર્તન આપણી સમક્ષ મોજુદ છે હજુ પણ તેઓ અને તેમના સ્વધર્મવર્ધક મંડળના બાહોશ પ્રેસીડન્ટ શ્રી રામજીભાઇ જેઠાભાઇ વગેરેએ ઉપવીત દ્વારા યુવાનોનો જ્ઞાતી સુધારણા અર્થે પુરુષાર્થ ચાલુ જ રાખ્યો છે. આશા છે કે, તેમની પ્રગતી

પ્રતિદીન ચાલુ રહે અને અજ્ઞાનના અંધકારમાં અટવાતા પાટીદાર ભાઇઓ જલ્દીથી સત્ય સમજી સીધા પંથે પ્રયાણ કરશે જ.

ઉપરોકત રીતે શ્રી નારાયણજી-ભાઈ તથા સ્વધર્મ વર્ધક મંડળના ઉપવીત ધારણ કરનારા સઘળા સભા-સદોના શાન્ત પ્રયાસથી આજે કચ્છ દેશમાં પાટીદાર આગેવાનોનો જુલ્મી જમાનો જતો રહ્યો છે તેમના પંથનુ પોલ ખુલ્લુ પડયુ છે તેમની સામે થનારને કાંઇપણ નશીયત નહિ કરી શકતાં સમગ્ર સમાજ ઉપરનાં તેમનાં બંધનો અને અંધશ્રધ્ધા મંદ પડી ગયાં છે. હવે આગેવાનો અને સઘળા પાટીદાર ભાઇઓ પોતાની ભુલ અને સત્ય સારી રીતે સમજી ગયાં છે. પણ પોતાની હઠ છોડવાનુ હૃદય બળ નહિ હોવાથી તેમની હિંમત ચાલતી નથી તેઓ પ્રશ્ચાતાપ અનુભવી રહયા છે. પ્રભુ તેમને સત્ય વાત ગ્રહણ કરવાનું યોગ્ય હૃદયબળ આપો એવી અમારી પ્રાર્થના છે

□ ★ □

શ્રી મહાનદા પાટીદાર સમાજ, જબલપુરના આંગણે

ગત તા. ૧૦-૮-૮૩ થી તા. ૪-૯-૮૩ સુધી સુશ્રી વ્રજ કિન્નરી દેવીજીનું પ્રવચન દરરોજ સાંજના ૭-૩૦ થી ૯-૦૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યું હતું.

- દેવીજી વેદમંત્રની વ્યાખ્યા વેદો, ઉપનિષદો, સ્મૃતિઓ, ગીતા રામાયણ, ભાગવત વગેરે જુદા જુદા ધર્મગ્રથોનાં પ્રમાણે દ્વારા શ્રોતાઓને વચનામૃત પાન કરાવ્યું હતું.

અભુતપૂર્વ વિલક્ષણ દાર્શનિક તત્વજ્ઞાનનું તર્કબધ્ધ આધ્યાત્મક વિષયોનું વૈજ્ઞાનિક ઢબે પૃથકરણ કરી શ્રોતાજનોને રસ તરબોળ કર્યા હતા.

સમાચાર દર્શન

ગુજરાત સ્ટેટ ચેમ્બર ઓફ એગ્રીકલ્ચર

ગુજરાત સ્ટેટ ચેમ્બર ઓફ એગ્રીકલ્ચરનું અત્યારે જે બંધારણ છે તેમાં ઉદ્દેશો તરીકે નીચેના ૧૯ મુદ્દાઓ બતાવવામાં આવ્યા છે.

૧ ખેતી કરતા ખેડૂતોનું આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક અને નૈતિક જીવન ધોરણ ઊંચું આવે તે માટેના પ્રયાસો કરવા.

૨ ખેડુતોમાં એકસંપી પ્રવર્તે, પરસ્પરના મિત્રભાવમાં અભિવૃદ્ધિ થાય અને સંગઠનની ભાવના ઊભી થાય તે માટેના પ્રયાસો કરવા અને તે માટે ઉત્તેજન આપવું.

૩ ખેતી કરતા ખેડુતોમાં શિક્ષણ સ્તર ઊંચું આવે તે માટેના પ્રયાસો કરવા.

૪ ખેતી, પશુપાલન, ગૃહઉદ્યોગ અને બીજા આનુસંગિક ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી પ્રયાસો કરવા.

૫ ખેડૂતોએ ઉત્પન્ન કરેલા માલના વ્યાજબી ભાવો મળે તે માટે પ્રયાસો કરવા.

૬ ખેડૂતોની જમીન, કુવાનું પાણી, ખાતર વિગેરે નું વૈજ્ઞાનિક પૃથકરણ કરાવી આપવું અને ખેતી અંગે માર્ગદર્શન અને દોરવણી પૂરાં પાડવા.

૭ ખેડુતો માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું અને તેનું સંચાલન કરવું.

૮ ખેતી કરતા દરેક ખેડૂતોમાં જ્ઞાનની વૃદ્ધિ થાય તે માટે પુસ્તકો, દૈનિકો, અઠવાડિકો, માસિકો, સુવેનિયરો વગેરે પ્રસિધ્ધ કરવા અને તે માટે સંસ્થાઓની અને ખાતાંઓની સ્થાપના કરવી તેમજ તેમના નિભાવ અર્થે જોગવાઈ કરવી.

૯ ખેડુતોને સ્પર્શતા અને ખેતીને લગતા તમામ આર્થિક પ્રશ્નો હાથ ધરવા.

૧૦ ખેત ઉદ્યોગ અંગેના તમામ નાગરીકોના હકકો તથા પ્રતીષ્ઠા જાળવવા.

૧૧ ખેતી ઉદ્યોગ સાથે સંકળાયેલ ખેત મજુરોને કામ પર લેવા માટેની શરતોનું નિયમન કરવું અને તેમની સાથે સમન્વય સધાય તેવા પ્રયત્નો કરવા.

૧૨ ગુજરાત રાજયના ખેડૂતોનાં હકક હિતનું રક્ષણ કરવું અને આબાદી જાળવવા પ્રયત્નો કરવા.

૧૩ ખેત ઉદ્યોગોને લગતી ફરીયાદો દૂર થાય તે અંગે જોગવાઈ કરાવવી અને ખેત ઉત્પાદનની અભિવૃદ્ધિ થાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવી.

૧૪ ખેતીના કાયદાઓથી ખેતીમાં થતી ગુંચ ઉકેલવા પગલા ભરવાં.
૧૫ સંસ્થાના સભ્યો વચ્ચે અગર સભ્યો અને બીજા વચ્ચે ઊભા થતા ખેતીના ઝઘડાની લવાદીથી પતાવટ કરવી. ખેત પેદાશના વેપાર તથા હેરફેરીને લગતા ઝઘડાઓ માટે લવાદીની જોગવાઇ કરવી અને જરૂર પડે ટેકનીકલ અને નિષ્ણાતોની સેવાઓ મેળવી આપવી.
૧૬ સ્થાનિક, રાજ્ય કે કેન્દ્ર સ્તરે ધારાને લગતી સત્તાઓ સમક્ષ ખેતી અંગે યોગ્ય નિવેદનો કરવા.
૧૭ સરકાર કે ખાતાં કે કોઈ સત્તા દ્વારા ખેતી અંગેના કાયદા કાનુનોના હકક હિત જોખમાય તેવા થતા કાયદાઓ અટકાવવા, વીરોધ કરવા અંગે પગલાં લેવા, ટુંકમાં ખેડુતોના હકક હિતોના રક્ષણ અંગે યોગ્ય પગલાં લેવાં.
૧૮ ચેમ્બરના હેતુઓની સિદ્ધિ અર્થે વૈજ્ઞાનિક સંશોધન કરવું, કરાવવું તથા આંકડાઓ અને બીજી ઉપયોગી માહિતી એકઠી કરી તેનો ફેલાવો કરવો. તેમજ ખેતી અને અર્થશાસ્ત્રને લગતાં જ્ઞાનનો ફેલાવો થાય તેવા પ્રયત્નો કરવા.
૧૯ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આ સંસ્થાના ઉદ્દેશોની સિધ્ધિ અર્થે જે કાંઇ જરૂર જણાય તે તમામ પ્રવૃતિઓ કરાવવી ટુંકમાં ખેડુતોના વિકાસ અર્થે જરૂરી એવા તમામ કાર્યો હાથ ધરવાં.

ઉપરની વિગતનો અભ્યાસ કરવાથી જણાશે કે ચેમ્બરના ઉદ્દેશો ઘણા વ્યાપક છે. અને તેમાં ખેડુત અને ખેતીને સ્પર્શતા બધા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે.

ઉપરના બધા મુદ્દાઓ માટે આપણે કામગીરી હાથ ધરીએ તો તેને માટે વ્યવસ્થિત ઓફિસ ચલાવવી પડે અને આ ઓફિસમાં મહેસુલ, વિકાસ, ખેતીવાડી ઇલેકટ્રીસીટી, જાહેર બાંધકામ જેવાં ખાતાના જાણકારોની સેવા આપણે મેળવવી જોઇએ અને પ્રથમ તબકકે ચેમ્બરની એક પેટા ઓફિસ વડોદરામાં અને બીજી રાજકોટમાં શરૂ કરવી જોઈએ. તમામ ખેડૂતોને સ્પર્શતા અને અમુક તાલુકાઓ અને જીલ્લાઓને સ્પર્શતા ઘણા પ્રશ્નો છે; પરંતુ તેની વ્યવસ્થિત રજૂઆત જીલ્લા કક્ષાએ અગર તો રાજય કક્ષાએ થતી નથી વ્યકિતગત રીતે થોડા ખેડૂતો આવી. રજુઆત કરે તો તેનું કાંઈ વજન પડે નહી. આવી ફરીયાદ પાછળ સંગઠનનું બળ ચેમ્બર જેવી સંસ્થા જ પુરૂ પાડી શકે.

છેલ્લા પાંચ વર્ષથી પોતાની પ્રવૃત્તી શરૂ કરી છે. આ માટે પ્રથમ વર્ષમાં મોટું સમેલન બોલાવવામાં આવેલું અને ત્યાર પછી અવારનવાર મીટીંગો થઇ છે. ચેમ્બરે જે કામગીરી કરી છે. તેની વીગત ટુંકમાં નીચે પ્રમાણે છે.

૧ ખેત–જમીન ટોચમર્યાદા ધારાનો અમલ સને –૧૯૭૬ અને ૧૯૭૭ માં થઇ ગયેલો. ત્યારબાદ લાંબા સમયે એટલે કે તા. ૨૮–૬–૮૨ ના રોજ સરકારશ્રીએ નિકાલ થઇ ગયેલા ૧૪,૦૦૦ કેસો કલમ-૬(૩)(સી)ની નવી રીતે અર્થઘટના કરી ફરીવાર ચલાવવા નિર્ણય કર્યો લેખિત રજૂઆતનું કોઇ પરીણામ નહીં આવતા, નામદાર હાઇકોર્ટમાં ચેમ્બરે ખેડુતો વતી રીટ અરજી કરી તેના પરિણામે સરકારને પોતાનો નિર્ણય રદ કરવો પડયો અને આ રીતે ઘણાં મોટી સંખ્યાના ખેડુતો આર્થિક નુકશાન અને હેરાનગતિમાંથી બચી ગયા.

૨ ગુજરાત ઇલેકટ્રીસીટી બોર્ડ તરફથી મીટરભાડું વધારવા અંગે, મીટર બળી જાય તો તેની નુકશાની ખેડૂતો પાસેથી લેવા અંગે તેમજ કેપેસીટર ફરજીયાત મુકવા અંગે મનસ્વી હુકમો થયા છે. આ સંબંધમાં પણ નામદાર હાઇકોર્ટમાં ખેડુતોવતી ચેમ્બર ગયેલ અને તેમાં પણ કેટલીક બાબતોમાં ખેડૂતોના લાભમાં હુકમ થતાં ખેડુતોને જે આર્થિક ફાયદો થયો છે તેની રકમ બહુ મોટી થાય છે. આ રકમ રીફંડ આપવા માટે હુકમ થઇ ગયો છે અને તેનો ચુકાવો પણ શરૂ થઇ ગયો છે. હજુ અમુક બાબતો માટે આપણો કેસ નામદાર હાઇકોર્ટમાં પેન્ડીંગ છે.

૩ ગુજરાત રાજ્યે ચાર–પાંચ માસ પહેલાં ઘઉંના નિકાસ ઉપર લેવી લેવા અંગે હુકમ કરેલ. આ અંગે ચેમ્બર તરફથી રજુઆત થયેલી અને ચેમ્બરે રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી માર્કેટ યાર્ડ વિગેરે મારફત સખત વિરોધ કરેલો અને ઘઉંની નિકાસ ઉપર લેવી લેવાનું બંધ રહેલું.

૪ ગઇ સાલે ઘાસની અછતના કારણે રાજ્યના એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં ઘાસ લઇ જવા ઉપર પ્રતીબંધ મુકેલ હતો. આ હુકમનો સખત અમલ થાય તો જીલ્લાની સરહદ ઉપરના ખેડુતો મુશ્કેલીમાં મુકાય. ચેમ્બરે આ અંગે રજુઆત કરેલી અને પરીણામે આ હુકમનો અમલ બંધ રહેલો.

ચેમ્બર પાસે પુરતું નાણાંકીય ભંડોળ અને વ્યવસ્થા શકિતનો અભાવ હોવાને કારણે ઘણાં કામો હાથ ઉપર લઇ શકાતાં નથી. આવા કામના થોડા દાખલા નીચે મુજબ છે.

૧ ગામડાઓમાં કુદરતી આફતો જેવી કે વાવાઝોડુ, પુર, ધરતીકંપના પ્રસંગ આવે ત્યારે ચેમ્બરના કાર્યકર્તાઓએ આ વિસ્તારમાં પહોંચી જવું જોઇએ અને ખેડુતો તેમજ ખેતમજુરોને શકય તેટલી રાહત મળે તે માટે ગામડાનાં ખેડૂતો અને સરકાર વચ્ચે એક કડી તરીકે કામ કરવું જોઇએ.

૨ ઇરીગેશન ડેમમાંથી પાણી મળવા અંગે ખેડુતોને ઘણી તકલીફ હોય છે. આ માટે જુદા જુદા વિસ્તારોમાં જુદી જુદી ગેરરીતીઓ થતી હોય છે આવા પ્રશ્નનો અભ્યાસ કરી ગેરરીતીઓ અટકે અને ખેડુતો સિંચાઇનો પુરો લાભ લઇ શકે તેવી રજુઆતો યોગ્ય અધિકારીઓ પાસે કરવી જોઇએ. આવી જ તકલીફ રવિપાકની મોસમ વખતે ખેડુતો વિજળીનો પાવર મેળવવામાં ભોગવતા હોય છે.

૩ કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઘણી જગ્યાએ ગંભીર સ્વરૂપ પકડે છે. ઘણાં ખેડુતો અસામાજીક તત્વોના કારણે પોતાના વતનનું ગામ છોડી બીજે ગામ હીજરત કરી જતા હોય તેવા કિસ્સા પણ બને છે. આવા કિસ્સાની ચોકકસ માહિતી મેળવી સરકારશ્રી પાસે રજુઆત કરી આવી તકલીફો દુર કરવી જોઇએ.

૪ ખેતી માટે જરૂરી રસાયણિક ખાતરો, ક્રુડ, ડિઝલ અને વિજળીના ભાવ દિવસે દિવસે વધતા જાય છે. આ વધારાના પ્રમાણમાં ખેતીના પાકના ભાવો નથી. આ માટે ગામડાંના ખેતીની આવક અને ખર્ચનો હિસાબ રાખે તેવા પ્રયત્નો કરવા જોઇએ અને ખેતભાવ પંચમાં ખેડૂતોનો અવાજ રજુ થાય તેવાં પગલાં લેવાં જોઇએ.

૫ ખેતીવાડી ખાતાંની યોજનાઓ પ્રમાણે ઘણા કિસ્સામાં સબસીડી મળતી હોય છે. આ સબસીડીનો લાભ જોઇએ તેવો ખેડૂતોને મળતો નથી. તેના અમલમાં ઘણી ગેરરીતી થતી હોય છે. એટલે આવી સબસીડીની યોજનાઓની માહિતી ખાતા પાસેથી મેળવી તેની વિગતની પત્રિકાઓ છપાવી જે તે વિસ્તારમાં વહેંચવી જોઇએ.

૬ ચેમ્બરની ઓફીસમાં વ્યવસ્થિત સંચાલન માટે વાર્ષિક રૂા. ૧,૦૦,૦૦૦/-ની જરૂર પડે આ ખર્ચમાં સ્ટાફનો પગાર ખર્ચ. ઓફીસ ભાડુ તથા અન્ય વહીવટી એકમાં મુકી દેવો જોઇએ અને તેના વ્યાજમાંથી ઓફીસ સંચાલન થાય ખર્ચનો સમાવેશ થાય છે. આટલી કાયમી આવક માટે રૂ. ૧૦૦૦૦૦/-ને ફંડ ફરી લાંબા મુદતમાં તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ. આ માટે સામાન્ય સભ્યની આજીવન ફી રૂા. ૧૦૦/- અને પેટ્રન સભ્યની ફી રૂા ૧૦૦૦/- છે. રાજ્યના દરેક વીસ્તારમાં આ માટે ઝુંબેશ શરૂ કરવામાં આવે તો આ રકમ ભેગી કરવી મુશ્કેલ નથી.

૭ ખેડુતોના અને ખેતીના પ્રશ્નો અનેક છે અને તે હલ કરવા માટે આપણી પાસે જે વ્યવસ્થા શક્ત હોય તે બધી કામે લગાડીએ તો પણ તેને પહોંચી શકાય તેવું નથી. વ્યકિતગત ફરીયાદો તરફ હાલ તુરત આપણે ખાસ ધ્યાન આપી ન શકીએ તો પણ જે સમુહના પ્રશ્નો હોય તેને વાચા આપવાનું મુશ્કેલ નથી.

૮ વ્યક્તિગત કિસ્સાઓમાં જ્યાં માણસને કોઇ ખાતાં અંગેની ફરીયાદ હોય, અગરતો મહેસુલ કે વીકાસ ખાતાના કોઈ અધીકારીએ તેના વીરુધ્ધ ઠરાવ આપેલ હોય તેવા કિસ્સાઓમાં અપીલ કરવા માટે ખેડુતોને માર્ગદર્શન આપવાની વ્યવસ્થા કરવી જોઇએ. આવા કિસ્સાઓમાં સારા વકીલોને રોકી. વ્યાજબી ફી તેમને અપાવી, ખેડુતોને કાયદાનું માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થા ગોઠવી શકાય.

પ્રમુખ
ગુજરાત સ્ટેટ ચેમ્બર ઓફ એગ્રીકલ્ચર

શ્રી ઉમીયા માતાજી સંસ્થાન, ઊંઝા તરફથી

સૌરાષ્ટ્ર પુરગ્રસ્ત કડવા પાટીદાર ભાઇઓને મદદ અને લોન આપવામાં આવી.

શ્રી ઉમીયા માતાજી સંસ્થાન, ઊંઝાની કારોબારી સભા જેઠ વદ ૮ને રવિવાર તા. ૩-૭-૮૩ના રોજ પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસના પ્રમુખપદે મળી હતી: તેમાં ઠરાવ નં. ૨૧ મુજબ સૌરાષ્ટ્રના પુરગ્રસ્ત કડવા પાટીદાર ભાઇઓને મદદ કરવા રૂપિયા બે લાખ મંજુર કરવામાં આવ્યા. તે મદદ આપવા માટે નિમાયેલ કમિટિએ તા. ૮-૭-૮૩ થી તા. ૧૭-૭-૮૩ સુધી સૌરાષ્ટ્રમાં રૂબરૂ જઇ પુરગ્રસ્ત વિસ્તાર ભાઇઓની રૂબરૂ મુલાકાત લઇ સર્વે કરી ૧૭ ગામમાં ૪૧૭ કુટુંબોને રૂપિયા ૧,૬૦,૦૦૦ અંકે એક લખ સાઇઠ હજાર પુરાની રોકડ મદદ આપી.

ત્યારબાદ શ્રી ઉમીયા માતાજી સંસ્થાન, ઊંઝાના કારોબારી સભા અષાડ સુદ ૧૫ને રવિવાર તા. ૨૪-૭-૮૩ના રોજ પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસના પ્રમુખપદે મળી. તેમાં ઠરાવ નં. ૨૬ મુજબ સૌરાષ્ટ્રના પુરગ્રસ્ત કડવા પાટીદાર ભાઈઓને રૂપિંયા પાંચ લાખ લોન પેટે આપવા તેવું ઠરાવવામાં આવ્યું.

સદર લોન આપવા નિયુકત થયેલ કમિટિએ તા. ૧-૮-૮૩થી તા. ૬-૮-૮૩ સુધી સૌરાષ્ટ્રમાં જઇ જાતે સર્વે કરી ૧૮ ગામમાં ૩૦૯ કુટુંબોને રૂપિયા ૪,૯૧,૦૦૦ અંકે ચાર લાખ એકાણું હજાર રૂપિયા પુરાની લોન આપી.



અમદાવાદમાં કાપડ નો
—અદ્યતન શો રૂમ

STAPLE EMPORIUM


સ્ટેપલ એમ્પોરિયમ.

શુટીંગ * શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ


તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.

શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
ડેલીકોડેમ નાકા
રીલીફ રોડ, અમદાવાદ-૧

પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરા કંપા
હસનપુરમોટા, તા. જિ. ગાંધીનગર




સો મીલ માલીકો માટે
ખુશખબર
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
બેન્ડસો બ્લેડ
શાર્પનીંગ મશીન
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહેછે. અને બેન્ડસો બ્લેડ ચાલેછે
● ઝડપી અને સફાઇદાર વહેરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩


LAXMI
LAXMI

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



"શાર્પેક્ષ" બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે એ માણસોની સહાયથી આડા વાઢ કાપવા માટે ઘણું અનુકુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત "શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન" વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કસ

એલ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ.
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ–૨૨
* શકિત એન્જીનીયરીંગ વર્કસ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ–૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ.
* ભારત વુડ વર્કસ ગીતામંદિર, અમદાવાદ–૨૨ નો એન્જીનીયરીંગ વિભાગ

વધુ પુછપરછ અને માહિતી માટે
મળો યા લખો:

શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ–૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩



સ્ટોકીસ્ટ :—

મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર. ગાબટ રોડ, બાયડ.

મે. કિશાન ટ્રેડર્સ એસ ટી ડેપા પાસે, મોડાસા

મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશનરોડ, હિંમતનગર

મે અમર ફર્ટીલાઈઝર. સહકારી સંઘ સામે ઈડર.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

પ્રા. ન.

To,

Book - Post

તંત્રી :
કાન્તિલાલ કે. પટેલ

માલિક :
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ

મુદ્રણસ્થાન :
અનુપમ પ્રિન્ટીંગ પ્રેસ, ધનસુરા.

પ્રકાશન સ્થળ :
પટેલવાડી, તલોદ રોડ, ધનસુરા.
જિ. સાબરકાંઠા.

પ્રકાશન તારીખ :
દર માસની પંદરમી / સોળમી તારીખ

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ.

શ્રી કચ્છ કડવા
પાટીદાર સનાતન
સમાજ યુવક મંડળ
તરફથી

દિપોત્સવી અંક

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



જાગૃતિ

તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ.)

વર્ષ : ૨૫ નવેમ્બર–૮૩

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૨], પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂ. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૨૦૧] પરદેશમાં રૂ. ૩૫૧] નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ -પ્રકાશક
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ-તંત્રી બી. એ.
શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી રતિભાઈ એલ. પટેલ M. Sc
નલોદ
શ્રી અરજણભાઈ વી. પટેલ, એદલપુરાકંપા





આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

●

જન્મ :	સ્વર્ગવાસ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

दीपावली अभिनन्दन

અનુક્રમણિકા

તંત્રીસ્થાનેથી 卐

દિવાળી *

દિવાળી એટલે પ્રકાશનો ઉત્સવ જીવનના અજ્ઞાનરૂપી અંધકારને હઠાવીને જ્ઞાનરૂપી પ્રકાશથી નવજીવન જીવવાનો સંકલ્પ એટલે દિવાળી.

અત્યારે દિવાળીના દિવસે વેપારીઓ, ખેડૂતો વગેરે બધી જ જ્ઞાતિના લોકો આખા વર્ષની ભેગી કરેલી મુડીનુ સરવૈયુ કાઢીને હિસાબ ચોખ્ખો કરે છે પણ ખરેખર જોઇએ તો આપણે કેટલા મુર્ખ છીએ. !

ક્યારેય પોતાના જીવન ચોપડાનુ સરવૈયું કાઢવા વિચાર્યું ? હુ કોણ છું ? ક્યાંથી આવ્યો ? શા માટે આવ્યો ? અને શું કરી રહ્યો છું ?

નદી જેમ ગાંડી બનીને સાગર ભણી દોડતી હોય છે, છોડ પર ખીલેલાં ફૂલો જેમ સુર્ય સામે જોઇને હસતાં હોય છે. વાદળ જેમ નૈસર્ગિક રીતે ખીણ ભણી આગળ ધપતાં હોય છે તે જ રીતે પ્રત્યેક જીવનુ શિવ પ્રત્યેનુ ખેંચાણ આટલું જ નૈસર્ગિક છે ઇશ્વરથી વિખૂટા થયેલા દરેક જીવને પાછી ઇશ્વરને મળવાની તીવ્ર ઝંખના હોવી જોઇએ કારણ કે મનુષ્ય જન્મ જ ઇશ્વર પ્રાપ્તિ કરવા માટે છે. એટલે જ દરેક માનવે નવા વર્ષની શરૂઆત કરતાં પહેલાં ભગવાન પાસે લક્ષ્મી નહીં વિશુધ્ધ બુધ્ધિ અને તેજસ્વી જીવન માગવું જોઇએ.

દિપાવલીના શુભ આગમનના ભણકારા નવરાત્રિ આવે છે ને વાગવા માંડે છે નવરાત્રિની શરૂઆતથી જ શુભ મંગલની શરૂઆત થાય છે. આંગણામાં સાથિયાની શરૂઆત સાથે ગરબાની રમઝટ જામે છે, ઉત્સવ પ્રિય ઘેલી બેનો ગરબો કોરાવે છે. તે ગરબામાં દિવો પ્રગટાવી અનન્ય ભાવે માની

પૂજા આરતી કરે છે. ત્યારે મન ને આત્મા કોઇ અનેરો આનંદ અનુભવે છે. પણ એનો સાચો સુક્ષ્મ અર્થ સમજવા જેવો છે.

આપણે ક્રિયાકાંડ કરીએ છીએ પૂજા–આરતી કરીએ છીએ એની જોડે દીવો પણ પ્રગટાવીએ છીએ પણ એ દીપ જ્ઞાનના પ્રકાશનું પ્રતિક છે એ જ્ઞાનની જ્યોતને અખંડ ઝળહળતી રાખવી જોઇએ ઘટ દીપ એ સાધ્ય સુધી પહોચવાનાં સાધન છે. પૂજા એ જીવનનું જરૂરી અંગ તો છે જ પણ ફક્ત બાહ્ય રીતે એને જોવાને બદલે એની પાછળનું જો સાચું હાર્દ સમજીએ તો ખુબ આનંદ આવે.

જે આદ્યશક્તિ માએ અસુરોનો સંહાર કર્યો તે અસુરો એટલે આપણા મનના અસુરો. આપણા કનિષ્ટ વિચારો રાગ દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે બિનજરુરી તત્વોને જો મનમાંથી દૂર કરીએ એના પર વિજયી બનવા પ્રયત્ન કરીએ તો સાચા અર્થમાં મા આદ્યશક્તિની પૂજા થઈ ગણાય તેવુ જ દિવાળીના પર્વનુ પણ છે. દિવાળીનો શુભ દિવસ વાઘ બારસથી શરુ થાય

એ પહેલાં બહેનો ઘરનાં જાળાં બાવાંને ખંખેરીને દુર કરે છે અને ઘરને ચોખ્ખુ બનાવે છે. આ જાળાં એટલે મનનાં જાળાં મનની ગુચ મન અને આત્માને ફરતે આપણે કેટલી બધી ગુંચો આવરણો ઊભાં કર્યાં છે ? એને આપણે સતત સત્સંગ દ્વારા દૂર કરીએ ત્યારે સાચી દિવાળી ઊજવી કહેવાય ઉત્તર હિંદની માન્યતા મુજબ ચૌદ વર્ષનો વનવાસ ભોગવી શ્રીરામ પોતાના વતન અયોધ્યા પાછા ફર્યા. તે દિવસને લોકો દિવાળી કહે છે. તે દિવસે રામના આગમનથી સહુ આનંદમાં આવીને ઘેર ઘેર દીવા કરી ફટાકડા વગેરે દારૂખાનુ ફોડીને મન મનાવે છે તેથી આજે પણ લોકો ફટાકડા ફોડે છે અને બીજે દિવસે રામે એના વહાલી પ્રજાને મળવા માટે ગયા તે દિવસને બેસતુ વર્ષ કહે છે. આજે પણ બેસતા વર્ષને દિવસે લોકો એકબીજાને આનંદથી ભેટે છે.

આવા મંગલ પર્વો જ્ઞાનનો પ્રકાશ-દીપ પેટાવે છે. એ પર્વોમાં અંધશ્રદ્ધા અજ્ઞાનતાનું જાળુ દૂર કરી જ્ઞાનનો દીવો પેટાવી સતત જલતો રાખીએ તો દિલનું મંદિર અનેક દીપોથી ઝગમગી ઊઠશે.

realpatidar.com

આજનો ગ્રેજ્યુએટ અને નોકરી *

અમિત નાનપણથી ખૂબ જ તેજસ્વી છોકરો હતો. શાળામાં તે દરેક ધોરણમાં પ્રથમ નંબરે જ પાસ થતો. આથી તે બધા જ શિક્ષકોનો પ્રિય વિદ્યાર્થી હતો. પ્રમાણિકતા, નિયમિતતા, નમ્રતા જેવા ગુણો તેને બચપણથી જ મળેલા હતા. તે મહેનતુ અને વિનયશીલ હતો.

દસ વર્ષની ઉંમરે અમિતે તેના પિતાની પ્રેમાળ છત્રછાયા ગુમાવી કુટુંબમાં તેના મા સિવાય બીજુ કોઇ જ નહોતુ તેમની આર્થિક સ્થિતિ અત્યંત નબળી હતી થોડીક જમીન હતી તેના પર તેમનુ કુટુંબ જીવન નિર્વાહ કરતુ હતું. અમિત ભણવામાં હોંશિયાર હોવાથી તેને આગળ ભણવાની તમન્ના હતી. સામાન્ય રીતે દરેક મા-બાપની એવી ઇચ્છા હોય છે કે પોતાનો દિકરો ભણીગણીને સારી નોકરીએ ચઢી જાય એવી જ ઇચ્છા અમિતની માની પણ હતી તેથા તેણીએ સખત મહેનત મજુરી કરી અમિતને અભ્યાસ કરાવ્યો અમિત હોંશિયાર હોવાથી તેને શિષ્ય-વૃત્તિઓ પણ મળતી તેથી તે બી કોમ ગ્રેજ્યુએટ થઇ ગયો પરંતુ એટલુ જ નહિ તેણે ફર્સ્ટ કલાસ મેળવ્યો. તેની માને હવે તેનું સ્વપ્ન સાકાર થતું લાગ્યુ તેથી તેણીના આનંદનો તો પાર જ નહોતો

અભ્યાસ પૂરો થઈ ગયા બાદ અમિતે ઘણી જગ્યાએ નોકરી માટે અરજીઓ કરી દરેક જગ્યાએથી અમિતને નોકરી માટેના ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવતો પરંતુ અત્યારે દરેક જગ્યાએ ચાલી રહ્યું છે તેમ અમિત પાસેથી લાગવગ તેમજ ડોનેશનની માગણી કરવામાં આવતી આ બધુ અમિત માટે અશક્ય હોવાથી તેને દરેક જગ્યાએ નોકરીથી વંચિત રહેવું પડતું તે દરરોજ સવારે શહેરમાં નોકરીની શોધ માટે જતો પરતુ તેને ક્યાંય યોગ્ય નોકરીની મળતી નહોતી દરરોજ સવારે નવી આશા સાથે તેની મા તેના દીકરાને શહેરમાં નોકરીની શોધ માટે મોકલતી અને આખો દિવસ પોતાના પુત્રને સારી નોકરી મળી જાય તેવી પ્રાર્થના કરી પરંતુ સાંજે તેની આશા હંમેશની જેમ નિરાશામા જ પરિણમતી અભ્યાસ માટે ગામના શેઠ પાસેથી થોડાક રૂપિયા ઉછીના લીધા હતા. તેથી હવે દરરોજ કડક ઉઘરાણી કરતો હતો. અમિતને શુ કરવુ તેની સુજ પડતી નહોતી અરે એક દિવસ કંટાળીને જીંદગીનો અંત આણવાનો વિચાર કર્યો. પરંતુ તેને તેની માની યાદ આવતાં

તેમ કરતાં અટકી ગયો. આ છે આપણા ડીગ્રીઓ મેળવી બેકાર રખડતા યુવાનોની લાચારી આપણી શિક્ષણ પ્રથા જ એવી છે કે દર વર્ષે કેટલાય ગ્રેજ્યુએટ બહાર પાડે છે પરંતુ તેમની રોજગારી માટે કોઇ તક આપી શકતી નથી.

એક દિવસ અમિત રેલ્વે સ્ટેશન પર ફરતો હતો. ત્યારે કુલીઓને જોયા કે જેઓ લોકોનો માલસામાન ઉચકીને તેમાંથી મળતી મજુરી દ્વારા પોતાનું ગુજરાન ચલાવતા હતા. અમિતના મનમાં પણ કુલીનું કામ કરવાનો વિચાર ચમક્યો કારણ કે તે સિવાય બીજો કોઇ ઉપાય નહોતો તેણે તરતજ રેલ્વે સ્ટેશનમાં કુલી તરીકે પોતાનું નામ લખાવી લીધું.

અમિત મહેનતુ અને પ્રામાણિક કુલી તરીકે જાણીતો થઇ ગયો. કારણ કે તે હંમેશાં વ્યાજબી મજુરી જ લેતો તેથી પેસેન્જરો પણ હંમેશાં અમિતને જ કામ આપતા આથી અમિત સાંજ પડતાં સારી એવી કમાણી કરી લેતો નવરાશના સમયમાં તે દરરોજ અંગ્રેજી પેપર ખરીદીને એક જગ્યાએ બેસી શાંતિથી તેનુ વાંચન કરતો.

એક દિવસ રેલ્વે સ્ટેશને માસ્તર ફરતા ફરતા અમિત પાસે આવી પહોંચ્યા તેમણે જોયું તો કુલી તરીકે કામ કરતો અમિત અંગ્રેજી પેપર વાંચતો હતો. આ જોઇને તેમને ખૂબજ નવાઇ લાગી કારણ કે એક સામાન્ય કુલી તરીકે નોકરી કરતો માણસ અંગ્રેજી પેપર વાંચે છે. ! તેમણે તરત જ અમિતને પાસે બોલાવ્યો. અમિતને બધી હકીકત પુછી અમિતે પોતાની સમગ્ર હકીકત વિનમ્ર ભાવે કહી સંભળાવી. આ હકીકત સાંભળી સ્ટેશન માસ્તર ગળગળા થઈ ગયા તેમનામાં રહેલાં દયા અને માનવતા જાગૃત થયાં. તેમણે તરત જ અમિતને તેમની ઓફિસમાં લઇ જઇ તેના હાથમાં રેલ્વે ગાર્ડ તરીકેની નિમણુકનો ઓર્ડરપત્ર આપ્યો, અમિત સાહેબની લાગણી જોઈને ખુબ લાગણીવશ થઇ ગયો. તેણે તે કાર્ય ખતથી ઉપાડી લીધુ અને તેણે બધા રેલ્વે કર્મચારીઓનાં દલ જીતી લીધાં અમીતનું કાર્ય જોયા પછી રેલ્વે સ્ટેશન માસ્તરને પણ થયુ કે મે જે માણસની નિમણુંક કરી છે તે ખરેખર યોગ્ય જ છે.

— જય યોગેશ્વર —

વહેમ *

સંકલન :- શામજીભાઇ એસ. પટેલ વડેદરા.

વહેમી માન્યતાની બાબતમાં કોઇ દેશ, જાત કે ધર્મ બચી શક્યો નથ. તેમ નથી બચી શક્યો કોઇ સુશિક્ષિત. એમાં કોઇ શહેરી કે ગામડીયાનો પણ ભેદ નથી. તેમ નથી સ્ત્રી કે પુરૂષનો ભેદ. દુનિયાના મોટા ભાગના લોકો આ દર્દથી પીડાય છે. કેટલાક સમજે છે છતાં શરમાંશરમી પીડાય છે. કેટલીક બાબતમાં તો અભણ ગામડીયા કરતાં બુદ્ધિશાળી શહેરી વધારે વહેમી હોય છે. એકંદરે વહેમો વડિલો તરફથી વારસામાં મળેલા હોય છે.

આટલી બધી વિજ્ઞાનની આગેકુચ છતાં વહેમોની બાબતમાં ફરક પડયો નથી. એકંદરે પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે વહેમી હોય છે. અને તે શુકન અપશુકનમાં વધારે માને છે.

ગુજરાતી હિન્દુ સ્રીઓ વહેમોમાં ડુબેલી હોય એથી દુઃખી કે નિરાશ થવાની જરૂર નથી. વહેમ દરેક દેશમાં અને દરેક વર્ગમાં કામ કરે છે. બહુ ઓછા બુધ્ધિશાળી વહેમથી સંપૂર્ણ પર છે ૯૦ ટકા લોકો શુભ મુહૂર્તે શુભ ચોગડીએ શુભ દીવસે જ્યોતીષિઓના માર્ગદર્શન પ્રમાણે મહત્વના નિર્ણયો લેવામાં માને છે.

મુંબઈમાં એક મહિલા ડોકટર હર્વિંદા પંડિતે કેટલાંક તારણ કાઢયા છે. તેમાં શિક્ષિત અને નોકરીયાત વર્ગની મહિલામા ૮૫ થી ૯૫ ટકા શુકન અપ-શુકનમાં માને છે જ્યારે મહીલા ડોકટરો વકીલો કે આધ્યાપિકાઓમાં આનુ પ્રમાણ ૫૦ થી ૭૦ ટકા છે. અને વૈજ્ઞાનિક મહિલાઓમાં ૩૫ ટકા છે જ્યારે લેખીકાઓ જ ૩૦ ટકા જેટલી જ શુકન અપશુકનમાં માને છે.

ડો. હર્વિંદા બહેનને કુતુહલ ઉપજ્યુ છે કે આ આધુનિક યુગની અસર હજી શુકન અપશુકન જેવા વહેમની બાબતમાં કેમ નહી હોય ?

સૂર્ય અને ચંદ્રના ગ્રહણને વિશે સંપૂર્ણ વૈજ્ઞાનિક માહિતી પ્રચલિત હોવા છતાં લોકોનો ખાસો મોટો વર્ગ ગ્રહણના સમયને અનિષ્ટ ગણે છે. રૂઢિગત માન્યતા મોટા ભાગની બહેનોમાં વધારે પ્રચલિત છે.

વહેમો કેવી રીતે માનવીના મગજમાં દાખલ થાય છે ? ધર્મિક માન્યતાથી બાળપણના સંસ્કારથી અને વડીલોના અનુકરણથી ગુરસે વહેમને કાઢવો મુશ્કેલ છે.

વહેમોની આમને જગતમાં કાંઇ ઓછી ખાના ખરાબી કરી નથી. કંઇક નિર્દોષ અને માસુમ બાળકોના ભોગ લીધા છે. એટલું જ નહીં પણ ઘણી નિર્દોષ મહિલાઓને ડેણ-ડાકણ માની તેના ઘર સંસારને ધૂળધાણી કરી નાખે છે તેમ તેને જાનથી મારી કે મરાવી નાખવા સુધીના દાખલા બને છે. આ વાત આટલેથી ન અટકતા તેને વારસાગત માની ભાવિ પેઢીને પણ સુખે જીવવા દેતા નથી.

આવા ખતરનાક વહેમના રોગને નાથવાની આજ દીવસ સુધી કોઇએ કોશીષ કરી નથી. જ્યોતિષો અને ભુવાઓએ તો વહેમને મજબુત કર્યો છે. ધર્મગુરૂઓજ આ કાર્ય કરી શકે તેમ છે. પરંતુ તે પણ શકય નથી. કારણકે પોતે જ એ રોગથી મુક્ત નથી તો બીજાને મુક્ત શી રીતે કરી શકે! તેઓ પોતાનું હિત શેમાં છે તેજ જુએ છે. મુઠીભર વૈજ્ઞાનિકો આ રૂઢિચુસ્તોના ધાડાને શી રીતે સમજાવી શકે! સંત કબીર દાદા મેકણ કે સ્વામિ દયાનંદ જેવા નીડર પુરુષોએ આવા ખોટા વહેમોની વિરૂદ્ધમાં ખરો બોમ આપ્યો છે. છતાં ૯૦ ટકા લોકો ઓછા વત્તા પ્રમાણમાં વહેમના રોગથી પીડાય છે.

દિશા શૂળ, શુકન અપશુકન ચોઘડીઆ, મુહૂર્ત વાર તહેવાર ભુતપ્રેત વળગાડ, જંતર મંતર, દોરા ધાગા વગેરે. આ બધા વહેમોનું ઉત્પત્તિસ્થાન છે. અને તેને પ્રોત્સાહન આપવા જ્યોતિષો, ભુવાઓ વગેરે પોતાની આજીવીકા કરી બેઠા છે. આવો વર્ગ પણ જગતમાં નાનોસુનો નથી.

ખરેખર વહેમ એ માનવીના મનની નબળાઇ છે. સમાજના ચલતા ફરતા લોકો માનવીની અજ્ઞાનતા, ભોળપણ અને અંધશ્રધ્ધાનો લાભ ઉઠાવે છે. ચમત્કારો કે મેલી વિદ્યાની બાહોશ વાતો કરી વહેમને મજબુત કરે છે. ભયનું વાતાવરણ ફેલાવી આર્થિક લાભ ઉઠાવે છે.

ભુત પ્રેત, ગ્રહો, નક્ષત્રો વગેરે માનવીનુ કંઇ જ બગાડી શકે નહી. કારણ કે તે જડ છે. માનવી એ ચેતનવંતો છે એણે જડ વસ્તુનો ડર રાખવો જોઇએ નહી.

માનવીએ વહેમના રોગથી મુક્ત થવા માટે એક ઇશ્વર ઉપર અટલ શ્રધ્ધા રાખી ભય અને પ્રલોભનો છોડી પોતાના કર્મ ઉપર જ આધારિત રહેવું જોઇએ. મહેનત વગરનું મેળવવાનો લોભ છોડી દેવો જોઇએ



વિવેક વિનાની આંખો *

સંપાદક :- પુષ્પાબેન હરીભાઇ પટેલ ટીંબાકમ્પા

એક સમી સાંજે વૃધ્ધા બહારથી કંઇક ખરીદી લાવી લાકડીને ટેકે પોતના ઘર તરફ પાછી ફરી રહી હતી શિયળા ના દિવસે હતા અંધારું થતાં વાર ન લાગી ડેશીમાએ પોતાની ચાલમાં ઝડપ વધારવા પ્રયત્ન કર્યો તેમ કરતાં તેના હાથમાંથી ખરીદેલા વસ્તુ નીચે પડી ગઇ તે અંધારામાં આમતેમ ફાંફાં મારવા લાગી રસ્તા પરથી પસાર થતા એક યુવકનું ધ્યાન ડોશીમા તરફ ખેંચાયુ અને સહાનુભૂતિથી પ્રેરઇને તેણે પૂછ્યું "મા શુ શોધો છો" ? બેટા મારી સોય આટલામાં કયાંક પડી ગઇ છે 'તે અહી અંધારામાં થોડી જડવાની' પેલા અજવાળામાં શોધી જુઓ

યુવક માજીને અજવાળામાં લઇ ગયો અને થોડીવારમાં ત્યાંથા જતો રહયો. માજી ફાંફાં મારતાં રહયાં કોઇ પ્રૌઢ અને પીઢ ઉમરના રાહગીરે પુછ્યું "દિકરી સોય ખોવાઇ ગઈ છે" "કયા ખોવાઇ તે ખબર છે" "કયાંક અંધારામાં પડી ગઇ છે" "તો પછી અજવાળામાં કેમ શોધો છો" "શું કરું ? તારા જેવા કોઇક મને મોકલો" "નહી માજી" ત્યારે શોધવી જોઇએ"

એક કહે અંધારામાં શોધો બીજા કહે અજવાળામાં શોધો. મારે શું કરવું ?

માજી ત્યારે એમ કરો અંધારામા અજવાળું કરી શોધો માજીને આ સલાહ ગમી ગઇ ને ખોવાઇ ગયેલી સોય જડી ગઇ.

" જેની પાસે વિવિકની આંખો નથી તેને માટે અંધારુંને અજવાળું બન્ને સરખું છે.

ઘરમાં સેવા *

રણછોડદાસ એમ. પટેલ મુ. રામપુરા કંપા (તખતગઢ)

સેવાની શરૂઆત ઘરમાંથી જ કરીએ વૃદ્ધ માતા પિતાની સેવા કરવી એ સંતાનનો પ્રથમ ધર્મ છે.

માતા-પિતા આ પૃથ્વી પરનાં સાક્ષાત દેવ છે. એમની સેવા જે ન કરે તે !! સેવા કોઇપણ દેવ સ્વીકારતા નથી માતા પિતની સેવા જે ન કરે તે પરમાત્માને ગમતી નથ ; તેની ભકિત સફળ થતી નથી.

ઘરનાં સૌ કોઇમાં ઇશ્વર ભાવ રાખીને તેમની સેવા કરીએ. સૌની સેવા કરજે કોઇની સેવા લેશો નહિ

ઘરના નોકરમાં પણ ઇશ્વર ભાવ રાખીએ. એની ભૂલ થાય તો વિવેકથી ઠપકો આપીએ અણછાજતો ક્રોધ ન કરીએ ઘરનાં બધા જે ખાય તે નોકરને પણ આપીએ

ઘરનાં સૌને-નોકર સુધ્ધાં ને જમાડીને ઘરમાલિક જમેએ આપણી ભારતીય સંસ્કૃતિ છે.

ઘર આંગણે કોઇ ભિખારી સાધુ સંત મહાત્મા આવે તો તેમને વિવેકથી ભિક્ષા આપીએ કાંઇ આપવાનું ન હોય તો બે હાથ જોડીએ પણ હડધૂત કદિ ન કરીએ.

સંકલ્પ *

વિશ્રામભાઈ નથુભાઈ પટેલ (અણીયારકંપા)

સમગ્ર ભારતભરના ગામડામાં પથરાએલા આપણે સમાજ રોજીરોટી રળવા માટે એક યા બીજા વ્યવસાયમાં પડયો છે. કચ્છ કડવા પાટીદારનો બાપ દાદાનો ધંધો એટલે ખેતી ભારતના પશ્ચિમ ભાગમાં આવેલ નાના ટાપુસમો કચ્છ તેમાં વસતા આપણા સમાજના વડિલો લાંબા સમય સુધી આ દેશની રહેણી કરણી અને રીત રિવાજની તેમજ કેળવણીક્ષેત્રે અજ્ઞાન રહયા કેટલાક વડિલો એ બહાર જઇ રોજી રોટીની શોધ કરી નવી દિશાઓ ખોલી આજે તો આપણા સમાજ માટે ભારત દેશના સિમાડા પણ ટુંકા પડયા અને વિદેશોના દ્વાર ખખડાવી જુદા જુદા ધંધામાં સ્થિર થયા એ આપણા સમગ્ર સમાજ માટે ગૌરવની વાત ગણી શકાય નિષ્ઠા અને સાહસિતાએ સાથ આપતા દરેક ઠેકાણે ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું અન્ય ધંધા રોજગાર માટે કેળવણીના જરૂર જણતાં વડીલોએ પોતાના બાળકો કેળવણીથી વંચિત ન રહે એટલા માટે અથાગ પ્રયત્નો આદર્યા એનાફલ સ્વરૂપે આજે આપણે જોઇ શકીયે છીએ કે જયાં જયા જરૂર જણાઈ ત્યા વિદ્યાર્યો અને વિદ્યાર્થીઓને રહેવા માટે છાત્રાલયો બંધાવ્યા અને હજુપણ જરૂરિયાત વાળા ઠેકાણે તેવી સુવિધા ઉભી કરાઇ રહી છે જે આપણા સમાજ માટે ગૌરવસમી ગણી શકાય.

કેળવણીનો વ્યાપ વધતાં અને તેનું મહત્વ સમજાતાં દરેક વાલીએ પોતાનાં પ્યારા બાળકોને અભ્યાસ કરાવવા કમર કસી ખેદની વાત એ બની કે અભ્યાસ ક્રમ દરમ્યાન દિકરા દિકરીનો ભેદ ભુલાયા માલુમ પડયો નથી. વંશ પરંપરાથી જમાવેલી રૂઢીની પકકડમાં હજુપણ આપણે મને કમને જકડાઇ રહયા છીએ બાળકના જન્મ વખતે પણ દિકરાનો જન્મ થાયતો હર્ષ અનુભવીને પ્રેમથી મિઠાઇ વહેંચીએ છીએ. દિકરીનો જન્મ થાય ત્યારે આપણો ઉત્સાહ ઓસરી જાય છે દિકરા કે દીકરી એ પ્રભુની દેન છે આપણે સૌ એને પ્રભુના પ્રસાદ ગણી તેનો સમજ દારી પુર્વક ઉપભોગ કરવો જોઇએ. ગૃહસ્થાશ્રમનું ગાડું ખેંચવા બન્ને રથ ચક્રની એક સરખા જરૂર છે. અનુભવે સૌને સમજાયુ હસે કે સ્ત્રીના સમજદારી આપણને કેટલી વધુ ઉપયોગી છે જે નીચેના ઉંકતથી જણાશે.

• કાર્યેસુ મંત્રી કર્મેસુદાસી "
" ભોજયે સુમાતા શયને સુ રંભા "

ઘરના કોઈપણ નાના મોટા કામ માટે સ્ત્રી મંત્રની ગરજ સારે છે ઘરકામ માટે સેવકાની જેમ ચત પરે વે છે ભોજન જમાડતી વખતે માતાનો પ્રેમ આપે છે. શયનખંડમાં કલા રંભા અને ઉવશી જેમ પતિનુ એક માત્ર આકર્ષણ બની રહે છે. ઉપરોકત અનુભવીએ ઉચ્ચારેલ શબ્દ વાકય આપણને ઘણું ઘણુ કહી જાય છે. તે આટલી જવાબદારી જેના શિરે રહેતી એ તેના હરેક પ્રકારના ઉછેર માટે આંખ મિચામણાં કરી શકાય ખરાં ?

આપણા સમાજ સ્તરે કેળવણી વિશે દ્રષ્ટિપતિ કરીશું તો આપણને જુદા જુદા અનુભવો થયા વગર રહેશે નહિં કન્યા કેળવણી ક્ષેત્રે ડોકીયુ કરશું તો જબલપુર નંબર પહેલો લઈ જાય તેમ લાગે છે, ત્યાં રહેતી અને ભણતી એક એક બાળા કોલેજનાં અચુક પગથીયાં ચડે છે. અને બી. એ. કે. બી. કોમ સુધીનો અભ્યાસ મોટા ભાગની દિકરીઓ કરે છે જે આપણા સમાજ માટે ગૌરવની વાત ગણી શકાય અને આપણે સૌ પણ તેમાથી પ્રેરણા લઈ આજે નુતન વર્ષે શુભ સંકલ્પ કરી દિકરા દીકરી પ્રત્યેના ભેદ મીટાવી તેને સમકક્ષ જ્ઞાન અપાવીએ. કન્યા કેળવણી માટે ઉજળુ પાસુ જોયુ તેમ નબળું પાસુ હોય તો છે કચ્છમ રહેતા આપણા સમાજમાં કન્યા કેળવણી માટે જોઈએ તેટલી જાગૃતી આવેલ જણાતી નથી કેળવણીનુ રેઢીયાળ તંત્ર અને માતા પિતાના બેપરવાઈ જવાબદાર ગણી શકાય હવે કચ્છમાં પણ કેટલેક ઠેકાણે કેળવણી માટેના સાધનો ઉપલબ્ધ થતાં જાય છે. તેનો વાલીઓ પોતાના હીતમાં બાળકો માટે પુરતો ઉપયોગ કરે એવી નમ્ર પ્રાર્થના અનુભવીએ તો ત્યાં સુધી કહ્યું છે કે એક માતા સો શીક્ષકની ગરજ સારે છે. વીચાર કરીશુ તો એ કેટલુ યથાર્થ છે. કારણ બાળક પ્રથમ જ માતાનો ખોળો ખુદાને મેહું થાય છે. એટલુ જ નહીં શાસ્ત્રો એ તો એટલે સુધી સાક્ષી પુરી છે કે ગર્ભમાં પડેલા સંસ્કાર કેટલા ઉપયોગી થાય છે. જેનો પ્રત્યક્ષ દાખલો અભિમન્યુ, પ્રહલાદ અને અષ્ટાવક્ર છે. ઇશ્વર સૌને સદ્બુધ્ધિ આપે અને પ્રેરણા આપે એ અભિલાષ સાથે વિરમુ છું

સમાજના સૌ ભાઈ બહેનોને

નૂતન વર્ષાભિનંદન

હાસ્ય અને રુદન *

અર્ચનાબેન વાડીલાલ પટેલ ધનસુરા

હાસ્ય અને રુદન જિંદગીની આ બે બે જુએથી કોણ પરિચિત નહીં હોય ? બાળક જન્મ પામે છે. ત્યારે રડે છે પણ સ્વજનો તેના આગમનને સ્વીકારે છે એ જ બાળક જગતમાંથી વીદાય લે છે ત્યારે એ ત્યકત હસે છે કે રડે છે તે આપણે જાણતા નથી પણ એનાં સ્નેહીજનો તો રડે જ છે

રુદન અને હાસ્યને આપણા મન સાથે સબંધ છે મનની મર્યાદા અને વિસ્તારથી આપણે સૌ પરિચત છીએ. અને નથી કારણ કે કેટલીક વાર તો આપણે જાણીએ છીએ કે રડવાનો કશો અર્થ નથી છતાં રડી પડાય છે કારણ અકારણ રડનારાઓની પણ આ જગતમાં ખોટ નથી વિવેકી માણસ જ લાગણીની સમતુલા જાળવી શકે છે.

કેટલાક માણસો આંસુ પડતા નથી. એમનુ હ્રદય રડે છે કેટલાક પોતના માટે તો કેટલાક બીજાના માટે રડે છે બીજાનું દુઃખ જોઇ રડનારા માણસો ન હોત તો આ જગત જીવવા જેવું જ રહ્યું ન હોત ! ઘણાને રડતાં નથી આવડતુ કારણ કે તેઓ કેટલાક ક્ષુલ્લક કારણો માટે આંસુ સારે છે

તેવું જ હાસ્યનું છે કારણ-અકારણ હસવુ એ જુદી વાત છે અને જીવનને સદાય હસતુ રાખવુ એ જુદી વાત છે. કેટલાક માણસો સદાય તમને હસતા દેખાશે સ્મીતની ભાષા તેમણે શીખી લીધી છે દુખને હાસ્યમાં તેઓ પલટાવી નાખે છે તેઓ હાસ્યની લીપીને જ ઓળખે છે અને તેમાંય જેઓ અન્યના દુઃખ માટે રડી શકે છે અને પોતાના દુઃખ પર હસી શકે છે. તે સારા તત્વજ્ઞ છે.

આપણે હસવુ છે. બીજાનુ દુઃખ જોઇને પણ આપણને રડવુ છે. પોતનુ દુખ જોઇને જે માણસ રુદનનુ રહસ્ય જાણી લે છે. અને હાસ્યમતી કલા માણી લે છે તે માણસને માટે જીવન જરાય જટીલ નથી. હાસ્ય અને રુદન બંનેનો અતીરેક અપણી જીવનગતીને રૂંધે છે.


જન્મ ઉત્સવ છે તો મૃત્યુ મહોત્સવ છે જીદગીનો એ ક્રમ છે સુખ દુખ એની ઘટમાળ છે આ વાત આપણે સ્વીકારીએ અને બીજાનુ કષ્ટ જોઈ માત્ર રડીએ જ નહી પણ તેને હસવામાં મદદરૂપ બનીએ અને આપણા સુખમાં હસીએ ત્યારે અન્યને પણ એ આનંદમાં નોતરીએ તો મનને મહેકતુ કરવાનુ સરળ છે. જીવનને સુખથી રંગવાનુ સહજ છે અને તો પછી જીદગી જીતયેલી જ છે.

તહેવારો ની તકરાર *

વસંત કાન્તિલાલ પટેલ કશીપુરા કંપા (હિંમતનગર)
બી. કોમ.

એક સમે તહેવારો સઘળા, સાથે આવી મળિયા,
"હું છું સૌથી મોટો" કહેતા, માંહે માંહે લડીયા...
નવુ વરસ કહે, તહેવારોમાં, સૌથી આગળ ચાલું
'સાલ મુબારક,' અભિનંદનો ઝીલતું હું તો મ્હાલું"...
ભાઇબીજ ત્યાં બોલી એવું, "મુજ મહિમા છે મોટો,
ભાઇબહેનનાં હેત વધારું, નહિ જગતમાં જોટો"...
"ઊડે પતંગો રંગરંગના" બોલી ત્યાં ઉત્તરાયણ,
પેચ લડાતા ઢીલ-ખેંચના રેલે રસની લ્હાણ...
હોળી બોલી લાડવાયી હું છું સૌની કેવી ?
રંગ-ગુલાલે રંગી નાચી મજા અનેરી લેવી"...
બળેવ કહેતી બેન બ્રાહ્મણો મુજ મહિમા પિછાણે
પ્રેમ ભર્યા રક્ષાબંધનથી આનંદ ઉરમાં આણે...
ત્યાં તો બોલી જન્મ અષ્ટમી "કૃષ્ણ જન્મ હુ દેતી,
મેળો ઉત્સવ મંદિર માંહે, ખુશ કરી હું રહેતી"...
"નવરાત્રીએ કીધું એવું બહેનોને હુ વહાલી.
ગરબા કેરી નવ નવ રાતો, રમઝટ રહેતી ચાલી"...
કહે દિવાળી "ભૂલો મને ક્યાં ? ભલે પર્વમાં છેલ્લી,
દારૂખાનું દીપ મીઠાઈ થકી રહે રસ રેલી"...
"લડતા સર્વે ઇશ્વર પાસે, કહેતા જોડી હાથ
સૌથી મોટું કોણ અમોને કહો જગતના નાથ"...
"વદે પ્રભુ ત્યાં સરખાં સરવે નહિં કો મોટું નાનું
અવનીનો આનંદ વધારો, લડવાનુ ત્યાં શાનું" ?...

જય યોગેશ્વર



પ્રગતિયુગ ?

ડૉ. હરિલાલ પી. પટેલ   વાત્રક હૉસ્પીટલ

- જે યુગમાં અર્થવાદના ભયંકર નાદમાં માનવી પોતાના આત્માનો મૃદુ મધુર મંગળધ્વનિ સાંભળી ન શકે એ યુગને 'પ્રગતિયુગ' કેમ કહેવાય ?
- જે યુગમાં હૈયે એક અને હોઠે બીજું હોય એને પ્રગતિયુગ કેમ કહેવાય ?
- જે યુગમાં આચાર કરતાં વિચારને વધુ મહત્વ અપાતું હોય એ યુગને 'પ્રગતિયુગ' કેમ કહેવાય ?
- જે યુગમાં પૈસો 'સાધન' ને બદલે 'સાધ્ય' બની ગયો હોય એ યુગને 'પ્રગતિયુગ' કેમ કહેવાય ?
- જે યુગમાં સાદાઇને તિલાંજલિ આપીને માનવી હદ બહારની કપડાંની ટાપટીપથી 'પ્રભુકૃત' માણસને બદલે 'દરજીકૃત' માનવી લાગતો હોય એ યુગને પ્રગતિયુગ કેમ કહેવાય ?
- જે યુગમાં સારા નરસા વચ્ચે બહુ ભેદ ન રહ્યો હોય એ યુગને પ્રગતિયુગ કેમ કહેવાય ?
- જે યુગમાં પોતાના માનસિક વિકાસ માટે યોગ્ય માનસિક ખોરાક શોધવાની પણ માનવીને ફુરસદ ન હોય એ યુગને પ્રગતિયુગ કેમ કહેવાય ?
- જે યુગમાં મૂંગી સાધના કરનારને કોઇ પૂછે નહિ અને પોથો પ્રચાર કરનારને પ્રજા આંખમાને ચડાવી દે એ યુગને પ્રગતિયુગ કેમ કહેવાય ?
- જે યુગમાં કલા, સાહિત્ય અને પત્રકારત્વ 'ધંધો' બની ગયાં હોયએ યુગને પ્રગતિયુગ કેમ કહેવાય !
- જે યુગમાં કોઇપણ વસ્તુ ભેળસેળ વિનાની ન મળે એ યુગને પ્રગતિયુગ કેમ કહેવાય !
- જે યુગમાં કાળાં બજારની અને અપ્રામાણિકતાની બોલબાલા હોયએ યુગને પ્રગતિયુગ કેમ કહેવાય !
- જે યુગમાં હલકી કોટિનાં પુસ્તકો સામયિકો, નાટકો અને બોલપટોને પ્રજા ઉમળકાભેર વધાવતી હોય એ યુગને પ્રગતિયુગ કેમ કહેવાય ?
- જે યુગમાં પ્રચાર અને અતિરેકનાં દૂષણો ફૂલીફાલી રહયાં હોય એ યુગને પ્રગતિયુગ કેમ કહેવાય !

ગુજરાતમાં વસતા કડવા પાટીદારો (કુર્મી ક્ષત્રિયો) ની બાવન શાખાઓનાં અસલ સ્થાનો પંજાબ અને ઉત્તર હિન્દુસ્તાનમા છે જે નીચેની હકિકતો થી જણાઈ આવે છે.

અ.નં.	શાખ	ગામ	ઠેકાણું
૧	રૂસાત	રોહતાગઢ	જેલમનદીપર
૨	માંડલોત	માંડલેહ	મેવાડની ઉત્તરે
૩	ભેમાત	ભામ	હોશિયાર પુર પાસે
૪	મુંઝાત	મુંઝા	ગુજરાનવાલા પાસે
૫	ડાકોતર	"	"
૬	વિજાયત	વજીરપુરા	જી. આગ્રા
૭	ગામી	ગંબાર	માઉન્ટ ગોમેરી પાસે
૮	ગોઠી	ગોઠ	શરીફપુર પાસે
૯	ફોક	ફુંક	લારખાના પાસે
૧૦	મોખાત	"	"
૧૧	અમૃતિયા	અમૃતસર	પંજાબ
૧૨	ટિલાત	ટિલાયુ	શાહબાદ પાસે
૧૩	મુંગલા	મંગલપુરા	લાહોર પાસે
૧૪	ભૂત	ભૂતના	લુધીયાના પાસે
૧૫	કડવાતર	"	" "
૧૬	પહાણુ	પાન	ગોંડા બલરામપુર પાસે
૧૭	ભુવા	ભોવા	લાહોર પાસે
૧૮	ચેંચાટ	"	"
૧૯	જુવાતર	જુવા	ઇટાવા પાસે
૨૦	સોરઠા	સોનથા	પુસ્તીઅલ પાસે
૨૧	લારી	લાર	ગોરખપુર પાસે
૨૨	લાકોડા	લાખોદર	લાહોર પાસે
૨૩	ગોગડા	ગોધા	ભાવલપુર પાસે
૨૪	સાકરીયા	"	"

અ નં.	શાખ	ગામ	ઠેકાણું
૨૫	મજીઠીયા	મજીઠમંડી	અમૃતસર પાસે
૨૬	મનવર	,,	,,
૨૭	કતવર	કાતના	મથુરા પાસે
૨૮	દાણી	દાણાવલ	જલંધર પાસે
૨૯	ચેણીયા	,,	,,
૩૦	ચપલા	ચપલ	મહુ પાસે
૩૧	કરણીયા	કર	મેદનીપુર પાસે
૩૨	હોતી	હોતી	પેશાવર પાસે
૩૩	ચપેલોયા	,,	,,
૩૪	શેઠીયા	,,	,,
૩૫	લહુંઓટ	લાહોર	પંજાબ
૩૬	કલારા	કાલ	જેલમ ઉપર
૩૭	કાળપુછા	કાળ ાવા	લુધીયાના પાસે
૩૮	વગદા	,,	,,
૩૯	ગોદાળ	ગોન્દા	અલીગઢ પાસે
૪૦	ચીરવી	,,	,,
૪૧	A ભક્કા	ભક્કા	ગોપાળ ગંજ પાસે
૪૨	B ભકકા	,,	,,
૪૩	ઢાન ટોડવા	ઢાનાપુર	ગોંડા બલરામપુર પાસે
૪૪	ઢાંકુણીઆ	,,	,, ,, ,,
૪૫	કરણાવત	કરંડા	ધાસીપુર પાસે
૪૬	ઘોળ	ઘોળ	મુજફુર પાસે
૪૭	દેરાણી	,,	,, ,,
૪૮	ઢેકાણ	દેપાલ	ફરીદપુર પાસે
૪૯	પોકાર	,,	,,
૫૦	ચોપડા	,,	,, ,,
૫૧	કોદાળ	,,	,, ,,
૫૨	માંડવીઆ	માંડી	પંજાબમાં

આ સિવાય પાછળથી જે ૪૨ કુટુંબો માળવા તરફથી સિધ્ધરાજના સમય

માં આવેલાં છે.

શ્રી ઉમીયા માતાજીનું સંસ્થાન ઇ. ૧૫૬માં સંવત ૨૧૬ દેસાઈ પટેલના પુર્વજ વ્રજપાલજીના વખતમાં બંધાવેલ કુર્મી સંસ્થાઓએ તે હાલમાં ઉંઝા (ઉત્તર ગુજરાતમાં) આવેલું છે.

કચ્છમાં કણબીનો વિસ્તાર

કુર્મી ક્ષત્રિયો પોતાના અસલ સ્થાનમાંથી ગુજરાતમા આવીને વસ્યા તે આગળના પાના પરથી જાણ્યું. પરંતુ ગુજરાતમાંથી કેટલોક ભાગ કચ્છ દેશમાં કેવી રીતે અને ક્યારે ગયો તે નીચેની હકીકત પરથી જાણી શકાશે

ઇ. સ. ૧૪૪૯ની સાલમાં ઈમામ-શાહ નામનો એક સૈયદ ઇરાનથી આવી હિન્દમા મુસાફરી કરતો કરતો ગુજરાત-માં આવ્યો અને ગુજરાતના પાટનગર ગણાતા અમદાવાદ નજીક ગીરમથા ગામની સીમમાં મુકામ કરીને રહયો. એ અરસામાં ત્રણેક વરસથી વરસાદ નહીં વરસેલો હોવાથી તેને ફકીર જાણી સૌ કણબીઓ પુછવા લાગ્યા. એ ફકીરના કહેવા પ્રમાણે ખરેખર વરસાદ થયો તેથા લોકોને શ્રદ્ધા બેઠી તેથા શ્રદ્ધાળુ લોકોએ તેની ઇચ્છાનુસાર ઝુંપડી બાંધી આપી તેનો અજ્ઞાની લોકોમાં સારો પ્રભાવ હતો જ.

એ અરસામાં અમદાવાદનો સુલતાન મહમદ બીજો (ઇ. સ. ૧૪૫૧) ગીર-મથા ગામની નજીકમાં શિકાર કરવા આવેલા તે ત્યાં આવી ચડયો સુલતાનને પણ અજાયબ થવા જેવો પરચો બતા-વ્યો તેથા તેણે પોતાની શાહજાદી તેને પરણાવી ત્યારપછી ઇમામશાહની મહાત્મા તરીકે ખ્યાતિ વધવા લાગી એજ દિવસોમા કાશી તરફથી યાત્રા કરી પાછા વળતાં સુરત અને નવસારી બાજુ-નાં ગામડાંઓના કેટલાક લેહુઆ કણબી-નો ત્યાં (ગીરમથે) મુકામ થયો. તેઓ-ને પણ પીર ઇમામશાહે પરચો બતાવ્યો તેથી તેઓ તેમના શિષ્યો થયા. આ રીતે દિન પ્રતિદિન તેને માનનારાઓની સંખ્યા વધવા લાગી, અને નજીક તેમજ દુરના ઘણા લોકો તેના શિષ્યો થવા લાગ્યા એજ પ્રમાણે કચ્છમાં વસવાટ કરી રહેલા કણબીઓના પૂર્વજો પણ ઈમામશાહનો પરચો જોઈ શિષ્યો થયા પરિણામે તેઓને અહીંના અન્ય જ્ઞાતિ-ઓથી વિરુદ્ધ થવું પડયું વિરોધ વધતા તેઓ સૌ કચ્છમાં જઇ વસ્યા જેની સાવિસ્તર હકીકત નીચે પ્રમાણે છે.

માનકૂવા — શાખે વેલાણી: તેમના પુર્વજ પરબત પટેલ ચાંપાનેરમાં પહે-લોઇ કરતા ત્યાં પઢિયાર સાથે વિગ્રહ થવાથી તે ચુંવાળ (વિરમગામ) પાસે છનિયાર ગામે આવી વસ્યા ગીરમથે યાત્રાએ ગયા અને કબીરઉદ્દીનનો ધર્મ

સ્વીકાર્યો પીર ઇમામશાહના હુકમથી સંવત ૧૫૮૦માં વેલો પટેલ તથા નાકર પટેલે વાગડમાં આવી સીકરું ગામ વસાવ્યું ને ત્યાં વેલાસર તળાવ બંધાવ્યું આ બન્ને પટેલ પોતાના સંતાનો એક બીજાને ત્યાં પરણાવીને વેવાઇ થયા. વેલા પટેલના વંશમાં હરભમજી તેનો મેઘજી તેનો સવજી તેના જસાજી અને તેના સંવત ૧૬૮૦માં પાંચ પુત્રો નામે દાતાર, જુજોર અને ભગત વગેરે થયા. તેમાંથી ગોપલના વંશનો વાલો પટેલ સંવત ૧૭૦૨માં માનકુવા આવ્યા ત્યાંના ગરાસિયા સાથે યુદ્ધ થયું તેથી પશ્ચિમ દિશાએ જેસિંહ, વાલો અને ભાણેજ ડોસો મરાણા ત્યાં હાલ પણ તેમના પાળિયા છે. એમનો પરિવાર હાલ આ ગામમાં પટેલાઇ કરે છે.

માનકુવા સાંખે ગોગારી –

આ શાખાના પૂર્વજો અસલ અમદાવાદ પાસે અડાલજમાં રહેતા હતા. ત્યાંથી ઔધા ગયા અને સાતેય ભાઇ જુદા પડી નડિયાદ, ઉમરેઠ, બોરસદ, ડાકોર, ખાલેસર, વસ , ઘટોલા વગેરે ગામે ગયા. તેમનો વંશ ધેધામાં આવી વસ્યો અને ત્યાં અજા પટેલે પીરાણાનો પંથ સ્વીકાર્યો તેથી સીકરે આવ્યા અને ત્યાંથી કેટલાક સમય પછી માનકુવા આવ્યા. હાલ પણ તેમના વંશજો આ સ્થળે પટેલાઇ કરે છે.

માનકુવા-ચોહાણ :– આ શાખાના મુળ પુરૂષ રાયસંગનો ધોળકા તાલુકામાં સાબરમતી નદીના તીરે બરોડા ગામમાં ગરાસ હતો ત્યાં રહેતા હતા. તેમાંના સારંગજીએ પીરાણાનો પંથ સ્વીકાર્યો અને સીકરા ગામે આવી વેલા તથા નાકર પટેલના વંશજો સાથે રહયા

માનકુવા-હળપાણી :– આ શાખાના પૂર્વજો અમદાવાદમાં રહેતા ત્યાંથી બારેજા ગયા અને પીરાણાનો ધર્મ સ્વીકાર્યો એટલે સાંકરે આવી વસ્યા ત્યાંથી માનકુવા આવ્યા અને ત્યાં હાલ ઠાકરાણી, ડોસાણી, ભાદાણી અને સોમાણી એવી ચાર શાખાઓ પરથી ઓળખાય છે.

ભડલી – ઠાકરાણી – આ શાખાના પૂર્વજો અમદાવાદ પાસે બારેજામાં રહેતા હતા ત્યાંથી ગીરમથા ગયા અને પીરાણાનો પંથ સ્વીકાર્યો એટલે સાંકરે આવ્યા, ત્યાંથી કેટલાક વર્ષ બાદ રાજા પટેલ તથા તેમના પુત્ર દેવીસીંહ પટેલ બંને બેરાઇ આવ્યા અને ત્યાંથી સંવત ૧૬૮૨માં ભડલી ગામે આવી વસ્યા બાજા ગોવો પટેલ મુળ અમદાવાદ પાસે વસોઇ ટીંબામાં રહેતા અને પીરાણાનો ધર્મ સ્વીકારવાથી તેઓ પણ સાંકરે આવ્યા ત્યાંથી સંવત ૧૬૯૦માં ભડલી આવીને વસ્યા.

વીરાણી-નાકરાણી :—

આ શાખાના નાકર પટેલના પૂર્વજ

મોમા પટેલ મુળ ઊંઝામાં રહેતા ત્યાંથી મહેમદાવાદ તાલુકાના લક્ષી ગામમાં આવી વસ્યા અને સંવત ૧૬૫૦માં પીરાણાનો ધર્મ સ્વીકાર્યો એટલે સોકરે આવ્યા ત્યાંથી તેમના નાકર સમાણા દાગાનો દિકરો સંગો અને પચાણનો પુત્ર ભીમજી વીરાણી આવી વસ્યા. હાલ તેઓનો પરિવાર તે ગામમાં પટેલાઇ કરે છે.

વિરાણી – દિવાણી :– આ શાખાના પુર્વજો અસલ અમદાવાદ પાસે અડાલજમાં રહેતા હતા. ત્યાંથી ચાર ભાઇઓ તેમના મામા પાસે ગીરમથે આવ્યા અને ત્યાં પીરાણા પંથ સ્વીકાર્યા તેથી સીકરે ગયા કેટલાંક વર્ષ બાદ ત્યાંથી દુધઇ આવ્યા અને ત્યાંથી ૧૮૦૫ માં આણંદજી પટેલ વીરાણી આવીને વસ્યા.

વિરાણી – ગોગારી :–

આ શાખાના પુર્વજો આણંદ પાસે ભાલેજમાં રહેતા અને દેસાઇ તરીકે ઓળખાતા તેમાંના જેસિંહ દેસાઇને ત્રણ પુત્રો હતા. તેમાંથી બે ઉમરેઠ કઓઇ તથા પાટણ વાડામાં વસ્યા અને ત્રીજો ભાઈ પીરાણા પંથ સ્વીકારેલો હોવાથી સીકરે આવ્યો તેમના વંશમાં મુળજી પટેલ થયા તેના જશીજી હરગોવિંદ અને ભીમજી એમ ત્રણ ભાઇઓ સંવત ૧૮૧૩માં વિરાણીમાં આવી વસ્યા.

અંગાયા – ચોપડા :–

આ શાખના મુળ પુરુષ દેવજી પટેલ ઊંઝામાં રહેતા ત્યાંથી મેળામાં ગીરમથે ગયા અને પીરાણા ધમ સ્વીકાર્યો તેથી સોકરે ગયા ત્યાંથી કેટલાક વર્ષ બાદ તેમના પુત્ર જશીજી સંવત ૧૭૬૮માં આગીયામાં આવીને વસ્યા

કોટડા :– આ ગામમાં વસતા કણબીઓ અસલ અમદાવાદના વતની હતા ત્યાંથી ગીરમથે ગયા અને પીરાણાનો પંથ સ્વીકારવાથી સંવત ૧૭૬૫માં સીકરે આવ્યા ત્યાંથી કેટલાક વર્ષ બાદ દુધઇ આવ્યા ત્યાંથી પણ સંવત ૧૮૨૩ માં માધો પટેલ તથા જીવો પટેલ કોટડા આવીને વસ્યા તેઓની અસલ શાખ પારેખ હતી પરંતુ છ ભાઇનો વંશ એક–એક પુંત્રથી ૭ પેઢી ચાલ્યો તેથી છત્રીયા તરીકે ઓળખાય છે

નખત્રાણા – પોકાર :–

આ શાખાના અસલ પુર્વજો મહેસાણા માં રહેતા હતા. ત્યાંથી કાનમમાં આવ્યા સંવત ૧૭૧૯ માં પીરનો ધર્મ પાળ્યો એટલે પુંજો પટેલ સીકરે આવીને વસ્યા ત્યાંથી દુધઇ આવ્યા અને ત્યાંથી પણ અભજી જશો વગેરે ત્રણ ભાઇ સંવત ૧૮૨૮ નખત્રાણા આવીને વસ્યા.

નખત્રાણા – રામાણી :–

આ શાખાના પુર્વજો આણંદ પાસે ભાલેજ ગામથી સંવત ૧૫૯૨ના કારતક સુદ બીજથી પીરાણા ધર્મ સ્વીકાર્યો એટલે તેઓ પણ ગુજરાત છોડી સીકરે વસ્યા કેટલાક સમય પછી તેમના વંશજો નખત્રાણા ગયા તેમાંથી કેસરાના વંશના ખેતા પટેલ તેનો નારણ તેનો ગોપાલ રામાણી તે જેરાજ લીમ્બાણીની પુંત્રી સાથે પરણ્યો તેમના વંશજો હજું નખત્રાણામાં છે.

કેળવણી કહે છે *

હુ સત્તાની દાસી નથી. કાયદાની દીકરી નથી. વિજ્ઞાનની સખી નથી કલાની પ્રતહારી નથી. અર્થશાસ્ત્રની બાંદી નથી. હુ તો ધર્મનુ પુનરાગમન છું. માનવીનાં હૃદય બુધ્ધિ તેમજ તમમિ ઇદ્રિઓની સ્વમાની છું. માનસ શાસ્ત્ર અને સમાજશાસ્ત્ર મારા પગ છે. કળા અને હુન્નર મારા હાથ છે વિજ્ઞાન મારૂ મસ્તક છે. ધર્મ મારુ હૃદય છે. નિરીક્ષણ અને તર્ક મારી આંખો છે. ઇતિહાસ મારા કાન છે. સ્વાતંત્ર મારો શ્વાસ છે ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે. ધીરજ મારુ વ્રત છે. શ્રધ્ધા મારૂ ચૈતન્ય છે. આવી હું જગદંબા છું. મારી ઉપાસના કરનાર બીજા કોઇની ઓશિયાળો નહિ રહે એવી સર્વ કામનાઓ મારી મારફતે તૃપ્ત થઇ શકે છે.

કાકા કાર્યકર

વ્યંગ કવન *

ગંગા અને જમના મળે ત્યારે પવિત્ર સંગમ થવાને બદલે ફુથલા થાય છે.

કાગડા બધે જ કાળા પણ મ્યુઝીયમમાં નહિ.

જાહેરાત કરતી કંપનીએ પણ જાહેરાત કરવી પડે છે.

ફક્ત અખાડામાં જ નહિ લોકસભામાં પણ કુસ્તી થાય છે.

ગાઇડની કિંમત પરીક્ષા વખતે અને જીભની કિંમત ચુટણી વખતે વધી જાય છે.

ભીખારીને એક.રીની ચિંતા હોતી નથી.

ગાંધીમાર્ગ પર પણ ગુંડાઓ ફરી શકે છે.

સમાચાર દર્શન

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, અમદાવાદ.

" ચાલુ સાલે કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ અમદાવાદ દ્વારા એક પિકનીક સંલગ્ન મિટીંગનું ગાંધીનગર સરિતા ગાર્ડન ખાતે તા. ૯–૧૦ ૮૩ને રવિવારના રોજ આયોજન કર્યું હતું જેમાં ૩૭ વિદ્યાર્થી ભાઇ–બહેનોએ ખુબજ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો જેમાં ચાલુ વર્ષની કારોબારી સમિતિની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી.

સદર મિટીંગમાં વિદ્યાર્થીઓ દ્વારા કેટલાક પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સદર પ્રશ્નો પૈકી હોસ્ટેલ બાબતના પ્રશ્ન અંગે સૌએ સમાજ પ્રત્યે રોષ વ્યક્ત કર્યો હતો.

- ☐ અમદાવાદ ખાતે સમાજની હોસ્ટેલ નહીં હોવાને કારણે સમાજને કેટલીક ખોટ સહન કરવી પડે છે. તે અંગે સમાજ કેમ જાગૃત નથી. ?
- ☐ વિદ્યાર્થીઓની મુશ્કેલીઓને સમજવાની સમાજ તસ્દી લેશે ખરો ?
- ☐ વિદ્યાર્થીઓને સમાજ પ્રત્યે અભિમુખ કરવા શું સમાજ પ્રયત્ન કરશે ખરો !
- ☐ જે સમાજ સમાજના વિદ્યાર્થીઓના ઉપયોગમાં ન આવે તેવા સમાજનાં બંધનમાં બંધાઈ રહેવાનું વિદ્યાર્થીઓ શું પસંદ કરશે ખરા ?
- ☐ આ પીકનીકના આયોજન અને વ્યવસ્થામાં વિઠ્ઠલ ઓટોમોબાઇલ્સ ગાંધીનગર (વડોદરા કામ વાળા) નો સારો એવો સાથ અને સહકાર સાંપડ્યો હતો.
- ☐ દર મિટીંગમાં વિદ્યાર્થી કારોબારી મંડળની રચના નીચે મુજબ કરવામાં આવી છે.

પ્રમુખ :—	રમણલાલ સી. પટેલ	M.Sc. (I)	માધવકંપા
ઉપપ્રમુખ :—	હિંમતલાલ બી પટેલ	M. Com. (I)	દયાપર
મંત્રી :—	કેશવલાલ એ. પટેલ	T. y. Bsc.	કલોલકંપા
સહમંત્રી :—	જયંતિલાલ એમ. પટેલ	F. Y. BSc.	હિંમતનગર

પ્રવાસમંત્રી :—	નરેન્દ્ર જે. વેલાણી	IInd LL. B.	આમરેલી
સહમંત્રી :—	જયંતિલાલ આર. પટેલ	IInd LL. B.	નવાનગરકંપા
" :—	વિઠ્ઠલદાસ ડી. પટેલ	12th Com	વડોદરા ફાર્મ
ખજાનચી :—	છબીલદાસ એ. પટેલ	S. Y, B. Com.	લક્ષ્મણપુરાકંપા
સહ ,, :—	મોહનલાલ કે. પટેલ	"	ઓડકંપા
ઓડીટર :—	શારદાબેન એમ. પટેલ	T. Y. B. Com.	હરિપુરાકંપા
વિદ્યાર્થીની પ્રતિનિધિ:—	શકુન્તલા એન. પટેલ	IIIrd B.D.S.	ગઢક પા
કલાકાર —	(૧) નરેન્દ્રભાઇ એમ. પટેલ	LL. M.(I) Advocate	મડાસણાકંપા
	(૨) રતિલાલ એમ. પટેલ	T. Y B Com.	રાયણનોમાળ
	(૩) છબીલ એન. પટેલ	IInd LL. B	વડોદરા ફાર્મ

લિ. આપનો વિશ્વાસુ,
આર. સી. પટેલ
પ્રમુખ
કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, અમદાવાદ

અભિનંદન..... અભિનંદન

સાબરકાંઠાની શ્રેષ્ઠ ગણાતી એવી મોડાસાની શ્રી એચ. એસ. શાહ કોલેજ ઓફ કોમર્સમાં ગયા શૈક્ષણિક વર્ષમાં એટલે કે ૧૯૮૨–૮૩માં આ કોલેજની અંદર જી. એસ. (મહામંત્રી) તરીકે પ્રથમ આપણી જ્ઞાતિના વિદ્યાર્થી શ્રી રમણલાલ ડી. પટેલ (હરિપુરાકંપા, અણીયોર) જંગી બહુમતીથી ચુંટાઇ આવ્યા હતા.

કોલેજ શરૂ થયે ૨૦ વર્ષ પુરાં થયાં પરંતુ આ કોમર્સ કોલેજમાં કોઇ પણ જી. એસ. પાસ થયા નહતા, જે એક અનોખો વિક્રમ હતો. આવા અનોખા વિક્રમને આપણી જ્ઞાતિના ઉત્સાહી જી. એસ. શ્રી રમણલાલ પટેલે બી. કોમ. ની ડિગ્રી મેળવી લઇને તોડી નાખ્યો છે. જે આપણી જ્ઞાતિનું ગૌરવ છે.

આ અનોખા વિક્રમને તોડવા બદલ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી એન. બી. જોષી તરફથી રૂા. ૫૧/– પુરસ્કાર તરીકે આપવામાં આવ્યા છે

કોલેજ પરિવારમાં આપણી જ્ઞાતિનું ગૌરવ વધારવા બદલ શ્રી રમણલાલને ખુબ ખુબ અભિનંદન... શ્રી રમણલાલ પોતાના જીવનપંથમાં આવી સિદ્ધિઓ હાંસલ કરતા રહે એજ અભિલાષા.

—નારણ એમ. પટેલ બી.કોમ.
કાળી માટી ફાર્મ, પાલનપુર

શ્રી પાટીદાર યુવક મંડળ ઘાટકોપર—મુંબઈ

સમાજજીવનમાંથી સમુહલગ્નોત્સવ યોજવા મંડળે મેળવેલી માહિતી મુજબનાં મંતવ્યો.

સમુહ લગ્નથી બીજા કયા ફાયદા થાય —

મુખ્યત્વે : દેખાદેખી બંધ થાય.
: ખોટું અભિમાન ન રહે.
: મુસાફરી ખર્ચ ઘટે.
: ગરીબ તવગરનું અંતર ઓછું થાય.
: મધ્યમ તેમજ ગરીબ વર્ગને ફાયદો થાય.
: એકતા કેળવાય
: સમયનો બગાડ થતો અટકે
: લગ્ન સમયે રાહત રહે.
: રહેણીકરણીમાં સુધારો આવે.
: વિકાસ સારો થાય વગેરે વગેરે

સમુહલગ્નોથી કયા ગેરફાયદા થાય

મુખ્યત્વે : બીજાના લગ્નોમાં ગયા હોઇએ અને આપણા પ્રસંગે ન બોલાવીએ તે સારૂ ન લાગે.
: સબંધીઓને ઘરના પ્રસંગમાં ન બોલાવી શકાય તેનુ મન દુ:ખ થાય
: સગાઓનાં મન કચવાય.
: ગેરફાયદા વધુ લાગવાથી માહીતીઓ એકઠી કરો છો એવું લાગે છે.
: કોઇપણ ગેરફાયદા નથી.

મંડળ પાસેથી બીજી કઇ અપેક્ષાઓ રાખો છો ?

મુખ્યત્વે : દહેજ પ્રથા બંધ કરાવી જોઇએ
: વડીલો સાથે સહકારથી કાર્ય કરવુ જોઇએ
: સામાજીક કાર્યો કરવાં જોઈએ.
: શિક્ષણ ધોરણ ઉચું લાવવા પ્રયત્ન કરવો જોઇએ.

: બેકારી દૂર કરવી જોઇએ.
: ખોટા ખરચાઓ ન કરવા જોઇએ.
: મધ્યમ અને ગરીબ વર્ગને ઉપયોગી કાર્યો કરવા જોઇએ.

એકંદરે સમાજમાંથી સમુહલગ્નો થવાં જોઇએ એ તરફ સર્વેનું મંતવ્ય હતું હકીકત કે ૧૮ થી ૩૫ વ્યકિતઓ તરફથી સારા ઉત્તરો ન હોતા મેળવી શકયા જેની સરખામણીમાં બીજા વર્ગોએ સારા ઉત્તરો આપેલ તેથી અત્રે એમ કહી શકાય કે વડીલોના મંતવ્ય સંપૂર્ણપણે સમુહલગ્ન તરફ ઢળતાં હતાં પણ યુવાવર્ગમાં કયાંક વિશ્વાસનો અભાવ માલુમ પડયે. જેથી સમુહલગ્ન માટે યુવકોને પ્રથમ જ જાગૃત કરવાની જરૂર છે. કેમ કે સમુહલગ્ન ન યોજવા જોઇએ એ તરફ ૨% યુવકોએ જ અભિપ્રાય આપેલ જયારે બીજા વર્ગોએ હકારાત્મક જ જવાબ આપેલ આ ઉપરાંત ૨% યુવકોને જ સામાજીક અસ્થિરતાનો ખ્યાલ આવેલ તેમજ ૭૫ ની સંખ્યા માટે યુવકોએ સૌથી વધુ ૯% ની એકતા બતાવી માગણી કરેલ સિવાય આપણે યુવકોના માનસનો અભ્યાસ કરશું તો જણાશે કે મંડળે સમુહલગ્ન ન યોજવા જોઇએ એ તરફ વર્ગોએ ૭ ટકા વધુ મત દઇને યુવક થઇને યુવકોને જ સાથ ન આપેલ આ ઉપરાંત પરીચિત વર્તુળોના પ્રશ્નમાં બ વગ નો સારો પ્રત્યુતર જણાયેલ જયારે ૨૯ ટકા યુવકો તરફથી મળેલ એકદરે યુવકો જાગૃત થઇને પોતાના જ પ્રસંગથી સમાજનુ આ કાર્ય કરશે ત્યારે સમુહલગ્નનો એકંદરે પ્રયોગ થશે એમ કહી શકાય.

સમાજની દરેક વડીલ વ્યકિત જેઓએ સમુહલગ્નના માહિતીપત્રકમાં પોતાના નિસ્વાર્થ મતવ્ય આપી મંડળને ગતીશીલ કરેલ એ બદલ આ માધ્યમ મારફત મંડળ મુંબઇની દરેક વ્યકિતઓનો ખુબ ખુબ આભાર માને છે અને આશા રાખે છે કે મંડળ પ્રતિનો આવો જ પ્રેમભાવ સદાય ળઝકતો રહેશ

લિ. ભૂતપૂવ મંત્રી
યોગેશ પટેલ

દુ:ખદ અવસાન

કચ્છ કોટડા જડોદર) હાલ રહેવાસી ગામ ડભોડામાં શ્રી લક્ષ્મી વિજય સો મીલ તા. જી. ગાંધીનગર વાલજીભાઇ ખેતા-ભાઈ ખેતાણી (દિવાણી ના યુવાન પુત્ર ડાહ્યાભાઇ ઉંમર વર્ષ ૪૦ નું સંવત ૨૦૩૯ના આસો સુદ ૧ તા. ૭-૧૦-૮૩ ને શુક્રવારના બપોરના ૧-૦૫ વાગે ટુંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયુ છે. તેઓ તેમના પાછળ વિશાળ કુટુંબને વિલાપ કરતું મુકી ગયા છે. સદ્‌ગતના અકાળ અવસાનથી કુટુંબીજનો ઉપર દુઃખનાં ઘેરાં વાદળ છવાઇ ગયાં છે તો પ્રભુ એમને આઘાત સહન કરવાની શકિત આપે તેમજ સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ આપે એવી અભ્યર્થના.

દુ:ખદ અવસાન

દિલગીરી સાથે જણાવવાનું કે અંકલેશ્વર શ્રી લક્ષ્મી વિજય સો મીલ વાળા પટેલ ભાણજીભાઈ જીવરાજભાઇ લિંબાણી વિરાણી મોટી વાળાનું તા. ૨૮-૯-૮૩ને બુધવાર સવારે ૭-૪૫ કલાકે ૬૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે.

તેઓશ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના આદ્ય સુધારક સ્વ. શ્રી નારાણભાઈ રામજી લિંબાણીના વડિલ ભાઇ વાલજીભાઈ રામજી ભાઇના પૌત્ર થતા હતા.

સદ્‌ગત શ્રી અંકલેશ્વર ટીંબર મરચન્ટ એસોસીએશનના માજી પ્રમુખ તેમજ સ્થાનિક સમાજના સલાહકાર હતા તેમની અંતિમ સંસ્કાર વિધી વખતે અંકલેશ્વર ભરૂચ વડોદરા વિગેરે વિસ્તારના બહોળા જન સમુદાયે હાજરી આપી હતી.

સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાન્તિ આપે એજ પ્રાર્થના.

☎ ૨૪૭૨

કડવા પાટીદાર કુળદેવી
ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.

સંવત ૨૦૪૦ના વર્ષ માટે કાયમી લગ્નોત્સવ યોજના માટે જાહેર કરાયેલી શુભ લગ્નની તિથિઓ

૧	કારતક	વદ ૧	સોમવાર	તા ૨૧–૧૧–૮૩
૨	કારતક	વદ ૨	મંગળવાર	તા. ૨૨–૧૧–૮૩
૩	પોષ	વદ ૧૩	સોમવાર	તા ૧૬–૧–૮૪
૪	પોષ	વદ ૫	રવિવાર	તા ૨૨–૧–૮૪
૫	પોષ	વદ ૧૨	રવિવાર	તા. ૨૯–૧–૮૪
૬	મહા	સુદ ૪	સોમવાર	તા. ૬–૨–૮૪
૭	મહા	વદ ૩	રવિવાર	તા. ૧૯–૨–૮૪
૮	મહા	વદ ૧૦	રવિવાર	તા ૨૬–૨–૮૪
૯	ફાગણ	સુદ ૨	રવિવાર	તા. ૪–૩–૮૪
૧૦	ફાગણ	સુદ ૩	મંગળવાર	તા. ૬–૩–૮૪
૧૧	ચૈત્ર	સુદ ૧૫	રવિવાર	તા. ૧૫–૪–૮૪
૧૨	ચૈત્ર	વદ ૭	રવિવાર	તા. ૨૨–૪–૮૪
૧૩	વૈશાખ	સુદ ૨	ગુરૂવાર	તા ૩–૫–૮૪
૧૪	વૈશાખ	સુદ ૩	શુક્રવાર	તા. ૪–૫–૮૪
૧૫	વૈશાખ	સુદ ૧૩	રવિવાર	તા ૧૩–૫–૮૪

લિ.
કાયમી લગ્નોત્સવ સમિતિ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

તા. ક. :— એક તિથિએ વધુમાં વધુ ૭ લગ્ન થઇ શકશે.

જનસેવા — માનવતા — રકતજ ધ્રુવ

રકત ઇશ્વરની દેન છે. આપણે તો માત્ર તેના
ચોકીદાર જ છીએ 'રકતદાન એજ શ્રેષ્ઠદાન'

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ)

આયોજીત

આઝાદ દિનના ઐતિહાસિક પર્વે (૧૫મી ઓગષ્ટ, ૧૯૮૩)

ગ્રુપ તપાસ તેમજ રકતદાન શિબિર

સ્થળ : પાટીદાર વાડી, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, ઘાટકોપર (વેસ્ટ)

તારીખ : ૧૫મી ઓગષ્ટ, ૧૯૮૩ ને સોમવાર

સમય : બપોરના ૧૨ થી ૩

આજના રોજીંદા જીવનમાં મોટી શસ્ત્રક્રિયા કરવા માટે અથવા તો અકસ્માતના દર્દીઓ માટે લોહી અનિવાર્ય અને જીવદાયી બની રહે છે, વળી માનવીનું લોહી જ માનવીને કામ આવે છે, તેથી કટોકટીના સમયે ' કિંમતી લોહી ' ની માંગને પહોંચી વળવાના હેતુથી જ રકતદાતાઓની અને રકતની જરૂર પડે છે.

મંડળ આજ હેતુને વેગ આપવા માટે સમાજના ઇચ્છીત રકતદાતાઓની યાદી તૈયાર કરશે. અને જ્યારે જ્યારે સમાજમાં રકતની જરૂર પડશે ત્યારે યાદીના આધારે રકતદાતાનો સંપર્ક સાધીને કટોકટીના સમયે રકત મેળવી આપવામાં મદદ કરશે

રકતદાન કરેલ વ્યકિતઓએ પોતાનું કાર્ડ હોય તો સાથે લઇ આવવા વિનંતી નહીંતર નિષ્ણાત ડોકટર (પેથોલોજીસ્ટ) પોતે જાતે સમાજની ઇચ્છીત રકતદાતાઓની ગ્રૃપ તપાસ અને નોંધ વિનામુલ્યે કરશે

મંડળના આ માનવતાવાદી કાર્યમાં અને કોઇની જીંદગી બચાવવાના હેતુથી આપ જરૂર અમોને મદદ કરશો એવી અપેક્ષા.

"આપના રકતદાનથી કોઇનુ સૌભાગ્ય અખંડ રહેશે.
તો કોઇ જનેતાનુ વાત્સલ્ય ઝરણુ સતત વહેતુ રહેશે."

* તા. ક. : નિષ્ણાતના અભિપ્રાય મુજબ રકતદાન કરવામાં માનવ શરીરને કોઇપણ પ્રકારની હાની નથી પહોંચતી તેમજ તદુરસ્ત વ્યકિત વર્ષમાં ચાર વખત સુધી રકતદાન કરી શકે છે.

શ્રી રણુજીતપુરા મહિલા મંડળ, રણુજીતપુરા

શ્રી રણુજીતપુરા મહિલા મંડળની વાર્ષિક સામાન્ય સભા અસાઢ વદ ૦)) (દિવાસાના દિવસે) ને સોમવાર તા. ૮-૮-૮૩ના સાંજે ૮-૦૦ કલાકે મહિલા મંડળના પ્રમુખશ્રી હીરાબેન ભવાનભાઇ પટેલના પ્રમુખ સ્થાને મળી હતી. તેમાં નવી કારોબારીની નિમણુંક કરવામાં આવી.

પ્રમુખ —	હિરાબહેન ભવાનભાઇ પટેલ
ઉપ-પ્રમુખ —	લીલબેન મોહનભાઇ ,,
મંત્રી —	ડાહીબેન રવજીભાઇ ,,
સહમંત્રી —	નર્મદાબેન ચંદુલાલ ,,
ખજાનચી —	લક્ષ્મીબેન મોહનભાઇ ,,
ઓડીટર —	ગોમતીબેન પ્રેમજીભાઇ ,,
કા. સભ્ય —	મણીબેન કાન્તીભાઇ ,,
,,	વનીતાબહેન લાલજીભાઇ પટેલ
,,	રતનબેન જેઠાભાઇ ,,
,,	રમીલાબેન ખીમજીભાઇ ,,
,,	મણીબેન કરશનભાઇ ,,

લિ. મંત્રી — ડાહીબેન રવજીભાઇ પટેલ

કાદીયા મોટા (કચ્છ) મધ્યે બંધાઇ રહેલું લક્ષ્મીનારાયણનું મંદીર

અત્રેશ્રી કાદીયા મોટા મધ્યે (કચ્છ) શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજની એક સામાન્ય સભા તા. ૨૮, ૨૯, ૩૦-૮ ૧૯૮૩ના રોજે સમાજના પ્રમુખશ્રી કેસરાભાઇ વિસરામ પટેલના પ્રમુખપદે યોજવામાં આવેલ હતી. જેમા પરદેશ વસતા સનાતન સમાજના ભાઈઓએ ખાસ હાજરી આપી હતી. આ જનરલ સભાની અંદર બંધાઇ રહેલ મંદિર અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અને મંદિરની પ્રગતિનો આછો ખ્યાલ સભા સમક્ષ રજુ કરવામાં આવેલ હતો. અને સાથે સાથે પટેલવાડી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા આવતે વરસે શ્રાવણ માસમાં રાખવી એવું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું અને આ ભગવાનના કાર્યમાં સર્વે ભાઇઓ પોતાનો સાથ અને સહકાર આપવાનું તન, મન, ધનથી જણાવ્યું હતું આ ત્રણ દિવસ ચાલેલી મીટીંગનું સંચાલન સમાજના મંત્રીશ્રી સામજીભાઈ ભીમજીભાઈ પટેલ તરફથી સારીરીતે કરવામાં આવ્યું હતું.

લિ. મંત્રીશ્રી સામજીભાઇ ભીમજીભાઇ પટેલ
શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ,
કાદીયા મોટા — કચ્છ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, અમદાવાદ

અમદાવાદમાં તા. ૧૬-૧૦-૮૩ રવિવાર દશેરાના દિવસે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ અમદાવાદની સામાન્ય સભા સમાજવાડી હોલમાં મળી હતી શરૂઆતમાં સમાજના માનદમંત્રીશ્રી લાલજીભાઇ મેઘજીભાઇ પટેલે સમાજના સંવત ૨૦૩૮ની સાલના હિસાબો રજુ કર્યા હતા. ત્યાર બાદ ચાલુસાલે લેવાયલ પરિક્ષાઓ-માં ૬૦ ટકા ઉપર માર્કસ લાવનાર ૯૪ ભાઇ-બહેનોને સમાજ તરફથી પ્રમુખશ્રી જેઠાભાઇ પુંજાભાઇ પટેલના શુભ હસ્તે નીચે મુજબ ઇનામો આપવામાં આવેલ હતા.

ધોરણ	માર્કસ	ઇનામ લેનારની સંખ્યા	પ્રત્યેકને ઇનામ
૮ માં ઉપર	૭૦ ટકા ઉપર	૮	સ્ટીલની થાળી - ૧ વાટકી સ્ટીલની - ૨ સ્ટીલનો ગ્લાસ - ૧ સ્ટીલની ચમચી - ૧ બોલ પેન - ૧
૮ માં ઉપર	૬૦ થી ૬૯	૧૬	સ્ટીલની ભુકે ડીસ - ૧ સ્ટીલની વાટકી નાની - ૨ સ્ટીલની ચટણી વાટકી - ૧ સ્ટીલનો ગ્લાસ - ૧ બોલ પેન - ૧
૧ થી ૭	૭૦ ટકા ઉપર	૩૧	સ્ટીલની ભુકે ડીસ - ૧ સ્ટીલની વાટકી નાની - ૨ સ્ટીલની ચટણી માટે વાટકી - ૧ સ્ટીલનો ગ્લાસ - ૧ બોલ પેન - ૧
૧ થી ૭	૬૦ થી ૬૯	૩૯	સ્ટીલનો જગ - ૧ બોલ પેન - ૧

ત્યારબાદ અલ્પાહાર લઇને વિખરાયા હતાં.

અમદાવાદમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ (ગુજરાત વેપારી મહામંડળ) તરફથી તા. ૧૮-૯-૮૩ રવીવારના રોજ નાના ઉદ્યોગો તે પડતી મુશ્કેલીઓની રજુઆત તેઓ કરી શકે એ આશયથી લઘુ ઉદ્યોગ પરિષદ યોજવામાં આવી હતી જેનું ઉદ્દઘાટન ગુજરાત રાજ્યના નાણાંમંત્રીશ્રી સનતભાઇ મહેતાએકર્યું હતું

આ પરિષદની અંદર અમદાવાદ ટીમ્બર મરમન્ટ્સ એસોસીએશન તરફથી શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ અમદાવાદના માનદ્‌મંત્રીશ્રી લાલજીભાઇ મેઘજીભાઇ પટેલે સરકારશ્રી તરફથી સો મીલો વાળાને મળતા લઘુઉદ્યોગ નંબર છેલ્લા બે વર્ષ ઉપરાંતના સમયથી સરકારશ્રીના જંગલ ખાતાએ સો મીલ લાઈસન્સની કોપી આપ્યા વગર એસ. એસ. આઈ. સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝનો નંબર આપવો નહિ એવો કાગળ રાજ્યના ઉદ્યોગ કમીશનરશ્રીને આપીને લઘુઉદ્યોગ નંબર આપવાનો સ્થગીત કરાવેલ છે. તે બાબત રાજ્યના ઉદ્યોગ કમીશનરશ્રી સમક્ષ જોરદાર રજુઆત કરેલ હતી. કે ખરેખર શહેર વિસ્તાર જંગલ વિસ્તાર જ નથી છતાં સરકારશ્રીના જંગલ ખાતાએ હાઇવે રોડની બે બાજુ રોડની શોભા વધારવા માટે વાવવામાં આવેલ ઝાડને લીધે જંગલ વિસ્તાર ગણીને સો મીલો વાળાને લાઇસન્સ લેવાની ખોટી રીતે ફરજ પાડે છે – અને તે માટે લઘુઉદ્યોગ નંબર આપવાનું રોકી રાખેલ છે.

અમે જે સો મીલોને [સરકારી જંગલખાતાના કાયદા મુજબ સો મીલનું લાઇસન્સ લેવું પડે છે તે લાઇસન્સમાં કલમ નં. ૪ કે જેમાં ખરીદ, વેચાણ, સ્ટોક વિગેરેને લગતું અટપટું રજીસ્ટર રાખવાનું હોય છે, જે કલમનો અમલ અત્યાર સુધી જંગલ ખાતા વાળા કરતા ન હતા પરંતુ છેલ્લા થોડાક સમયથી જંગલ ખાતાના અધિકારીઓ આ કલમ ચાલુ કરવાની તાકીદ કરી રહયા છે.

ઉપરોક્ત વિગતો રજુ કરતાં શ્રી લાલજીભાઇએ ઉદ્યોગ કમીશનરશ્રીને વિનંતી કરી હતી કે નાના ઉદ્યોગોને લઘુ ઉદ્યોગ નંબર ન મળવાથી ઓછા વ્યાજની લોન વિજળી વળતર, વિગેરે જે જે રાહતો સરકારશ્રી તરફથી આપવામાં આવે છે તે સો મીલોવાળા લઇ શકતા નથી તો લઘુ ઉદ્યોગ નંબર મળે તેવી વ્યવસ્થા થવી જોઇએ અને નાના ઉદ્યોગો વાળાને મુશ્કેલીવાળી, જંગલ ખાતાના લાઇસન્સની કલમ નં. ૪ ફરીથી ચાલુ ન કરે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

ઉપરોક્ત રજુઆતો પછી ગુજરાત રાજ્યના ઉદ્યોગ કમિશનરશ્રી શેલત સાહેબે કહ્યું કે સો મીલો વાળા લાકડા ઉદ્યોગને લઘુ ઉદ્યોગનો સરકારશ્રી તરફથી મળતા લાભો મળવા જ જોઇએ, આ બાબત પર ભાર આપતાં ઉદ્યોગ કમિશનરશ્રીએ કહ્યું હતું કે અમો જંગલ ખાતા સાથે વાટાઘાટ કરીને આપની મુશ્કેલીઓ માટે ઘટતું કરશું એવી ખાત્રી આપી હતી.

શ્રી કચ્છ કડવા પાટીદાર સ્ટુડન્ટ યુથ કલબ–કપડવંજ

શ્રી કચ્છ કડવા પાટીદાર સ્ટુડન્ટ યુથ કલબ કપડવંજની એક મિટીંગ ગત તા ૨૦–૮–૮૩ ને શનિવારે શ્રી એસ. વી. એલ. હોસ્ટેલની ઓફીસમાં યોજવામાં આવી હતી. જેમાં ૧૯૮૩–૮૪ ના વર્ષની નવી કમિટી નિમવામાં આવી હતી.

૧૯૮૩–૮૪ ના નવા વર્ષની કારોબારી નીચે મુજબ છે.

પ્રમુખ	: પટેલ નવનીતભાઇ આર. T. Y B. Com. દુધાયલ લાટ
ઉપ–પ્રમુખ	: પટેલ દિનેશ એચ. T Y B. Sc. કપડવંજ
	પટેલ મીનાક્ષીબેન ડી. S. Y. B. Com. સુખપુરા
	પટેલ અશ્વિનકુમાર વી. 12 Com. કાપડીવાવ
મંત્રી	પટેલ તુલસીભાઇ પી. S. Y. B. Com. બામણીયા
ખજાનચી	પટેલ મોહનભાઇ આર, S. Y. B. Com. ચવાદલાટ
અહેવાલ મંત્રી	પટેલ જયંતિલાલ પી. S. Y B A. હાથીપુરાકંપા
ખજાનચી	પટેલ નવનીતભાઇ જી. 12 Com મેઘપુરાકંપા
પ્રવાસમંત્રી	પટેલ પ્રવીણભાઇ જે. T Y. B. Com. કપડવંજ
	પટેલ દિલીપકુમાર કે. 12 Com. નવામુવાડા
સાંસ્કૃતિક મંત્રી	પટેલ હિતેન્દ્રકુમાર એચ S. Y. B. Sc. બામણીયા
રમતગમત મંત્રી	પટેલ પ્રવિણભાઈ એન. T. Y, B. Com. સુખપુરા
	પટેલ જશવંતભાઇ આર. F. Y. B. Sc. કપડવંજ



નૂતન વર્ષની શુભેચ્છાઓ સહ....

ફાઉિદભાઈ આઇ. પહોંચીયા

સભાપતી,
મોડાસા નગર પંચાયત કચેરી.

ફર્મ :—
એવન રોડ લાઇન્સ
જુના મોટર સ્ટેન્ડ, મોડાસા ટે. નં. ૫૮૨

નૂતન વર્ષની શુભેચ્છાઓ સહ....

અપ્સરા સીનેમા
મોડાસા—૩૮૩ ૩૧૫

શુભેચ્છક :—
રમેશભાઈ કડીયા ના સાલમુબારક

તમામ સાબરકાંઠા વાસી ભાઇ–બહેનોને આજના મંગલ પ્રભાતે નૂતન વર્ષાભિનંદન પાઠવું છું....
સંવત ૨૦૪૦નું નવું વર્ષ દેશ અને દુનિયા માટે સુખ, શાંતિ અને સુલેહનો સંદેશો લઇને આવે એજ અભ્યર્થના.
સુભાષ શેઠ તંત્રી, કલ્યાણી સંદેશ સાપ્તાહિક
મોડાસા—૩૮૩ ૩૧૫

નં.

પી પી. ૩૪૮ * રહે હાલીસા ૪૭

વિજય • • ટાયર્સ

ટ્રક ટ્રેક્ટર, મોટર સાયકલ, સ્કુટર
તેમજ બેલગાડાંના
ટાયર ટયુબના વહેપારી.

: મળો યા લખો :

જવાહર માર્કેટ, અમદાવાદ રોડ,
દહેગામ-૩૮૨૩૦૫.

અમદાવાદમાં કાપડ નો
—અદ્યતન શો રૂમ



STAPLE
EMPORIUM


સ્ટેપલ એમ્પોરિયમ

શુટીંગ ✱ શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ


તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.

શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
ટેલીફોન ડોમ નજીક
રીલી... રોડ, અમદાવાદ-૧

પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા
હસનપુરમોટા, તા. જિ. ગાંધીનગર




સો મીલ માલીકો માટે ખુશખબર
ભારતનું સર્વ
ઓટોમેટીક
શાર્પનીંગ
મશીન
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહે છે. અને બેન્ડસો બ્લેડ ચાલે છે
● ઝડપી અને સફાઇદાર વહેરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઇપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન : ૮૨૬૩૦૩



Shree

LAXMI ENGINEERING WORKS

શ્રી લક્ષ્મી એન્જીનીયરીં વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦

ટે. નં. ૮૨૬૫૫૧
૮૨૬૫૫૨
૮૨૬૪૪૭
૩૭૪૪૭૧

બેન્ડ સૉ એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર-પાર્ટસ માટે અમારે સંપર્ક સાધો.

બુ. પો.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

To.

તંત્રી :
કાન્તિલાલ કે. પટેલ

માલિક :
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ

મુદ્રણસ્થાન :
અનુપમ પ્રિન્ટીંગ પ્રેસ, ધનસુરા.

પ્રકાશન સ્થળ :
પટેલવાડી, તલોદ રોડ, ધનસુરા.
જિ. સાબરકાંઠા


પ્રકાશન તારીખ :
દર માસની પંદરમી / સોળમી તારીખ

★

★

મુદ્રક
શ્રી કાન્તિલાલ કે. પટેલ
અનુપમ પ્રિન્ટીંગ પ્રેસ
[illegible] તલોદ રોડ
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી



સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ
રજુ કરતું પ્રાણવાન માસિક

॥ શ્રી ઉમિયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ (બી. એ)

વર્ષ : ૨૫ ડીસેમ્બર-૮૩

જાગૃતિ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી માહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨), પરદેશમાં શિલિંગ ૨૪ અને છૂટક નકલ કિંમત રૂા. ૧-૨૫ આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૩૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રે તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ–તંત્રી. બી. એ.
શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.
શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા





આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી–કચ્છ]

●

જન્મ

વત ૧૯૩૯ વૈશાખ પુર્ણિમા

સ્વર્ગવાસ :

સંવત ૧૯૯૭ આસો ૧૦

અનુક્રમણિકા

ત્રીશથાનેથી

○ માનવીરૂપી ઢોર જ્ઞાનરૂપી ઘાસ ખાય છે, પરંતુ જો એ જ્ઞાન ઘાસને એમને એમ પેટમાં ભરે અને વાગોળે નહિ તો એનુ અજીર્ણ ઘણું ભયંકર નીવડે છે. ઘણીવાર મૃત્યુંને નોતરે છે.

○ માનવી વાવી શકે, પણ ઉગાડી શકતો નથી બીજને દળી શકે, પણ નવું બીજ પેદા કરી શકતો નથી, શરીરને મારું કહે પણ અંદર કંઇ ફેરફાર કરી શકતો નથી, યુવાન બને પણ ઘડપણને અટકાવી શકતો નથી.

○ આત્મારૂપી આંખમાં જેને બેતાળાં આવ્યા હોય, તેને સત્સંગરૂપી ચશ્માની જરૂર પડે છે. (બેતાળાં એટલે નંબર)

• રાત્રિ સુર્યને મળતા જતાં, યુવાની ઘડપણને મળવા જતાં, ફુલ ફળને મળવા જતાં અને માનવી કામનાઓને મળવા જતાં મૃત્યુ પામે છે.

• જગતમાં જન્મ લઇને જીવે જો કંઇ લેવાનું હોયતો એજ કે તે પ્રભુનો થઇ જાય.

○ મને દુઃખ કે સુખ મારા કર્મોને લીધે મળે છે તેથી મારું બગાડવાની કોઈની તાકાત નથી

○ પોતાના હાથે કરેલા સત્કર્મો વડે જ સદ્‌ગતિ પમાય છે. નાહિ કે મૃત્યુ પછી કરવામાં આવતી ધર્મિક ક્રિયા કરવાથી.

○ પાપ કરશો નહિ, તોયે પૈસા તો પ્રારબ્ધ પ્રમાણે જ મળશે પછી નાહકનાં પાપ શીદને બાંધવા ?

○ રેતીને પીલવાથી જેમ તેલ નીકળતું નથી તેમ અધર્મથી ભેગી કરેલી સંપત્તિથી માનવીને સુખ મળતું નથી.

○ આપણા સુખના દિવસોમાં જો ઇશ્વરનો સતત આભાર માન્યો હોય અને તેની કૃપા સમજી હોયતો આપણા દુઃખના દિવસોમાં તેને ઠપકો આપવાનો આપણને અધિકાર છે.

• વધારે ને વધારે મુશ્કેલીઓ આવે ત્યારે કદી અકળાવું નહિ. કારણ તેનો સામનો કરવા બીજા કરતાં તમને વધુ યોગ્ય વ્યક્તિ ઇશ્વરે માની હશે.

○ વહેલી સવારે કળી હોય તે સુર્યોદય થતાં ખીલે બપોર પછી કરમાવા લાગે, સાંજે ચીમળાઇ જાય, રાત્રે ખરી પડે, બીજે દિવસે કચરામાં આજે મોહક જણાતી દરેક ચીજની આ દશા છે. આપણે પણ કયા મૃગજળ પાછળ ગાંડા બનવાની મુર્ખાઇ કરીશું?

'એક દિન મીટ્ટી મે મીલ જાના હૈ'

દુઃખદ અવસાન

ગત તા. ૨૬-૧૧-૮૩ના રોજ કચ્છ કોટડા નિવાસી, હાલ ઈંદોર વસતા પટેલ વિશ્રામભાઈ શીવદાસભાઇ સેંઘાણીનું અવસાન થયું છે. તેઓશ્રી પુત્ર પુત્રીઓ તેમજ પૌત્ર પૌત્રીઓના વિશાળ પરિવારને વિલાપ કરતાં મુકી ગયા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.

દુઃખદ અવસાન

કચ્છ ખેડોઇ હાલ ગુજરાતમાં બોરડીટીંબામાં વસતા પટેલ ખીમજીભાઇ સવગણભાઈ મુખીનું કરમસદ ખાતે તા. ૧૧-૧૨-૮૩ની રાત્રે દુઃખદ અવસાન થયું છે

તેઓશ્રીએ બોરડીટીંબામાં વર્ષો સુધી પોલીસ પટેલનો હોદ્દો ધરાવી સેવા બજાવી હતી.

ઉપરાંત શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત, ધનસુરાના આગેવાન તરીકે પણ જ્ઞાતિની સેવા બજાવી હતી.

સદ્ગત શ્રી એ વિશાળ પરિવાર જનોની વચ્ચેથી વસમી વિદાય લીધી છે.

પ્રભુ તેમના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.

સ્વર્ગવાસ

કચ્છ કોટડા (જડોધર)ના રહીશ સ્વ. પટેલ કરશનભાઇ ખેતાભાઈ (મુખી)નાં ધર્મ પત્ની અને પટેલ ડાહ્યાભાઇ કરશનભાઈ નવાનગરના રહીશનાં માતૃશ્રી લક્ષમીબેનનું તા. ૨૭-૧૧-૮૩ના રોજ ૮૫ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયું છે. સ્વ તેમની પાછળ પુત્ર, પુત્રીઓ, પૌત્રો વગેરે લીલીવાડી મુકી ગયાં છે. પ્રભુ તેમના આત્માને શાન્તિ અર્પે એજ પાર્થના.

"સુખી રહેવાની કલા"

મહેન્દ્રકુમાર પી. નરસીંગાણી
(રાયપુર)

આપ આશ્ચર્ય ચકિત થઇ જશો કે સુખી રહેવું તે પણ એક કલા છે? જી—હા... આ પણ એક કલા છે. જેમાં વિરલાઓજ સફળતાને પામે છે. સુખી થવા માટે કેઇ દવા નથી પણ... કેટલાક વિચારો છે. જેનું નિયમીત પાલન કરવાથી મનુષ્ય સુખી રહી શકે છે

સુખ...શું છે ? સુખની વ્યાખ્યા જાણી લીધા પછી જ તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવામાં સરળતા રહે છે. સુખ શું છે જે નથી જાણતા તે સ્વભાવિક છે કે તેઓ તેને પાપ્ત કરવામાં અસમર્થ છે.

કોઇયે સુખની વ્યાખ્યા કરતાં કહેલ છે. આ એવી સ્થિતી છે જેમાં મનુષ્ય કોઇપણ પરિવર્તન વગર રહેવા માગે છે. સ્થિતીનો અર્થ અહીં માનસિક સ્થિતીનો છે, આપણી માનસિક સ્થિતીને કેટલાક વાસ્તવિક અને કાલ્પનિક ભય ડરાવતા હોય છે. જે આપણને એકદમ સુખી યા દુઃખી બનાવે છે. છતાંય આમાં કાલ્પનિક ભયની બહુમતિ હોય છે.

આપણા મસ્તકનો આપણા શરીર પર અદ્દભૂત પ્રભાવ છે. આ કારણે આપણાં દુઃખ વધારે પડતાં કાલ્પનિક હોય છે. કેટલાંક લોકો પોતાને બીમાર સમજી માનસિક રૂપથી દુખી રહે છે. કેટલાંક ખરેખર વિચાર હોય છે. કોઇ પોતાને બીમાર બનાવે છે તો કોઇ ખુદને બીમાર સમજે છે.

- આ બધુ વધારે પડતું વિચારવાથી જ થતું હોય છે વિશ્વમાં કાલ્પનિક બીમારી તથા કાલ્પનિક ગરીબી પણ છે. બીજાની પાસે જે કાંઇ વસ્તુ હોય તેની તુલનાં પોતાની સાથે સરખાવતા રહે છે અને કોઇ ચીજનો અભાવ હોયતો રાત દિવસ ફિકર કર્યાં કરે પણ ભુંલી જાય છે કે પોતાનાથી નિમ્ન-સ્તરનાં લોકો ગુજરાન ચલાવે છે. આપણને માથું ઢાકવાં છત છે જમવા માટે ભોજન છે પહેરવા—ઓઢવા કપડાં છે. આ શું...આપણાં માટે પુરતું નથી...?

પણ હંમેશાં આપણે બેચેન રહીયે છીયે કે મારા સંબંધી મારા કરતાં આર્થીક સ્થિતીમાં વિષેશ સબળ છે. અને વધતો જ જાય છે. સ્ત્રીઓ એક-બીજાનાં ઘરેણાંની કિંમત આંકવામાં દિવસ-રાત એની ધુનમાં જ વ્યસ્ત રહે છે.

આટલા માટે જ આપણને સુખી રહેવા સરસ વિચાર તેમજ આવશ્યકતા-

ની જરૂર રહે છે, આપણી પાસે જે કોઇ છે તેનાથી આનંદ લેવા ઘટે ! જે વસ્તુ આપણી પાસે નથી અને ભવિષ્યમાં પણ ક્યારેય નહિ હોય તેના વિષે સ્વપનાં જોવાનું બંધ કરવું આવશ્યક છે. લોભ કરવાથી ફક્ત દુઃખ જ હાથ આવવાનું છે. નિસફળતા પણ દુઃખનું કારણ છે.

જેવું કે પોતાના ધ્યેયમાં અસફળ થવું, પ્રેમમાં નિષ્ફળ જવું. પોતે ભવિષ્ય માટે યોજનાં બનાવીયે છીએ. પરંતુ પરિસ્થિતી તેને મીટાવી નાખે છે આપણે ઇચ્છીયે કે કોઇ આપણને પ્યાર કરે. પણ કોઇ પ્યાર કરવા વાળું પણ હોતું નથી. જયારે ઇચ્છા પુરી ન થાય છતાંય પોતે તેવા વિચારોમાં દુઃખી ન થવું જોઇએ.

આ દુઃખ એટલા માટે થાય છે કે પોતે પોતાની કમજોરી ઉપર વધારે લક્ષ્ય આપીએ કે જેના કારણે અસફળતા મળી એનો જ વિચાર કરીયે છીયે આ બધી કમજોરીથી મારૂં ભવિષ્ય મુસ્કેલીમાં મુંકાઇ જશે ભુતકાળમાં શું થયું અને ભવિષ્યમાં શું થશે. આની ફિકર ન કરીને આપણે જે અત્યારના સમય જેને વર્તમાન કહીયે છીયે તેના પર જીવવું જોઇએ પોતાની મુશ્કેલીને દુર કરવા સફળ પ્રયાસ કરવો જોઇએ.

તો આપણને એ માનસિક સ્થિતી પ્રાપ્ત થાય જેના વડે આપણે સુખી થઇ શકીયે જે મનુષ્યને સુખી બનાવે છે. બીક પણ આપણો દુઃખનું મુખ્ય કારણ છે. થોડીક બીકનીતો જરૂર છે. જેમ કે રસ્તામાં ચાલતાં વહને થી ડરીને ચાલવું જરૂરી છે, જો બીક ન રાખીયે તો દુર્ઘટના ગ્રસ્ત થવું પડે છે.

પરંતુ કેટલીક બીક કાલ્પનિક હોય છે. આપણે કેટલાક માણસોને જોઇયે જે બીમારીથી એટલા ડરપોક રહે છે. કે પોતાનું જીવન નષ્ટ કરી નાખે છે. જે લોકોને પોતાની સંપત્તિ ખોવાઈ જવાનો ડર છે તે પોતાની કલ્પનામાં ખોટાં વિચાર કરે છે. જેનાથી તેની સંપત્તિ જઇ શકે છે આકર્ષણ પોતે પોતાને વર્તમાન સુખથી વંચિત કરી દે છે.

સાચી ઘટના કરતાં આપણને કલ્પનિક ઘટના વધારે માનસિક ચિંતા કરાવે છે. આપણામાં વધારે પડતાં માણસો મૃત્યુના ડરથી વધારે ડરે છે. મૃત્યું તો દરેકને આવવાનું છે બિના ધ્યેયનો માણસ નિષ્ઠાવિનાનો વ્યક્તિ ક્યારેય સુખી થઇ શકતો નથી.

પોતાના માટે નહી પણ ખુંદનાં સ્વજનો પ્રિયજનો માટે જીવો પોતાના માટે જેટલું થઈ શકે તેટલું ઓછું વિચારો, કામ કરો... પ્રેમ કરો... પોતાના અસ્તિત્વને વિસરી જાય સાચું સુંખ એમાં છે. દુઃખથી જ સુંખ પ્રાપ્ત થાય છે. નહી કે સુખથી

જે બીજાઓ માટે દુઃખ સહન કરવા તૈયાર છે. તેજ સુખી થઇ શકે છે

સુખ ચાહોછો તો દરેકને સુખી બનાવવાની કોષીશ રાખો.

દૃષ્ટાંત ❋

હિતેન્દ્રકુમાર શામજીભાઈ પટેલ
C/o. ભગવતી સૉ મીલ વડોદરા–૩૯૦ ૦૦૧

દ્વારકામાં ગોદડિયા મહારાજની સમાધિ છે, એમનું એક પુસ્તક છે,– ' એક સંતની સાથે વાર્તાલાપ ' એમાં એક વાત મને બહુ ગમી, સંસારના બધા ધર્મ ગુરુઓ માટે બહુ ઉપયોગી, એક બહેન ગોદડિયા મહારાજને મળવા જાય છે મોટી ઉંમરના હતા. મહાત્માજી પણ મોટી ઉંમરના હતાં. એમાં કોઇ બીજો વિચાર કોઇને ન આવે. પણ બેનનો આગ્રહ મહાત્માજી પાસે કે મારે તમને એકાંતમાં દસ મિનિટ મળવું છે. અમુક પ્રશ્નો પુછવા છે. સાધુએ કહ્યું કે હું એકાંતમાં કોઇને મળતો નથી. કોઇ બીજું સાથે રાખો અથવા તો સાંજના સત્સંગમાં તમે રોજ બેસો છો તો ક્યારેક ખુલાસો થઇ જશે. થોડી પ્રતીક્ષા કરો. સાધુ રોજ ના પાડે

એ બહેનના એક પુત્રના મનમાં વ્યથા થઇ આ સાધુ આટલા વખતથી મારી બા વિનંતી કરે છે. એને દસ મિનિટની મુલાકાત નથી આપતા આમ તો મોટા ત્યાગી છે અને પોતાના ઉપર વિશ્વાસ નથી કે મારી બાને મળતાં એને તકલીફ થાય એટલા બધાં ડરપોક છે ? એને બીક લાગે છે કે મારું ક્યોક પતન થાય ! પુત્ર ગુસ્સે થઈ ગયો, ગોદડિયા મહારાજને કહે કે તમે સંત છો તો તમને બીક શાની ! મુલાકાત કેમ નથી આપતા ! સાધુ કહે, બેટા એક કામ કરીશ ? હુ તારી બાને મુલાકાત આપું પણ એક કામ કર, આવતીકાલે તારી બાનું પહેરવાનુ કાપડુ –સૌરાષ્ટ્રની ભાષામાં બ્લાઉઝ જે હોય છે એનુ મને આપી જા પછી હું એને મુલાકાત આપીશ.

છોકરો સાંજના કાપડું આપી ગયો બીજે દિવસે સવારના રોજની જેમ સત્સંગમાં પચાસ–સાઠ માણસો ભેગાં થયાં. મહાત્માજીએ પોતાના ભગવાં કપડાં ધોયાં એની સાથે પેલાં બેનનું કાપડું પણ ધોયું અને ભગવાં કપડાં, લંગોટી અને એની બાજુમાં એ કાપડું સુકવ્યું. પ્રવચન શરૂ થયું. એકનું બીજાનું ત્રીજાનું બધાંનું ધ્યાન કાપડામાં કોઇનું ધ્યાન સત્સંગમાં નહીં. સન્યાસીના આશ્રમમાં આ કાપડું ક્યાંથી ? બાપજીએ એક કલાક સુધી પ્રવચન કર્યું પણ કોઇનું ધ્યાન નહીં.

બધાં જતાં રહયા એટલે સંતે છોકરાને અને એની માને બોલાવીને કહ્યું કે, ' બાપ, હું તો પ્રભુની કૃપાથી આટલી ઉંમરે પહોંચ્યો છું. તું તો મારી મા છો. પાંચ મિનિટ શું આખી જિંદગી તું મારી સાથે રહે તોય મને બીક નથી. પણ કેવળ તારું કાપડું મે લંગોટીની સાથે રાખ્યું તોય બધાની શ્રદ્ધા ઉઠવા માંડી તો બેન હું તને એકાંતમાં મુલાકાત આપું તો સમાજની જે શ્રદ્ધા હોય તે તુટી જાય. અમને અમારા ધર્મો છે, લોકમર્યાદા છે.

સ્વરૂપ જ્ઞાન *

ભરતકુમાર નારણદાસ પટેલ
બોરડીટીંબા

જીવ જગતને ઇશ્વર ત્રણ નજરે આવે છે, તેમાં જગત ઇશ્વરની કલ્પના રૂપ છે, સિનેમાના ખેલ જેવું મિથ્યા છે. જયાં સુધી જગત આપણને સાચું લાગે છે ને તેમાં મોહ રહે છે ત્યાં સુધી આપણે જીવરૂપ થઇ રહેલા છીએ. અને ઇશ્વર જગતના સૃષ્ટા, પાલનકર્તાને સંહારકર્તા છે પણ સાચી રીતે જયારે આપણે આપણા સ્વરૂપને સત્ ચિત્ આનંદરૂપ સમજી જગતને તેના પદાર્થો પ્રત્યેના આપણા મોહને અભિલાષાને જેમ જેમ પાતળા પાડતા જઇએ છીએ તેમ તેમ આપણું જીવપણું ને જગતનું સાચાપણું નાશ પામતુ જાય છે એમ નાશ પામવાના છેવટના અવશેષમાં આપણે એક સત્રૂપ બાકી રહીએ છીએ એનું નામ મુકિત જીવની સંકલ્પશકિત કે ઈચ્છા રહિત સ્થિતિ તેજ આત્માનું બ્રહ્મસ્વરૂપ છે.

આજ વાત બીજી રીતે સમજીએ. શરીરને કરવાના કર્મો મરતાં સુધી ખલાસ થતાં નથી કર્મ ખલાસ થયે શરીર પડે તેનું નામ મરણ. દરિયામાં પરપોટાની પેઠે એવાં કંઇક શરીરો જમીન રૂપી સાગરમાં અગર પ્રકૃતિરૂપી દરિયામાં ઉભાં થાય છે, વધે છે, ક્ષીણ થાય છે ને શમે છે,

શરીર 'હું' છું એવા જ્ઞાનથી યુકત જે જે કર્મો થાય તે કર્તાને બાંધે, પ્રકૃતિથી પર એવો 'આત્મા તે હુ' એવું જાણી પ્રકૃતિની પર રહી તેની લીલા જોયા કરે તે મજા માણે

આપણે સત્ છીએ. અજર ને અમર છીએ, પ્રકૃતિથી પર છીએ, પરમાત્મા સ્વરૂપ છીએ. સાગરના વિધવિધ પરપોટામાં જેમ એક જ વાયુ વ્યાપક છે તેમ વીધવીધ શરીર મંદીરોમા એક જ પરમાત્મા વ્યાપક છે. ને તેજ આપણું સ્વરૂપ છે; એનું મનન કરવું, ઠસાવવુંને એ ઠસે ત્યારે જ મોહ ઘટે. પ્રાણીમાત્રને પોતાનું સ્વરૂપ જેવુ છે તેવાં સમજવાં તે જ્ઞાન શ્રેષ્ઠ છે ને શરીર પ્રકતીધર્મ કર્મ કર્યે જાય પણ તેમાં સાક્ષી ચેતન આસકત ન થાય તે જ્ઞાનની પરાકાષ્ઠા છે. આ સ્થિતી દુષ્પ્રાપ્ય છે પણ અપ્રાપ્ય નથી. સ્વરૂપનું જ્ઞાન થયા પછી પણ વ્યવહારમાંથી આસકતી છુટતાં બંધનની ગાંઠો તુટતાં સમય લાગે છે પણ તે તુટે છે જ.

—ભરત



આયુર્વેદના ટૂંકા પણ સચોટ ઉપદેશી રત્નો

વસંત કે. પટેલ (કાશીપુરાકંપા) હિંમતનગર

ચાલો આપણે સૌ નવા વર્ષથી આટલો સંકલ્પ કરીએજ

- ભુખ લાગે ત્યારે પાણી ન પીઓ
- તરસ લાગે ત્યારે ખાવ નહિ
- સાચી ભુખ લાગે ત્યારે જ ભોજન લો
- ઝાડો સાફ આવે તેનું ખાસ ધ્યાન રાખો.
- સત્ય બોલો અસત્ય બોલવાથી અનેક રોગો થાય છે.
- જે હૃદયમાં અને મનમાં હોય તેજ બોલો લખો.
- સત્ય બોલનારો માણસ શારિરીક તેમજ માનસિક અનેક રોગોથી મુકત રહે છે.
- જે વીર્યનું રક્ષણ કરી શકશે તે મન ઉપર કાબુ રાખી શકશે તેમાં લેશ માત્ર શંકા નથી.
- જે પુરૂષ તેમજ યુવાન વધુ વીર્યપાત કરે છે તે અલ્પ યુષી બને છે તેમજ ઘડપણમાં બીલકુલ અશકત બને છે
- બધાં ઔષધોમાં શ્રેષ્ઠ ઔષધ લંઘન (ઉપવાસ) છે.
- બુધ્ધિ ધીરજ અને આત્માનું જ્ઞાન એ મનના રોગોનું પરમ ઔષધ છે
- મોટા ભાગના શરીરના રોગો મંદાગ્નિ (મંદપાચન) થી થાય છે.
- મનુષ્યના બળનું મુળ જઠરાગ્નિ છે અને જીવનનુ મુળ વીર્ય છે.
- મળ, મુત્ર, ઊંઘ, બગાસા, આંસુ જેવા કુદરતી વેગો કદી ન અટકાવો, રોગો થાય.
- જે દવા ખાવાથી બીજા અનેક રોગો થતા હોય તે દવા ખાવી જ નકામી છે
- કુસંગતિ, આળસ અને સ્વાદની અધિક લોલુપતા આરોગ્યનો નાશ કરે છે.
- અતિ સર્વત્ર ત્યજો, અતિ સાહસ અતિ ઊંઘ, અતી આહાર, અતી જાગરણ સર્વ અતી ભયકર છે.
- જે મનથી સંયમી છે, જ્ઞાની છે, તપસ્વી છે, યોગી છે તેને રોગ થતા જ નથી.
- જે રોગની પરેજી પાળે તેને દવાની ભાગ્યે જ જરૂર પડે છે.
- ઋતુ ને અનુકુળ ખોરાક લો જેથી રોગ ભાગ્યે જ થાય.
- લસણ ખાનારને ક્ષય (ટીબી) થતો જ નથી.
- ઘર આગણે તુલસીનો છોડ અચુક વાવજો જ તેનો આયુર્વેદમાં અગાઢ મહિમા છે.

કચ્છી કડવા પાટીદારની શાખાઓ ગુજરાતમાંથી કચ્છમાં જઈ વસ્યા તેની માહિતી

ગૃહમાતા રમીલાબેન આર. પટેલ

નેત્રા – સાંખલા :—

આ શાખાના વંશજો અસલ ઊંઝામાં રહેતા ત્યાંથી આણંદ ગયા. અને ત્યાં પટેલાઇ કરી તેમાંથી એક ભાઇ માળવા એક કલોલ તાલુકાના નારદીપુર ગામમાં અને એક સીકરે આવીને વસ્યા તેમનો વંશ માણેકવાડા અને ત્યાંથી બઢર મોર ગામે આવ્યા. વાસણના વંશજો આણંદ તાલુકાના ભાદરણ ગામમાં ગયા. અને તેમના પિત્રાઇ ભાઈઓ ધોળકા તાલુકાના બાવળા ગામમાં ગયા. અબજીનો પુત્ર ધનજી રત્નો અને લાલજી સીકરા થઇ નેત્રા આવ્યા. હાલમાં તેમના તથા રત્નાના વંશજો વેકરા ગયા છે.

વિથાણ-સુરાણી :—

આ વંશના વડવાઓ ચરોતરમાં સુણાવ ગામમાં રહેતા. પીરાણા પંથ સ્વીકારવાથી તેમને સીકરે આવવું પડયું ત્યાંથી માનકુવા ગયા. ત્યાં ગરાસિયાઓ સાથે લડાઇ થઇ તેમાં ગોપાલનું મૃત્યુ થયું જેમની દેરી માનકુવાની પશ્ચિમ દિશામાં આજે પણ મોજુદ છે. ગોપાલના પુત્ર મનજી તથા વિશ્રામ સંવત ૧૮૦૧માં વિથોણ જઇને વસ્યા. જેમનો પરિવાર હાલ ત્યાં વસે છે

કરણોઇ – ભાવાણી :—

આ શાખાના વંશજો ચરોતરના વસો ગામમાં રહેતા ત્યાંથી ભાવા પટેલ સીકરે આવ્યા ત્યાંથી તેમના વંશજો માણેકવાડ ગયાં માણેકવાડથી તેમના વંશજો ધમડકે આવીને વસ્યા. ત્યાંથી હરજી પટેલનો પરિવાર કરણોઇ ગામમાં આવી કુવો બંધાવ્યો, જ્ઞાતિ જમાડી બારોટને સંવત ૧૮૩૧માં ઘોડીનું દાન આપ્યુને પટલાઇ કરી.

નખત્રાણા – લીમ્બાણી :-

એમના વડવાઓ અમદાવાદ તાલુકાના અડાલજ ગામમાં રહેતા હતા ત્યાંથી નડિયાદ ગયા તેમના વંશજ ગોવા પટેલને જેરાજ, જીવો અને વાસણ નામે ત્રણ પુત્રો હતા તેમાંથી એક મળત્રા બીજો ડીમ્બોઇ અને ત્રીજો ગીરમથે ગયો બીજા અને ત્રીજાએ પીરાણાનો પંથ સ્વીકાર્યો તેથી સવત ૧૭૬૫માં તેઓ સીકરે આવ્યા. જીવાનો પરિવાર રામજી, ધનજી અને ગોરો ત્રણ ભાઇ સંવત ૧૭૯૮માં નખત્રાણા ગયા ગોરાનો પુત્ર આંણદો તેનો પેથો તેનો કેસરો પટેલને તેના ભોજા પટેલ થયા તે ભોજા પટેલ નખત્રાણાથી સંવત ૧૯૦૩ની સાલમાં માતૃપક્ષમાં વિરાણી આવીને વસ્યા. તેમના રામજી તેમના નારાયણજી તથા વાલજી અને વાલજીના

જીવરાજ તથા વેલજી બે પુત્રો થયા.

મથલ – પોકાર :–

તેમના વડવાઓ નડીયાદમાં રહેતા ત્યાંથી મગન પટેલ કાનમમાં વસ્યા ને તેમના પુત્રો હંસરાજ અને મોહન ગિરમથે આવ્યા. સંવત ૧૭૧૦માં પિરાણાનો ધર્મ સ્વીકાર્યો તેથી સીકરે આવી વસ્યા ત્યાંથી હંસરાજના પુત્ર દેવીસિંહ તથા મેઘજી સંવત ૧૭૪૨ના જેઠ વદ બારસના દિવસે મથલ આવ્યા ત્યાં નિરાસીયાઓએ તેમને પટેલાઇ આપી મેઘજીના પુત્ર હરભમ તેનો શીવજી વગેરેનો પરીવાર આજે પણ મથલમાં છે.

ધડાણી – લિમ્બાણી –

મૂળ ગામ ઉંઝા રહેતા ત્યાંથી બાવળા વસ્યા ત્યાંથી ગોવિંદ પટેલનો વંશ આણંદ આવ્યો ત્યાંથી તેના વંશ અરજણના પુત્રો છગન, હરગોવિંદ. ગોવિંદ ગામ હાલી તા. મહેમદાવાદ આવ્યા ત્યાંથી અમદાવાદ આવ્યા અને પીરાણા પંથ સ્વીકાર્યો. સંવત ૧૮૮૨-માં કાનજી તેવા નારણ બંને માણેક-વાડા આવ્યા ત્યાંથી ભડલી ગયા અને ત્યાંથી સંવત ૧૮૧૩માં કાનજીનો વંશ ગેલો અને અબજી બે ભાઈઓ તથા બેન જશું તથા ભાણેજ નથ્થું ધડાણી આવીને વસ્યા.

ખોંભડી – પોકાર :—

આ શાખાના અસલ ઘરડાઓ ધોળકા રહેતા ત્યાંથી પચાણ પટેલ સંવત ૧૬૮૩માં ગીરમથે આવ્યા અને પીરાણા ધર્મ સ્વીકાર્યો તેથી તે સીકરે આવ્યા. વેલાણીમાં વસ્યા પચાણ પટેલના વાલજી, રતનો અને મેઘજી ત્રણ પુત્રો હતા તેમનો પરીવાર ૧૭૦૪માં ખોંભડી આવી વસ્યો. મેઘજીનો પુત્ર રઘો થયો અને તેને અભજી અને પાંચો થયા. પાંચાનો પુત્ર મનજી, રામો અને વિશ્રામ થયા.

મગવાણા – ચોપડા :–

અસલમાં તેમના પુર્વજ નાગજી પટેલ ઉંઝથી નીકળી સાણંદ વસ્યા ત્યાંથી અમદાવાદ આવી પીરાણાનો ધર્મ સ્વીકાર્યો અને સંવત ૧૬૭૧માં સીકરે આવ્યા ત્યાંથી તેમના વંશજ જશો અને જીવરાજ અંગીયા આવ્યા અને ત્યાંથી સંવત ૧૮૧૮માં જીવરાજ-ના પુત્ર ધનજી તથા પૌત્ર ગોરો અને કચરો મગવાણે આવ્યા અને ત્યાં પટેલાઇ કરી આગેવાન ગણાયા.

હરસ્રાહી – પોકાર :–

(હાલ બાથાણી) મૂળ ગામ ધોળકા-થી હાલા પટેલ સારંગ ચૌહાણ સાથે ગિરમથા આવી પિરાણા ધર્મ સ્વીકાર્યો તેથી સંવત ૧૫૯૮માં નાકર તથા વેલા પટેલના કુટુંબમાં સીકરે આવી વસ્યા. સંવત ૧૬૬૪માં હાલાના પુત્ર રામજી-તથા જેયાસિંહ ખેડોઇ આવ્યા એક ભાઈનો નિર્વંશ ગયો જયસિંહના અરજણ અને દેવીસીંહ થયા દેવીસીંહનો પુત્ર મનજી સંવત ૧૭૦૪માં માનકુવા વસ્યા.

મનજીને રતનો અને લખું એ પુત્રો થયા લખુનો આબજી સંવત ૧૭૮૪માં દરસડી આવી વસ્યોં અને પટેલોઇ કરી દરસડી ગામમાં પીરાણા ધર્મનું સ્થાનક બાંધી જ્ઞાત જમડી અબજીને ડુંગર, ગોપાળ, લક્ષ્મણ અને કરશન ચાર પુત્રોં થયા. કરસનનો પુત્ર સવજી તથા ભાણજી થયા ને લક્ષ્મણના પુત્ર લાલજી તથા પુત્રી હીરબાઇ અને ગોપાલનો પુત્ર દેવસીંહ તથા રતનો અને ડુંગરનો પુત્ર ભખુજી તથા રતનબાઈ અને માનબાઇ થયાં તેઓ સૌ અબજી પોકારનો વંશ છે.

આ પ્રમાણે પંદરમા તથા સોળમા સૈકામાં તેઓએ પોતાનો અસલ હિન્દુ ધર્મ બદલી મુસલમાનને ગુરૂ કર્યા તેથી તેમને કુટુંબ જ્ઞાતી અને ગામ સાથે પણ કલહ થાય તે સ્વાભાવિક છે ધાર્મિક અગવડને લીધે સઘળા પીરાણા પંથી કણબીઓ ક્રમે ક્રમે ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગોમાંથી નિકળી વાગડ (કચ્છ)માં સિકરા ગામે આવ્યા ત્યાં પોતાના સહોદર સમાન સ્વધર્મીઓ સાથે મળી જુદી જ્ઞાતિ કરી કચ્છનો પ્રદેશ વર્ષોથી ખેતીવાડીમાં પછાત હતો. તેથી ગુજરાતના કાબેલ ખેડૂતો કચ્છના રાવને અનાયાસે મળવાથી તેમનો સારો સત્કાર કર્યો જમીનો આપી તેથી સીકરેથી સહુ સગવડે સગવડે જુદા જુદા ગામોમાં જઈને વસ્યા અને આબાદ થયા જો કે તેઓએ મુસલમાનને ગુરૂ કર્યાં હતા તો પણ તેમની સર્વ પ્રકારની રીતભાત હિન્દુની જ હતી તેઓ માત્ર વાર્ષિક ભેટ પીરાણે મોકલતા તે સિવાય મુસલમાનોનુ એક પણ વર્તન તેમનામા ન હતુ આ પ્રમાણે કેટલાક કાળ પર્યંત ચાલ્યુ તેઓની વસ્તી વધી પ્રથમના બાર-તેર ગામો-માંથી પચીસ-ત્રીસ ગામો થયાં તે અરસામાં તેમને ત્યાં એકાદ લગ્ન પ્રસંગે પીરાણાંનો ધર્મગુરૂ પ્રાગજી કાકો જે મહા કાબેલ હતો તે આવ્યો અને તેમને હિન્દુથી નિરાળા કરી શુદ્ધ પીરના અનુયયીઓ બનાવવા ખટપટ કરી વહીવંચા તથા ગોરની સાથે તકરાર કરાવી પરંતુ તેમનો મર્મ ન સમજતાં બીચારા અંધ શ્રદ્ધાળુ કણબીઓએ તે પ્રાગજીકાકાની સલાહ પ્રમાણે નખત્રાણા ગામે એકત્ર થઇ ગોર તથા વહીવંચાને હંમેશને માટે ત્યજી દેવાનો ઠરાવ કર્યો જે નીચે પ્રમાણે છે

ઠરાવ :- સંવત ૧૮૩૨ના પોષ વદ તેરસને દિવસે નખત્રાણા મધ્યે જ્ઞાતિ પંચ ભેગા થઇ બારોટ ગૌરીદાસ સામદાસ તથા ગોર જાની દયાશંકર ભગવાનજીને રજા આપી અને નક્કી કર્યું આજ દિવસ પછીથી બારોટ પાસે વહીવંચો લખાવવો નહિ તેમજ બારોટને કંઇપણ આપવું નહિ અને ગોર દયાશંકર ભગવાનજીના વંશજ તેમજ કોઇપણ બ્રાહ્મણ પાસે ચોરી તથા લગ્ન પ્રસંગે કંઇપણ કર્મ કરાવવુ નહિ તેમ છતાં જો કોઇ ભાટ તથા બ્રાહ્મણને માનશે તો તે નાતનો ગુનેગાર ગણાશે

બાવા ઈમ.મશાહના ધર્મને માનનાર આપણા કણબી ભાઈઓ જેમણે સંવત ૧૫૯૨ના કારતક સુદ બીજને શુક્રવારે બાવાનો ધર્મ અંગીકાર કરેલો છે. તે ભાઈઓએ આજ દિવસ સુધી વહીવટચો લખાવેલ છે. અને બ્રાહ્મણો પાસે સુતક કર્મ મરણની ક્રિયા તથા લગ્નની ક્રિયા કરાવી છે પણ હવેથી આપણા ગુરૂ ઇમામશાહનો ખરો રસ્તો બાવા ઇમામ શાહના સૈયદો તથા હાલ જે પીરાણાની ગાદી ઉપર ટીલાઇટ કાકા પ્રાગજીના હુકમથી અને ધર્મને સમજીને બ્રાહ્મણ તથા ભાટને નહિ માનવા નીચે મુજબના ગામોના પટેલોના પંચે ભેગા થઇ ઠરાવ કર્યો છે જે આપણી આખી નાત્તને કબુલ મંજુર છે.

(૧) ગમ નેત્રાના પટેલ લખમણ સુત નારણ નાકરાણી પટેલ નારણ અબજી-યાણી તથા પટેલ ભાવા સામાણી.

(૨) ગામ વિરાણીના પટેલ માંડણ તથા રૈયા નાકરાણી તથા પાંચા પાંચાણી લધા રિવાણી તથા માના બાચાણી.

(૩) ગામશ્રી વિથોણના પટેલ દેવજી, ભગત કાનજી, ગણેશ સેંગાણી, વાલા નાંયાણી તથા વશરામ સુરાણી.

(૪) ગામશ્રી નખત્રાણાના પટેલ ભોજા માનાણી પટેલ સુરા પટેલ નાયા સેંઘા ગોરા વાલા દેવરાજ તથા કમા સુરાણી.

(૫) ગામ મથલના પટેલ હરભમ પોકાર મેઘા નાનજીયાણી તથા રતના ચૌધરી.

(૨) ગામશ્રી ધડાણી પટેલ કેશરા વીરજી તથા પેથા પોકાર.

(૭) ગામશ્રી ખોભડીના પટેલ પાંચા તથા અબજી પોકાર.

(૮) ગામશ્રી અંગીયાના પટેલ અખઇ મેઘા, માંના તથા કાનજી પારસિયા.

(૯) ગામ ડેંજાપરના પટેલ મનજી સોમજી આણી પટેલ સુરા મુખી જીવા તથા ભીમા રૈયાણી.

(૧૦) ગામ દરસડીના પટેલ ડુંગર, ગોપાલ, લખમણ, કરશન, પોકાર, દેવજી, સેંગાણી, ખેતા પુંજાણી તથા હરભમ.

(૧૧) ગામ સરવાના પટેલ કેસરા તથા કરશન હરજી પબાણી.

(૧૨) ગામ કરઓઇના પટેલ દેવજી તથા મુળા.

(૧૩) ગામ મગવાણાના પટેલ ગોરા ચોપડા તથા કચરા.

(૧૪) ગામ ભડલીના ગોવા ઠાકરાણી તથા માંડણ ભોજાણી.

(૧૫) ગામ માનકુવા પટેલ કરમશી સુત ભીમજી, રામજી, ધનજી તથા કરશન આ પ્રમાણે નાત સમસ્ત મળી ખાવામાં ગામ નખત્રાણામાં બાવાના પાટ આગળ ધુપ દીવો કરી ઇમામશાહના ધર્મનું પાલન કરવા માટે નક્કી કરી ગોર દયાશંકર ભગવાનજી તથા ગૌરીદાસ સામદાસને રજા આપી છે.

**

કર્મનો કીમીયો *

ગંગાનો અરધો પ્રવાહ સુકાઇ ગયો હતો એના કીનારેથી હું અને મારો મીત્ર સ્નાન કરવા માટે નદીતટની રેતી માં થઇને કીનારા તરફ જઇ રહ્યા હતા ત્યાં ગેબમાંથી અવાજ આવ્યો, ' ઉભા રહો આંખો મીચી દો. બાજુના ખાબોચીયામાં હાથ નાખી મુઠ્ઠીમાં જે આવે તે લઇ લ્યો પછી આગળ ચાલવા માંડો કાલ સવાર સુધી આંખ ઉગાડશો નહી કાલે તમને આનંદ થશે અને દુઃખ પણ થશે.

અમે એ પ્રમાણે કર્યું, સવારે જોયું તો અમારા બંનેની મુઠ્ઠીમાં હીરા ઝગ મગતા હતા. આમ અનાયાસે જ આટલા હીરા મળી ગયા એનો આનંદ અમારા અંતરમાં માતો નહોતો પણ ઓછા હીરા કેમ લીધા એનું અમને દુઃખ થયુ એટલું જ-

આપણા સમયની પ્રત્યેક ક્ષણ હીરા કરતાં પણ મૂલ્યવાન છે. એનુ સ્મરણ આપણને આનંદ જ આપે ને દુઃખ ના કરાવે એવા કોઇ કર્મનો કીમીયો આપણે શોધી શકીએ ?

રમેશભાઇ રેવનદાસ પટેલ
જોડીલાટ

પારસ મણિ *

- ધર્મ એ ચર્ચા કે પ્રદર્શનની બાબત નથી પરંતુ કેવળ આ ચરણની બાબત છે.
- સત્યનું તેજ જીરવવા માટે જેનુ મન તૈયાર ન હોય અને સત્ય કડવુ જ લાગે છે.
- દેહમાં જેટલુ શ્વાસનું મૂલ્ય એટલુ જ જીવનમાં વિશ્વાસ એ તો વિશ્વનો શ્વાસ છે.
- જીવનની રંગભુમિ ઉપર ન સન્માન પુર્વક ઉભા રહેવા માટે પગમાં નીતિનુ જોર જોઇશે જ.
- આજનો માનવી સત્ય વરતું ખોટી જગ્યા એ શોધે છે.
- પ્રાર્થના પુજા ભલે થોડી હોય પણ પછીનો બધો સમય સત્યમય, ઇશ્વર પરાયણ હોવો જોઈએ
- વેર લેતાં સૌ કોઇને આવડે છે હૃદયથી માફી આપવી એજ શુર-વીરનુ પરાક્રમ છે.
- દુનિયાની તમામ ભાષામાં આનંદ નો કોઇ વિરોધી શબ્દ જ નથી.
- શાસ્ત્રીય રીતે જીવવાની રીત ભૂલાઇ ત્યારથી જ મુંશ્કેલીઓ સમસ્યાઓ ઉભી થઇ છે.
- જાણી જોઇ ને વેરનુ સામ્રાજ્ય સ્વીકારીને તમારૂ આખુ જીવન વિષમય બનાવશો. ?

દિનેશકુમાર એ. પટેલ
રામપુરા કંપા (તખતગઢ)

આર્થિક સમીક્ષા *

પટેલ કિરીટકુમાર વી.
F.Y.D.C.E.
મોતેસરી

બજારના આ હાલ છે
બજારના આ હાલ છે
કે ગ્રાહક પીળો છે
અને દુકાનદાર લાલ છે.
દુધ વાળો કહે છે —
દુધમાં પાણી કેમ છે
તે ગાયને પુછો
ગાય કહેશે,
પાણી પીવું છું તો પાણી દઇશ
દુધ વાળા મારો જીવ લે છે
તો હું તમારો લઇશ
દરજી કહે છે —
શું કહ્યું ? પેટ પર પેન્ટ ફીટ છે ?
આંખો ના કાઢશો
દરજીને દોશ દેવાને બદલે
પોતે જ સંભાળો
જેવું છે તેવું લઇ જાવ
કુર્તાને પોટ લાયક નહિ.
પેટને કુર્તાને લાયક બનાવો.
ચોર કહે છે —
નફાખોરો નફો કરી રહ્યા છે.
અને અમો તેઓની તિજોરી તોડીને
અધિકાર અને કર્તવ્ય એક સાથે
નિભાવી રહ્યા છીએ,
કોઇની તિજોરીમાં ડોકિયુ તો કરી જુઓ
આત્મા હાલી જશે, કોક ખૂણામાં ખોળી
લોકતંત્રની લાશ મળી જશે.

તમારા દિકરા–દિકરી કેફની કેદમાં હશે તો

સંપાદક : વિઠ્ઠલભાઇ એમ. પટેલ
મંજુલાબેન વી. પટેલ
રાયપુર (મ. પ્ર.)

આ નવ ચીજ જો તમારા ઘરના યુવાન યુવતીમાં દેખાય તો શકય છે કે તેને કેફી પદાર્થનું સેવન કરવાની ટેવ પડી હોય.

(૧) જે યુવાન યુવતી એકલ પેટા બનતા જાય.

(૨) એના હાલ–હવાલ બે ઢંગ બનતા જાય.

(૩) ભણતરમાંથી ધ્યાન ઉઠતું જાય.

(૪) જીવનમાં અવ્યવસ્થા ફેલાતી જાય.

(૫) ઘર કે તમારા પાકિટોમાંથી ચોરી વધતી જાય.

(૬) ટાણે કટાણે ઊંઘવાની આદત પડતી હોય.

(૭) એના મ્હોં, કપડાં કે રૂમમાંથી માદકવાસ પ્રસરતી હોય.

(૮) એની હાથની પકડ ઢીલી પડતી જાય. શરીર સુકાતું જાય આંખો ઊંડી ઉતરતી જાય.

(૯) એનો સ્વભાવ જક્કી બનતો જાય.

યુવાની * * *

કમલેશકુમાર વી. પટેલ
" ગઢકંપા

યુવાની એટલે વસંતનું આગમત,
યુવાની એટલે ઉત્સાહ સ્ફુર્તિનો આવિર્ભાવ,
યુવાની એટલે શૌર્યની પ્રબળ આકાંક્ષા,
યુવાની એટલે અમર આશાનું સંગીત,

મિત્રો, આપણે આવી યુવાનીનો આ સ્વાદ ચાખ્યો છે ?...ના યુવાનીની મસ્તીમાં આપણે રાહ ભૂલ્યા છીએ, મઝધરિ અટવાયા છીએ ને ?' હૃદયમાં પ્રશ્ન ઉઠે છે...

વસંતના આગમનમાં પાનખરની વ્યથા શાને ?
ઉત્સાહના આવિર્ભાવમાં હતાશાની લાગણી શાને ?
શૌર્યની આકાંક્ષામાં વિધ્વંસક વૃત્ત શાને ?
અમર આશાના સંગીતમાં નિરાશા નું રૂદન શાને ?

પણ......પણ.. ...પણ
કોલેજના રંગીન વાતાવરણમાં !
ચલચિત્રોના સસ્તા – ગીતસંગીતમાં !
મિત્રોની દિશાશુન્ય મહેફીલમાં !

બધા આદર્શો વિસરાઇ જાય છે, અને ' કંઇક બનવું છે ' ' કંઇક કરવું છે ' પણ ' કંઈજ થવાતું નથી ' આ હકીકત બની જાય છે.

તો..........
આપણે શું કરવું જોઇએ ?
આપણે શું બનવું જોઇએ ?
આદર્શોની પુર્તિ કેમ કરવી જોઇએ ?
યુવાનીના વર્ષો કેમ માણવા જોઇએ ?

આવા અનેક.........પ્રશ્નોના ઉત્તર મેળવવા પડશે.

યુવાનીની ગહે ઉત્સાહ પૂર્ણ કદમથી કદમ મિલાવી નિશ્ચિત ધ્યેય પર આગળ વધવા ભારતીય સંસ્કૃતિની પરંપરા અને તેજસ્વી વિચારધારા જાણી જીવનને કટિબદ્ધ કરવું જ રહ્યું, નહિતર યુવાની વ્યર્થ જશે

યુવાની વ્યર્થ એટલે જીવન વ્યર્થ.

તો આપણે....યુવાનીને ઓળખવા ધ્યેયપુર્ણ બનાવવા એકત્રિત થઈએ ?

સમાચાર દર્શન

ખેડોઈ પાટીદાર યુવક મંડળના ભાઈઓનો
ઊંઝા – અંબાજી – આબુ સાયકલ પ્રવાસ

તા. ૯–૧૧–૮૩ અમારા ખેડોઇ પાટીદાર યુવક મંડળનાં નવ ભાઈઓએ ઊંઝા–અંબાજી આબુનો સાયકલ પ્રવાસ કર્યો હતો. જે ખેડોઇથી ૫૫૦ કિ. મી નું અંતર થાય છે. તે ભાઇઓને મરકત પાટીદાર યુવક મંડળના પ્રમુખશ્રી બચુલાલ કાનજી છાભૈયા અને દુબઇ પાટીદાર યુવક મંડળના પ્રમુખશ્રી ગુણવંત-ભાઇ ગોવિંદભાઇ પોકારે તેમજ ગામના ભાઇ–બહેનોએ ભાવભરી વિદાય આપી હતી. અને તેમની સાહસીકતાને બિરદાવી હતી. આ ભાઇઓને પાલનપુરમાં રસ્તાનું માર્ગદર્શન એસ. ટી. ડેપોના પાર્સલ મેનેજરશ્રી ગુલામહુસેન નુરભાઈએ પુરું પાડયું હતું તે બદલ આ ભાઇઓ તેમનો આભાર માને છે. તેમજ સાબરકાંઠા જિલ્લાના તા. હિંમતનગરના મુનપુર ગામના શ્રી મણીભાઇ રણછોડભાઇ અને અમૃતભાઈ રેવાભાઈ પટેલનો પણ આભાર માને છે કે જેમણે બાલારામમાં સર્વે ભાઈઓને ચા-નાસ્તો કરાવ્યો હતો અને તેમની સાહસીક વૃત્તિને પ્રોત્સાહન આપ્યું હતું.

આ પ્રવાસમાં નીચેના ભાઇઓ ગયા હતા.

૧ રતીલાલ સવગણભાઇ પટેલ પા. યુ મંડળ – ખેડોઇ પ્રમુખ
૨ ઇશ્વરલાલ નારણભાઇ લીંમાણી
૩ મણીલાલ પચાણભાઇ ,,
૪ મણીલાલ દેવરામભાઇ ચૌહાણ
૫ રામજીભાઇ નારણભાઇ રૈયાણી
૬ શાન્તીલાલ ખેતાભાઇ લીંબાણી
૭ કેશવલાલ કાન્તીલાલ પોકાર
૮ વાયરમેનશ્રી ઝાલાભાઈ
૯ નરપતસિંહ રણમલજી જાડેજા

આ સર્વે ભાઇઓની સાહસવૃત્તિને પા. યુ. મંડળ ખેડોઈ બિરદાવે છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ દીલ્હી

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હી તરફથી દર વરસની જેમ આ-વરસે પણ નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવેલ હતો. માતાજીના ગરબામાં હોંશથી ભાઇ બહેનો એ ભાગ લીધો હતો. અને માતાજીનાં ગુણગાન ગાઇ ગરબા રમેલ હતાં.

વધારેમાં શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળે નવરાત્રી દરમ્યાન બે નાટક રજુ કરેલ હતા. (૧) વડીલોના વાંકે અને (૨) ઇશ્વરે ઘર બદલ્યું જેને સમાજમાં ખુબજ પ્રસંશા મેળવી હતી.

નવરાત્રીના અંતે દશેરાના દીવસે સમાજનું સમુહભોજન ગોઠવેલ હતું અને તેમાં સ્કૂલ અને કોલેજમાં અભ્યાસ કરતાં બાળકો પરીક્ષામાં સારા નંબરે પાસ થઇને સમાજના બાળકોમાં નંબર મેળવેલ તેને ઇનામો આપવામાં આવેલ હતા દરેક કલાસમાં પહેલા બીજા તથા ત્રીજો આવનારને ઇનામ આપવામાં આવેલ હતું. કલાસમાં પહેલું ઇનામ મેળવનાર બાળકોનું લીસ્ટ નીચે મુજબ છે.

નરસિંહભાઇ કરસનભાઇ પટેલ B. Com. Ist year

કુમારી ઝવેરબેન કરશનભાઇ પટેલ	ધોરણ	૧૨
,, મીનાક્ષીબેન ગંગારામ પટેલ	,,	૧૨
,, લતાબેન ધનારામ પટેલ	,,	૧૦
,, મંગળાબેન ગંગારામ	,,	૯
,, પાર્વતીબેન કનૈયાલાલ	,,	૮
,, દક્ષાવતી ગંગારામ	,,	૭
પુરષોત્તમ શિવદાસ	,,	૬
કુમારી લક્ષ્મીબેન હરદાસ	,,	૫
,, ભગવતીબેન મનજીભાઇ	,,	૪
,, જયંતીલાલ રાજારામ	,,	૩
,, મનોજકુમાર ધનજીભાઇ	,,	૨

સભાનું પ્રમુખ સ્થાન નાનજીભાઇ હીરાલાલે લીધું હતું. અને સમાજના વડીલ મુળજીભાઇ ગોપાલના વરદ હસ્તે ઇનામો આપ્યા હતા.

લી. આપનો
ગંગારામ પટેલ
મંત્રી

—: અહેવાલ :—

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તાનો ભવ્ય " સ્નેહમિલન " તથા " સરસ્વતિ સમારોહ " સવંત ૨૦૪૦ના પ્રથમ શુભ દિને તા. ૫-૧૧-૮૩ને શનિવારના સાંજે ૪ ૦૦ થી ૮-૦૦ દરમિયાન યોજાયેલ. સમાજવાડીના પ્રાગણમાં લગભગ ૫૦૦ જ્ઞાતિ ભાઇ-બહેનોના બહોળા જનસમુદાયનું હાર્દિક અભિવાદન કરેલ મંડળના માનદ મંત્રી શ્રી રતનશી લધારામ પટેલે સમારંભ પ્રારંભ કરેલ.

આજના સમારંભમાં 'સમારોહ પ્રમુખ' નું સ્થાન શોભાવેલ મંડળના પીઢ કાર્યકર તેમજ યુવક સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઇ લખમશીભાઈ પટેલે તેમજ તેઓશ્રીની સાથે બિરાજેલ હતા મંડળના પ્રમુખ શ્રી મણીલાલ અરજણ પટેલ.

સમારંભના મુખ્ય મહેમાન તરીકે શ્રી લખમશીભાઇ નાંયાભાઇ પટેલ (ચેરમેન કલકત્તા સમાજ) તથા શ્રી અમેરાજ પ્રેમજી પટેલ (સંઘના મહામંત્રી) તેમજ મંડળના આદરણીય કાર્યકર તરીકે (૧) શ્રી વિશ્રામભાઇ હંસરાજભાઈ પટેલ (૨) શ્રી અખઇભાઇ વાલજીભાઇ પટેલ (કલકત્તા સમાજના પ્રમુખ તેમજ મહામંત્રીશ્રી) (૩) શ્રી કેશવલાલ હંસરાજ પટેલ (૪) શ્રી બાબુલાલ નારાણ પટેલ અને (૫) શ્રી તુલસીદાસ કેશરા પટેલ.

આપણી જ્ઞાતિના આદ્યસુધારક કર્મવીર પૂજ્ય શ્રી નારાયણજીભાઇ રામજીભાઇ લીંબાણીની જન્મ શતાબ્દિ નિમિતે વીરપુરૂષના સ્મરણાર્થે અમારા મંડળે પોતાના શિક્ષણ વિભાગનું સમાપન કરી પુનઃ નામકરણ વિધી સમારોહ પ્રમુખશ્રી ના વરદ હસ્તે દિપ પ્રજ્વલિત તેમજ માલ્યારોપણ કરી કરેલ આજ પછીથી આ વિભાગનુ નવુ નામ "શ્રી નારાયણજી રામજી શિષ્યવૃત ફંડ" (સંચાલિત શ્રી નવચેતન પા. યુ. મંડળ, કલકત્તા) જાહેર કરવામાં આવેલ.

સમાજના ઉચ્ચ કક્ષાએ સફળતા પ્રાપ્ત કરનાર ૧૮ યુવાન ભાઇ-બહેનોને 'સન્માન પત્ર' તથા ઇનામો સમારોહ પ્રમુખશ્રીના હસ્તે એનાયત કરવામા આવેલ.

આ વર્ષનો "લોટરી ડ્રૉ" ખુબજ રસાકસી ભર્યા વાતાવરણમાં શરૂ કરવામાં આવેલ. જેમાં પ્રથમ ઇનામ-રેફ્રીજરેટર, બીજુ ઇનામ-સ્ટીલની મોટી આલમારી, ત્રીજુ ઇનામ-સીલાઇ મશીન (મોટું) સહિત કુલ ૫૦ ઇનામો રાખવામાં આવેલ. લોટરી ડ્રૉ મુખ્ય મહેમાનશ્રીઓના હસ્તે કરવામાં આવેલ, જેનો લાભ જ્ઞાતિજનોએ મેળવેલ. ઈનામો વિતરણ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત તમામ સભ્યોને મંડળ મારા અલ્પાહાર તેમજ ઠંડા પીણાનુ વિતરણ કરવામાં આવેલ. અંતે આજનો સમારંભ અતિ આનંદિત વાતાવરણ વચ્ચે મંત્રીશ્રી દ્વારા પૂર્ણ થયેલ જાહેર કરાયેલ.

લિ. **રતનશી લધારામ પટેલ B. Com. (Hons)**

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ)

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) દ્વારા તા. ૧૬-૧૦-૮૩ દશેરાના દિવસે શ્રી પુંજાભાઇ ગોપાલભાઇ પોકારના આ હસ્તે વિક્રમ એપાર્ટમેન્ટમાં લાયબ્રેરી યોજનાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો એ ભાગ લીધો હતો આ લાયબ્રેરીનો લાભ લેવા જ્ઞાતિજનોને વિનંતી કરવામાં આવે છે.

લાયબ્રેરી સ્થળ :—

બી. ૪ વિક્રમ એપાર્ટમેન્ટ
ઉમારસ્મૃતિની સામે,
ન્યુ માણેકલાલ એસ્ટેટ
ઘાટકોપર, મુંબઇ-૪૦૦૦૮૬

સમય : બુધવાર અને રવિવાર સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦
સાંજે ૩-૩૦ થી ૫ ૦૦

તદઉપરાંત તા. ૨૨-૧૦-૮૩ અને ૨૩-૧૦-૮૩ ના નીચે મુજબની હરિફાઇ યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૧) નિબંધ લેખન હરિફાઈ	(૫) વકૃતસ્પર્ધા
(૨) મહેંદી હરીફાઇ	(૬) ચેસ હરીફાઇ
(૩) ચિત્રકામ હરીફાઇ	(૭) કેરમ હરીફાઈ
(૪) વેશભુષા હરીફાઇ	(૮) રમત-ગમત હરીફાઈ

જેમાં મોટી સંખ્યામાં ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો હરીફાઇમાં વિજેતા બનેલ ભાઇ-બહેનોને ઇનામોનુ વિમરણુ તા. ૫-૧૧-૮૩ ના નવા વર્ષના દિવસે શ્રી વિશ્રામ હંસરાજ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

લિ. શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઇ) વતી.
અમૃતલાલ જયંતિલાલ પટેલ
પ્રમુખ

નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા

* અહેવાલ *

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તાની સવંત ૨૦૪૦ની પ્રથમ સર્વ સાધારણ સભા ગત દિનાંક ૨૦–૧૧–૮૩ને રવિવારના બપોરના ૨ ૦૦ વાગે "પાટીદાર સમાજવાડી" મધ્યે મંડળના ઉપ–પ્રમુખ શ્રી તુલસીદાસ કેશરાભાઇ પટેલ ના પ્રમુખપદે યોજાયેલ. આ સભાનું સંચાલન મંડળના માનદમંત્રી શ્રી રતનશી લધારામ પટેલે સંભાળેલ જેમાં મંડળની અનન્ય કાર્યવાહ સહિત સવંત ૨૦૪૦ના વર્ષ માટેની નવી "કાર્યવાહક સમિતિ" તેમજ નવા હોદેદારોની સ્વૈચ્છિક વરણી કરવામાં આવેલ,

સંવત ૨૦૪૦ની કાર્યવાહક સમિતી

૧	પ્રમુખ	: શ્રી પટેલ મણીલાલ અરજણભાઇ	
૨	ઉપ–પ્રમુખ	: " " તુલશીદાસ કેશરાભાઇ	
૩	મંત્રી	: " " રતનશી લધારામ	B. Com. Hons.
૪	સહમંત્રી	: " " નાનાલાલ વાલજી	
૫	કોષાધ્યક્ષ	: " " નારાયણ ખેતાભાઇ	
૬	સહકોષાધ્યક્ષ	: " " અમૃતલાલ વેલજી	
૭	સભ્ય	: " " ડાહ્યાલાલ દેવશી	
૮	"	: " " નારાયણ મેઘજી	
૯	"	: " " જગદીશ રતનશી	
૧૦	"	: " " મોહનલાલ હંસરાજ	B. Com.
૧૧	"	: " " ગંગારામ કરશન	
૧૨	"	: " " શંકરલાલ હરિભાઇ	
૧૩	"	: " " હિંમતલાલ વિશ્રામ	
૧૪	"	: " " રમણલાલ લખમશી	B. Com.
૧૫	"	: " " વાલજીભાઇ પ્રેમજી	
૧૬	"	: " " શાન્તીલાલ વાલજી	
૧૭	"	: " " કરમશી માવજી	B- Com.
૧૮	"	: " " ચતુરભૂજ કાનજી	

૧૯ સભ્ય : શ્રી પટેલ ગૌતમભાઇ સોમજી
૨૦ ,, : ,, ,, પુરષોતમ ગોપાલ
૨૧ ,, : ,, ,, કાન્તિલાલ દેવજી
૨૨ ,, : ,, ,, રમણીકલાલ વિશ્રામ
૨૩ ,, : ,, ,, હરિલાલ વાલજી

A ચૂંટણી નિરીક્ષકો :—

૧ શ્રી રવજીભાઇ રામજીભાઇ પટેલ
૨ શ્રી શાન્તીલાલ હંસરાજભાઇ પટેલ B. Com.

B ઓડીટર :—

૧ શ્રી જેઠાલાલ કાનજી પટેલ
૨ શ્રી ધનજી મૂળજી પટેલ

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ
રતનશી લધારામ પટેલ
માનદ મંત્રી

સમાજનાં પ્રવાસી ભાઈ—બહેનોને..... ❋

જ્ઞાતિજનોને સવિનય સાથે જણાવવાનું કે શ્રી પાટીદાર વાડી મુંબઇ ઘાટકોપર મધ્યે આવેલ છે. અને એનો સદઉપયોગ કરવાનો દરેક જ્ઞાતિજનનો અધિકાર છે અને સૌ એનો સદ્ ઉપયોગ કરતા આવ્યા છે. એનો અમને ખુબજ આનંદ છે. અને ભવિષ્યમાં પણ આપ સૌ વાડીનો લાભ લ્યો એવી અપેક્ષા. પણ અહી એક નમ્ર નિવેદન સાથે જણાવવાનું કે જે ભાઇઓ અથવા બહેનો ટ્રીપમાં ફરવા અથવા બીજા કોઇ કારણ સર મુંબઇ આવતા હોય છે. તેઓએ જો વાડીનો સદ્ ઉપયોગ કરવો હશે તો તેઓએ પંદર દિવસ અગાઉ સંસ્થાને જાણ કરવાની રહેશે અને જાણ ન કરતાં તેઓ જો વાડીમાં આવશે તો તેમની સગવડો સાચવવા સંસ્થા જવાબદાર રહેશે નહી.

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ
વિશ્રામ ખીમજી કેશરાણી
ચેરમેન

સમ્બલપુર કચ્છ કડવા પાટીદાર સમાજ

શ્રી સમ્બલપુર કચ્છ કડવા પાટીદાર સમાજ સમ્બલપુર ઓરિસ્સા ના સંવત ૨૦૪૦ ના માટે નિમ્ન લિખીત હોદ્દેદારોને ચુટવામાં આવેલ છે.

પ્રમુખ	શ્રી	હરજી ગોપલ ભાવાણી
ઉપ-પ્રમુખ	,,	અબજી પ્રેમજી કમાણી
મંત્રી	,,	મંગલદાસ પ્રેમજી ખેતાણી
સહમંત્રી	,,	કચરાલાલ કાનજી પોકાર
ખજાનચી	,,	જાદવજી ગોપાલ છાભૈયા
હિસાબનીશ	,,	શીવજી સામજી ખેગાણી
કાર્યવાહક સભ્ય	,,	રતનશી નારણ પોકાર
	,,	ગોપાળ કાનજી ખેતાણી
	,,	ભીમજી ધનજી ખેગાણી
	,,	પ્રવિણકુમાર કાનજી દિવાણી
	,,	વિશ્રામ બરબત
સલાહકાર	,,	ધનજી પુન્જા ખેતાણી


બેસતા વર્ષના દીવસે તા. ૫-૧૧ ૮૩ ના સ્નેહ મીલન યોજવામાં આવેલ હતું.

મંગલદાસ પ્રેમજી ખેતાણી
તંત્રી
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સમ્બલપુર

❋ બેસતા વર્ષનું મિલન ❋

તા. ૨૫-૧૧-૮૩

અમદાવાદમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઇ-બહેનોનું સ્નેહમીલન બેસતું વર્ષ તા. ૫-૧૧-૮૩ ના રોજ સવારના ૯-૦૦ વાગે ગીતામંદીર પાસે સમાજવાડી હોલમા રાખવામાં આવેલ હતું સૌ પ્રથમ સમાજના માનદ્મંત્રી શ્રી લાલજીભાઇ મેઘજીભાઇ પટેલે સમાજ વતી હાજર રહેલા તમામ ભાઇ-બહેનોને નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા હતા ત્યારબાદ સમાજની બાલીકાઓનો ગરબાનો આકર્ષક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ હતો પછી સમાજના ભાઈ-બહેનોને શ્રી સામજીભાઇ કાનજીભાઇ પટેલ કચ્છ વિથોણનાળા તરફથી ભોજન આપવામાં આવેલ હતું જમ્યાબાદ સૌ એકબીજામાં હળીમળીને વીખરાયા હતા.



સમય અને મહેનત બચાવો ✳

પોકાર

નું ઇલેકટ્રીક પાવરથી ચાલતું

છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.


—: વિક્રેતાઓ :—

(૧) આશા ઓટોમોબાઇલ્સ ભુજ
(૨) મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ ડેમાઇ
(૩) અંબિકા ફર્ટિલાઇઝર્સ બિડબ્રહ્મા
(૪) શ્રેયસ એજન્સી રાજકોટ
(૫) હસમુખ એન્જીનીયરીંગ કું. વિસાવદર
(૬) શ્રી રામ સ્ટોર્સ નખત્રાણા
(૭) મોહનલાલ એન્ડ બ્રધર્સ વિરાણી
(૮) ખેડૂત બીજ કોર્પોરેશન ગોંડલ
(૯) પેરેડાઇઝ ઇલેકટ્રીકલ્સ મોડાસા

ઉત્પાદક : મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન

લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, નાગરવેલ હનુમાન રોડ, રખીઆલ
અમદાવાદ—૩૮૦ ૦૨૩૮,


realpatidar.com
સો મીલ માલીકો માટે
ખુશખબર
ભારતનું સર્વપ્રથમ
ઓટોમેટીક
બેન્ડસો બ્લેડ
શાર્પનીંગ મશીન
UMIYA
જેમાં એમરી સ્ટેન્ડ
સ્થિર રહે છે. અને
બેન્ડસો બ્લેડ ચાલે છે
● ઝડપી અને સફાઇદાર
વહેરણ કામ
● આપના કિંમતી સમયનો બચાવ
● પટ્ટો ઊભી ચાલતી હોવાથી
જગ્યાનો બચાવ
● આધુનિક મશીનરી અને
અનુભવી એન્જીનીયરોની
દેખરેખ હેઠળ સંપૂર્ણ
ચોકસાઇપૂર્વક બનતું ભારતનું
એકમાત્ર મશીન
UE
પ્રસ્તુતકર્તા:
ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ
નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ, અમદાવાદ
નેશનલ હાઇવે નં. ૮, નરોડા ૩૮૨૩૨૫, ફોન: ૮૨૬૩૦૩
realpatidar.com


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્ક્સ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં. ૮૨૬૫૫૧
૮૨૬૪૪૭
૩૭૪૪૭૧
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.





અમદાવાદમાં કાપડ નો
—અદ્યતન શો રૂમ

STAPLE
EMPORIUM

સ્ટેપલ એમ્પોરિયમ

શુટીંગ * શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ

તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.

શો રૂમનું સ્થળ —
સ્ટેપલ એમ્પોરિયમ
ડેલીકોડામ નજીક

પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા

તમારા પાક ને બચાવવો એ તમારા હાથનીજ વાતછે



ઝડપી અને અસરકારક રીતે જીવાતને અંકુશમાં લાવી લાંબો સમય રક્ષણુ આપનાર આ જંતુનાશક વાપરી ગાભમારાની ઇયળ, મશી, ચુસિયાં, પાનકથીરી, કુદકિયાં ફળમાખી, થ્રીપ્સ વિગેરેથી ડાંગર, મગફળી, તમાકુ, કપાસ શેરડી. શાકભાજી તથા ચા, કોફી જેવા પાકનું રક્ષણુ કરો.

Paushak પૌષક લિમિટેડ એલેમ્બિક રોડ, વડોદરા–3૯૦ ૦૦3

સ્ટોકીસ્ટ :—

મે. ધનશ્યામ ફર્ટીલાઇઝર. ગાબટ રોડ, બાયડ

મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી ડેપા પાસે, મોડાસા

મે. પટેલ ફર્ટીલાઇઝર ટ્રે. કું. સ્ટેશનરોડ, હિમતનગર

મે અમર ફર્ટીલાઇઝર, સહકારી સંઘ સામે ઇડર.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

ગ્રા. નં.

To.

Book – Post

તંત્રી :
કાન્તિલાલ કે. પટેલ
માલિક :
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સ
યુવક મંડળ (ગુજરાત)
પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
મુદ્રણસ્થાન :
શક્તિ આર્ટ પ્રિન્ટરી ધનસુરા
પ્રકાશન સ્થળ :
પટેલવાડી, તલોદ રોડ, ધનસુરા
જિ. સાબરકાંઠા.
પ્રકાશન તારીખ :
દર માસની પંદરમી / સોળમી તારીખ

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
શક્તિ આર્ટ પ્રિન્ટરી
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ
ધનસુરા. જિ. સાબરકાંઠા